# વિવેકાનંદ એકેડમી ગાંધીનગર – ફેબ્રુઆરી ૨૦૨૦ કરંટ અફેર્સ

**2– ફેબ્રુઆરી–૨૦૨૦**

૧.ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ :

એટ એ ગ્લાન્સ - મહત્વના ક્ષેત્રો

- ✓ ગુજરાત કેમિકલ પેટ્રોકેમિકલ્સ, ડેરી, ડ્રેસ અને ફાર્માસ્યુટીકલ્સ, સિમેન્ટ અને સીરામીક, જેમ્સ અને જ્વેલરી, ટેક્ષટાઈલ તેમજ એન્જિનિઅરીંગ જેવા ઉદ્યોગોમાં દેશમાં અગ્રેસર છે.
- ✓ ગુજરાત બેસ્ટ એન્ડ સ્ટેબલ ઈકોનોમી સ્ટેટનો દરજ્જો ધરાવતું રાજ્ય બન્યું છે.
- ✓ ઔધોગિક વિકાસમાં તેજગતીના કારણે **ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં બે આંકડાનો વિકાસદર હાંસલ કર્યો છે અને આ વર્ષ વિકાસદર ૯.૫% રહે તેવો અંદાજ છે.**
- ✓ ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશમાં મોખરે
- ✓ ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશમાં પ્રથમ છે.

**ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ-FDI**

- ✓ ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સૌથી પસંદગીનું સ્થળ-૨૦૧૯માં ગુજરાતે બમણી FDI મેળવી.
- ✓ ગુજરાતમાં એપ્રિલ-૨000થી સપ્ટેમ્બર-૨૦૧૯ના સમય ગાળામાં કુલ ૨૧.૪૧ લાખ કરોડનું મૂડી રોકાણ થયું જે ભારતમાં સર્વાધીક છે.
- ✓ વર્ષ ૨૦૧૮-૧૯માં મેળવેલી રૂ.૧૨,૬૧૮ કરોડની FDIની સરખામણીમાં ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ છે મહિનામાં જ રૂ.૨૪,૦૧૨ કરોડની FDI મેળવી, જે નિર્ણાયક શાસનમાં રોકાણકારોનો વિશ્વાસ દર્શાવે છે.
- ✓ પારદર્શક્તા, ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ, ઓનલાઈન મંજૂરીઓ, ઉદ્યોગો માટે મૈત્રીપૂર્ણ અભિગમ વગેરે મહત્વનાં પરિબળો છે જેને કારણે ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સર્વશ્રેષ્ઠ પસંદગીનું સ્થળ બન્યું છે.

**સ્ટાર્ટ-અપ્સ**

- ✓ દેશ દ્વારા સહયોગ કરાયેલા ૧૫૦ સ્ટાર્ટ-અપ્સમાં ૪૩% હિસ્સા સાથે ગુજરાત ભારતમાં સ્ટાર્ટ-અપ્સ ક્ષેત્રે નંબર-૧
- ✓ ગુજરાત અનેક સ્ટાર્ટ-અપ્સને આકર્ષી રહ્યું છે અને ઓલ ઈન્ડિયા સ્ટાર્ટ-અપ્સના 43% હિસ્સા સાથે રાષ્ટ્રમાં મોખરે છે.
- ✓ સ્ટાર્ટ-અપ્સ ફ્રેમવર્કના સાત સ્તંભોમાં 100 પર્સેન્ટાઈલ સ્કોર સાથે ગુજરાતે ૨૭ રાજ્યોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.
- ✓ આટલી મોટી સંખ્યામાં સ્ટાર્ટ-અપ્સ રાજ્યમાં રોજગારીની તકો સર્જવામાં પણ મદદરૂપ બની રહ્યા છે.

**સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)**

- ✓ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં ૮૧% હિસ્સા સાથે ગુજરાત દેશનું અગ્રણી રાજય
- ✓ ગુજરાતની ઔદ્યોગિક નીતિમાં MSME મોખરે છે.
- ✓ સસ્તા દરે સૌરઊર્જા, લોનમાં સહાય, શેરમાર્કેટ દ્વારા મૂડી વધારવામાં સહાય વગેરે સરકાર દ્વારા આપવામાં આવતી મુખ્ય સહાય છે.
- ✓ MSME માટે પહેલા ઉત્પાદન પછી મંજૂરીની નીતિનું ઉદ્યોગોએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે.
- ✓ છેલ્લાં 3 વર્ષોમાં રાજ્યમાં રૂ.૮૫,000 કરોડના રોકાણ સાથે ૪,૮૩,૩૬૬ MSMEsની સ્થાપના કરવામાં આવી છે.
- ✓ MSME ઉદ્યોગોને જરૂરી સહાય પૂરી પાડ્વા માટે અલગથી MSME કમિશ્નરેટની સ્થાપના ઉપરાંત ૧૧ ડિસ્ટ્રિક્ટ ઇન્ડસ્ટ્રીઝ સેન્ટર્સમાં MSME ફેસિલિટેશન ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે.

**મોટા ઉદ્યોગો**

- ✓ સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન મળવાને કારણે છેલ્લાં ૩ વર્ષોમાં રાજ્યમાં ૪,૮૩, ૩૬૬ MSMEs યુનિટની સ્થાપના કરવામાં આવી છે.
- ✓ વર્તમાન કેલેન્ડર ૨૦૧૯-૨૦ દરમિયાન ઓક્ટોબર સુધી દાખલ કરાયેલા ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (ભાગ-B)ના મૂલ્યની દ્રષ્ટિએ ગુજરાત ૫૧% જેટલો બહોળો હિસ્સો ધરાવે છે.
- ✓ સમગ્ર દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ફાઈલ કરવામાં આવેલ કુલ ૨૫૭૪ IEMs (ભાગ-B) પ્રોજેક્ટ્સમાંથી ૭૩૪ (૨૮.૫%) પ્રોજેક્ટ્સ ગુજરાતના હિસ્સે આવ્યા છે.
- ✓ છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં 30% IEMs (ભાગ-A) સહિત ગુજરાત રોકાણ માટેના પસંદગીના સ્થળ તરીકે અગ્રેસર રહ્યું છે.
- ✓ છેલ્લા 3 વર્ષ દરમિયાન સમગ્ર દેશના રૂ. ૫.૭૪ લાખ કરોડના મૂલ્યના કુલ પ્રોજેક્ટ્સમાંથી રૂ. ૧.0૯ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- ✓ અગાઉની ૩ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUsમાંથી ૬% પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક હકીકતમાં પરિણમ્યા છે અને ૪% MoUs અમલમાં મૂકવાની પ્રક્રિયા હેઠળ છે.
- ✓ વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUsમાંથી ૨૩% MoUs ક્યારના શરૂ થઈ ચુક્યા છે અને ૨૫% પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ.

**એક્સપોટર્સ (નિકાસ)**

VIVEKANAND ACADEMY

- ✓ ઈઝ ઓફ ડુંઈંગ બિઝનેસને પરિણામે IEMs (ભાગ-B)ના ૫૧% હિસ્સા સાથે ગુજરાતમાં વિશાળ પાયાના ઉદ્યોગોનો વિસ્તાર થઈ રહ્યો છે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની કુલ નિકાસોમાં ગુજરાતનો હિસ્સો ૨૦.૪ %.
- ✓ ૨૦૧૭-૧૮માં રાજ્યની કુલ નિકાસ ૬૬,૮૧૮ મિલિયન USD હતી અને ૨૦૧૮-૨૦૧૯માં ૬૭,૪૦૯ મિલિયન USD હતી.

૨. નોવેલ કોરાના વાઈરસ (આરોગ્ય) ચીન બહાર પ્રથમ મૃત્યુ ફિલિપાઈન્સમાં નોંધાયું

૩. ખેલકૂદ – સિદ્ધિ : ક્રિકેટ

**ન્યુઝીલેન્ડનો વ્હાઈટવૉશ–ભારત 5-0થી**

**T-20 સિરીઝ જીતનાર વિશ્વની પ્રથમ ટીમ**

**અન્ય–**

- ✓ ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બૂમરાહ T-20 ક્રિકેટમાં સૌથી વધુ મેડન ઓવર ફેંકનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો.

૪. ખેલકૂદ – ઓસ્ટ્રેલિયન ઓપન-2020

**વિજેતા અને દેશ**

- ✓ નોવાક જોકોવિચ–સર્બિયા (૮મી વાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા) **હરિફ અને દેશ** ડોમિનિક થીએમ – ઓસ્ટ્રિયા

**જોકોવિચની સિદ્ધિઓ**

- ✓ ૧૭મી વાર ગ્રાન્ડસ્લેમ ખિતાબા જીત્યો
- ✓ આઠમી વાર ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન
- ✓ જોકોવિચ અને થીએમ વચ્ચે ૪ કલાક સુધી મુકાબલો ચાલ્યો
- ✓ બે સેટ હાર્યા પછી દમદાર વાપસી
- ✓ ૨૦૨૦ના વર્ષનો પહેલો ખિતાબ જીત્યો

**જોકોવિચે ક્યારે ક્યારે ઓસ્ટ્રેલિયન ઓપન ખિતાબ-જીત્યો**

- ✓ 2008 2011 2012 2013 2015 2016 2019 2020
- ✓ યજમાન – મેલબોર્ન

૫. ખેલકૂદ – સિદ્ધિ

થાઈલેન્ડ ITFમાં ગુજરાતી ટેનિસ ખેલાડી અંકિતા રૈના સિગલ્સ અને ડબલ્સ ટાઈટલ વિજેતા

- ✓ યજમાન – થાઈલેન્ડ ITF – ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન

૬. દિન વિશેષ : 2 ફેબ્રુઆરી

વર્લ્ડ વેટલેન્ડ ડે-વિશ્વ જલપ્લાવિત દિવસ (પર્યાવરણ)

- ✓ થીમ : વેટલેન્ડ એન્ડ બાયોડાયવર્સિટી
- ✓ વર્ષ 1997થી વિશ્વ વેટલેન્ડ દિવસની શરૂઆત કરવામાં આવી છે. દર વર્ષે વિશ્વ વેટલેન્ડ દિવસ માટે એક થીમ નક્કી કરવામાં આવે છે અને એ થીમના અનુસંધાનમાં ઉજવણી કરવામા આવે છે.
- ✓ ભારતમાં વેટલેન્ડના સંરક્ષણ માટેના અનેક પ્રયાસો સફળતાપૂર્વક કરાયા છે.
- ✓ ઓરિસ્સામાં આવેલા ચિલ્કા સરોવરના સંરક્ષણ અને તેની મરામત માટે ભારતને વર્ષ 2002 મા "રામસર સંરક્ષણ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલ છે.
- ✓ વિશ્વમા કુલ રામસર સાઇટ : 2,306
- ✓ સૌથી વધુ સંખ્યા : યુનાઇટેડ કિંગડમ-170
- ✓ સૌથી વધુ વિસ્તારમાં : બોલિવિયા
- ✓ ભારતમા કુલ 26 વિસ્તારોને આંતરરાષ્ટ્રિય સ્તરે 'રામસર સાઇટ" તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ સૌથી વધુ : જમ્મુ કાશ્મીર...4 સાઈટ
- ✓ એક સર્વેક્ષણ પ્રમાણે ગુજરાત રાજ્યમાં કુલ 831 વેટલેન્ડસ્ છે
- ✓ જેમાં ગુજરાતમાં એક માત્ર "નળ સરોવર પક્ષી અભ્યારણ્ય"ને વર્ષ-2012મા 'રામસર સાઇટ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

૭. જન્મદિન વિશેષ : 2 ફેબ્રુઆરી લોકહૃદયની રાજકુમારી : અમૃત કૌર

જન્મ - 2 ફેબ્રુઆરી 1889 અવસાન - 6 ફેબ્રુઆરી 1964

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક અને પ્રથમ મહિલા પ્રધાન રાજકુમારી અમૃતકૌરનો જન્મદિવસ અને સ્વામી રામદાસ, રાજકોટ નરેશ લાખાજીરાજ તથા બર્ટ્રાન્ડ રસેલની પુણ્યતિથિ છે.
- ✓ પંજાબ પ્રદેશના રાજા હરનામસિંઘના 8 સંતાનો પૈકી એક માત્ર દીકરી અમૃતકૌરનો જન્મ લખનૌમાં થયો હતો.
- ✓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ દેશમાં અને ઉચ્ચ શિક્ષણ ઓક્સફર્ડ યુનિ.માંથી પ્રાપ્ત કર્યું.
- ✓ ટેનિસનાં આ બહેતરીન ખેલાડી અને તેમાં અનેક ઈનામો જીતનાર અમૃતકૌર અભ્યાસ પછી ભારત આવી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં હતાં.
- ✓ 1919માં મહાત્મા ગાંધીને મળ્યાં, દેશોદ્ધારના વિચારો મૂક્યા અને જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યાં.
- ✓ તે પછી તો અમૃતકૌરે રજવાડી ઠાઠ છોડી જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ 1930ની દાંડીકૂચ, 1942નું હિંદ છોડો આંદોલન તો ખરા જ.
- ✓ સાથે નાના મોટા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ સ્વતંત્રતા સૈનિક ઉપરાંત બાળલગ્ન નાબૂદી, પરદાપ્રથા તથા દલિત ઉત્કર્ષ રાજકુમારી અમૃતકૌરના જીવનની પ્રાથમિકતાઓ હતી.

VIVEKANAND ACADEMY

- ✓ ઓલ ઇન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની સ્થાપનાના ચાલક બળ પણ તેઓ જ હતાં.
- ✓ રાજકુમારી અમૃતકૌરનું 6 ફેબ્રુઆરી 1964ના રોજ દિલ્હીમાં અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૨-૨૦૨૦)

1. ગુજરાતનો ચાલુ વર્ષનો ઔદ્યોગિક વિકાસદર કેટલા ટકા રહેવાનો અંદાજ છે - 9.5%
2. ગુજરાતે વર્ષ 2019-20ના પ્રથમ છ માસમાં કેટલા કરોડનું FDI મેળવ્યું છે- રૂ. 24 હજાર કરોડ
3. સમગ્ર દેશમાં શરૂ કરાયેલ 150 સ્ટાર્ટ અપમાં ગુજરાત કેટલા ટકા હિસ્સા સાથે નંબર વન છે- 43%
4. એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં કેટલા ટકા હિસ્સા સાથે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય રહ્યું છે - 81%
5. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સમગ્ર દેશના રૂ. 5.47 લાખ કરોડના મૂલ્યના કુલ પ્રોજેક્ટ સામે ગુજરાતમાં કરોડના ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યા છે- રૂ. 1.09 લાખ કરોડ
6. નાણાકીય વર્ષ 2018-19માં ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો કેટલા ટકા હતો- 20.4%
7. નોવેલ કોરોના વાયરસનું ચીન બહાર કયા દેશમાં પ્રથમ મૃત્યુ નોંધાયું - ફિલીપાઇન્સ
8. ન્યૂઝીલેન્ડનો વ્હાઈટવોશ કરીને ક્રિકેટમાં T-20 સીરીઝ જીતનાર વિશ્વનો પ્રથમ દેશ- ભારત
9. T-20 ક્રિકેટમાં સૌથી વધુ મેડન ઓવર નાખનાર વિશ્વનો પ્રથમ બોલર અને દેશ જણાવો- જસપ્રીત બુમરાહ અને ભારત
10. ઓસ્ટ્રેલિયન ઓપન-2020 પુરૂષ સિંગલ્સ વિજેતા અને દેશ જણાવો- નોવાક જોકોવિચ અને સર્બિયા
11. ઓસ્ટ્રેલિયન ઓપન-2020 પુરૂષ સિંગલ્સ હરીફ અને દેશ જણાવો- ડોમિનિક થીએમ અને ઓસ્ટ્રિયા
12. આઠમી વખત ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા અને તેનો દેશ જણાવો- નોવાક જોકોવિચ અને સર્બિયા
13. થાઈલેન્ડ ITF -2020 સિંગલ્સ અને ડબલ્સ વિજેતા ખિલાડીનું નામ જણાવો- ગુજરાતી અંકિતા રૈના
14. ITFનું વિસ્તૃત નામ જણાવો- ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન
15. વિશ્વમાં 2 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- વર્લ્ડ વેટલેન્ડ ડે (જળપ્લાવિત દિવસ)
16. વર્લ્ડ વેટલેન્ડ ડે-2020ની થીમ જણાવો- વેટલેન્ડ એન્ડ બાયોડાઈવર્સિટી
17. ભારતમાં કુલ કેટલા વિસ્તારોને વૈશ્વિક સ્તરે 'રામસર સાઈટ' તરીકે ઓળખવામાં આવે છે- 26
18. ગુજરાતમાં સૌપ્રથમ કયા સરોવરને રામસર સાઇટ-વેટલેન્ડનો દરજ્જો અપાયો છે- નળ સરોવર
19. ભારતના પ્રથમ મહિલા મંત્રી રાજકુમારી અમૃત કૌરનો જન્મદિવસ જણાવો- 02/02/1889

**3 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. નિમણૂક – કેન્દ્ર સરકાર (વહિવટ)

**CBICના નવા ચેરમેનપદે એમ. અજિતકુમારની નિમણૂક**

**પરિચય –**

- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના ચેરમેન પદે કેન્દ્ર સરકારે ૧૯૮૪ની IRS બેચના અધિકારી એમ. અજિતકુમારની નિમણૂક કરાઈ.
- ✓ કેરળના કોઝીકોડના વતની એવા એમ. અજિતકુમાર CBICના ચેરમેન પદે નિમણૂક પહેલાં CBICમાં એમિનિસ્ટ્રેશન અને વિજિલન્સ વિભાગના મેમ્બર હતા.

૨.ભાસ્કર અભિયાન(સામાજિક બદલાવ)

પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ

- ✓ મિસ્ડ કોલ કરી અભિયાન સાથે જોડાઈ શકો છો
- ✓ **મો. નં. 91900 00074**

3. 73મો બાફ્ટા એવોર્ડ-2020 (ફિલ્મ)

બ્રિટિશ એકેડમી ફિલ્મ એવોર્ડ– લંડન (બ્રિટન)

**BAFTA - British Academy of Film and Television Arts**

**વિજેતા અને તેની વિગત**

- ✓ બાફ્ટા એવોર્ડ : પ્રથમ વિશ્વયુદ્ધની વાત કરતી ફિલ્મ '૧૯૧૭' ને સાત એવૉર્ડ
- ✓ (૧) પ્રથમ વિશ્વયુદ્ધની કથા કહેતી ફિલ્મ ૧૯૧૭ને સૌથી વધુ સાત એવોર્ડ મળ્યા હતા. ફિલ્મના ડિરેક્ટર સેમ મેન્ડિસે બેસ્ટ ફિલ્મ ઉપરાંત બેસ્ટ આઉટ સ્ટેન્ડિંગ બ્રિટિશ ફિલ્મ સહિતના એવૉર્ડ સ્વિકાર્યા હતા.
- ✓ (૨) લિડિંગ એક્ટ્રેસ એટલે કે બેસ્ટ હિરોઈનનો એવૉર્ડ રિની ઝેલવેગરને ફિલ્મ જુડી માટે મળ્યો હતો.
- ✓ (3) બેસ્ટ એક્ટરનો એવૉર્ડ જોકર ફિલ્મ માટે જેક્વિન ફિનિક્સને મળ્યો હતો. ફિનિક્સ પોતાના ભાષણમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ્ઞાતિ-જાતી-રંગના આધારે ભેદભાવ રખાતો હોવાની વાત સ્ટેજ ઉપરથી કરી હતી. તેના કારણે સમગ્ર ફિલ્મ જગત શરમમાં મુકાયું હતું.
- ✓ (૪) મેરેજ સ્ટોરી ફિલ્મ માટે એક્ટ્રલ લૌરા ડ્રેનને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવૉર્ડ મળ્યો હતો.

VIVEKANAND ACADEMY

- ✓ (૫) વન્સ અપોન ઈન હોલિવૂડ માટે બ્રાડ પીટને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનું સન્માન મળ્યું હતું.
- ✓ ૧૯૧૭ ઉપરાંત જોકરને ૩ અને પેરાસાઈટને ૨ એવૉર્ડ મળ્યાં હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા CBICના ચેરમેન પદે કોની નિમણૂક કરવામાં આવી છે- **અજિત કુમાર**
2. CBICનું વિસ્તૃત નામ જણાવો- **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ**
3. સામાજિક બદલાવના હેતુથી કયા અખબાર ગ્રુપ દ્વારા પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનનું અભિયાન શરૂ કરાયું છે- **ભાસ્કર ગ્રુપ**
4. તાજેતરમાં ઇંગ્લેન્ડમાં કેટલામો બાફ્ટા એવોર્ડઝ- 2020 કાર્યક્રમ યોજાયો- 73મો
5. બાફ્ટા એવોર્ડઝ -2020માં સૌથી વધુ સાત વખત એવોર્ડ વિજેતા ફિલ્મ- 1917
6. બાફ્ટા એવોર્ડઝ-2020માં સૌથી વધુ સાત એવોર્ડ વિજેતા ફિલ્મ 1917 કયા વિષય પર આધારિત છે- **પ્રથમ વિશ્વ યુદ્ધ પર આધારિત**
7. BAFTAનું વિસ્તૃત નામ જણાવો- **બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટસ**
8. બાફ્ટા એવોર્ડઝ-2020માં બેસ્ટ એક્ટર અને બેસ્ટ હિરોઈનનો એવોર્ડ કોને અપાયો - **જેકિવન ફિનિક્સ અને રિની ઝેલવેગર**

**4 – ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. ખેલકૂદ - ક્રિકેટ : અંડર-19 વર્લ્ડ કપ- 2020

**ભારતનો સાતમી વાર ફાઇનલમાં પ્રવેશ**

- ✓ હરીફ- પાકિસ્તાન યજમાન- દક્ષિણ આફ્રિકા

૨. નિર્ણય - ગુજરાત સરકાર (શિક્ષણ) રાજ્યની તમામ શાળાઓમાં CBSEની પેટર્ન મુજબ એપ્રિલથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે

**અમલ - વર્ષ 2020-21થી**

- ✓ આગામી તારીખ 20 એપ્રિલ-2020થી શાળાઓ શરૂ થશે

**કેમ ફેરફાર કરાયો**

- ✓ હાલમાં માર્ચ માસના અંતમાં અથવા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વાર્ષિક પરીક્ષા પુરી થયા પછી મે માસના પ્રથમ સપ્તાહમાં ઉનાળુ વેકેશન ચાલુ થતા સુધી મહિનો જેટલો સમય શાળા ચાલુ રહે છે પણ પરીક્ષા પૂર્ણ થયા પછી અસરકારક શૈક્ષણિક કામ સામાન્ય થતું નહોતું.
- ✓ સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં આ સમયનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી એપ્રિલમાં જ નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય છે અને અંદાજે ચાર સપ્તાહ જેટલા સમયના શૈક્ષણિક કાર્ય પછી ઉનાળુ વેકેશન શરૂ થાય છે.
- ✓ તે જ પદ્ધતિ રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ લાગુ કરવામાં આવશે.
- ✓ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે નવું શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલ ૨૦૨૦થી શરૂ થશે અને ઉનાળુ વેકેશન ૪ મેથી ૭મી જૂન સુધી રહેશે.
- ✓ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અને ત્યારપછીના વર્ષોથી નવું શૈક્ષણિક સત્ર એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ કરવાનું રહેશે અને ઉનાળુ વેકેશન મે માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરી જૂન માસના પ્રથમ સપ્તાહના અંત સુધી રાખવાનું રહેશે.
- ✓ તે ધ્યાને રાખી અત્યારથી જ આવતા શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષા અને તે સંલગ્ન તમામ કામગીરી માર્ચ માસમાં પુરી કરવાની રહેશે.
- ✓ શૈક્ષણિક વર્ષનું આયોજન એપ્રિલથી ચાલુ કરી પછીના વર્ષમાં માર્ચ માસ સુધી રહે તે મુજબ કરવાનું રહેશે.
- ✓ જેમાં જાહેર રજા, ઉનાળુ અને દિવાળી વેકેશનનો સમય નક્કી થાય તે મુજબ કરવાનો રહેશે.
- ✓ એપ્રિલમાં પાઠ્ય પુસ્તક મળી જાય તેનું આયોજન કરવાનું રહેશે.
- ✓ ઉનાળુ અને દિવાળી વેકેશનના દિવસોની સંખ્યા યથાવત રાખવાની રહેશે.

3. 11મો ડિફેન્સ એક્સ્પો-2020 (સંરક્ષણ)

યજમાન - લખનઉ (ઉત્તર પ્રદેશ)

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ
- ✓ મુખ્ય અતિથિ- થાઇલેન્ડના વડા પ્રધાન પ્રત્યુન ચાન

**એક્સ્પો 2020 એટ એ ગ્લાન્સ**

- ✓ લખનઉ એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શરૂઆત. એક્સ્પોમાં 70 દેશની 165 કંપની શસ્ત્ર પ્રદર્શન કરશે.
- ✓ થાઈલેન્ડના વડાપ્રધાન પ્રત્યુત ચાન સહિત 25 દેશના સંરક્ષણ મંત્રીઓની ઈવેન્ટમાં ઉપસ્થિતિ.
- ✓ કાર્યક્રમમાં પાકિસ્તાન-ચીન સામેલ નથી.
- ✓ આ પ્રદર્શન માટે ત્રણેય સેનાએ સામેલ.
- ✓ એક્સ્પો 5 થી 9 ફેબ્રુઆરી સુધી ચાલશે.

**રૂ. 20 હજાર કરોડના રોકાણની આશા**

**એક્સ્પોની થીમ-** "ભારત એક ઊભરતું ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ"

- ✓ તેમાં અમેરિકા, બ્રિટન, બ્રાઝિલ અને નોર્વે સહિત અનેક દેશોના સૈન્ય ઉપકરણો બનાવતી કંપનીઓ સામેલ છે.

VIVEKANAND ACADEMY

- ✓ ભારતમાં નાની ચીજવસ્તુઓ બનાવતી કંપનીઓએ પણ નોંધણી કરાવી છે.
- ✓ આ એક્સ્પોમાં 54 દેશ સાથે એમઓયુ સાઈન થવાની આશા છે.
- ✓ ઈઝરાયેલે સૌથી મોટું 20 લોકોનું પ્રતિનિધિમંડળ મોકલ્યું છે.
- ✓ આશરે રૂ. 20 હજાર કરોડનું રોકાણ થવાની આશા વ્યક્ત કરાઈ છે.

**એફ-35 ફાઈટર જેટ અને સી-295 જેટ પણ દેખાશે**

- ✓ એક્સ્પોમાં પહેલીવાર અમેરિકન એરોસ્પેસ કંપની લોકહીડ માર્ટિનનું અત્યાધુનિક એફ-35 ફાઈટર જેટ આવી રહ્યું છે.
- ✓ યુરોપિયન કંપની એરબસ પણ સી-295 વિમાન રજૂ કરશે. આ સિવાય એએસ એમબીઈ 565 પેન્થર વિમાન, એચ 145 એમ અને એચ 225 એમ હેલિકોપ્ટર પણ નજરે પડશે.
- ✓ આ ઉપરાંત સ્વદેશી ફાઈટર વિમાન તેજસ, એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ, માનવ રહિત ડ્રોન રુસ્તમ સાથે એડવાન્સ્ડ પાઈલોટલેસ ટારગેટ એરક્રાફ્ટ લક્ષ્ય-2, હેવી ડ્રોપ સિસ્ટમ અને લોન્ગ રેન્જ સબ સુપર સોનિક ક્રુઝ મિસાઈલ (નિર્ભય) પણ જોવા મળશે.
- ✓ તેજસ માર્ક-82, તેજસ માર્ક-1એ અને કાવેરી એન્જિનના મોડેલ પણ દેખાશે.
- ✓ **વડાપ્રધાન મોદી** - આગામી પાંચ વર્ષમાં પાંચ બિલિયન ડોલરના શસ્ત્રો વેચવાનો ભારતનો લક્ષ્યાંક

## ૪. વૈશ્વિક સંબંધો : ભારત-માલદીવ

## પાડોશી દેશ માલદીવના પર્યટનનાં વિકાસ માટે બંને દેશો વચ્ચે કરાર

**પ્રવાસીઓનું આકર્ષણ અને કરાર**

- ✓ દુનિયાના જે પણ વ્યક્તિને દરિયાઈ સૌંદર્યનું આકર્ષણ છે એને માલદીવ પ્રત્યે ખેંચાણ રહેવાનું છે.
- ✓ માલદીવની ગણના એશિયાના સૌથી નાના દેશ તરીકે થાય છે પણ આ ટચૂકડા દેશમાં રોજ હજારો પ્રવાસીઓ આવતા જતા રહે છે.
- ✓ પ્રવાસીઓને માલે કરતાં માલદીવના ટાપુઓ પર જવામાં વધુ રસ હોય છે.
- ✓ માલેમાં આવેલા દેશના એકમાત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઊતરીને બહાર નીકળો એટલે સામે જ દરિયો અને જેટી છે. જેટી પરથી સ્પીડ બોટમાં પ્રવાસીઓ જુદા જુદા ટાપુઓ પર પહોંચે છે.
- ✓ માલદીવમાં સમયની સાથે દરિયાના રંગ બદલાય છે. રિઅલ એક્વા કલર જોવો હોય તો માલદીવ જવું પડે.
- ✓ દરિયાનું પાણી એટલું ચોખ્ખું છે કે તમે છેક તળિયું જોઈ શકો. દરિયામાં ફરતાં રંગબેરંગી માછલાં અને જળચરો વળી માલદીવના દરિયાને વધુ નિખારે છે.
- ✓ માલદીવમાં પર્યટનના વિકાસ માટે ભારત-માલદીવ વચ્ચે કરાર કરાયા છે.
- ✓ માલદીવમાં અદ્દુ અતોલના પાંચ ટાપુ પર પર્યટન ક્ષેત્રની સ્થાપના માટે 24.90 લાખ ડોલરની યોજના હાથ ધરાશે.
- ✓ અદ્દુ અતોલ માલદીવના સૌથી સુંદર સ્થળો પૈકી એક છે.
- ✓ માલદીવના 1192 ટાપુમાંથી બે ડઝનથી વધુ ટાપુઓ આ અદ્દુ વિસ્તારમાં છે.
- ✓ આમ જોવા જઈએ તો આ યોજના બહુ મોટી નથી પણ બંને દેશ વચ્ચેના સંબંધોને સારી રીતે ઉજાગર કરે છે.
- ✓ માલદીવ ભારતના પ્રવાસીઓનું માનીતું ડેસ્ટિનેશન છે. માલદીવમાં જે પ્રવાસીઓ આવે છે તેમાં ભારતીયો બીજા નંબરે છે.
- ✓ ગયા વર્ષે પહેલાં 6 મહિનામાં જ 82,140 ભારતીય માલદીવના પ્રવાસે ગયા હતા.
- ✓ માલદીવ ટૂરિસ્ટ્સને ઓન અરાઇવલ વિઝા આપે છે એટલે પ્રવાસીઓને વધુ સરળતા રહે છે.
- ✓ માલદીવ મુસ્લિમ કન્ટ્રી છે, ત્યાંના લોકો ખૂબ જ માયાળુ અને મિલનસાર છે.
- ✓ માલદીવના લોકો ભારતને મિત્ર માને છે.
- ✓ એમાંય હમણાંની એક ઘટનાએ બંને દેશના લોકો વચ્ચેની ઉષ્મામાં જોરદાર વધારો કરી દીધો છે.
- ✓ ચીનમાં કોરોના વાઇરસે કાળો કેર મચાવ્યો છે. ચીનનું વુહાન શહેર રોગચાળાના ભરડામાં ફસાયેલું છે.
- ✓ વુહાનમાં ભારતના જે સ્ટુડન્ટ્સ ભણવા ગયા હતા તેમને લેવા માટે આપણા દેશે ખાસ વિમાન મોકલ્યાં હતાં.
- ✓ આપણો દેશ ભારતીયોની સાથે વુહાનમાં ફસાયેલા માલદીવના નાગરિકોને પણ લઈ આવ્યો.
- ✓ માલદીવના 7 નાગરિકને દિલ્હી લાવીને જરૂરી સારવાર પણ આપવામાં આવી.

**ભારતની નીતિ - નેબર હૂડ ફર્સ્ટ**

- ✓ ભારતની પોલિસી નેબરહૂડ ફર્સ્ટની છે. માલદીવ દોસ્તીમાં મોખરે છે.
- ✓ સ્ટ્રેટેજિક દૃષ્ટિએ પણ માલદીવ આપણા માટે ખૂબ જ મહત્વનું છે.
- ✓ આપણે મધ્ય-પૂર્વના દેશોમાંથી ઓઇલ અને ગેસની આયાત કરીએ છીએ, જેમાંથી મોટા ભાગનાં જહાજ માલદીવ નજીકથી

VIVEKANAND ACADEMY

પસાર થાય છે. તેમાં કોઈ અવરોધ ન આવે તે માટે આ વિસ્તારમાં શાંતિ રહે એ જરૂરી છે.

- ✓ આ વિસ્તાર પર ચીનનો ડોળો કાયમ મંડાયેલો હોય છે. છેલ્લા થોડા સમયથી ભારત-માલદીવના સંબંધો જે રીતે આગળ વધી રહ્યા છે એ જોઈને ચીનના પેટમાં તેલ રેડાયું છે.
- ✓ ચીને આપણા બીજા પડોશીઓની જેમ જ માલદીવને પણ સકંજામાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ચીનને એવું કરવામાં સફળતા પણ મળી હતી.
- ✓ જોકે, એ પછી ચીનને આંખો મીંચીને સમર્થન આપતી માલદીવની સરકારને લોકોએ ઉખાડીને ફેંકી દીધી.
- ✓ માલદીવમાં અબ્દુલ્લા યામીન રાષ્ટ્રપતિ હતા ત્યારે ચીને તેમને તમામ રીતે સાધી લીધા હતા.
- ✓ યામીન વિશે એવું કહેવાતું કે એ પાણી પણ ચીનને પૂછીને પીવે છે.
- ✓ જે માલદીવમાં 2011 સુધી ચીનની એમ્બેસી પણ નહોતી એ ચીનને યામીને છુટો દોર આપી દીધો હતો.
- ✓ માલદીવનો એક ટાપુ તો યામીને ચીનને માત્ર 40 લાખ ડોલરમાં 50 વર્ષની લીઝ પર આપી દીધો હતો.
- ✓ ચીનની વન બેલ્ટ વન રોડ યોજના માટે યામીને કંઇ વિચાર્યા વગર સહી કરી દીધી હતી. ચીન પ્રત્યે લાગણી તો ઠીક છે, યામીને ભારતની યોજનાઓ બંધ કરાવી હતી.
- ✓ માલદીવના મીડિયામાં નોકરીની જે જાહેરાતો આવતી એમાં પણ એવું લખાતું હતું કે ભારતીયોએ અરજી કરવી નહીં.
- ✓ યામીને તો પોતાની સત્તા બચાવવા વિરોધીઓને પણ કોઈ ગુના વગર જેલમાં પૂરી દીધા હતા.
- ✓ યામીનના અત્યાચારોથી બચવા અમુક નેતાઓ તો દેશ છોડીને ચાલ્યા ગયા હતા.
- ✓ માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે માલદીવથી ભાગીને શ્રીલંકામાં શરણ લીધું હતું.
- ✓ જે નેતાઓને યામીને જેલમાં પૂર્યા હતા તેમણે અદાલતમાં ધા નાખી હતી. અદાલતે એ નેતાઓને છોડવાનો આદેશ કર્યો તો યામીને જજોને પણ જેલમાં ધકેલી દીધા હતા.
- ✓ દોઢ વર્ષ અગાઉ માલદીવમાં રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ હતી. યામીન સામે ચાર પક્ષ સાથે મળીને ઇબ્રાહિમ મોહમ્મદ સોલિહની આગેવાનીમાં ચૂંટણી લડી હતી.
- ✓ ચૂંટણીમાં 88 ટકા જેટલું જંગી મતદાન થયું હતું. માલદીવના લોકોએ યામીનની સરકારને ફેંકી દીધી હતી.
- ✓ હારી ગયા હોવા છતાં યામીન સત્તા છોડતા નહોતા. એ વખતે તો એવો ડર પણ ફેલાયો હતો કે ક્યાંય લશ્કરનો ઉપયોગ કરીને યામીન સરમુખત્યાર ન બની બેસે.
- ✓ જોકે, આખરે તેમણે સત્તા છોડી અને ઈબ્રાહિમ મોહમ્મદ સોલિડ વડાપ્રધાન બન્યા હતા.
- ✓ સોલિડ પહેલેથી જ ભારત તરફી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારત પહેલેથી જ માલદીવનું સાથી રહ્યું છે.
- ✓ કોઈ પણ સંકટ પડ્યું હોય ત્યારે ભારત હંમેશા અમારી પડખે ઊભું રહ્યું છે.
- ✓ માલદીવ અંગ્રેજોના હાથમાંથી 1965માં મુક્ત થયું એ પછી માલદીવને એક આઝાદ દેશ તરીકે માન્યતા આપવામાં આપણો દેશ મોખરે હતો.
- ✓ માલદીવ પર ચીનનું 3.2 અબજ ડોલરનું દેવું છે.
- ✓ ચીનની ચાલ એવી રહી છે કે એ મદદના નામે નાણા રોકે છે અને નાના દેશને એવી હાલતમાં મૂકી દે છે કે એ નાણા પાછાં જ ન આપી શકે.
- ✓ કોઈ દેશ બરાબરનો સકંજામાં આવી જાય એ પછી ચીન પોતાની ટર્મ્સ ડિક્ટેટ કરાવે અને મન ફાવે તેમ કરે.
- ✓ માલદીવમાં ચીનને એરબેઝ બનાવવો હતો એટલે તેણે તમામ ચાલ ચાલી.
- ✓ માલદીવ હવે ચીનને પૂરેપૂરું ઓળખી ગયું છે એટલે તેણે ચીનથી કિનારો કરી લીધો.
- ✓ માલદીવમાં 30 હજાર જેટલા ભારતીયો વસે છે. મોદી માલદીવ ગયા ત્યારે ભારતીયોને પણ મળ્યા હતા.
- ✓ ભારતીયોના હિત માટે માલદીવ સાથે વાત કરી હતી અને માલદીવની સરકારે ભારતીયો માટે શક્ય હશે એ તમામ કરવાની ખાતરી આપી હતી.
- ✓ માલદીવે મોદીને પોતાના દેશનું સર્વોચ્ચ સન્માન 'નિશાન ઇજ્જુદ્દીન' એનાયત કર્યું હતું. મોદીએ પિપલ્સ મજલિસના નામે ઓળખાતી માલદીવની સંસદમાં પણ સંબોધન કર્યું હતું.
- ✓ માલદીવમાં ક્રિકેટ લોકપ્રિય છે પણ માલદીવની ક્રિકેટ ટીમ નથી.
- ✓ માલદીવના આગ્રહથી ભારત માલદીવની ક્રિકેટ ટીમ તૈયાર કરી આપવામાં પણ મદદ કરી રહ્યું છે.
- ✓ અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમ તૈયાર કરવામાં ભારતે તમામ મદદ કરી હતી એ જોઇને માલદીવે પણ ભારતને ક્રિકેટ ટીમ તૈયાર કરી આપવા કહ્યું હતું.
- ✓ સૌથી મોટી વાત એ છે કે જે માલદીવ આપણાથી દૂર થઈ ગયું હતું એ આજે ફરી આપણો સાચો દોસ્ત બની ગયું છે.
- ✓ સાથોસાથ ચીન પણ ઓળખાઈ ગયું છે. ચીન નેપાળ, શ્રીલંકા, ભૂટાન, મ્યાનમાર, બાંગ્લાદેશ સહિતના દેશોને ભારતથી દૂર ખસેડવા પ્રયાસ કરી રહ્યું છે.

VIVEKANAND ACADEMY

- ✓ માલદીવના ભારત સાથેના સંબંધો બીજા દેશોને પણ એ સંદેશ આપી રહ્યા છે કે ભારત કોઇ પણ જાતના સ્વાર્થ વગર સંબંધો રાખે છે, ભારત ચીન જેવું નથી.
- ✓ **રાજધાની – માલે**

૫. બેટલ ઓફ સિંહગઢ: તા.04-02-1670 (સુવર્ણ ઇતિહાસ)

**ગઢ આલા પણ સિંહ ગેલા (મરાઠી ભાષા)** તાનાજી માલ સુરેની પુણ્યતિથિ 4 ફેબ્રુઆરી

- ✓ ૧૬૭૦ની ૪થી ફેબ્રુઆરીએ શિવાજીના સેનાપતિ તાનાજી માલસુરે અને મોગલ બાદશાહ ઔરગંઝેબના કિલેદાર ઉદયભાણ રાઠોડ વચ્ચે પુના પાસે આવેલા કોંઢાણાના કિલ્લામાં ભીષણ જંગ ખેલાયો હતો.
- ✓ એ કિલ્લો અત્યારે સિહગઢ નામે ઓળખાય છે અને માટે જ એ યુદ્ધ 'બેટલ ઑફ સિંહગઢ' નામે ઇતિહાસમાં નોંધાયેલું છે.
- ✓ તાજેતરમાં એ કથા પરથી 'તાન્હાજી' નામની હિન્દી ફિલ્મ પણ આવી હતી.
- ✓ સહ્યાદ્રિ પર્વતમાળાના છેડે આવેલા એકલા શિખર પર ઉભેલો આ કિલ્લો મોગલો પાસે હતો. કેમ કે ૧૬૬૫માં થયેલી 'પુરંદર સંધિ' પ્રમાણે કેટલાક કિલ્લાઓનો કબજો મરાઠાઓએ જતો કર્યો હતો, જેથી ડેક્કન પ્રાંત પર પોતાનું વર્ચસ્વ યથાવત રહે.
- ✓ સંધિ પહેલા મોગલોએ ૧૬૬૨, ૧૬૬૩ અને ૧૬૬૫માં એમ 3 વખત મોગલોએ જિતવાનો પ્રયાસ કર્યો હતો અને દરેક વખતે મોટું સૈન્ય હોવા છતાં શિવાજીનેં આ કિલ્લો જીતી શકાયો ન હતો.
- ✓ એ કિલ્લો ફરીથી કબજે લેવા શિવાજીએ પોતાના નાનપણના મિત્ર અને તાનાજીને બોલાવીને વાત કરી.
- ✓ એ વખતે પોતાના ગામ ઉંબ્રજમાં દીકરા રાયબાના લગ્નની તૈયારી કરતા હતા. થોડા દિવસોમાં જ લગ્ન હતા. પણ શિવાજી સમક્ષ આવેલા તાનાજીએ કહ્યું કે હવે પહેલા સિંહગઢનો કિલ્લો જીતી દેખાડું પછી દીકરાના ચાર ફેરા ફેરવીશ.
- ✓ તાનાજી એ કિલ્લો જીતવા નીકળ્યા હતા, જે મોગલ સેના જીતી શકી ન હતી.
- ✓ કિલ્લાની રખેવાળી ઓરંગઝેબના રાજપૂત સૈન્ય કમાન્ડર ઉદયભાણ કરી રહ્યા હતા, જેમની પાસે ૧૪૦૦ સૈનિકોની ફોજ હતી. ફોજ કરતાં પણ મોટો લાભ કિલ્લાની રચનાનો હતો.
- ✓ કિલ્લો ઊંચાઈ પર હતો અને બહારથી કોઈ આક્રમણ કરી શકે એ વાતમાં માલ ન હતો. પણ મરાઠી ધરામાં ઉછરેલા તાનાજીથી એ વાત અજાણી ન હતી.
- ✓ પોતાના ભાઈ સુયેજી સાથે મળીને ૧૦૦૦ શૂરવિરોને ભેગા કર્યા. આક્રમણ માટે તાનાજીએ બે ટૂકડી પાડી. એક પોતાની સાથે બીજી ભાઈ સુર્ય સાથે.
- ✓ આક્રમણ માટે એ માર્ગ પસંદ કર્યો, જ્યાં સીધી કરાડ હતી. એ તરફથી કોઈ આવી શકે એવી મોગલોને કલ્પના પણ ન હતી.
- ✓ એવુ ચઢાણ ચડવુ કેમ? એ માટે તાનાજીએ બેંગાલ મોનિટર લિઝાર્ડ (ઘો)ની પસંદગી કરી. દોરડુ ઘો સાથે બાંધી તેન કરાડની દીવાલે રવાના કરી.
- ✓ દોરડુ પુરું થાય ત્યાં સુધી ઘો ઉપર ચડી, પછી તેની સાથે બાંધેલુ દોરડું પકડીને તાનાજી અને તેના સૈનિકો ઉપર ચડ્યા.
- ✓ માનવા જેવી વાત ન લાગે, પણ દીવાલ પર ચોંટેલી ઘોના પગમાં એટલી તાકાત હોય કે એ ઉખડી ન શકે, ભલે તેની સાથે ગમે તેટલો વજન બાંધી દેવાય.
- ✓ તાનાજીની ટૂકડી ઉપર પહોંચી, મોગલ સેનાને ઉંઘતી ઝડપી લઈ કિલ્લા પર કબજો કરી લીધો અને શિવાજીના સૈન્યનો વિજય થયો. એ લડાઈ તો શિવાજી જીતી ગયા પણ તાનાજી શહિદ થયા.
- ✓ એ વાત જ્યારે શિવાજીએ જાણી ત્યારે એ બોલી ઉઠ્યા, 'ગઢ આલા પણ સિંહ ગેલા' , એટલે કે ગઢ તો જીતાયો પણ સિંહ જેવો સાથીદાર તાનાજી ગુમાવવો પડ્યો.
- ✓ તાનાજીના પરાક્રમની યાદમાં એ કિલ્લો આજેય અડિખમ ઉભો છે.

૬. દિન વિશેષ – 4 ફેબ્રુઆરી

વર્લ્ડ કેન્સર ડે-UN દ્વારા ઉજવણી(આરોગ્ય)

- ✓ થીમ- 2019 થી 2021 માટે – 'આઈ એમ આઈ વીલ'
- ✓ ગુજરાતમાં કેન્સરના કેસમાં દર વર્ષે સરેરાશ 5 ટકાનો વધારો

**વિગત –**

- ✓ યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2000થી વિવિધ થીમ પરથી ૪ ફેબ્રુઆરીની ઉજવણી વર્લ્ડ કેન્સર ડે તરીકે કરવામાં આવે છે. વર્લ્ડ કેન્સર ડે માટે વર્ષ ૨૦૧૬ – ૨૦૧૮ - થીમ 'વી કેન, આઈ કેન'.
- ✓ અહેવાલ – આરોગ્ય મંત્રાલય નવી દિલ્હી

**ભારતમાં દર 10માંથી એક ભારતીયને કેન્સર થાય છે**

- ✓ ગુટખાથી મોંના કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો
- ✓ ભારતમાં ૧૦ પૈકી એક ભારતીયને તેના જીવન દરમિયાન કેન્સર થાય છે અને ૧૫માંથી એક ભારતીય કેન્સરના કારણે મૃત્યુ પામે છે એમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના લેટેસ્ટ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.
- ✓ ૪ ફેબ્રુઆરીએ વર્લ્ડ કેન્સર ડે મનાવવામાં આવે છે એ નિમિત્તે આ સંસ્થાએ બે રિપોર્ટ જારી કર્યા હતા.

VIVEKANAND ACADEMY

- ✓ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ૧.૩૫ અબજ લોકોની વસતી ધરાવતા ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧.૭ લાખ કેન્સરના નવા કેસ નોંધાયા છે.
- ✓ કેન્સરના કારણે ૭,૮૪,૮૦૦ લોકોનાં મૃત્યુ થયા છે અને ૨૨.૬ લાખ લોકો કેન્સરની પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી સારવાર લઈ રહ્યા છે.

ભારતમાં છ પ્રકારના કેન્સરની સંખ્યા સૌથી વધારે છે

- ✓ જેમાં બ્રેસ્ટ કેન્સરના ૧,૬૨,૫૦૦ કેસ, મોંના કેન્સરના ૧,૨૦,૦૦૦ કેસ, સર્વાઇકલ કેન્સરના ૯૭,૦૦૦ કેસ, પેટના કેન્સરના ૫૭,૦૦૦ કેસ અને કોલોરેક્ટલ કેન્સરના ૫૭,૦૦૦ કેસનો સમાવેશ છે.
- ✓ તમામ કેન્સરમાં આ છ કેન્સરના દર્દીઓની સંખ્યા ૪૯ ટકા જેટલી છે.
- ✓ હેલ્પ લાઈન નંબર – 1800 22 1951

૭. જન્મદિન વિશેષ : 4 ફેબ્રુઆરી

મિલે સૂર મેરા તુમ્હારા : પંડિત ભીમસેન જોશી

જન્મ - 4 ફેબ્રુઆરી 1922અવસાન - 24 જાન્યુઆરી-2011

- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદ્રઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો આજે જન્મદિવસ છે.
- ✓ કર્ણાટકના ગડગ પાસેના રોણ ગામમાં જન્મેલા ભીમસેન માતાપિતાના 16 સંતાનમાં સૌથી મોટા હતા.
- ✓ નાનપણમાં જ માતાનું અવસાન થતાં તેમનો ઉછેર સાવકી માતાએ કર્યો હતો. પંડિતજીએ બાલ્યાવસ્થામાં કિરાના ધરાનાના ગાયક અબ્દુલ કરીમ ખાનને ગાતા જોઈ ગાયકીની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.
- ✓ 11 વર્ષની ઉંમરે શાસ્ત્રીય સંગીતની તાલીમ માટે ઘર છોડી ત્રણેક વર્ષ ઉત્તર ભારતમાં ફર્યા, ખિસ્સામાં પૈસા ન હોય તો ઉછીના પૈસે પણ રેલવેમાં મુસાફરી કરતા.
- ✓ કિરાના ઘરાનાને અપનાવ્યો. 1941થી 2000 એટલે કે, 59 વર્ષ સુધી સંગીત ક્ષેત્રમાં સક્રિય રહ્યાં હતાં.
- ✓ તાનની ગતિ, તેમનો સૂર વગેરે તેમને સ્વરના વિશેષ અભ્યાસથી પ્રાપ્ત કરી હતી
- ✓ પંડિતજીએ શુદ્ધ કલ્યાણ, મિયા કી તોડી, પુરીયા ધનાશ્રી, મુલતાની, દરબારી અને રામકલી વગેરે રાગમાં મહારથ હાંસલ કરી હતી.
- ✓ તેમનું 'મિલે સૂર મેરા તુમ્હારા' ગીતે વૈશ્વિક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીતને નવો મુકામ આપનાર પંડિત ભીમસેન જોશીનું પદ્મશ્રી, પદ્મભૂષણ, સંગીત નાટક અકાદમી, ફિલ્મ સંગીતનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ભારતરત્ન જેવા અનેક એવોર્ડથી સન્માન થયું હતું.
- ✓ 24 જાન્યુ. 2011ના રોજ 88 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૨-૨૦૨૦)

1. અંડર-19 વર્લ્ડ કપ-2020મા ભારતે કેટલી વખત ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે- 7
2. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ-2020 કયા દેશમાં યોજાયો- **દક્ષિણ આફ્રિકા**
3. આગામી વર્ષ 2020-21થી ગુજરાતની તમામ શાળાઓમાં સીબીએસસી પેટર્નથી નવું શૈક્ષણિક વર્ષ ક્યારે શરૂ થશે- **એપ્રિલ 2020થી**
4. તાજેતર ફેબ્રુઆરીમાં 11મો ડિફેન્સ એક્સપો -2020 ક્યાં યોજાયો- **લખનઉ, ઉત્તર પ્રદેશ**
5. 11મા ડિફેન્સ એક્સપો-2020ના મુખ્ય વિદેશી અતિથિનું નામ જણાવો- **થાઇલેંડના વડાપ્રધાનશ્રી પ્રત્યુન ચાન**
6. 11મા ડિફેન્સ એક્સપો -2020માં કેટલા દેશોએ ભાગ લીધો- **70**
7. 11મા ડિફેન્સ એક્સપો -2020ની થીમ જણાવો- **"ભારત એક ઉભરતુ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ"**
8. આગામી પાંચ વર્ષમાં કેટલા શસ્ત્રો વેચવાનો ભારતનો લક્ષ્યાંક છે - **પાંચ બિલિયન ડોલર**
9. તાજેતરમાં પાડોશી દેશ માલદીવ સાથે ભારતે બંને દેશના વિકાસ માટે કયા ક્ષેત્રમાં કરાર કર્યા- **પ્રવાસન**
10. એશિયાનો સૌથી નાનો દેશ કયો - **માલદીવ**
11. માલદીવની રાજધાની જણાવો- **માલે**
12. માલદીવે પોતાના દેશનું કયું સર્વોચ્ચ સન્માન તાજેતરમાં કોણે એનાયત કર્યું હતું- **નિશાન ઈજ્જુદિન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
13. 4 ફેબ્રુઆરી 1670 કયા એક મરાઠા સેનાપતિની પુણ્યતિથિ હતી- **તાન્હાજી માલસુરે**
14. મરાઠી ભાષામાં' ગઢ આલા પણ સિંહ ગેલા' આ કહેવત કોના માટે પડી હતી- **તાન્હાજી માલસુરે**

**5 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. કેન્દ્રીય કેબિનેટ મહત્વના નિર્ણયો (વહીવટ)

(૧) દેશની 1540 સહકારી બેંકોનું નિયંત્રણ આરબીઆઇને સોપવામાં આવશે

- ✓ કેન્દ્રીય કેબિનેટે દેશની તમામ સહકારી બેન્કો (કોઓપરેટિવ)ને ભારતીય રિઝર્વ બેન્કના સીધા નિયંત્રણ હેઠળ લાવવા માટે

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં પ્રસ્તાવિત સુધારાને મંજૂરી આપી દીધી છે.

- ✓ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારા બાદ રિઝર્વ બેન્કની સીધી દેખરેખ હેઠળ સહકારી બેન્કોની કામગીરીમાં પારદર્શકતા આવશે અને તેઓ વધુ જવાબદારીથી ફરજ નિભાવશે.
- ✓ સહકારી બેન્કોએ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કો પર નિયંત્રણ માટે ઘડાયેલી શરતોનું પાલન કરવું પડશે.
- ✓ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારો થતાં ભારતીય રિઝર્વ બેન્કને નબળી કામગીરી કરી રહેલી સહકારી બેન્કોનું નિયંત્રણ પોતાના હાથમાં લેવાનો અધિકાર મળી જશે.
- ✓ કાયદામાં સુધારાના નવા પ્રસ્તાવ અનુસાર સહકારી બેન્કોએ સીઇઓની નિયુક્તિ માટે ભારતીય રિઝર્વ બેન્કની પરવાનગી લેવી પડશે અને આરબીઆઇની માર્ગદર્શિકા પ્રમાણે ઓડિટ કરાવવા પડશે.

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં વિવિધ સુધારા

- ✓ શહેરી સહકારી બેન્કો માટે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારાને કેબિનેટની મંજૂરી
- ✓ બેન્કિંગ રેગ્યુલેશના એક્ટમાં સુધારાથી આરબીઆઇને વધારાની સત્તાઓ મળશે.
- ✓ પ્રસ્તાવિત સુધારા બેન્ક, બેન્કર અથવા બેન્કિંગ શબ્દનો ઉપયોગ કરતી સહકારી સોસાયટીને જ લાગુ પડશે.
- ✓ કાયદામાં કરાયેલા સુધારાના કારણે રજિસ્ટ્રારની સત્તાઓને કોઇ અસર થશે નહીં
- ✓ કાયદામાં સુધારા ૧,૪૮૦ શહેરી સહકારી બેન્કો અને ૬૦ મલ્ટિ સ્ટેટ કોઓપરેટિવ બેન્કોને લાગુ પડશે.
- ✓ ભારતીય રિઝર્વ બેન્કને ઓડિટરની નિયુક્તિ અને હકાલપટ્ટીની સત્તા મળશે

**કેન્દ્રીય કેબિનેટના અન્ય નિર્ણયો**

(૨) ભારત અને શ્રીલંકા વચ્ચે આંતરરાષ્ટ્રીય ઉડાનો શરૂ કરી શકે તે માટે એલાયન્સ એરનું એર ઇન્ડિયામાંથી વિઘટન કરવાની મંજૂરી

(3) મહારાષ્ટ્રના દહાણુ નજીક વાધવાન ખાતે રૂપિયા ૬૫,૫૪૪ કરોડના ખર્ચે બંદર નિર્માણને મંજૂરી

## ૨. દરજ્જો - કેન્દ્ર સરકાર (શિક્ષણ)

**IIIT સુરત સહિત દેશની પાંચ કોલેજોને ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો**

IIIT સુધારા ખરડા ૨૦૨૦ને મંજૂરી

- ✓ કેન્દ્ર સરકારની યુનિયન કેબિનેટ દ્વારા IIIT LAWS BILL-૨૦૨૦ને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ જેને આધીને સુરત, ભોપાલ, ભાગલપુર, અગરતાલા અને રાઈચૂરમાં લોકભાગીદારી એટલે કે પીપીપી મોડથી IIIT આકાર પામશે.

IIIT- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી

## ૩. વૈશ્વિક પરિષદ (પ્રાણીજગત)

**વન હેલ્થ પોલ્ટ્રી હબ આંતરરાષ્ટ્રીય પરિષદ-2020**

- ✓ યજમાન- અમદાવાદ
- ✓ સમયગાળો- તારીખ 10 થી 14 ફેબ્રુઆરી 2020
- ✓ ભારત સહિત આઠ દેશોના પશુ નિષ્ણાંતો ભાગ લેશે

**અન્ય વિગત**

- ✓ ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાનારી આ પરિષદમાં યુ.કે. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તથા પોલ્ટ્રી સંશોધન ક્ષેત્રે સંકળાયેલા દેશના તથા ઈંગ્લેન્ડ, વિયેતનામ, શ્રીલંકા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, સિંગાપોરના નિષ્ણાતો ભાગ લેશે.

**હેતુ**

- ✓ પોલ્ટ્રી ક્ષેત્રે મરઘામાં તથા કાર્યરત માણસોમાં જોવા મળતા એન્ટિ માઇક્રોબાયલ રેઝિસ્ટન્ટસનું પ્રમાણ ઓછું થાય તે આ પરિષદનો તથા આ ક્ષેત્રના સંશોધનનો આશય છે.

**ગુજરાતને રિસર્ચ માટે રૂ. ૮ કરોડ**

- ✓ યુકેની સંસ્થા તરફથી દેશમાં ગુજરાતની બે સંસ્થાઓ-ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર તથા આણંદ કૃષિ યુનિ.ને પોલ્ટ્રી ક્ષેત્રના સંશોધન માટે રૂ.૮ કરોડ ફાળવાયા.
- ✓ તામિલનાડુ રાજ્યને પણ આ રીતે ભંડોળ ફાળવાયું છે.
- ✓ દેશમાં મરઘાં અને ઇંડાનાં ઉત્પાદનમાં ગુજરાતનો નંબર આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને પંજાબ પછી ચોથો.

## ૪. 13મી COP CMS -2020

- ✓ યજમાન - મહાત્મા મંદિર ગાંધીનગર
- ✓ તારીખ 15 થી 22મી ફેબ્રુઆરી 2020

**હેતુ અને મહત્વ**

- ✓ ગુજરાત સાઇબીરિયન યાયાવર પક્ષીઓનું મોટું ડેસ્ટિનેશન હોઈ આ પક્ષીઓના સંવર્ધન અને સંરક્ષણના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સંમેલન ૧૫થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં યોજાશે.
- ✓ યુનો સાથે પર્યાવરણીય સંધિમાં જોડાયેલા ૧૨૩ જેટલા દેશોના પ્રતિનિધિઓનું સંમેલન દર ત્રણ વર્ષે યોજાય છે, જે પૈકીનું ૧૩મું સંમેલન દેશમાં પહેલીવાર પાટનગરમાં યોજાવાનું છે.
- ✓ આ સંમેલનમાં કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર ઉપરાંત ૧૬ દેશોના મંત્રીઓ તથા તેમના પ્રતિનિધિઓ સહિત

VIVEKANAND ACADEMY

૧,૨૦૦ થી ૧,૫૦૦ જેટલા દેશ-વિદેશના ડેલિગેટ્સ ભાગ લેશે.

✓ ભારત સરકારના ખર્ચે યોજાઈ રહેલા આ સંમેલનમાં રાજ્યનો વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગ નોડલ એજન્સીનો રોલ ભજવી રાજ્યમાં જૈવિક સંવર્ધન ક્ષેત્રે થઈ રહેલી કામગીરી અંગે સંમેલનમાં જાણકારી આપશે.

✓ આ સંમેલનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી એક્ઝિબિશન પણ લગાવવામાં આવશે.

૫. સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટ - CAA (કાયદો)

**CAAના વિરોધમાં ઠરાવ પસાર કરનાર મધ્યપ્રદેશ દેશનું છઠ્ઠું રાજ્ય બન્યું**

✓ અગાઉ કેરળ, છત્તીસગઢ, પંજાબ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન બાદ હવે મધ્ય પ્રદેશ (કુલ ૬ રાજ્યો)

૬. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ : અયોધ્યા-UP (ધર્મ)

**અયોધ્યામાં રામમંદિર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રસ્ટની રચના**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકસભામાં જાહેરાત**

**વિગતવાર માહિતી**

✓ કેન્દ્ર સરકારે અયોધ્યામાં સંપાદન કરાયેલી ૬૭.૭૦૩ એકર જમીન પણ મંજૂર કરાયેલા ટ્રસ્ટને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો.

✓ રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર નામના આ ટ્રસ્ટને ભગવાન રામના જન્મસ્થળ ખાતે ભવ્ય મંદિરના નિર્માણ અને તેને સંબંધિત તમામ નિર્ણય લેવાની સત્તા અપાશે.

✓ આ ટ્રસ્ટી હશે : અયોધ્યાના કલેકટર જો મુસ્લીમ હશે તો હિન્દુ એડિ. કલેકટર નિમાશે

✓ **નવા ટ્રસ્ટની કચેરી દિલ્હીના ગ્રેટર કૈલાશ ખાતે રહેશે.**

✓ **ટ્રસ્ટના કુલ ૧૫ સભ્યોમાં ૮ કાયમી અને ૭ નામાંકિત સભ્યોનો સમાવેશ કરાશે.**

**ટ્રસ્ટીઓના નામ અને પરિચય**

1. **કે. પરાશરન**
   સુપ્રીમકોર્ટના વરિષ્ઠ વકીલ અયોધ્યા મામલે હિન્દુ પક્ષના વકીલ હતા. ઇન્દિરા અને રાજીવ ગાંધી સરકારમાં એટર્ની જનરલ રહ્યાં.
2. **જગદગુરુ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ (પ્રયાગરાજ)**
   બદ્રીનાથ સ્થિત જ્યોતિષ પીઠના શંકરાચાર્ય દ્વારકાપીઠના સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ કોર્ટમાં કેસ કર્યો છે.
3. **જગદગુરૂ માધવાચાર્ય વિશ્વ પ્રસન્નતીર્થજી મહારાજ**
   કર્ણાટકના ઉડુપીના પજાવરા મઠના 33મા પીઠાધિશ્વર. ડિસેમ્બર 2019માં પદ સંભાળ્યું.
4. **યુગપુરુષ પરમાનંદજી મહારાજ**
   અખંડ આશ્રમ હરિદ્વારના વડા વેદાંત પર 150થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે.
5. **સ્વામી ગોવિંદ દેવગિરીજી મહારાજ**
   મહારાષ્ટ્રના અહમદનગરમાં 1950માં જન્મ, રામાયણ, ગીતા, મહાભારત અને અન્ય પૌરાણિક ગ્રંથો પર દેશ-વિદેશમાં પ્રવચન આપે છે. પાડુંરંગ આઠવલેના શિષ્ય છે.
6. **વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા**
   અયોધ્યા રાજ પરિવારના વંશજ.
   રામાયણ મેળા સંરક્ષણ સમિતિના સભ્ય-સમાજસેવક. 2009માં બસપાની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડ્યાં, હારી ગયા. ત્યારપછી ક્યારેય રાજકારણમાં આવ્યા નથી.
7. **ડૉ. અનિલ મિશ્ર**
   હોમિયોપેથિક ડૉક્ટર.
   હોમિયોપેથિક મેડિસિન બોર્ડના રજિસ્ટ્રાર. મિશ્રાએ 1992માં રામમંદિર આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સંઘના અવધ પ્રાંત કાર્યવાહ છે.
8. કામેશ્વર ચૌપાલ
   પટણાના નિવાસી છે. દલિત હોવાથી સામેલ. સંઘે કારસેવકનો દરજ્જો આપ્યો. 1989માં રામમંદિરમાં શિલાન્યાસની પ્રથમ ઇંટ મૂકી હતી. 1991માં રામવિલાસ પાસવાન સામે ચૂંટણી લડેલા.
9. બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા નોમિનેટેડ એક ટ્રસ્ટી જે હિન્દુ ધર્મના હશે.
10. બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા નોમિનેટેડ એક ટ્રસ્ટી જે હિન્દુ ધર્મના હશે.
11. **મહંત દિનેન્દ્રાસ**
    અયોધ્યાના નિર્મોહી અખાડાના વડા. ટ્રસ્ટની બેઠકમાં વોટિંગનો અધિકાર નહીં હોય.
12. **કેન્દ્રના પ્રતિનિધિ**
    હિન્દુ ધર્મના સભ્ય હશે અને કેન્દ્રની ભારતીય વહીવટી સેવાના અધિકારી હશે. આ વ્યક્તિ ભારત સરકારના સંયુક્ત સચિવ પદથી નીચેની નહીં હોય.
13. **રાજ્યના પ્રતિનિધિ**
    હિન્દુ ધર્મના સભ્ય હશે અને યુપી સરકારમાં ભારતીય વહીવટી સેવાના અધિકારી હશે. આ વ્યક્તિ રાજ્ય સરકારના સચિવ પદથી નીચેની નહીં હોય.
14. **અયોધ્યા જિલ્લા કલેક્ટર**

VIVEKANAND ACADEMY

હિન્દુ હોવું અનિવાર્ય. જો કોઈ કારણસર કલેક્ટર હિન્દુ ધર્મના ના હોય તો અયોધ્યાના એડિશનલ કલેક્ટર સભ્ય બનશે.

15. રામમંદિર વિકાસ અને વહીવટ સાથે જોડાયેલા મામલાના ચેરમેનની નિમણૂક ટ્રસ્ટીઓનું બોર્ડ કરશે. તે હિન્દુ હોય તે જરૂરી.

- ✓ દરમિયાન અયોધ્યામાં સંપાદિત જમીનના રીસીવરે ટ્રસ્ટના બીજા સભ્ય અયોધ્યા રાજા બિમલેન્દ્ર મોહન મિશ્રને તેમનો કાર્યભાર સોંપી દીધો છે.

મુસ્લિમોને મસ્જિદ માટે અયોધ્યાથી 22 કિમી દૂર રૌનાહીમાં પાંચ એકર જમીન આપવા ઉત્તરપ્રદેશ સરકારની મંજૂરી.

- ✓ સુન્ની વકફ બોર્ડ પાંચ એકર જમીનના વહીવટ માટે ઇન્ડો ઇસ્લામિક કલ્ચર ટ્રસ્ટની રચના કરશે, ટૂંક સમયમાં નોંધણી

૭. તીડ ચેતવણી સંગઠન શું છે ? લોકસ્ટ વોર્નિંગ ઓર્ગેનાઈઝેશન પરિચય અને ભૂમિકા (કૃષિ)

- ✓ સ્થાન – જોધપુર
- ✓ એલડબ્લ્યુ (તીડ ચેતવણી સંગઠન)ની રચના આઝાદી પહેલા થઈ હતી જેની ફિલ્ડ ઓફિસ વિભાજન પછી લાહોરથી જોધપુર આવી ગઈ.
- ✓ સંગઠનનો ઉદ્દેશ્ય 2 લાખ ચો.કિમીમાં ફેલાયેલા શિડ્યુલ્સ ડેઝર્ટ એરિયાને તીડથી બચાવવાનો છે.
- ✓ આ સંગઠનમાં 250નો સ્ટાફ છે.
- ✓ હાલ 90 પદ ખાલી છે.
- ✓ ઉપલબ્ધ સ્ટાફમાં લોકો ઓફિસમાં ડેટાની આપ-લે અને કોઓર્ડિનેશનમાં લાગેલા છે. જોકે બાકી ફીલ્ડમાં તહેનાત છે .

શું કરી શકે છે સંગઠન ?

- ✓ તીડને ભારતમાં પ્રવેશતા રોકવા માટે આ સંગઠન સરહદ પણ વટાવી શકે છે.
- ✓ આ વ્યવસ્થા સંરક્ષણ મંત્રાલય કરશે તથા ટીમને હાઈ-ફ્રિક્વન્સીના વાયરલેસ સેટ આપશે.
- ✓ ગૃહમંત્રાલય બીએસએફ મારફતે ભારત-પાક. વચ્ચે નિયમિત બેઠક કરાવશે.
- ✓ સિવિલ એવિએશન મંત્રાલયના એટીસી એરક્રાફ્ટ માટે એર ટ્રાફિક કન્ટ્રોલ કરશે.
- ✓ પાકિસ્તાને વૈશ્વિક સંધિનો ભંગ કર્યો
- ✓ બનાસકાંઠા તથા રાજસ્થાનમાં સૌથી મોટો તીડ હુમલો કર્યો.
- ✓ મે-૨૦૧૯માં તીડની જાણ ગુજરાતીને થઈ હતી.

૮. કેન્દ્ર સરકાર – બેરોજગારી :

વર્ષ-૨૦૧૭-૧૮માં ભારતમાં બેકારીનો દર - ૬.૧ ટકા હતો

- ✓ કેન્દ્રીય રાજયકક્ષાના શ્રમ-રોજગાર મંત્રી – શ્રી સંતોષ ગંગવાર

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા બેન્કિંગ રેગ્યુલેશન એકટમાં સુધારાને મંજૂરી આપવાથી હવે અંદાજે કેટલી સહકારી બેંકોનું નિયંત્રણ RBIને સોંપવામાં આવશે- 1540
2. ભારત અને શ્રીલંકા વચ્ચે આંતર રાષ્ટ્રીય ઉડાનો શરૂ કરી શકાય તે હેતુથી એલાયન્સ એરની કયામાંથી કેન્દ્રીય કેબિનેટ દ્વારા વિઘટનની મજૂરી અપાઈ- **એર ઇન્ડિયા**
3. મહારાષ્ટ્રના દહાણુ નજીક કયા સ્થળે રૂપિયા 65,544 કરોડના ખર્ચે નિર્માણની કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી અપાઈ- **વાધવાન**
4. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશના કયા કયા શહેરોની IIITને ઇન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો અપાયો એટલે કે તેને PPP મોડેલથી વિકસિત કરાશે- **સુરત, ભોપાલ ભાગલપુર, અગરતલા અને રાયચુર**
5. IIITનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી**
6. તાજેતરમાં આગામી તા. 10થી 14 ફેબ્રુઆરી 2020 દરમિયાન પશુ રોગો ઉપર સંશોધન માટે વૈશ્વિક કક્ષાની 'વન હેલ્થ પોલ્ટ્રિ હબ- આંતરરાષ્ટ્રીય પરિષદ-2020' ક્યાં યોજાશે- **અમદાવાદ**
7. વૈશ્વિક કક્ષાની 'વન હેલ્થ પોલ્ટ્રિ હબ-આંતરરાષ્ટ્રીય પરિષદ-2020'માં ભારત સહિત કેટલા દેશોના પશુ નિષ્ણાતો ભાગ લેશે- 08
8. સાઈબીરિયન યાયાવર પક્ષીઓ ઉપર વૈશ્વિક સંશોધનના હેતુથી યુનાઇટેડ નેશન્સ દ્વારા કેટલામી 'COP CMS-2020' તારીખ 15 થી 22 ફેબ્રુઆરી 2020 દરમિયાન ક્યાં યોજાશે- **13મી અને મહાત્મા મંદિર, ગાંધીનગર**
9. COP CMSનું વિસ્તૃત નામ જણાવો- **CONFERENCE OF THE PARTIES TO THE CONVENTION ON MIGRATORY SPECIES**
10. કેન્દ્ર સરકાર દ્વારા IIIT સંદર્ભે કયા બિલને તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે- **IIIT LAWS BILL-2020**
11. CAA કાયદાના વિરોધમાં તાજેતરમાં કયા રાજ્ય દ્વારા વિધાનસભામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે- **મધ્ય પ્રદેશ**
12. કેન્દ્રીય કેબિનેટ દ્વારા અપાયેલી મંજૂરી સંદર્ભે તા.5 ફેબ્રુઆરી -2020ના રોજ અયોધ્યામાં રામ મંદિર બનાવવા કયા ટ્રસ્ટની જાહેરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકસભામાં કરવામાં આવી- **શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ**
13. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં કુલ કેટલા ટ્રસ્ટીઓ-સભ્યોની નિમણૂક કરાઈ- **15(8- કાયમી અને 7 નામાંકિત)**

VIVEKANAND ACADEMY

14. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં અનુસૂચિત જાતિ(SC)માંથી કેટલા સભ્ય કાયમી રહેશે- **01**
15. કેન્દ્ર સરકાર દ્વારા અયોધ્યામાં રામમંદિર માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે- **67.703 એકર**
16. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મુખ્ય કચેરી ક્યાં રહેશે- **ગ્રેટર કૈલાશ, દિલ્હી**
17. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્યોના તા.5 ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ નામ જણાવો- **કેપરાશરન ., જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ, જગદગુરૂ માધવાચાર્ય વિશ્વ પ્રસન્નતીર્થજી મહારાજ, સ્વામી ગોવિંદ દેવગિરીજી મહારાજ, વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા, ડોઅનિલ મિશ્ર ., કામેશ્વર ચૌપાલ, મહંત દિનેન્દ્રાસ**
18. મુસ્લિમોને મસ્જિદ માટે અયોધ્યાથી કેટલા કિ.મી. દૂર કયા સ્થળે કેટલી જમીન ફાળવવામાં આવી છે- **22, રૌનાહી અને 5 એકર**
19. સુન્ની વકફ બોર્ડ દ્વારા પાંચ એકર જમીનના વહીવટ માટે કયા ટ્રસ્ટની રચના કરાશે- **ઈન્ડો ઈસ્લામિક કલ્ચર ટ્રસ્ટ**
20. ભારતમાં પ્રવેશતા તીડની ચેતવણી માટે 'તીડ ચેતવણી સંગઠન' ક્યાં આવેલું છે- **જોધપુર (રાજસ્થાન)**
21. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2017-18માં ભારતનો બેકારીનો દર કેટલા ટકા જાહેર કરાયો- **6.1%**

**6 –ફેબ્રુઆરી–૨૦૨૦**

### ૧. હેપ્પી સ્ટ્રીટ - લો ગાર્ડન અમદાવાદ (ફૂડ-આરોગ્ય)

**મોર્ડન હાઇજેનિક ફૂડ સ્ટ્રીટનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ**

**આયોજક-**

-અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

- ✓ અંદાજીત ખર્ચ – રૂ. 8.50 કરોડ

### ૨. RBI - આર્થિક સમીક્ષા બેઠકમાં રેપો રેટ યથાવત (આર્થિક)

- ✓ રેપો રેટ- 5.15 ટકા યથાવત
- ✓ રિવર્સ રેપોરેટ- 4.90 ટકા યથાવત
- ✓ માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસીલીટી (MSF) રેટ- 5.40 ટકા યથાવત
- ✓ બેંક રેટ- 5.40 ટકા યથાવત
- ✓ વર્ષ 2020-21 માટે GDP ગ્રોથ રેટ 6.0 ટકા યથાવત રહેવાનો RBIનો અંદાજ

**અન્ય આંકડાકીય વિગત**

- ✓ ભારતીય રિઝર્વ બેન્કે વર્તમાન ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ માટેની અંતિમ આર્થિક સમીક્ષામાં વ્યાજદર યથાવત રાખી, વ્યવહાર નીતિ જારી રાખવાનો નિર્ણય લીધો છે.
- ✓ RBIની મોનેટરી-પોલિસી કમિટીએ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF) અંતર્ગત રેપોરેટ ૫.૧૫ ટકા પર યથાવત રાખ્યો છે.
- ✓ રિઝર્વ બેન્ક સતત બીજી દ્વિમાસિક સમીક્ષામાં વ્યાજદરોમાં કોઇ બદલાવ કર્યો નથી.
- ✓ ડિસેમ્બર ૨૦૧૯માં આરબીઆઇએ અગાઉ સતત પાંચવાર વ્યાજદરોમાં બદલાવ બાદ વ્યાજદરો યથાવત રાખ્યા.
- ✓ એપ્રિલ-સપ્ટેમ્બરના ૨૦૨૦ના પ્રથમ છ માસિકમાં જીડીપી ગ્રોથરેટ ૫.૫ થી ૬.૭ ટકા અને ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૦ના ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૬.૨ ટકા રહેવાની સંભાવના છે.
- ✓ ૨૦૧૯-૨૦૨૦ના વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા સુધી સીમિત રહેશે.

### ૩. ઈ-કેલ્ક્યુલેટર (ટેકનોલોજી)

**ટેકસની ગણતરી કરવાના હેતુથી આઈ.ટી વિભાગ દ્વારા ઈ-કેલ્ક્યુલેટર લોંચ કરાયું**

**વિશેષતા**

- ✓ આવકવેરા વિભાગના આ ઈ-કેલક્યુલેટર દ્વારા કોઈ પણ કરદાતા કપાત કે છૂટછાટના દાવા વગર નવા ટેક્સ સ્લેબ હેઠળ પોતાની ટેક્સ જવાબદારીઓની ગણતરી કરી શકે છે.
- ✓ સરકારે બજેટમાં કરદાતાઓને જૂની અને નવી સિસ્ટમ હેઠળ આવકવેરા રિટર્ન ભરવાનો વિકલ્પ આપ્યો છે.
- ✓ આ ઈ-કેક્યુલેટર આવકવેરા વિભાગની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- ✓ તેમાં કરદાતા એ જોઈ શકશે કે જૂની અને નવી કર વ્યવસ્થામાં તેમણે કેટલો ટેક્સ ચૂકવવો પડશે.
- ✓ વેબ પોર્ટલનો ઉપયોગ જુદીજુદી શ્રેણીના કરદાતાઓ ઇલેક્ટ્રોનિક આવકવેરા રિટર્ન ભરવા માટે કરે છે.
- ✓ કરદાતાઓ કુલ કપાત અને છૂટની ગણતરી કરી શકે છે.

### ૪. સિદ્ધિ - રોડ સેફ્ટી એવોર્ડ : ગુજરાત એસટી નિગમને દેશની સૌથી સલામત સવારીનો રોડ સેફ્ટી એવોર્ડ

- ✓ ગુજરાતમાં એક લાખ કિ.મી.એ 0.06નો દેશનો સૌથી ઓછો અકસ્માત રેટ

**વિશેષતા**

- ✓ સલામત સવારી, એસટી અમારીનું સૂત્ર ધરાવતી ગુજરાતની એસટી બસને દેશની સૌથી સલામત સવારી તરીકે કેન્દ્ર સરકાર દ્વારા રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરાયો.
- ✓ એસટી નિગમે 7500 ફ્લીટ સર્વિસનું સંચાલન સલામત અને ઓછામાં ઓછા અકસ્માતથી કરીને આ એવોર્ડ પ્રાપ્ત કર્યો



VIVEKANAND ACADEMY

- ✓ ગુજરાતને આ એવોર્ડ વાહન વ્યવહાર નિગમોના જૂના અકસ્માતોની માહિતી અને રેટનું વિશ્લેષણ કરીને તેમજ સલામત ડ્રાઇવિંગની સ્ટ્રેટેજીના અમલીકરણથી પ્રાપ્ત થયો છે.
- ✓ 10 વર્ષમાં અકસ્માતોનું પ્રમાણ 0.11થી ઘટીને 0.06 જેટલું નીચું ગયું છે.
- ✓ એસટી નિગમ દ્વારા સલામત ડ્રાઇવિંગ માટે ઓપન હાઉસ, સેફ્ટી મિટિંગ, માસ્ટર ટ્રેઇનરની નિમણૂક, ડ્રાઇવરોનું મેડિકલ ચેકઅપ, ડ્રિન્ક એન્ડ ડ્રાઇવની નીતિ અટકાવવા બ્રેક એનેલાઇઝરથી ચેકિંગ જેવી સ્ટ્રેટેજી અમલી છે.

**૫. US - રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગના આરોપથી મુકત (રાજકારણ)**

**આરોપના કારણો અને મહાભિયોગની પ્રક્રિયા**

**ટ્રમ્પ વિરૂદ્ધ આક્ષેપ શું હતા આક્ષેપ નંબર ૧ :**

- ✓ પોતાના હરિફ અને પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ જો બિડેન વિરૂદ્ધ યુક્રેન સરકાર તપાસ કરે એ માટે ટ્રમ્પે યુક્રેનના પ્રમુખને ભલામણ કરી હતી.
- ✓ બિડેનનો દિકરો યુક્રેનમાં બિઝનેસ ધરાવે છે. બિડેનને કોઈક રીતે ફસાવવાની ટ્રમ્પની યોજના હતી.
- ✓ આ આક્ષેપમાં ટ્રમ્પને ૧૦૦માંથી ૫૨ મત મળ્યા હતા, ૪૮ તેમની વિરૂદ્ધ પડયાં હતા.

**આક્ષેપ નંબર ૨ :**

- ✓ જ્યારે આ મુદ્દે તપાસ કરવાની વાત અમેરિકી કોંગ્રેસે કરી ત્યારે ટ્રમ્પે સહકાર આપવાની ના પાડી દીધી હતી.
- ✓ માટે કોંગ્રેસની કામગીરીમાં અવરોધ ઉભો થયો હતો. આ આક્ષેપમાં ટ્રમ્પને ૫૩ મત મળ્યાં હતા.

બિલ ક્લિન્ટન અને જોનસન પણ આરોપમુક્ત થઈ ચૂક્યા છે.

- ✓ અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગના તમામ આરોપોથી મુક્ત થઈ ગયા.
- ✓ તેમના પર સત્તાનો દુરૂપયોગ કરવા અને સંસદમાં કામમાં અડચણ પેદા કરવાનો આરોપ હતો.
- ✓ પહેલા આરોપમાં ટ્રમ્પના પક્ષમાં 52 અને વિરોધમાં 48 વોટ પડ્યા.
- ✓ બીજા આરોપમાં ટ્રમ્પના પક્ષમાં 53 અને વિરોધમાં 47 વોટ પડ્યા.
- ✓ સેનેટમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને બહુમત છે. મહાભિયોગના સંકટથી નીકળનારા ટ્રમ્પ અમેરિકાના ત્રીજા રાષ્ટ્રપતિ છે.
- ✓ 18 ડિસેમ્બરે નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ લવાયો હતો.
- ✓ ટ્રમ્પ પહેલાં પૂર્વ રાષ્ટ્રપતિઓ એન્ડ્રયુ જોનસન સામે 1868 અને બિલ ક્લિન્ટન વિરુદ્ધ 1998માં મહાભિયોગની પ્રક્રિયા શરૂ કરાઈ હતી, બંનેને સેનેટે મુક્ત કર્યા હતા.
- ✓ એક અન્ય રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સને મહાભિયોગ પહેલાં જ રાજીનામું આપી દીધું હતું.

**૬. નાસા – સિદ્ધિ (અવકાશ વિજ્ઞાન)**

**અવકાશમાં સૌથી વધુ સમય રહેનારી પ્રથમ મહિલા અવકાશયાત્રી ક્રિસ્ટીના કોચ (USA)**

- ✓ ક્રિસ્ટીનાએ સ્પેસ સ્ટેશનમાં 328 દિવસ રહેવાનો રેકોર્ડ બનાવ્યો તાજેતરમાં પૃથ્વી પર પરત

**વિશેષતાઓ**

- ✓ નાસાના મહિલા મિશનના ભાગરૂપે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પહોંચનારી ક્રિસ્ટિનાએ પૃથ્વીના ૫,૨૪૮ ચક્કર લગાવ્યાં : છ વખત સ્પેસવૉક કર્યું
- ✓ નાસાની અવકાશયાત્રી ક્રિસ્ટિના કોચ સ્પેસ સ્ટેશનથી યાત્રા કરીને કઝાકિસ્તાનમાં ઉતરી હતી.
- ✓ તેના નામે સૌથી વધુ સમય અવકાશમાં વીતાવવાનો રેકોર્ડ નોંધાયો હતો.
- ✓ ૩૨૮ દિવસ ક્રિસ્ટિનાએ અવકાશમાં વીતાવ્યા હતા.
- ✓ ૨૦૧૯માં નાસાએ અંતરિક્ષમાં મહિલાઓનું એક ગ્રુપ મોકલ્યું હતું, તેનું નેતૃત્વ ક્રિસ્ટિનાએ કર્યું હતું.
- ✓ ક્રિસ્ટિનાની ટીમના નામે બીજો પણ એક વિક્રમ નોંધાયો હતો.
- ✓ પહેલી વખત અવકાશમાં ત્રણ મહિલાઓએ સ્પેસ વૉક કર્યું હતું.
- ✓ સંપૂર્ણ રીતે મહિલા અવકાશયાત્રીઓએ જ સ્પેસવૉક કર્યું હોય એવું પહેલી વખત બન્યું હતું.
- ✓ ક્રિસ્ટિના લગભગ ૧૧ મહિના સ્પેસ સ્ટેશનમાં રોકાઈ હતી. એ દરમિયાન સ્પેસ સ્ટેશને ૫૨૪૮ વખત પૃથ્વીને ચક્કર લગાવ્યા હતા.
- ✓ ૫૨૪૮ પૃથ્વીના પરિભ્રમણની ક્રિસ્ટિના સાક્ષી બની હતી. એટલું જ નહીં, એ દરમિયાન સ્પેસ સ્ટેશને લગભગ ૧૩.૯ કરોડ કિલોમીટરનો પ્રવાસ પૂરો કર્યો હતો.
- ✓ આ અગાઉ સૌથી વધુ સમય અવકાશમાં વીતાવવાનો રેકોર્ડ પેગી વિટસનના નામે હતો.
- ✓ પેગીએ ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ ૨૮૮ દિવસ એક સાથે સ્પેસ સ્ટેશનમાં વીતાવ્યા હતા.

**૭. જન્મદિન વિશેષ : 6 ફેબ્રુઆરી**

**રાષ્ટ્રવાદની બુલંદી : કવિ પ્રદિપ**

**જન્મ - 6 ફેબ્રુઆરી 1915 અવસાન - 11 ડિસેમ્બર-1998**

VIVEKANAND ACADEMY

- ✓ આજ હિમાલય કી ચોટી સે હમને લલકારા છે, દૂર હટો ઓ દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ" ગીત ગુંજ્યું અને 1942ના હિંદ છોડો આંદોલનમાં દેશ આંદોલિત થયો , અંગ્રેજ સરકાર દ્વારા રચયિતાની ધરપકડનું વોરંટ નીકળ્યું પણ સમય વર્તી કવિ ભૂગર્ભમાં ચાલ્યા ગયા.
- ✓ મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગરમાં જન્મેલા કવિપ્ર પ્રદીપ લખનૌથી સ્નાતક થયા હતા.
- ✓ કવિતાઓ લખવાની શરૂ કરી, મુંબઈમાં કવિ સંમેલનમાં ગયા અને ફિલ્મી રાષ્ટ્રવાદી ગીતો લખવાનો શુભારંભ થયો.
- ✓ 5 દાયકાની કવિ કારકિર્દી દરમિયાન 70થી વધુ ફિલ્મો અને 1700થી વધુ ગીતો લખ્યા અને ભારત આખું પ્રદીપમય બની રહ્યું.
- ✓ ચલ ચલા રે નૌજવાન, આઓ બચ્ચો તુમ્હ દિખાયે ઝાંખી હિન્દુસ્તાન કી, ઇસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હૈ બલિદાન કી, દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ અને મેં તો આરતી ઉતારુ રે સંતોષી માતા કી જેવા અનેક ગીતો દ્વારા પ્રદીપજી ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ લતા મંગેશકર દ્વારા એય મેરે વતન કે લોગો ગવાયા પછી પંડિત નહેરુની આંખમાં આવેલા આંસુ વગેરે કવિ પ્રદીપના સર્જનોનું સન્માન છે.
- ✓ રાષ્ટ્ર કવિ, દાદાસાહેબ ફાળકે સન્માન, સંગીત નાટક અકાદમી એવોર્ડ, સ્મૃતિ ટપાલ ટિકિટ જેવા કવિ પ્રદીપને સન્માન અપાયાં છે.
- ✓ 11 ડિસેમ્બર 1998એ તેમનું અવસાન થયું

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૨-૨૦૨૦)</u>

20. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ક્યા શહેરમાં ખાણી-પાણી માટે મોર્ડન હાઇજેનિક 'હેપ્પી સ્ટ્રીટ'નું લોકાર્પણ કરાયું- <u>**લો ગાર્ડન,અમદાવાદ**</u>
21. આરબીઆઈ દ્વારા 6 ફેબ્રુઆરી 2020ની આર્થિક સમીક્ષા બેઠકમાં રેપો રેટ, રિવર્સ રેપો રેટ,MSF અને બેંક રેટ કેટલા ટકા યથાવત રખાયો- <u>**અનુક્રમે 5.15%,4.90%,5.40% અને 5.40%**</u>
22. આરબીઆઈ દ્વારા તાજેતરમાં વર્ષ 2020- 21 માટે ભારતનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનો અંદાજ અપાયો છે- <u>6.0%</u>
23. આયકર વિભાગ દ્વારા ટેકસની સરળ ગણતરી કરવાના હેતુથી તાજેતરમાં કયુ કેલ્ક્યુલેટર -પોર્ટલ લોન્ચ કર્યુ- <u>ઈ-કેલ્ક્યુલેટર</u>
24. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં દેશની સૌથી સલામત સવારીનો 'રોડ સેફ્ટી એવોર્ડ' કયા રાજ્યને અપાયો- <u>**ગુજરાત એસ ટી નિગમ**</u>
25. ગુજરાતમાં 1 લાખ કિલોમીટરે દેશનો સૌથી ઓછો અકસ્માત રેટ કેટલા ટકા છે- <u>0.06%</u>
26. તાજેતરમાં કયા દેશના કયા રાષ્ટ્રપ્રમુખને મહાભિયોગની પ્રક્રિયામાંથી મુક્ત જાહેર કરાયા- <u>**અમેરિકા, ડોનાલ્ડ ટ્રમ્પ**</u>
27. ફેબ્રુઆરી 2020માં સ્પેસ સ્ટેશનમાં-અવકાશમાં સૌથી વધુ વખત કેટલા દિવસ રહેવાનો રેકોર્ડ કઈ પ્રથમ મહિલા દ્વારા બનાવવામાં આવ્યો જે અવકાશયાત્રી તાજેતરમાં પૃથ્વી પર પરત ફર્યા- <u>**328 દિવસ અને અમેરિકન - ક્રિસ્ટીના કોચ(નાસા)**</u>

રાષ્ટ્ર કવિ અને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કવિ પ્રદીપનો જન્મ દિવસ જણાવો - <u>6 ફેબ્રુઆરી 1915</u>

**<u>7 – ફેબ્રુઆરી–૨૦૨૦</u>**

<u>૧. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ : સિસ્ટર સિટી અંતર્ગત 20 શહેરોને વિકસાવાશે (શહેરી વિકાસ)</u>

**<u>વિશેષતા</u>**

- ✓ <u>દેશના ટોપ-20 સ્માર્ટ સિટીને સૌથી પછાત 20 સ્માર્ટ શહેરને વધુ સ્માર્ટ બનાવવામાં મદદ કરવાની જવાબદારી સોંપાઇ છે. તેમને સિસ્ટર સિટી નામ અપાયું છે.</u>
- ✓ સિસ્ટર સિટીને 100 દિવસની ચેલેન્જ અપાઈ છે કે તેઓ પોતાના દેખાવમાં સુધારો કરી સૌથી નીચેના 20 ક્રમથી ઉપરનો રેન્ક મેળવે.
- ✓ સિસ્ટર સિટીની જોડ બનાવવામાં તેમની સમાન વિશેષતાઓને ધ્યાનમાં રખાઇ છે.
- ✓ એક પાટનગરને બીજા પાટનગર, પહાડી શહેરને પહાડી શહેર, તટીયને તટીય, ઔદ્યોગિકને ઔદ્યોગિક અને શિક્ષણ, સ્વાસ્થ્ય તથા ધાર્મિક પર્યટન માટે જાણીતા શહેરોને તેવા જ શહેરો સાથે જોડવામાં આવ્યા છે.

**<u>સ્માર્ટ સિટી અને તેની સિસ્ટર સિટી</u>**

- ✓ અમદાવાદ - ચંડીગઢ સુરત - સહારનપુર
- ✓ વડોદરા - મુરાદાબાદ વારાણસી - અમૃતસર
- ✓ નાસિક - જમ્મુ આગરા - પુડુચેરી
- ✓ ભોપાલ - આઇઝોલ અમરાવતી - અટલ નગર
- ✓ દેહરાદૂન - શિલોંગ રાંચી - શિમલા
- ✓ પૂણે ધરમશાલા વિશાખાપટ્ટનમ - દીવ
- ✓ ઉદયપુર - ઇટાનગર કોટા - પાસીઘાટ
- ✓ વેલ્લોર કવરત્તી કાનપુર - કરીમનગર
- ✓ નાગપુર - પોર્ટ બ્લેર તિરુપુર - સેલવાસ

✓ દાવણગેરે - બરેલી.

૨. ખેલકૂદ - નેશનલ ચેસ ટુર્નામેન્ટ યજમાન - અમદાવાદ

✓ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "40મી નેશનલ ટીમ ચેસ ચેમ્પીયનશીપ-2020 અને 18મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ ફોર વિમેન- 2020 ટૂર્નામેન્ટનો અમદાવાદમાં પ્રારંભ

✓ આ ટૂર્નામેન્ટમાં 270 જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે, જેમાં છોકરાઓની 36 ટીમ તેમજ કે છોકરીઓની 17 ટીમ ભાગ લઈ રહી છે.

✓ આ ટુર્નામેન્ટમાં પ્રત્યેક ટીમમાં 5 ખેલાડીઓ છે .

✓ આ ટૂર્નામેન્ટમાં કુલ 17 ગ્રાન્ડ માસ્ટર્સ,

✓ 20 ઈન્ટરનેશનલ માસ્ટર્સ,

✓ 8 વિમેન ગ્રાન્ડ માસ્ટર્સ તેમજ

✓ 8 વિમેન ઈન્ટરનેશનલ માસ્ટર્સ ભાગ લઈ રહી છે.

✓ કુલ રૂ. 3,75,000/-ના રોકડ ઈનામો

✓ (રૂ.2,25,000/- છોકરાઓની તેમજ રૂ.1,50,000/- છોકરીઓ)ની ટીમના વિજેતા ટીમ વચ્ચે વહેંચવામાં આવશે.

✓ આ ટૂર્નામેન્ટમાં કુલ 9 રાઉન્ડ (ઓપન કેટેગરીમાં) જ્યારે 7 રાઉન્ડ (વિમેન કેટેગરીમાં) સ્વિસ સિસ્ટમથી રમાશે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત કેટલા શહેરોને સિસ્ટર સીટી તરીકે વિકસાવવાની યોજના જાહેર કરી છે- <u>20</u>
2. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ સિટી દ્વારા ઓછો રેન્ક ધરાવતા શહેરને વિકસાવવાના પ્રોજેક્ટને કયું નામ અપાયું છે -<u>સિસ્ટર સિટી</u>
3. વર્તમાન સ્માર્ટ સિટી દ્વારા સિસ્ટર સિટીને કેટલા દિવસમાં રેન્ક સુધારવાની ચેલેન્જ અપાઈ છે-<u>100 દિવસ</u>
4. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સિસ્ટર સિટી માટે ગુજરાતના કયા કયા શહેરોને કયા શહેરોની જવાબદારી સોંપાઈ છે- <u>**અમદાવાદને ચંદીગઢ, સુરતને સહરાનપુર અને વડોદરાને મુરાદાબાદ.**</u>
5. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ શહેરોને સિસ્ટર સિટી તરીકે વિકસાવવા કઈ પદ્ધતિ નક્કી કરાઈ છે- <u>**પાટનગરને બીજા પાટનગર, પહાડી શહેરને પહાડી શહેર, તટીયને તટીય, ઔદ્યોગિકને ઔદ્યોગિક તેમજ શિક્ષણ, સ્વાસ્થ્ય તથા ધાર્મિક- પ્રવાસન માટે જાણીતા શહેરોને તેવા શહેરો તરીકે.**</u>
6. ફેબ્રુઆરી 2020માં 40મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ-2020નો કયા શહેરમાં પ્રારંભ થયો- <u>**અમદાવાદ**</u>

18મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ ફોર વિમેન- 2020 તાજેતરમાં ક્યાં યોજાઈ- <u>**અમદાવાદ**</u>

<u>**8 – ફેબ્રુઆરી–૨૦૨૦**</u>

<u>૧. વિદેશી પક્ષી ગણતરી વનવિભાગ (જીવસૃષ્ટિ)</u>

✓ મહેસાણા જિલ્લાના થોર અને અમદાવાદના નળ સરોવરમાં તારીખ 8 અને 9 ફેબ્રુઆરી 2020 દરમિયાન પક્ષી ગણતરીનો પ્રારંભ

<u>૨. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-2019</u>

<u>ન્યાય આપવામાં ગુજરાત આઠમા ક્રમે મહારાષ્ટ્ર ટોચના સ્થાને</u>

✓ ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯માં સમગ્ર ન્યાય આપવાની ક્ષમતામાં ભારતના રાજ્યોમાં ગુજરાતે આઠમું સ્થાન હાંસલ કર્યું છે.

✓ દેશમાં ન્યાય કરવા માટે આવશ્યક ૪ આધારસ્તંભો પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય મુદ્દે સર્વે હાથ ધરીને તૈયાર કરાયેલા રિપોર્ટમાં મહત્વના તારણો સામે આવ્યા છે.

✓ ગાંધીનગરમાં GNLU ખાતે બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહ, ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર માયા દારૂવાલા, GNLUના ડાયરેક્ટર પ્રો.એસ. શાંતાકુમાર અને ટાટા ટ્રસ્ટના પોલિસી અને એડવાઝરી હેડ શિરીન વકીલના હસ્તે આ રીપોર્ટ જાહેર કરાયો હતો.

<u>**આ રિપોર્ટ મુજબ**</u>

✓ ગુજરાત ન્યાયતંત્ર ક્ષેત્રે સાતમું અને કાનૂની સહાયમાં છઠ્ઠા ક્રમે આવ્યું છે.

✓ નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહે કહ્યું કે, આપણી સમગ્ર સિસ્ટમમાં ઘણાં સુધારા કરવા જરૂરી છે.

✓ કર્મચારીઓની નિમણૂંકમાં વિલંબ એ ન્યાય પ્રાણાલીની સૌથી મોટી સમસ્યા છે.

✓ ન્યાય ક્ષેત્રે યુવા વકીલોને તાલીમ અને પ્રોત્સાહન આપવું જરૂરી છે.

✓ દેશમાં ન્યાય કરવાની ક્ષમતા અંગેના રેન્કિંગમાં ૧ કરોડથી વધુ વસ્તી ધરાવતા મોટાં અને મધ્યમ કદના રાજ્યોમાં મહારાષ્ટ્રને પ્રથમ સ્થાન મળ્યું છે અને ત્યારપછીના ક્રમે કેરળ, તમિળનાડુ, પંજાબ, હરિયાણાને સ્થાન મળ્યું છે.

✓ જ્યારે એક કરોડથી ઓછી વસ્તી ધરાવતા નાના રાજ્યોની શ્રેણીમાં ગોવા ટોચના ક્રમે આવ્યું છે.

✓ આ રિપોર્ટ મુજબ, દેશના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રમાં ઘણી જગ્યાઓ ખાલી છે.

<u>**ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯:ગુજરાતનાં તારણો**</u>

VIVEKANAND ACADEMY

પોલીસતંત્ર

- ✓ ૩૧.૫ % જગ્યા ખાલી, દર ૩ કોન્સ્ટેબલમાંથી ૧ જગ્યા હજુ પણ ખાલી
- ✓ પોલીસમાં મહિલા કર્મચારીઓનું પ્રમાણ ૭.૨% જ્યારે અધિકારીઓ વચ્ચે મહિલાઓનું પ્રમાણ ૫.૬% હતું.
- ✓ પોલીસ આધુનિકીકરણના ફંડમાં ૫૦%થી ઓછાનો ઉપયોગ.

**જેલનું વહિવટીતંત્ર**

- ✓ ૫.૫ % સાથે રાજ્ય જેલ વહિવટીતંત્રમાં મહિલાઓનું સૌથી ઓછું પ્રતિનિધિત્વ ધરાવતા અને વધારે વસતી ન ધરાવતા રાજ્યોમાં સ્થાન.
- ✓ ૧ કરેશનલ અધિકારી ૧૨૫૦૦ કેદીઓ પર નજર રાખે છે.
- ✓ ૫ વર્ષના ગાળામાં જેલમાં અંડરટ્રાયલ કેદીઓનો હિસ્સો વધ્યો.

**ન્યાયતંત્ર**

- ✓ હાઇ કોર્ટમાં ૧૦ જજમાંથી ૧ મહિલા.
- ✓ સબઓર્ડિનેટ કોર્ટમાં ન્યાયધિશોની મંજૂર થયેલી પોસ્ટમાંથી સરેરાશ ૧ ખાલી.
- ✓ સબઓર્ડિનેટ કોર્ટમાં પેન્ડિંગ કેસનો સમયગાળો ૧૦ વર્ષનો છે.

**કાયદેસર સહાય**

- ✓ દરેક લીગલ સર્વિસ ક્લિનિક સરેરાશ ૩૭ ગામડાને સેવા આપે છે.
- ✓ કાયદાકીય સહાય માટેની કામગીરીઓ-જાગૃતિ અને સલાહ માટે એનએલએસએ દ્વારા અપાતા ફંડમાંથી ૮૦% ઓછા ફંડનો ઉપયોગ થયો.

3. વૈશ્વિક સંબંધો - ભારત અને શ્રીલંકા શ્રીલંકાના વડાપ્રધાન શ્રી રાજપક્ષે ભારતની મુલાકાતે

- ✓ બંને દેશના વડાઓ વચ્ચે હૈદરાબાદ હાઉસ નવી દિલ્હી ખાતે મુલાકાત યોજાઈ

૪. કોરોના વાઇરસ - ચીન દ્વારા હંગામી નામ NCP અપાયુ (આરોગ્ય)

- ✓ નોવેલ કોરોના વાઇરસ ન્યુમોનિયા- NCP

૫. નિમણૂક - કેન્દ્ર સરકાર

ગુજરાત કેડરના IPS મનોજ શશીધરની CBIના ડિરેક્ટર તરીકે નિમણૂક

૬. જન્મદિન વિશેષ : 8 ફેબ્રુઆરી

પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતા: આશાપૂર્ણાદેવી

જન્મ - 8 ફેબ્રુઆરી 1909

અવસાન - 13 જૂલાઈ-1995

- ✓ આજે 8 ફેબ્રુઆરી, બંગાળના મહાન સાહિત્યકાર આશાપૂર્ણાદેવી, નામી ગઝલકાર જગજિત સિંહ અને ઉસ્તાદ ફયાઝ ખાનનો જન્મદિવસ તથા ગુજરાત યુનિવર્સિટીના જ તેજસ્વી અર્થશાસ્ત્રી પ્રોફેસર બી.આર. સીનોયની પુણ્યતિથિ છે.
- ✓ પશ્ચિમ બંગાળમાં કોલકાતા પાસે પોટલદંગામાં ચિત્રકાર પિતા અને સાહિત્યકાર માતાને ત્યાં તેમનો જન્મ થયો હતો છતાં સાહિત્ય સર્જન માટે વાતાવરણ આશાસ્પદ ન હતું.
- ✓ વિપરીત સંજોગોમાં પણ આશાદેવીએ 13 વર્ષની ઉંમરે લેખનનો પ્રારંભ કર્યો.
- ✓ પહેલી કૃતિ જલ ઓર જામુન વાર્તા સંગ્રહ
- ✓ સમગ્ર જીવનકાળ દરમિયાન 225થી વધુ કૃતિઓનું સર્જન કર્યું.
- ✓ તેમાં સ્વર્ણલતા, પ્રથમ પ્રતિકૃતિ, પ્રેમ ઓ પ્રયોજન, અગ્નિ પરીક્ષા, બકુલ કથા, ગાછે પાતા નીલ, છાડપત્ર, માયો દર્પણ, આકાશ માટી, અધૂરે સપને, આનંદધામ, ઉદાસ મન, ચમે બદલ જાતે હૈ, મન કી ઉડાન જેવી અનેક નવલકથાઓ, વાર્તા સંગ્રહો વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ તેમના લેખનનો પ્રધાન સૂર નારી જીવન અને કુટુંબ જીવનની સમસ્યાઓનું ચિત્રણ છે. આશાદેવીએ મહિલા સર્જક તરીકે નારી મનોવિજ્ઞાનની સૂક્ષ્મ અભિવ્યક્તિ કરી છે.
- ✓ 'હું તો સરસ્વતીની સ્ટેનો છું' માનનારા આશાદેવીનું 13 જુલાઈ 1995ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૨-૨૦૨૦)

7. તાજેતર 7-8 ફેબ્રુઆરી- 2020માં ગુજરાતમાં કયા બે સ્થાનો ઉપર વિદેશી પક્ષીઓની ગણતરીનો પ્રારંભ થયો- **થોળ અને નળ સરોવર**
8. ગુજરાતમાં વિદેશી પક્ષીઓની ગણતરી કયા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે -**વન વિભાગ**
9. ગુજરાતમાં થોળ અને નળ સરોવર પક્ષી અભયારણ્ય કયા જિલ્લામાં આવેલા છે- **મહેસાણા અને અમદાવાદ**
10. તાજેતરમાં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિના હસ્તે ' ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019' નું કઈ યુનિવર્સિટીમાંથી વિમોચન કરવામાં આવ્યું- **ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી- ગાંધીનગર**

1. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ સમગ્ર દેશમાં ન્યાય આપવામાં પ્રથમ રાજ્ય- **મહારાષ્ટ્ર**
2. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ સમગ્ર દેશમાં ન્યાય આપવામાં ગુજરાતનો ક્રમ જણાવો- **8મો**
3. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019માં ન્યાય કરવા માટે આવશ્યક કયા ચાર આધારસ્તંભો નક્કી કરાયા છે- **પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય**

VIVEKANAND ACADEMY

4. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ગુજરાત ન્યાયતંત્ર ક્ષેત્રે અને કાનૂની સહાયમાં દેશમાં કયો ક્રમ ધરાવે છે- **સાતમો અને છઠ્ઠો**
5. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ન્યાય કરવાની ક્ષમતા અંગેના રેન્કિંગમાં એક કરોડ થી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં મહારાષ્ટ્ર બાદ કયા રાજ્યો બીજા,ત્રીજા,ચોથા અને પાંચમા ક્રમે આવે છે- **કેરળ, તમિલનાડુ, પંજાબ અને હરિયાણા**
6. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ન્યાય આપવામાં ૧ કરોડથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં કયું રાજ્ય અગ્રેસર છે- **ગોવા**
7. ફેબ્રુઆરી- 2029માં શ્રીલંકાના કયા વડાપ્રધાન ભારત પ્રવાસે હતા- **મહિંદા રાજપક્ષે**
8. ભારતના વડાપ્રધાન અને શ્રીલંકાના વડાપ્રધાન વચ્ચે નવી દિલ્હીમાં કયા સ્થળે દ્વિપક્ષી રાજદ્વારી સંબંધો અંગે બેઠક યોજાઇ હતી- **હૈદરાબાદ હાઉસ**
9. ફેબ્રુઆરી -2029માં ચીન દ્વારા કોરોના વાઈરસને હંગામી ધોરણે કયું નામ અપાયું- નોવેલ કોરોના વાયરસ ન્યુમોનિયા- **NCP**
10. તાજેતરમાં કેન્દ્ર સરકારમાં સીબીઆઈના ડિરેક્ટર પદે કયા ગુજરાતી આઈપીએસની નિમણૂક કરાઈ- **મનોજ શશીધરન**
11. ભારતના પ્રથમ મહિલા જ્ઞાનપીઠ ફોટા વિજેતાનું નામ જણાવો- **આશાપૂર્ણા દેવી**
12. આશાપૂર્ણા દેવીનો જન્મદિવસ જણાવો- **8 ફેબ્રુઆરી 1995**

**9 – ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. કિયારા વાવાઝોડું : બ્રિટન (કુદરતી આપત્તિ)

બ્રિટનમાં આશરે 144 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો

૨. ખેલકૂદ - ક્રિકેટ : અંડર-19 વર્લ્ડકપ-2020

**બાંગ્લાદેશ વર્લ્ડકપમાં પ્રથમવાર વિજેતા**

- ✓ વિશ્વનો સાતમો દેશ હરીફ - ભારત
- ✓ યજમાન - દક્ષિણ આફ્રિકા

૩. વ્હેલ શાર્ક (દરિયાઈ જીવસૃષ્ટિ)

સૌરાષ્ટ્રના દરિયામાંથી છેલ્લા ૧૫ વર્ષમાં અંદાજે ૭૮૧ વ્હેલ શાર્ક બચાવાઈ

- ✓ અન્ય નામ – બેરલ

**વિશેષતા**

- ✓ ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયામાંથી વ્હેલ શાર્ક માછલીના થતા શિકાર અંગે બીબીસીએ ફિલ્મ બનાવી એ પછી જાગેલી કેન્દ્ર સરકારે ૨૦૦૧થી વ્હેલ માછલીને શિડ્યુઅલ-૧ની સૂચિમાં મૂકી તેના શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.
- ✓ ગુજરાત સરકારના વન-પર્યાવરણ વિભાગે તથા મત્સ્યોદ્યોગ વિભાગે સંયુક્ત રીતે મછવારાઓની નેટમાં સપડાતી વ્હેલ શાર્કના કારણે જાળને થતાં નુકસાનનું વળતર ચૂકવવાની યોજના શરૂ કરી છે.
- ✓ જેને લઈને છેલ્લા ૧૫ વર્ષમાં ૭૮૧ વહેલ માછલીઓ રેસ્ક્યૂ કરાઈ પછી પાછી સાગરમાં છોડી દેવાઈ છે.
- ✓ નુકસાન પેટે જાળને થયેલી નુકસાની અથવા રૂ.૨૫ હજાર બેમાંથી જે ઓછું હોય તે વળતર ચૂકવાય છે.
- ✓ અત્યાર સુધીમાં ૧૫ વર્ષમાં કુલ રૂ. ૯૧,૨૦,૮૬૦ વળતર પેટે ચૂકવાયાં છે.
- ✓ જૂનાગઢ વન વિભાગના સૂત્રો કહે છે કે ગુજરાતના દરિયાની ઉપરની સપાટીએ ડિસેમ્બરથી માર્ચ દરમિયાન ૨૧ થી ૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલું તાપમાન રહેતું હોઈ
- ✓ આ ગાળામાં દરિયાઈ શેવાળ ઉપર નભતી આ સંપૂર્ણ શાકાહારી માછલીઓ મોટા પ્રમાણમાં સૌરાષ્ટ્ર કાંઠે જોવા મળે છે.
- ✓ જેના લિવરની તથા માંસની મોટી માગના કારણે માછીમારો શિકાર પ્રત્યે આકર્ષણ ધરાવે છે. પરંતુ શિકાર કરનારને 3 થી ૭ વર્ષની જેલની સજા તથા રૂ.૧૦ હજારના દંડની જોગવાઈ થતાં તેમજ મછવારાઓને પ્રોત્સાહક ઇનામ સાથે રૂ. ૨૫ હજાર સુધીનું વળતર ચૂકવવાનું શરૂ થતાં નેટમાં સપડાતી વ્હેલ માછલીના રેસ્ક્યૂનું પ્રમાણ ખાસું વધ્યું છે.
- ✓ આ સંદર્ભે વિવિધ સંસ્થાઓ તરફથી માછીમારોને જાગૃત કરવાના ચાલતા અભિયાને પણ આ બેરલ તરીકે ઓળખાતી મોટી માછલીને બચાવવામાં મોટી ભૂમિકા ભજવી છે.

૪. પીએમ કૌશલ્ય વિકાસ યોજના (રોજગારી)

**તાલીમ અને રોજગારી અંગેની વિગતો**

- ✓ વર્ષ 2016 થી વર્ષ ૨૦૨૦ સુધીમાં 73 લાખ 47 હજાર યુવાનોને તાલીમ જે અંતર્ગત 16 લાખ 61 હજાર યુવાનોએ રોજગારી મેળવી
- ✓ વિવિધ ટ્રેડ - 137
- ✓ કૌશલ્ય વિકાસ તાલીમમાં ઉત્તર પ્રદેશ મોખરે
- ✓ ઉત્તર પ્રદેશમાં ૧૩ લાખ. મહારાષ્ટ્રમાં આઠ લાખ
- ✓ રાજસ્થાનમાં સાત લાખ
- ✓ મધ્યપ્રદેશમાં ૬.૫ લાખ યુવાનો તાલીમ મેળવી ચૂક્યા છે.

૫. અવસાન - પદ્મશ્રી સાહિત્યકાર ગિરિરાજ કિશોરનું 83 વર્ષે અવસાન સ્થાન - કાનપુર (ઉત્તર પ્રદેશ)

**પરિચય-**

VIVEKANAND ACADEMY

- ગાંધીજીના દ.આફ્રિકાના પ્રવાસ પર આધારિત 'પહેલા ગિરમિટિયા' નામની નવલકથાએ તેમને ઓળખ અપાવી હતી.
- 'ઢાઈ ઘર' નામની નવલકથા માટે 1992માં તેમને સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

**૬. અહેવાલ- ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા-2019**

**ભારતમાં જામનગરમાં સૌથી વધુ ચેરના વિસ્તારમાં વધારો નોંધાયો**

**આંકડાકીય વિગત ચેરના વૃક્ષોનો વિસ્તાર**

- દેશમાં સૌથી વધુ ચેરના વૃક્ષો જામનગરમાં વધ્યા.
- સમગ્ર દેશમાં ચેર વન વિસ્તારમાં કુલ 54 ચોરસ કિ.મી.નો વધારો થયો છે, ત્યારે જામનગર જિલ્લામાં ચેરના વન વિસ્તારમાં 45.50 ચોરસ કીમીનો વધારો નોંધાયો છે.
- પશ્ચિમ બંગાળ બાદ ચેરના વનોમાં ગુજરાત બીજા ક્રમે છે.
- વર્ષ-2017માં સર્વે બાદ ડીસેમ્બર-2019માં દેશભરમાં ચેરના વનનો સર્વે કરી અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.
- જે મુજબ સમગ્ર દેશમાં ચેરના વન વિસ્તારમાં કુલ 54 ચોરસ કીલોમીટરનો વધારો નોંધાયો છે.
- ભારતના 12 રાજય અને કેન્દ્રશાસીત પ્રદેશમાં ચેરના વન આવેલા છે.
- ભારતના કુલ ચેર વન વિસ્તારના અંદાજીત ચોથા ભાગનો વિસ્તાર ગુજરાતમાં છે.
- ગુજરાતના 14 જિલ્લામાં ચેરના વનો આવેલા છે. જેમાં 2019ના સર્વે મુજબ સરેરાશ 37 ચોરસ કિ.મી.નો વધારો થયાનું નોંધાયું છે.
- જામનગર જિલ્લામાં વર્ષ-2017માં ચેર વન વિસ્તાર 184 ચોરસ કિ.મી. હતો.
- બે વર્ષના સમયગાળામાં ચેરના વન વિસ્તારમાં 45.50 ચોરસ કિમીનો વધારો થતાં 229.50 ચોરસ કીમી થતાં સમગ્ર દેશના વધારા પૈકી 84 ટકાનો વધારો થયો છે.
- 4975 ચો.કિમી ચેર વન વિસ્તાર ભારતમાં આવેલો છે.
- 1177 ચો. કિમી ચેરના વનનો ફેલાવો વર્ષ-2019માં ગુજરાતમાં

**ચેર વન વિસ્તાર વધવાના કારણો**

- મરીન નેશનલ પાર્ક દ્વારા વાવેતર અને સંરક્ષણની કામગીરી દરિયાકાંઠા પર અનુકૂળ વાતાવરણ સહિતના કુદરતી પરિબળો
- દરિયાકાંઠાની આજુબાજુ રહેતા લોકોનો સહકાર

**ચેર વૃક્ષોના ફાયદા**

- દરિયાકાંઠા પર હોવાથી તોફાન રોકે છે
- જમીનનું ધોવાણ અટકાવે છે
- ખારા પવનો રોકે છે. બળતણ પૂરું પાડે છે
- ઉપયોગી ઔષધી, મધ આપે દરિયાઈ જીવો, પંખીઓ માટે રહેઠાણ પુરું પાડે છે
- પરવાળાની સાચવણી કરે છે દુષ્કાળ સમયે ઘાસચારો,
- દરિયાઈ તોફાન સામે રક્ષણ પુરું પાડે છે.
- ચેરના કારણે માછીમાર ભાઈઓને મચ્છી, જીંગા અને કરચલા વધુ મળે છે, પરિણામે તેની જીવનશૈલી સુધરે છે.
- દહેરાદુનમાં કાર્યરત ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા વિભાગ દ્વારા દર બે વર્ષે સમગ્ર ભારતમાં વનોના ફેરફાર, વર્ગીકરણ પરિસ્થિતિનો અભ્યાસ અંગે સર્વે કરી અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**૭. હિન્દુ મંદિર - પાકિસ્તાનના બલુચિસ્તાનમાં 200 વર્ષ જૂનું હિન્દુ મંદિર હિન્દુઓને અપાયું**

- બ્લુચિસ્તાનમાં હાઇકોર્ટના આદેશ બાદ કાર્યવાહી કરાઈ
- સ્થાન – જિલ્લો-સ્લોન (પાકિસ્તાન)

**૮. વૈશ્વિક બાબતો - ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન બેઠક-2020**

- યજમાન - જેદ્દાહ (સાઉદી અરેબિયા)

**બેઠકના મુખ્ય અંશો**

- સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે મુસ્લિમ દેશોના સંગઠન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠક
- પાકિસ્તાનની માંગ હતી કે આ સંમેલનમાં કાશ્મીર મુદ્દે ચર્ચા કરવા માટે સંગઠનના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજવામાં આવે પરંતુ સાઉદી અરેબિયાએ પાકિસ્તાનને કાશ્મીર મુદ્દે બેઠક યોજવાની ના પાડી.
- ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનમાં દુનિયાના ૫૭ મુસ્લિમ દેશો સામેલ.
- વડુંમથક – જેદ્દાહ (સાઉદી અરેબિયા).
- આ સંગઠનનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય મંચ પર મુસ્લિમ દેશોનો સામૂહિક અવાજ બનવાનો છે જોકે આ સંગઠનના સભ્ય દેશો વચ્ચે જ અનેક મુદ્દે મતભેદો છે.
- છેલ્લા થોડા સમયથી પાકિસ્તાન, મલેશિયા અને તુર્કી મળીને ઇસ્લામિક દેશોની નવી ધરી રચવા પ્રયાસો કરી રહ્યાં છે પરંતુ સાઉદી અરેબિયાઓ આઈસીને સમાંતર બીજું કોઈ ઈસ્લામિક સંગઠન રચવા રાજી નથી.
- કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કર્યો ત્યારથી પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવા ધમપછાડા કરી રહ્યાં છે.

VIVEKANAND ACADEMY

- ✓ પરંતુ કાશ્મીર મુદ્દે ભારતને વગોવવાની તેની નાપાક ચાલમાં મલેશિયા અને તુર્કીને બાદ કરતા બીજા કોઈ મુસ્લિમ દેશે પણ સાથ નથી આપ્યો.

## ૯. વિશ્વની વિવિધ ટેકનોલોજી અને તેનો આવિષ્કાર

**IBMનો જન્મ - ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૪**

- ✓ ટેકનોલોજી ક્ષેત્રે આજે બહું જાણીતી કંપની આઇબીએમનું આખું નામ "ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ" છે.
- ✓ આ નામ તેને આજના દિવસે મળ્યું, એ પહેલાં તેનું નામ હતું કમ્પ્યુટિંગ ટેબ્યુલેટિંગ રેકોર્ડિંગ કોર્પોરેશન

**ફેબ્રુઆરી ૧૪, ૧૯૪૬ : પહેલું ઈલેક્ટ્રોનિક કમ્પ્યુટર**

- ✓ આ દિવસે યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયામાં એનઆઈસી તરીકે ઓળખાતું કમ્પ્યુટર રજૂ થયું.
- ✓ જે પહેલું પૂરેપૂરું ઇલેક્ટ્રોનિક કમ્પ્યુટર હતું.
- ✓ આ મશીન એ સમયનાં અન્ય મશીન્સ કરતાં એક હજાર ગણી વધુ ઝડપે (પ્રતિ સેકન્ડ 5000) ગણતરી કરી શકતું હતું.
- ✓ તેનું વજન હતું 80 ટન અને તે ૧૫૦૦ ચોરસફૂટ કરતાં વધુ જગ્યા રોકતું હતું.

**ફેબ્રુઆરી ૧૪, ૧૯૮૯ : આધુનિક જીપીએસ સેટેલાઈટ**

- ✓ આજે સ્માર્ટફોનમાં જીપીએસને પરિણામે દુનિયાભરની કેટકેટલીય કંપની અને આપણે પોતે પણ નકશા પર જોઈ શકીએ છીએ કે જે તે સમયે આપણે પૃથ્વી પર બરાબર કઈ જગ્યાએ છીએ.
- ✓ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) ૨૪ સેટેલાઈટ્સના ઝુમખાથી કામ કરે છે.
- ✓ આમાંનો પહેલો સેટેલાઈટ આ દિવસે લોન્ચ થયો હતો.

**ફેબ્રુઆરી ૧૫, ૨૦૦૫ : વીડિયોયુગનો પ્રારંભ**

- ✓ આજે દુનિયામાં સૌથી વધુ જોવાતી ત્રણ વેબસાઈટ ફેસબુક, ગૂગલ અને જીમેઇલ પછી ચોથા ક્રમે છે યુટ્યુબ.
- ✓ અગાઉ પેપાલમાં કામ કરનારા ત્રણ મિત્રોએ વીડિયો હોસ્ટિંગ માટે આજના દિવસે યુટ્યુબ. કોમ ડોમેઇન એક્ટિવેટ કર્યું હતું.
- ✓ ઇન્ટરનેટ પર બહુ ઓછી વેબસર્વિસ યુટ્યૂબ જેટલી ઝડપે લોકપ્રિય થઈ છે.
- ✓ યુટ્યૂબ.કોમ શરૂ થયાના બે જ વર્ષમાં, નવેમ્બર ૨૦૦૬માં ગૂગલે તે કંપની ૧.૬૫ અબજ ડોલરમાં ખરીદી લીધી.

## ૧૦. જન્મ દિન વિશેષ : ૯ ફેબ્રુઆરી

### (૧) પ્રથમ ગુજરાતી મહિલા અનુસ્નાતક : વિનોદિની નીલકંઠ

જન્મ - ૯ ફેબ્રુઆરી-૧૯૦૭ અવસાન - ૧૯૮૭

- ✓ આજે નિબંધકાર, નવલિકાકાર, નવલકથાકાર અને બાળસાહિત્યકાર અને સામાજિક કર્મશીલ વિનોદિની નીલકંઠનો જન્મ દિવસ છે.
- ✓ ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહિપતરામ રૂપરામ તેમના દાદા અને રમણભાઈ નીલકંઠ-વિદ્યાગૌરી નીલકંઠ તેમના માતા-પિતા હતા.
- ✓ અમદાવાદમાં જ પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિનોદીની બેન ૧૯3૦મા અમેરિકાની મિશિગન યુનિ.થી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર સાથે અનુસ્નાતક થયા હતા.
- ✓ તે સમયે ગુજરાતી સમાજમાં તેઓ સૌપ્રથમ મહિલા અનુસ્નાતક હતા.
- ✓ તેમની વ્યવસાયી કારકિર્દી અમદાવાદ મ્યુ. હાઈસ્કૂલમાં હેડ મિસ્ટ્રેસ અને એસ.એન.ડી.ટી યુનિ.માં પ્રાધ્યાપિકા તરીકે રહી હતી વિનોદિની નીલકંઠનું માતબર યોગદાન ગુજરાતી સાહિત્યના સર્જન અને સંશોધન ક્ષેત્રે રહ્યું છે.
- ✓ સર્જનાત્મક ક્ષેત્રે પણ છે. કદલીવન, દરિયાવનાં મોતી, અંગુલીનો સ્પર્શ, કાર્પાસી અને બીજી વાર્તાઓ, રસદ્વાર, ઘર ઘરની જ્યોત(ચાર ભાગમાં) નિજાનંદ, શિશુ રંજના, મેંદીની મંજરી, બાળકોની દુનિયામાં ડોકિયું, સફરચંદ વગેરે તેમના યોગદાન છે.
- ✓ વિદ્યાબેન નીલકંઠનું જીવનચરિત્ર અને ગુજરાતી અટકોનો ઈતિહાસ પુસ્તક તો ગુજરાતી સંશોધન સાહિત્યમાં સીમાચિન્હ રૂપ પ્રદાન છે.
- ✓ અનુવાદ સાહિત્યમાં તેઓએ બટ્રાન્ડ રસેલના પુસ્તકનો ગુજરાતીમાં "સુખની સિદ્ધિઓ" નામે અનુવાદ કર્યો છે.
- ✓ વિનોદિનીબેને સમાચારપત્રોમાં સતત ચાલીસ વર્ષ સુધી ગુણવત્તાસભર કોલમ પણ ચલાવી હતી.
- ✓ ગુજરાતમાં સામાજિક સેવાઓની અનેક સંસ્થાઓ સાથે પણ તેમનું ગાઢ જોડાણ રહ્યું હતું.
- ✓ તેમના વિષે "roadless travelled"શીર્ષકથી પુસ્તક પણ લખાયું છે.
- ✓ વિનોદિની નીલકંઠનું ૧૯૮૭મા અમદાવાદમાં અવસાન થયું હતું.

### (૨) બાબુભાઈ જશભાઈ પટેલ

જન્મ - 9 ફેબ્રુઆરી 1911 (નડીઆદ)

અવસાન-19 ડિસેમ્બર 2002(91ની વયે)

- ✓ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. બે વખત મુખ્યમંત્રીના હોદ્દે રહ્યા, પ્રથમ જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૬ સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ ૧૯૭૭ થી ફેબ્રુઆરી ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે.
- ✓ રાજકીય પક્ષ - જનતા મોર્ચો, જનતા પાર્ટી

VIVEKANAND ACADEMY

- ✓ સન્માન- વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવૉર્ડ
- ✓ તેઓ વ્યવસાયે વકીલ હતા. તેઓ ૧૯૩૦માં કોલેજમાં અભ્યાસ કરતા હતા એ સમયે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા. અને એ સબબ ૧૯૪૨ સુધીમાં તેઓ સાત વખત જેલમાં ગયેલા.

<u>કારકિર્દી</u>

- ✓ મુંબઈ રાજ્યના તે વખતના મંત્રીમંડળમાં, ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી, તેઓ કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી ૧૯૬૭માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા
- ✓ ૧૯૭૪માં, ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું.
- ✓ ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા.
- ✓ તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ ૧૯૭૬ સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી, જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા.
- ✓ ૧૯૭૯ની મચ્છુ બંધ હોનારત સમયે તેઓએ છ માસ સુધી સઘળું મંત્રીમંડળ અને સરકારી તંત્રને મોરબી ફેરવ્યું હતું. ૧૯૯૦ની શરૂઆતમાં, ચીમનભાઈ પટેલની સરકારમાં, કેબિનેટ મંત્રી તરીકે તેઓ સરદાર સરોવર બંધ પરિયોજનાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- ✓ <u>તેઓ પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી હતા.</u> તેઓ ફેબ્રુઆરી, 1937માં મુંબઈની ધારાસભામાં ચૂંટાયા હતા. ઈ.સ. 1940-42 દરમ્યાન સ્વતંત્રતા સંગ્રામમાં જેલવાસ ભોગવ્યો હતો. ઈ.સ. 1946માં બીજીવાર ધારાસભ્ય ચૂંટાયા અને મુંબઈના મુખ્યમંત્રીના સંસદીય સચિવ બન્યા. ઈ.સ. 1952માં ત્રીજીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને જાહેર બાંધકામ અને વાહનવ્યવહાર ખાતાના મંત્રી બન્યા. ઈ.સ. 1956માં તેઓ મુંબઈના આયોજન, વિકાસ અને વીજળી ખાતાના મંત્રી હતા.
- ✓ ઈ.સ. 1956માં મહાગુજરાત આંદોલન સમયે તેમના રાજકીય પક્ષ પ્રત્યેના રોષને કારણે ધારાસભામાં તેમની હાર થઈ હતી અને 1962માં પણ તેમની હાર થઈ હતી. ત્યાર બાદ તેઓ ઈ.સ. 1967ની ચૂંટણીમાં વિજેતા બનતાં જાહેર બાંધકામ, વીજળી અને નાગરિક પૂરવઠા વિભાગના મંત્રી બન્યા હતા.
- ✓ ઈ.સ. 1971માં તેમણે નાણામંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.
- ✓ 7 માર્ચ, 1975માં મોરારજી દેસાઈએ વિધાનસભા વિસર્જન માટે ઉપવાસ કર્યા હતા.સંસ્થા કોંગ્રેસ, સામ્યવાદી પક્ષ અને રીપબ્લિકન પક્ષે ભેગા મળી ‘જનતા મોરચા’ની રચના કરી હતી. વિધાનસભાની ચૂંટણીમાં જનતા મોરચાને વધુ બેઠકો મળી.
- ✓ પાંચ પક્ષોના ટેકા સાથે જનતા મોરચાના નેતા બાબુભાઈ પટેલ 18 જૂન, 1975ના રોજ ગુજરાતના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા. 25 જૂન, 1975ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટીની જાહેરાત કરી.
- ✓ 60 વર્ષથી ઉપરની નિરાધાર મહિલાઓ અને 65 વર્ષથી ઉપરના નિરાધાર પુરૂષો, અપંગ અને અશક્તો માટે માસિક રૂ.30ની સહાય માટેની પેન્શનની યોજના શરૂ કરી.
- ✓ તેમણે ગ્રામીણ બેંકોની સ્થાપના કરી હતી. રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક માટે તેમણે પગલાં લીધાં અને લોકાયુક્તની નિમણૂક કરી. ઉપરાંત દરેક જિલ્લામાં દૂધની ડેરીઓની સ્થાપના કરી. ગાંધીનગરને અત્યાધુનિક પાટનગર બનાવવામાં તેમનો સિંહફાળો હતો. તેમણે માતૃભાષામાં વહીવટની શરૂઆત કરી.
- ✓ તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી. વધુ પેટ્રોકેમિકલ્સ સંકુલોની સ્થાપના કરી. 18 ઑગસ્ટ, 1978ના રોજ ‘નર્મદા જળવિવાદ ટ્રીબ્યુનલ’નો ચુકાદો આવ્યો. તે મુજબ 163 મીટર બાંધકામની મંજૂરી આપવામાં આવી. તેના આધારે 1979માં કામ શરૂ કરવામાં આવ્યું.
- ✓ તેમના શાસનકાળ દરમ્યાન 12 ઑગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ તૂટવાની ઘટના બની. તેના કારણે સૌરાષ્ટ્રમાં ભારે તારાજી સર્જાઈ. અહીં રાહતકાર્યમાં થયેલા વિલંબને કારણે 17 ફેબ્રુઆરી, 1980ના રોજ મંત્રીમંડળ બરખાસ્ત કરવામાં આવ્યું અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ ભાવનગર યુનિ.ની સ્થાપના અને શિક્ષણમાં 10+2+3ની પદ્ધતિ દાખલ કરવામાં આવી. 20 મુદ્દા કાર્યક્રમનો ગુજરાતમાં અમલ શરૂ થયો. તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી અને પેટ્રોકેમિકલ્સ સંકુલની સ્થાપના કરાવી.
- ✓ જાન્યુઆરી, 1978માં અન્ય પછાત જ્ઞાતિઓ માટે 10% અનામત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમણે બઢતીમાં રોસ્ટર પદ્ધતિ દાખલ કરી.*
- ✓ તેમણે પોલીસ યુનિયનને માન્યતા આપી હતી, જે 1988માં રદ કરાઈ. અંત્યોદય યોજનાની શરૂઆત થઈ. તેમણે બોમ્બે હાઈ તેલક્ષેત્રમાંથી ગુજરાતને ગેસનો હિસ્સો અપાવ્યો.

VIVEKANAND ACADEMY

- ✓ 1976માં બજેટ સત્ર દરમ્યાન વિધાનસભામાં નાગરિક પૂરવઠાની માગણી દરમ્યાન મતદાનમાં તેમનો પરાજય થતાં રાજ્યમાં 12 March, 1976ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ તેમના સમય દરમ્યાન ગુજરાતમાં બે વાર રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું.

**ત્રીજું રાષ્ટ્રપતિ શાસન :**

- ✓ (12 માર્ચ, 1976 – 24 ડિસેમ્બર, 1976)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી ફખરૂદ્દીન અલી એહમદ
- ✓ રાજ્યપાલ : શ્રી કે. કે. વિશ્વનાથન

**ચોથું રાષ્ટ્રપતિ શાસન :**

- ✓ (17 ફેબ્રુઆરી, 1980 – 6 જૂન, 1980)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી નીલમ સંજીવ રેડ્ડી
- ✓ રાજ્યપાલ : શ્રીમતી શારદાબેન મુખરજી

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરી 2020માં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા દેશ- **બાંગ્લાદેશ**
2. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 ક્યાં યોજાયો- **દક્ષિણ આફ્રિકા**
3. બાંગ્લાદેશ કુલ કેટલા વખત અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા થયો છે-**01**
4. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 હરિફ દેશનું નામ જણાવો- **ભારત**
5. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 વિજેતા બાંગ્લાદેશ વિશ્વનો કયા નંબરનો દેશ છે- **07**
6. સૌરાષ્ટ્રના દરિયામાંથી છેલ્લા 15 વર્ષમાં અંદાજે કેટલી વ્હેલ શાર્કને બચાવવાઈ- **781**
7. કેન્દ્ર સરકાર દ્વારા વ્હેલ શાર્કને કયા વર્ષથી શિડયુલ એકની સૂચિમાં મૂકીને તેના શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે- **વર્ષ 2001**
8. ગુજરાતમાં દરિયાઈ માછીમારોને માછીમારી દરમિયાન વ્હેલ શાર્કને બચાવવાના કારણે જાળને થતું નુકસાન પેટે કયા વિભાગ દ્વારા વળતર આપવામાં આવે છે-**25000/- અને વન વિભાગ**
9. ગુજરાતમાં વ્હેલ શાર્ક અન્ય કયા નામે ઓળખાય છે- **બેરલ માછલી**
10. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ વર્ષ 2016 - 2020 દરમિયાન પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત અંદાજે કેટલા યુવાનોને તાલીમ અને રોજગારી અપાઇ- 73 લાખ 47હજાર અને રોજગારી- **16 લાખ 61હજાર**
11. PMKVY અંતર્ગત સૌથી વધુ તાલીમ આપવામાં અગ્રેસર રાજ્ય- **ઉત્તર પ્રદેશ**
12. પદ્મશ્રી ગિરિરાજ કિશોરનું ક્ષેત્ર જણાવો જેમનું તાજેતરમાં કાનપુર ખાતે અવસાન થયું- **સાહિત્યકાર**
13. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019 ના અહેવાલ મુજબ ભારતમાં કયા જિલ્લામાં ચેરના વૃક્ષોના વિસ્તારમાં સૌથી વધુ વધારો નોંધાયો છે- **જામનગર**
14. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019 ના અહેવાલ મુજબ ગુજરાતના જામનગર જિલ્લામાં ચેર વન વિસ્તારમાં કેટલો વધારો થયો છે- **45.50 ચોરસ કિલોમીટર**
15. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019ના અહેવાલ મુજબ ભારતમાં ચેર વન વિસ્તારમાં કેટલો વધારો થયો છે-**54 ચોરસ કિલોમીટર**
16. ભારતમાં પશ્ચિમ બંગાળ બાદ ચેરના સૌથી વધુ વનો ક્યાં રાજ્યમાં છે- **ગુજરાત**
17. ભારતમાં કુલ ચેર વન વિસ્તારના અંદાજે કેટલા ટકા ભાગ ગુજરાતમાં આવેલો છે- **ચોથો ભાગ**
18. કયા શહેરમાં કાર્યરત સંસ્થા દ્વારા દર કેટલા વર્ષે 'ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા' અહેવાલ રજૂ કરવામાં આવે છે- **દહેરાદૂન અને દર બે વર્ષે**
19. તાજેતરમાં પાકિસ્તાનના કયા વિસ્તારમાં આવેલું 200 વર્ષ જૂનું હિન્દુ મંદિર હિન્દુઓને પરત અપાયું- **સ્લોન જિલ્લો, બલુચિસ્તાન**
20. ફેબ્રુઆરી 2020 માં ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન-2020ની બેઠક યોજાઇ હતી- **જેદ્દાહ (સાઉદી અરેબિયા)**
21. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનમાં કુલ કેટલા ઈસ્લામિક દેશો છે- **57**
22. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનનું વડુ મથક ક્યાં આવેલું છે-**જેદ્દાહ**
23. ગુજરાતના પહેલા મહિલા અનુસ્નાતકનું નામ જણાવો- **વિનોદિની નીલકંઠ**
24. સાહિત્યકાર વિનોદિની નીલકંઠનો જન્મદિવસ જણાવો- **09 ફેબ્રુઆરી 1907**
25. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રીનું નામ જણાવો – **બાબુભાઈ જસાભાઈ પટેલ**
26. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બાબુભાઈ જસાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો - **9 ફેબ્રુઆરી 1911**

**10 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. SC-ST (અત્યાચાર નિવારણ) સુધારા કાયદો-2018 (બંધારણ)

VIVEKANAND ACADEMY

- ✓ સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચૂકાદો:- SC-ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે, (તા. 10મી ફેબ્રુઆરી-2020)

**<u>ચૂકાદાની વિગતો અને નિર્ણય</u>**

- ✓ એસસી - એસટી (અત્યાચાર નિવારણ) કાયદો ૨૦૧૮ની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને ફગાવતાં કેન્દ્ર સરકારને રાહત મળી છે.
- ✓ કોર્ટે કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સુધારા કાયદો, ૨૦૧૮ હેઠળ કોઈ કેસ નોંધવામાં આવે તો તપાસ કર્યા વિના એની ધરપકડ થઈ શકશે.
- ✓ આ કાયદા હેઠળ એસસી એસટીના વિરોધમાં અત્યાચારના આરોપીઓને આગોતરા જામીનની જોગવાઈને રદ કરી દેવામાં આવી છે.
- ✓ આમ હવે ફરિયાદ મળ્યા પછી તરત FIR દાખલ કરી શકાશે અને આરોપીની ધરપકડ કરી શકાશે.
- ✓ જો કોઈ વ્યક્તિ સામે નોંધવામાં આવેલા કેસમાં શરૂઆતની તપાસમાં કોઈ કેસ બનતો ન હોય તો એવા કેસમાં કોર્ટ આગોતરા જામીન આપી શકે છે.
- ✓ એફઆઈઆર નોંધવા માટે પ્રાથમિક તપાસ કરવી જરૂરી નથી. એફઆઈઆર નોંધવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીની સહમતીની પણ જરૂર નથી.
- ✓ જો પ્રથમ દૃષ્ટિએ એસસી-એસટી અધિનિયમ હેઠળ કોઈ કેસ બનતો ન હોય તો પણ અદાલત એફઆઈઆરને રદ કરી શકે છે.

**<u>સુપ્રીમ કોર્ટનો અગાઉનો ચૂકાદો શુ હતો</u>**

- ✓ સુપ્રીમ કોર્ટે અગાઉ કાયદાનો દુરુપયોગ રોકવા ૨૦ માર્ચ ૨૦૧૮ના રોજ એસસી-એસટી એક્ટમાં આરોપીની ધરપકડની જોગવાઈને હળવી બનાવી હતી અને તેને આગોતરા જામીન આપવાની જોગવાઈ દાખલ કરી હતી.
- ✓ કોર્ટે કાયદામાં ફેરફાર કરતી વખતે કહ્યું હતું કે, સરકારી કર્મચારી કે અધિકારી પર જ્યારે કોઈ આરોપ લાગેલો હોય તો તેવા સંજોગોમાં તેની ધરપકડ પહેલા જે તે વિભાગ પાસેથી મંજૂરી લેવાની રહેશે.
- ✓ જો સામાન્ય નાગરિક સામે આરોપ લાગેલો હોય તો એસએસપી સ્તરનાં પોલીસ અધિકારીની મંજૂરી લેવી પડશે.
- ✓ આરોપી સામે FIR પહેલા પ્રારંભિક તપાસની જોગવાઈ પણ કરાઈ હતી.

**<u>સરકારે સંસદમાં સુધારા કરીને સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો બદલ્યો હતો</u>**

- ✓ આ ચુકાદા પછી કેન્દ્ર સરકારે સંસદમાં કાયદામાં કેટલાક સુધારા કર્યા હતા અને કાયદામાં અગાઉ જે જોગવાઈ કરવામાં આવી હતી તેને બહાલ કરી હતી.
- ✓ કાયદામાં કરેલા આ સુધારાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.
- ✓ જેની સુનાવણી પછી ચુકાદો અનામત રખાયો હતો.

**<u>ત્રણ જજિસ અરુણ મિશ્રા, વિનીત શરણ અને રવીન્દ્ર ભટ્ટની બેન્ચે ૨ વિરુદ્ધ ૧ મતથી ચુકાદો આપ્યો હતો.</u>**

- ✓ સુપ્રીમ કોર્ટે તેના અગાઉના ચુકાદામાં કેન્દ્ર સરકારે કરેલા સુધારાને માન્ય રાખ્યા છે.
- ✓ સુપ્રીમનાં જજ રવીન્દ્ર ભટ્ટે કહ્યું હતું કે દેશનાં તમામ નાગરિકોને સમાન ભાવથી જોવા જોઈએ.

<u>૨. CMS COP-13 : મહાત્મા મંદિર ગાંધીનગર (પક્ષીજગત)</u>

<u>થીમ- "સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહને જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ"</u>

<u>લોગો</u>-

- ✓ દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટફોર્મ' કોલામ'થી પ્રેરિત.
- ✓ <u>કોલામ આર્ટ ફોર્મનો ઉપયોગ ભારતમાં અમુર ફાલ્કન, હમ્પબેક વ્હેલ અને દરિયાઇ કાચબા જેવી મુખ્ય સ્થળાંતર પ્રજાતિઓને દર્શાવવા માટે કરવામાં આવે છે.</u>
- ✓ સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણીય કાર્યક્રમના નેજા હેઠળ <u>પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતર પ્રજાતિઓ (સીએમએસ)ના સંમેલનની 13મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી), ભારત દ્વારા 17 થી 22 ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં.</u>
- ✓ **<u>ભારતને યજમાન તરીકે આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે નિયુક્ત કરાશે.</u>**
- ✓ ભારત સરકાર દ્વારા વર્ષ-1983થી સ્થળાંતરીત વન્ય પ્રાણીઓના સંરક્ષણ સંમેલન (સીએમએસ) પર હસ્તાક્ષર.

**<u>ભારત સરકારની ભૂમિકા</u>**

- ✓ ભારત સરકાર આ સ્થળાંતરીત દરિયાઈ જાતિઓ/પ્રજાતિઓની સુરક્ષા અને સંરક્ષણ માટે જરૂરી પગલાં લઈ રહી છે.
- ✓ <u>તેમજ એમના સંરક્ષણ અને બચાવ માટેની યોજનાની તૈયારી કરી છે જે માટે સાત જાતિઓ જેમકે ડુગોંગ, વ્હેલ શાર્ક, સમુદ્રી કાચબો (બે પ્રજાતિઓ) વગેરેની ઓળખ કરાઇ.</u>
- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 17 ફેબ્રુઆરી 2020 સીએમએસ સીઓપી 13નું ઉદઘાટન.

- 130 દેશોના પ્રતિનિધિઓ, પ્રખ્યાત સંરક્ષણવાદીઓ અને વન્યપ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય એનજીઓ સીઓપીમાં ભાગ લેશે.
- 15 અને 16 મી ફેબ્રુઆરીએ, પૂર્વ-સીઓપી બેઠકો જેમાં સ્ટેકહોલ્ડર સંવાદ, ઉચ્ચ-સ્તરની સેગમેન્ટ મીટિંગ અને ચેમ્પિયન નાઇટ એવોર્ડ સહિતના સમારોહ યોજશે.
- આ સાથે જ, ઘણી બધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પ્રદર્શન ક્ષેત્રમાં વન્યપ્રાણી સંરક્ષણની શ્રેષ્ઠ પ્રથાઓનું પ્રદર્શિત કરશે.

**ઐતિહાસિક મહત્વ**

- સીએમએસ સીઓપી 13, "ગિબી - ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ" માટેનો માસ્કોટ એ એક ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ છે જેને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત સર્વોચ્ચ સંરક્ષણનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- સેન્ટ્રલ એશિયન ફ્લાયવે (સીએએફ) કે જે આર્ક્ટિક અને ભારતીય મહાસાગરો વચ્ચેના ક્ષેત્રને આવરી લેતા પ્રમુખ પક્ષી ફ્લાયવે નેટવર્કનો ભારત પણ એક ભાગ છે, એટલે કે ઓછામાં ઓછા 279ની વસ્તીમાંથી 182 સ્થળાંતરીત પ્રજાતિઓને આવરી લે છે, જેમાં 29 વૈશ્વિક સ્તરે જોખમી જાહેર થયેલી જાતિઓ પણ છે.
- ખોરાક, સૂર્યપ્રકાશ, તાપમાન, આબોહવા વગેરે જેવા વિવિધ પરિબળોને લીધે જુદા જુદા સમય દરમિયાન જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે, પક્ષીઓ અને સસ્તન પ્રાણીઓમાં મૂળ નિવાસસ્થાનથી અન્ય સ્થળ વચ્ચેનું સ્થળાંતર અથવા હિલચાલ કેટલીક વાર હજારો કિલોમીટર/માઇલ સુધી હોય છે.
- સ્થળાંતર રૂટમાં સામાન્ય રીતે માળખાની સાઇટ્સ, સંવર્ધન સાઇટ્સ, પ્રાધાન્યવાળા ખોરાકની ઉપલબ્ધતા અને દરેક સ્થળાંતર પહેલાં અને પછી યોગ્ય રહેઠાણની ઉપલબ્ધતા હોવી જરૂરી છે.

**ભારતની વન્યપ્રાણી સૃષ્ટિ**

- ભારત વન્યપ્રાણી સૃષ્ટિની અનેક સ્થળાંતરિત પ્રજાતિઓનું ઘર છે જેમાં સ્નો ચિત્તા, અમુર ફાલ્કન્સ, બાર હેડ ગીઝ, બ્લેક નેકડ ક્રેન્સ, દરિયાઇ કાચબા, ડમ્પોંગ્સ, હમ્પબેક્ડ વ્હેલ, વગેરેનો સમાવેશ છે
- સાઇબેરીયન ક્રેન્સ (1998), મરીન ટર્ટલ્સ (2007), ડુગોંગ્સ (2008) અને રેપ્ટર્સ (2016)ના સંરક્ષણ અને સંચાલન પર સીએમએસ સાથે કાયદેસર રીતે બંધનકર્તા એમઓયુ પર હસ્તાક્ષર પણ કર્યા છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી - શ્રી પ્રકાશ જાવડેકર

**૩. ઓસ્કર એવૉર્ડ-2020 (ફિલ્મ ઉદ્યોગ)**

**92મો એકેડમી એવોર્ડ-લોસ એન્જલસ(USA)**

**૯૨ વર્ષમાં પ્રથમવાર બિન અંગ્રેજી ભાષાની કોરિયાઈ ફિલ્મ 'પેરાસાઈટ'ને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ**

**ઓસ્કાર વિજેતા અને ફિલ્મની યાદી**

- બેસ્ટ એક્ટ્રેસઃ રેની ઝેલવેગર બેસ્ટ એક્ટરઃ વૉકિન ફીનિક્સ
- બેસ્ટ પિક્ચરઃ પેરાસાઈટ
- બેસ્ટ એક્ટ્રેસ સપોર્ટિંગ રોલઃ લોરા ડર્ન
- બેસ્ટ એક્ટર સપોર્ટિંગ રોલઃ બ્રાડ પિટ
- બેસ્ટ ડિરેક્ટરઃ બોન્ગ જૂન હો

બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મઃ પેરાસાઈટ

- બેસ્ટ મેકઅપ એન્ડ હેર સ્ટાઈલિંગઃ બોમ્બશેલ
- બેસ્ટ ઓરિજિનલ સોન્ગઃ આઈ એમ ગોના લવ મી અગેઇન - બેસ્ટ ઓરિજિનલ સ્કોરઃ જોકર
- બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સઃ 1917
- બેસ્ટ સાઉન્ડ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફરારી
- બેસ્ટ એનિમેટેડ ફિલ્મઃ ટોય સ્ટોરી 4
- બેસ્ટ ફિલ્મ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફેરારી
- બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ 1917 -બેસ્ટ સાઉન્ડ મિક્સિંગઃ 1917
- બેસ્ટ ડોક્યુમેન્ટરીઃ અમેરિકન ફેક્ટરી
- બેસ્ટ ડોક્યુમેન્ટરી (શોર્ટ સબ્જેક્ટ): લર્નિંગ ટુ સ્કેટબોર્ડ ઈન અ વૉરઝોન
- બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મઃ ધ નેબર્સ વિન્ડો
- બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈનઃ વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ - બેસ્ટ કોશ્ચ્યુમ ડિઝાઈનઃ લિટલ વિમેન
- બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મઃ હેર લવ
- બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેઃ પેરાસાઈટ
- બેસ્ટ અડેપ્ટેડ સ્ક્રીનપ્લેઃ જોજો રેબિટ

**૪. નિર્ણય - નાણા મંત્રાલય - ભારત સરકાર (આર્થિક)**

એક રૂપિયાની નવી નોટ બહાર પડાશે

**નવી નોટની વિશેષતા**

- એક રૂપિયાની નવી નોટ પર ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાને બદલે ભારત સરકાર એવા શબ્દો લખેલા હશે તેમાં નાણા સચિવ અતનુ ચક્રવર્તીની સહી હશે તથા તે નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવશે.
- નોટની જમણી બાજુએ કાળા અક્ષરોમાં સંખ્યા લખેલી હશે. પહેલા ત્રણ આલ્ફાબેટિક આકારમાં એકસરખા રહેશે.

**૫. ઇન્ડિયા વન : ભારતનો પ્રથમ સોલાર થર્મલ પ્લાન્ટ (સૌર ઉર્જા)**

**વિશેશતાઓ**

- ✓ રાજસ્થાનના આબુ રોડ સ્થિત બ્રહ્મકુમારી સંસ્થાનમાં બનેલા સોલાર થર્મલ પ્લાન્ટને "ઈન્ડિયા વન"ના નામે ઓળખાય છે.
- ✓ આ દુનિયાનો પ્રથમ સોલાર થર્મલ પાવર પ્લાન્ટ છે જે 24 કલાક ચાલે છે.
- ✓ તેમાં થર્મલ સ્ટોરેજની પણ સુવિધા છે જેમાં સૂર્યની ગરમીને કન્ઝર્વ કરાય છે.
- ✓ આ પ્લાન્ટમાં પ્રથમ વખત પેરાબોલિક રિફ્લેક્ટર વિથ ફિક્સ ફોકસ ટેક્નિકનો ઉપયોગ કરાયો છે.
- ✓ આ પેરાબોલિક રિફ્લેક્ટર કોઈ સૂર્યમુખીના ફૂલની જેમ સૂર્યની દિશા સાથે ફરે છે. તેને બનાવવા માટે 70 ટકા ફન્ડિંગ ભારત અને જર્મનીની સરકારે કર્યું છે, બાકી પૈસા બ્રહ્મકુમારી સંસ્થાને ખર્ચા હતા.
- ✓ તેને એક રિસર્ચ પ્રોજેક્ટ તરીકે તૈયાર કરાયો છે.
- ✓ અહીં વર્ષ દરમિયાન દેશ-દુનિયામાંથી હજારો સ્ટૂડન્ટ્સ રિસર્ચ માટે આવે છે.
- ✓ આ પ્લાન્ટથી રોજ અહીં 35 હજાર લોકોનું ભોજન તૈયાર થાય છે. સાથે જ 20 હજાર લોકોની ટાઉનશિપને વીજળી મળે છે.
- ✓ દૈનિક 18 હજાર યુનિટ વીજળી ઉત્પાદન
- ✓ વિસ્તાર - 25 એકર

**૬. નાસા - અવકાશ વિજ્ઞાન**

**સૂર્યના ધ્રુવ પ્રદેશના અભ્યાસ માટે નાસા-ઈશાનું સંયુક્ત રીતે 1.5 અબજ ડોલરનું મિશન ફ્લોરિડાથી લોન્ચ કરાયું**

- ✓ ફ્લોરિડાથી લોંચ થયેલું ઓર્બિટર સાત વર્ષમાં ૪ કરોડ ૧૮ લાખ કિલોમીટરનું કુલ અંતર કાપશે.
- ✓ ધ્રુવ પ્રદેશની તસવીરો પૃથ્વી ઉપર મોકલવાનું કામ આઓર્બિટર કરશે.
- ✓ અમેરિકન સ્પેસ એજન્સી નાસા (National Aeronautics and Space Administration) અને યુરોપિયન સ્પેસ એજન્સી (ઈસા)એ સંયુક્ત રીતે સોલાર ઓર્બિટર રવાના કર્યું હતું.
- ✓ ઓર્બિટર પ્રથમ વખત સૂર્યના ધ્રુવ પ્રદેશની તસવીર પૃથ્વી ઉપર મોકલશે.
- ✓ સૂર્યના ધ્રુવોના અભ્યાસમાં આ ઓર્બિટર ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે.
- ✓ આપણી સોલર સિસ્ટમમાં અસરકરતા આ ધ્રુવો વિશે પૃથ્વીવાસીઓ પહેલી વખત અગત્યની માહિતી મેળવશે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૨-૨૦૨૦)**

1. SC- ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે તેઓ મહત્વનો ચુકાદો તાજેતરમાં 10 ફેબ્રુઆરી 2020માં કઈ કોર્ટ દ્વારા અપાયો- **સુપ્રીમ કોર્ટ**
2. SC-ST સંદર્ભમાં કયા એક્ટમાં બંધારણીય યોગ્યતાને પડકારથી અરજીને સુપ્રીમ કોર્ટ દ્વારા ફગાવી હતી- **SC-ST( અત્યાચાર નિવારણ) કાયદો-2018**
3. SC- ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે તેઓ મહત્વનો ચુકાદો તાજેતરમાં સુપ્રીમ કોર્ટની કયા ત્રણ જજની બેન્ચે આપ્યો- **અરુણ મિશ્રા,વિનીત શરણ અને રવિન્દ્ર ભટ્ટ(2 વિરુદ્ધ 1 મત)**
4. CMS COP-13:2020ની થીમ જણાવો- **" સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહની જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ"**
5. CMS COP-13:2020નો લોગો કયા બાબતથી પ્રેરિત છે- **દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટ ફોર્મ-' કોલામ'**
6. 'કોલામ' આર્ટ ફોર્મનો ઉપયોગ ભારતમાં કઈ સ્થળાંતર પ્રજાતિઓ દર્શાવવા માટે કરવામાં આવે છે- **અમુર ફાલ્કન, હમ્પ બેક વ્હેલ અને દરિયાઈ કાચબા**
7. પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતર પ્રજાતિઓના રક્ષણ માટે ભારતને યજમાન તરીકે આગામી કેટલા વર્ષ માટે પ્રમુખ તરીકે નિમણૂક અપાઈ- **ત્રણ વર્ષે**
8. ભારત સરકાર દ્વારા કયા વર્ષથી સ્થળાંતરિત વન્યપ્રાણીઓના સંરક્ષણ (CMS) સંમેલન ઉપર હસ્તાક્ષર કરેલા છે- **1983**
9. ભારત સરકારે કઈ સાત સ્થળાંતરિત જાતિઓની સંરક્ષણ અને બચાવ માટે યોજના તૈયાર કરી છે મુખ્યત્વે કઈ કઈ જાતિઓ છે- **ડુગોંગ, વ્હેલ શાર્ક અને સમુદ્રી કાચબાની બે પ્રજાતિઓ**
10. CMS COP-13:2020માં અંદાજે કેટલા દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે- **130**
11. CMS COP-13:2020નો મેસ્કોટ અને તેનું મહત્વ જણાવો- **"ગિબી-ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ" - ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ જેને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત સર્વોચ્ચ સંરક્ષણનો દરજ્જો અપાયો છે**
12. સેન્ટ્રલ એશિયન ફ્લાય વે (CAF) એટલે શું- **CAF જે આર્કિટક અને ભારતીય મહાસાગર વચ્ચેના ક્ષેત્રને આવરી લેતા પ્રમુખ પક્ષી ફ્લાય વે નેટવર્કનો ભારત પણ એક ભાગ છે જે 279ની વસ્તીમાંથી 182 સ્થળાંતરિત પ્રજાતિઓને આવરી લે છે.**
13. કેન્દ્રીય પર્યાવરણ, વન અને વાયુ પરિવર્તન મંત્રીનું નામ જણાવો- **શ્રી પ્રકાશ જાવડેકર**

VIVEKANAND ACADEMY

14. તાજેતરમાં કેટલામો ઓસ્કાર એવોર્ડ-2020 કાર્યક્રમ યોજાયો- **92મો**
15. ઓસ્કાર એવોર્ડ કયા ક્ષેત્ર માટે અને ક્યાંથી આપવામાં આવે છે- **ફિલ્મ ઉદ્યોગ અને લોસ એન્જેલસ- યુએસએ**
16. 92 વર્ષમાં પ્રથમવાર બિન અંગ્રેજી ભાષાની ઓસ્કાર એવોર્ડ-**2020 વિજેતા શ્રેષ્ઠ ફિલ્મ- પેરાસાઈટ**
17. ઓસ્કાર એવોર્ડ-2020 વિજેતા બેસ્ટ એક્ટ્રેસ, એક્ટર અને ડિરેક્ટરનું નામ જણાવો- **રેની ઝેલવેગર,વૉકિન ફિનિક્સ અને બોન્ગ જૂન હો**
18. તાજેતરમાં કેન્દ્રના નાણામંત્રી દ્વારા કેટલા રૂપિયાની નવી નોટ બહાર પાડવાની જાહેરાત કરાઇ છે-**1**
19. ભારતમાં રૂ.1ની ચલણી નોટ ઉપર કોના હસ્તાક્ષર હોય છે- **કેન્દ્રીય નાણા સચિવ**
20. 1ની નવી ચલણી નોટ ઉપર ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાને સ્થાને કયા નવા શબ્દો લખેલા હશે- **ભારત સરકાર**
21. ભારતનો પ્રથમ 24 કલાક કાર્યરત ઇન્ડિયા વન-સોલર થર્મલ પ્લાન્ટ ક્યાં આકાર પામ્યો છે- **બ્રહ્માકુમારી, આબુરોડ રાજસ્થાન**
22. ફેબ્રુઆરી 2020માં પ્રથમવાર સૂર્યના ધ્રુવ પ્રદેશના અભ્યાસ માટે વિશ્વની કઈ બે અવકાશ વિજ્ઞાનની સંસ્થાઓ દ્વારા સોલાર ઓર્બિટર-મિશન લોન્ચ કરાયું- **નાસા અને ઈસા**
23. ESAનું વિસ્તૃત નામ જણાવો- **યુરોપિયન સ્પેસ એજન્સી**

**11 – ફેબ્રુઆરી–૨૦૨૦**

**૧. દિલ્હી વિધાનસભા ચૂંટણી – પરિણામો** કુલ બેઠકો – 70

**મુખ્ય પક્ષ - બેઠકો**

- ✓ આમ આદમી પાર્ટી – ૬૨ (વર્ષ-૨૦૧૫માં ૬૭ બેઠક)
- ✓ ભારતીય જનતા પાર્ટી – ૦૮ (વર્ષ-૨૦૧૫માં 03 બેઠક)
- ✓ અન્ય – 00
- ✓ સતત બીજીવાર આમ આદમી પાર્ટીની નવી દિલ્હીમાં સરકાર બની - AAP- આમ આદમી પાર્ટી

**૨. ખેલકૂદ – સિદ્ધિ : રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર-૨૦૧૯ (હોકી)**

**વિજેતા –**

- ✓ ભારતીય વિમેન્સ હોકી ટીમની ફોરવર્ડ લાલરેમ્સિયામીને ૨૦૧૯ની ‘એફઆઇએચ સર્વશ્રેષ્ઠ રાઈઝિંગ સ્ટારના એવોર્ડ’ માટે પસંદ કરવામાં આવી છે.

**સિદ્ધિઓ –**

- ✓ ભારતની ૧૯ વર્ષીય ખેલાડીએ આર્જેન્ટિનાની જુલિએટા જાંકુનાસ તથા નેધરલેન્ડ્સની ફ્રેડરિક માટલાને હરાવી હતી જે બંને બીજા અને ત્રીજી ક્રમાંકે રહી .
- ✓ બેલારસ સામે ૨૦૧૭માં પદાર્પણ કર્યા બાદ લાલરેમ્સિયામી ભારતીય ટીમની મહત્વપૂર્ણ સભ્ય બની ગઈ છે. વતન – મિઝોરમ
- ✓ સંસ્થા – ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન(FIH)

**૩. વૈશ્વિક વેપાર – સંરક્ષણ સોદો**

**ભારતને ૧.૮૬૭ બિલિયન ડોલરના એર ડિફેન્સ વેપન વેચવા વ્હાઈટ હાઉસ-USAની મંજૂરી**

- ✓ ભારતને US દ્વારા IADWS આપશે
- ✓ IADWS– ઈન્ટિગ્રેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ
- ✓ અમેરિકાએ ભારતીય સશસ્ત્રદળોના આધુનિકીકરણ અને ભારતના એર ડિફેન્સને મજબૂત બનાવવા માટે ૧.૮૬૭ બિલિયન ડોલરના ખર્ચે એર ડિફેન્સ વેપન સિસ્ટમ વેચવાનો નિર્ણય કર્યો છે.
- ✓ ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સીએ જણાવ્યું હતું કે, ભારતને ઇન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ (IADWS) વેચવાનો નિર્ણય કર્યો છે.

**વિશેષતા/ઉદ્દેશ**

- ✓ ભારત આ ડિફેન્સ આર્ટિકલ્સ અને સર્વિસિઝનો ઉપયોગ તેના સશસ્ત્રદળોને આધુનિક બનાવવા અને હવાઈ હુમલા સામે એર ડિફેન્સ મજબૂત બનાવવા કરવા માગે છે.
- ✓ આ સિસ્ટમથી ભારતીય સેનાની ક્ષમતામાં વધારો થશે અને ભારત, અમેરિકા તથા અન્ય સહયોગી દેશો વચ્ચે લશ્કરી સહયોગમાં પણ વધારો થશે.

**દિલ્હીને મિસાઈલ કવચ મળશે**

- ✓ નવી દિલ્હીને મિસાઇલ કવચ પૂરું પાડવા અમેરિકા પાસેથી NASAMS-II એર ડિફેન્સ સિસ્ટમ ખરીદશે.
- ✓ અમેરિકી વિદેશ મંત્રાલયે ભારતને ઇન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ (IADWS) વેચવાનો નિર્ણય કરતાં હવે દિલ્હીને મિસાઇલ કવચ મળે તેવી સંભાવના વધી ગઇ છે.
- ✓ આ ડિફેન્સ સિસ્ટમ ભારતની સ્વદેશી, રશિયન અને ઇઝરાયેલી સિસ્ટમો સાથે મળીને કામ કરશે.

**૪. ગુજરાત સરકાર – GADના અનામત અંગેના ઠરાવની સમજ**

**GADના ઠરાવથી સર્જાયેલા વિવાદનો મુદો શું છે ?**

- ✓ ગુજરાતમાં સરકારી નોકરીઓમાં ૯મી એપ્રિલ ૧૯૯૭થી મહિલા અનામત છે.
- ✓ રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ-GADએ રાજસ્થાનના રાજેશકુમાર દરિયા વિરૂધ્ધ રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશનના કેસના ચૂકાદાનો આધાર લઈને ૩૩ ટકા મહિલા અનામતની ગણતરી માટે ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ નવો ઠરાવ અમલમાં મુક્યો.

VIVEKANAND ACADEMY

- ✓ મોટાપાયે થયેલી LRD ભરતીમાં અનામત વર્ગની મહિલા ઉમેદવારોનું મેરિટ સામાન્ય સ્પર્ધાના મેરિટથી વધુ હોવા છતાંય તેમને 33 ટકા અનામત હેઠળ પોતાની જ કેટેગરીમાં સમાવાતા અન્યાયની રાવ ઉઠી.
- ✓ મુળભૂત રીતે આ ઠરાવની સૌથી પહેલી અસર GPSC દ્વારા થયેલી પોલીસ ઈન્સ્પેકટરની સીધી ભરતીમાં થઈ હતી. એ વેળાએ પછાત વર્ગની પાંચ મહિલા ઉમેદવારોને જ અન્યાય થયો હોવાથી આ વિવાદ બહાર આવ્યો નહોતો !

૫. WHO દ્વારા કોરોના વાઈરસનું નામ હવે 'COVID-19' અપાયું (આરોગ્ય)

**COVIDનો અર્થ :**

- ✓ CO-કોરોના VI – વાઈરસ D- ડિસીઝ

**WHO – વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**

૬. નામકરણ – કેન્દ્ર સરકાર (નાણા) રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન-ફરિદાબાદનું નામકરણ કરાયું

- ✓ રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન-ફરિદાબાદ હવે અરૂણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાનના નવા નામથી ઓળખાશે

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરી 2020માં યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કયા પક્ષનો વિજય થયો છે- **આમ આદમી પાર્ટી**
2. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સતત ત્રીજી વખત કયા પક્ષની સરકાર રચાઈ છે- **આમ આદમી પાર્ટી**
3. ફેબ્રુઆરી 2020માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીને કુલ કેટલી બેઠકો મળી હતી- 62
4. દિલ્હી વિધાનસભામાં કુલ કેટલી બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી- 70
5. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં બીજા નંબરનો સૌથી મોટો પક્ષ અને બેઠકો જણાવો- ભારતીય જનતા પાર્ટી- 08
6. તાજેતરમાં ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા ભારતની કઈ મહિલા ખેલાડીને સર્વ શ્રેષ્ઠ "રાઈઝિંગ સ્ટાર ઓફ ધી યર - 2019"નું સન્માન અપાયું- **લાલ રેમ્સિયામી**
7. "રાઈઝિંગ સ્ટાર ઓફ ધી યર -2019"નું સન્માન અપાયું તે લાલ રેમ્સિયામી ખિલાડીનું રાજ્ય જણાવો- **મિઝોરમ**
8. FIH નું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન**
9. તાજેતરમાં વ્હાઇટ હાઉસ- યુએસએ દ્વારા ભારતને એર ડિફેન્સ વેપન વેચવા ફેબ્રુઆરી 2020 કેટલા બિલિયન ડોલરની મંજૂરી આપી -1.867
10. ભારતને અમેરિકા દ્વારા કઈ વેપન સિસ્ટમ વેચવાની તાજેતરમાં વ્હાઇટ હાઉસ દ્વારા મંજૂરી અપાઈ છે- IADWS
11. IADWSનું વિસ્તૃત નામ જણાવો- **ઈન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ**
12. નવી દિલ્હીને સુરક્ષા કવચ પૂરું પાડવા અમેરિકા પાસેથી કઈ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવામાં આવશે - NASAMS-II
13. ફેબ્રુઆરી 2020માં WHO દ્વારા કોરોના વાયરસને કયું સત્તાવાર નામ આપવામાં આવ્યું- COVID-19
14. COVID-19નો વિસ્તૃત અર્થ જણાવો - CO- કોરોના,VI- વાયરસ અને D- ડિસીઝ
15. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાનને કયું નવું નામ અપાયું- **અરૂણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન**

    અરુણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન ક્યાં આવેલું છે- **ફરીદાબાદ**

**12 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. નિર્ણય - મહારાષ્ટ્ર સરકાર (વહીવટ) સરકારી કર્મચારીઓને સપ્તાહમાં બે દિવસની રજા : કામકાજના દિવસો પાંચ (ફાઈવ ડે વર્કિંગ)

- ✓ કર્મચારીઓને એક સપ્તાહમાં 3.75 કલાક વધુ કામ કરવું પડશે એટલે કે દૈનિક 45 મિનિટ વધુ આપવી પડશે

**અન્ય નિર્ણય**

- ✓ મહારાષ્ટ્ર સરકારે શાળા-કોલેજોમાં પણ રાષ્ટ્રગાન ફરજિયાત બનાવી દીધું છે.
- ✓ સરકારે ૧૯ ફેબ્રુઆરીએ શિવ જયંતિથી કોલેજોમાં રાષ્ટ્રગાન ફરજિયાત બનાવી દીધું છે. કોલેજમાં અભ્યાસક્રમ શરૂ થાય તે પહેલાં પહેલા રાષ્ટ્રગાન ગાવામાં આવશે.
- ✓ તે ઉપરાંત ઓબીસી, એસઈબીસી, વીજેએનટી અને ધુમંત જનજાતિ તથા અતિ પછાત વર્ગ માટેના રાજ્ય વિભાગનું બહુજન કલ્યાણ વિભાગ તરીકે નવું નામકરણ કરવામાં આવ્યું છે. ફાઈવ ડે અમલ તા. ૨૯-૨-૨૦૨૦થી
- ✓ મુખ્યમંત્રી - ઉદ્ધવ ઠાકરે
- ✓ રાજ્યપાલ – ભગતસિંઘ કોશ્યારી રાજધાની - મુંબઈ

૨. મહત્વનો નિર્ણય - મિશન 2024 : ગુજરાત સરકાર (શિક્ષણ વિભાગ)

**મુખ્ય હેતુ**

- ✓ ધોરણ 3 થી 12ની બધી પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી જ તૈયાર કરાશે
- ✓ ધો. 1થી 8માટે GCERT જ્યારે ધો. 9થી 12 માટે ગુજરાત બોર્ડ પ્રશ્નપત્ર તૈયાર કરશે , આગામી શૈક્ષણિક વર્ષથી અમલ

- ✓ ગુજરાતની શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્પર્ધા કરી શકે તે માટે ગુજરાત સરકારે મિશન ૨૦૨૪ હાથ ધર્યું

**વિગતવાર માહિતી**

**પરીક્ષાલક્ષી કેવા ફેરફાર**

1. ધો. 3 થી 8, 9, 11ની છ માસિક વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્ય સ્તરેથી તૈયાર થશે, મૂલ્યાંકન વિદ્યાર્થીની શાળાના શિક્ષકોને બદલે અન્ય શાળાના કરશે.
2. ધો. 3 થી 10 ગુજરાતી, ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રો રાજ્ય સ્તરેથી મળશે. ધો.11-12 સાયન્સના મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, અંગ્રેજીની પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી અપાશે. ધો.12 સામાન્ય પ્રવાહના અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજય વ્યવસ્થા, સાયકોલોજી, ઈકોનોમિક્સ, સ્ટેટેસ્ટિકસના પ્રશ્નપત્રો રાજ્ય કક્ષાએથી અપાશે.
3. ધો.3 થી 8ના છ માસિક-વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો જીસીઈઆરટી કાઢશે, જિલ્લાકક્ષાએ છપાશે.
4. ઉત્તરવહી અન્ય શાળાના શિક્ષકો ચકા ભસણી કરશે. ધો. 9, 10, 11 અને 12ના છ માસિક, પ્રિલીમનરી પરીક્ષાના પ્રશ્નપત્રો શિક્ષણ બોર્ડ તૈયાર કરશે.
5. કોર્પોરેશન અને જિલ્લા પંચાયત સંચાલિક શાળાઓના પ્રશ્નપત્રો સહિતની જવાબદારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, શાસનાધિકારી અને ડીપીઓની રહેશે.
6. પ્રશ્નપત્ર સહિત પરીક્ષાનો ખર્ચ સ્વનિર્ભર શાળાઓએ સરકારને આપવાનો રહેશે. સરકારી ગ્રાન્ટેડનો સરકાર ભોગવશે.
7. રાજ્યની શાળાઓએ સર્વ શિક્ષા અભિયાનની વેબસાઇટ પર વિદ્યાર્થીઓના ગુણ અપલોડ કરવાના રહેશે.

- ✓ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (GSHSEB) સાથે એફીલીએટેડ સેલ્ફ ફાઈનાન્સ સહિત તમામ ૫૫,૦૦૦ શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવાના ભાગરૂપે રાજ્ય સરકારે કેટલાંક મહત્વના નિર્ણયો લીધા છે અને ૨૦૨૦-૨૧ના આગામી શૈક્ષણિક વર્ષથી મહત્વના નિર્ણયોનો અમલ કરાશે.
- ✓ જેમાં સૌથી મહત્વનો નિર્ણય રાજ્યની તમામ ગ્રાન્ટેડ, ગ્રાન્ટ-ઈન-એઈડ, ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં એકસાથે જ પરીક્ષા યોજવાનો નિર્ણય છે.
- ✓ ડિરેક્ટર, પ્રાયમરી એજ્યુકેશન અને GSHSEB સાથે એફિલીએટેડ તમામ શાળાઓમાં સ્ટેટ ટેક્સ્ટ બૂક બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી NCERT ટેક્સ્ટ બુકનું ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.
- ✓ ઉપર્યુક્ત તમામ શાળાઓએ એકેડેમિક કેલેન્ડર અને ટાઈમટેબલની કોમન સિસ્ટમનું પાલન કરવાનું રહેશે.
- ✓ આ તમામ શાળાઓએ GSHSEB અને GCERT દ્વારા લેવાતી ધોરણ-૩ થી ૧૨ સુધીના તમામ ગ્રેડ માટે સત્રાંત અને એન્યુઅલ એક્ઝામ અને પિરિયોડિક એક્ઝામ માટે સેન્ટ્રલાઈઝ એસેસમેન્ટનું પાલન કરવાનું રહેશે.
- ✓ સરકારી શાળાના શિક્ષકો અને સેલ્ફ ફાઈનાન્સ સ્કુલોના શિક્ષકોને એક બીજાની શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિનો લાભ મળે તે હેતુસર ક્રોસ-લર્નિંગનું આયોજન કરવાનું રહેશે.
- ✓ આ પગલાંને લીધે ગુજરાતમાં શાળા સ્તરે શિક્ષણ સુદ્રઢ બનશે અને JEE/NEET, વગેરે જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં આપણાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક બનાવશે તેમજ ૨૦૨૪ના અંતે PISA જેવી ઈન્ટરનેશનલ એસેસમેન્ટ માટે તૈયાર થવા માટે સહાયક બનશે.
- ✓ શિક્ષણ મંત્રી – શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

### 3. જાહેરાત – રાજયમાં પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટી ખાતે ઇન્ડિયન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ સ્થપાશે (અર્થશાસ્ત્ર-શિક્ષણ)

**હેતુ –**

- ✓ અર્થશાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ માટે રાજયમાં પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આ પ્રકારનું રિસર્ચ બેઝ્ડ સેન્ટર શરૂ થશે
- ✓ પીએમઓના પ્રિન્સિપાલ ઇકોનોમિક એડવાઈઝર શ્રી સંજીવ સન્યાલ દ્વારા જાહેરાત

### ૪. WHO - કોરોના વાઈરસ (આરોગ્ય)

### WHO દ્વારા કોરોના વાઈરસને પબ્લિક એનિમી નંબર-1 જાહેર કરાયો

- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાઇરસને વિશ્વ માટે અત્યંત ગંભીર ધમકી ગણાવતા પબ્લિક એનિમી નંબર વન જાહેર કર્યો છે.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ચીનમાંથી પ્રસરેલા વાઇરસને COVID-૧૯ નામ આપવામાં આવ્યું છે.
- ✓ કોરોના વાઇરસમાં કોઇપણ આતંકવાદી હુમલા કરતાં પણ વધુ રાજકીય આર્થિક અને સામાજિક અંધાધૂંધી ફેલાવવાની ક્ષમતા છે.
- ✓ આ વાઇરસ કોઇ આતંકવાદી હુમલા કરતાં પણ વધુ ગંભીર પરિણામો લાવવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ જો વિશ્વ આ વાઇરસ પ્રત્યે ગભીર નહીં બને તો આપણી પાસે પદાર્થપાઠ શીખવાનો સમય નહીં રહે.

### ૫. વિનાશકારી તિડ વિશે કેટલીક મહત્વની જાણકારી (જીવ સૃષ્ટિ)

1. ક્લાઇમેટ ચેઇજને કારણે આફ્રિકા તીડના ઝુંડ માટે બ્રીડિંગ સેન્ટર બન્યુ !

VIVEKANAND ACADEMY

2. વધુ વરસાદ અને સારી ગરમીને કારણે તીડનું પ્રજોત્પિ માટે સાનુકૂળ સ્થિતિ સર્જાઈ છે.
3. 2019માં પૂર્વ આફ્રિકાના દેશોમાં પડેલો ભારે વરસાદ પૂર ઉપરાંત તીડની આપત્તિ લઈને આવ્યો
4. આફ્રિકામાં તીડ માટે હિંદ મહાસાગરનો હૂંફાળો પાણી જવાબદાર
5. તીડના નિયંત્રણ માટે લેવાઈ રહેલી ઉપગ્રહની તસવીરોનું વિશ્લેષણ
6. જતુનાશક દવા છાંટવા માટે હેલિકોપ્ટરથી ક્યાં કરવો તે અંગે આયોજન
7. સાત દાયકામાં સૌથી મોટો તીડનો ઉપદ્રવનો સામનો કરી રહેલા આફ્રિકાના દેશો
8. સોમાલિયાએ તો ઇમરજન્સી જાહેર કરી દીધી છે

## ૬. કેન્દ્રીય કેબિનેટ

**કેન્દ્ર દ્વારા મહત્વના ત્રણ  નવા ખરડાને મંજૂરી**

**(૧) મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020**

**હેતુ**

- ✓ બંદરોના વિકાસ માટે પોર્ટ્સ ઓથોરિટી બિલ લાવવામાં આવ્યાં છે.
- ✓ ઇન્ટરનેશનલ માર્કેટમાં નિકાસ સુનિશ્ચિત કરવા માટે તથા બંદરો સંબંધિત વિવાદોનો નિવેડો લાવવા જૂના મેજર પોર્ટ ટ્રસ્ટ એક્ટ, ૧૯૬૩ને બદલે નવું પોર્ટ્સ ઓથોરિટી બિલ, ૨૦૨૦ લાવવામાં આવ્યું.
- ✓ આ નિર્ણયથી દેશના ૧૨ મુખ્ય મોટા બંદરોની કાર્યક્ષમતામાં સુધારો થશે અને ક્ષેત્રનો સમગ્ર વિકાસ આગળ ધપશે.

**(૨) પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ-૨૦૨૦ મહત્વની જોગવાઈઓ**

**હેતુ -**

- ✓ પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ 2020માં કરાયેલી જોગવાઈઓથી ખેડૂતોને ઘણી રાહત મળશે.
- ✓ હવે કંપનીઓ ખેડૂતોને મરજી પ્રમાણેની કિંમતે પેસ્ટીસાઈડ નહીં વેચી શકે.
- ✓ આ બિલ પ્રમાણે, જો કોઈ ભેળસેળવાળી કે રજિસ્ટ્રેશન વિનાની પેસ્ટીસાઈડસ વેચશે, તો તેને દંડ ફટકારાશે અને કાયદેસરની કાર્યવાહી પણ ચલાવી શકાશે.
- ✓ આ ઉપરાંત નકલી પેસ્ટીસાઈડથી ખેતીને નુકસાન થશે, તો વળતરની પણ જોગવાઈ
- ✓ આ બિલમાં ઓર્ગેનિક પેસ્ટીસાઈડને પ્રોત્સાહન કરવાની જોગવાઈ છે.

**(3) વિવાદથી વિશ્વાસ-૨૦૨૦**

**મહત્વની જોગવાઈ**

- ✓ **આગામી ૩૧મી માર્ચ-૨૦૨૦ સુધી ટેક્સનો વિવાદ ઉકેલે તો દંડ નહીં**
- ✓ આ યોજના હેઠળ 31 માર્ચ સુધી ટેક્સ વિવાદોનો ઉકેલ લાવનારાને દંડમાં રાહત આપવાની જોગવાઈ છે. આવું નહીં કરનારાએ આગલા નાણાકીય વર્ષમાં વિવાદો ઉકેલવા 10% વધુ ચૂકવણી કરવી પડશે.
- ✓ કુલ રૂ. 9.32 લાખ કરોડ સાથે જોડાયેલા કર વિવાદોના મામલામાં સમાધાનની જોગવાઈ.

## ૭. આયુષ્યમાન ભારત યોજના : કેન્દ્ર સરકાર (આરોગ્ય)

**નવીન પહેલ**

- ✓ દેશમાં એક કરોડથી વધુ સ્કૂલ ટુડન્ટ્સને હેલ્થ એન્ડ વેલનેસ મેસેન્જર તથા 22 લાખથી વધુ શિક્ષકોને હેલ્થ એન્ડ વેલનેસ એમ્બેસેડર બનાવાશે.
- ✓ બાળકોના આરોગ્ય માટે આયુષ્માન ભારત યોજના હેઠળ શરૂઆત કરશે

**વિગત અને લક્ષ્યાંક**

- ✓ કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયે મળીને આયુષ્માન ભારત હેઠળ આ યોજનાની શરૂઆત કરી છે.
- ✓ દેશમાં 11 લાખ સરકારી સ્કૂલોના દરેક ધોરણના એક-એક વિદ્યાર્થીને હેલ્થ એન્ડ વેલનેસ મેસેન્જર બનાવવાનું નક્કી કરાયું.
- ✓ દરેક સરકારી સ્કૂલમાંથી બે શિક્ષકને હેલ્થ એન્ડ-વેલનેસ એમ્બેસેડર બનાવાશે તે માટે 24 કલાકનું ટ્રેનિંગ મટીરિયલ તૈયાર કરાયું. ત્યાર બાદ દર અઠવાડિયે એક કલાકનું સેશન સ્ટુડન્ટ્સ માટે હશે.
- ✓ સંબંધો-મૂલ્યો, ઉત્તરદાયી નાગરિક, જાતિ સમાનતા, પોષણ, સાફ-સફાઈ હેલ્પી લાઈફ સ્ટાઇલ, એચઆઈવી રોકવો, ઇજાથી બચાવ ઉપરાંત ઇન્ટરનેટનો યોગ્ય ઉપયોગ અંગે ટુડન્ટ્સને માહિતી અપાશે
- ✓ સ્ટુડન્ટ્સને આરોગ્ય સંબંધી કોઈ પણ પ્રકારની સમસ્યાઓ હશે તેમને સ્કૂલેથી સીધા હેલ્થ એન્ડ વેસનસ સેન્ટરે લઈ જવાશે.

## ૮. કિયારા વાવાઝોડુ (કુદરતી આપત્તિ)

- ✓ યુરોપના જુદાં-જુદાં દેશો પ્રભાવિત.

## ૯. સુધારો – કેન્દ્ર સરકાર (આરોગ્ય)

**માનવી અથવા પ્રાણી પર વપરાતું તબીબી સાધન હવે દવાની કેટેગરીમાં સામેલ કરાયું**

- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેરનામું
- ✓ અમલ- ૧લી એપ્રિલ-૨૦૨૦થી

**મહત્વની જોગવાઈ**

VIVEKANAND ACADEMY

- ✓ તમામ તબીબી સાધનો ગુણવત્તા અને ક્ષમતાના ચોક્કસ ધોરણોને પુરા કરે તેની ખાતરી કરવા કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે આજે માનવી અથવા પ્રાણી પર વપરાયેલું સાધન ડ્રગ એન્ડ કોમેટિક એક્ટની કલમ ત્રણ હેઠળ "ડ્રગ" (દવા) છે એવું જાહેરનામું બહાર પાડ્યું હતું જેનો પહેલી એપ્રિલે ૨૦૨૦થી અમલ શરૂ કરાશે.
- ✓ તબીબી સાધનોમાં ઈમ્પ્લાન્ટેબલ, તબીબ સાધનો, સીટી સ્કેન, એમઆરઆઈ તબીબી સાધનોના ઉત્પાદકો, આયાતકારો અને વેચાણકર્તાઓને સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશ દ્વારા પ્રમાણપત્ર લેવું પડશે.
- ✓ હાલમાં માત્ર ૨૩ સાધનોને જ આ કાયદા હેઠળ નિયંત્રીત કરાયા છે.
- ✓ દવા અને તબીબી સાધનો સબંધીત ટેકનીકલ મુદે દેશની સર્વોચ્ચ સલાહકાર સંસ્થા ડ્રગ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ દ્વારા એપ્રિલ ૨૦૧૯માં ભલામણ કરવામાં આવી હતી કે તમામ તબીબી સાધનોને ડ્રગ એન્ડ કોમેટિક કાયદા હેઠળ ડ્રગ-દવા જાહેર કરવા.

**૧૦. જન્મ દિન વિશેષ : ૧૨ ફેબ્રુઆરી મહર્ષિ : દયાનંદ સરસ્વતી**

**જન્મ - ૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪ અવસાન – 30 ઓક્ટોબર-૧૮૮૩**

- ✓ ક્રાંતિકારી સમાજસુધારક સ્વામી દયાનંદનો જન્મ મહા વદ દસમ, ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ના રોજ મોરબી પાસેના ટંકારા ગામે બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો હતો.
- ✓ બાળપણનું નામ - મૂળશંકર
- ✓ એક દિવસે મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા. સંસારની ભૌતિકતાથી દૂર ચાલતાં ચાલતાં નર્મદા નદી પર આવ્યા.
- ✓ પરમહંસ પરમાનંદજી પાસે વેદાન્તનો અભ્યાસ કર્યો. અહીંથી આગળ દંડી સ્વામીના પરિચયમાં આવ્યા અને દ્વારકા સંઘમાં સામેલ થઈ ગયા.
- ✓ મૂળશંકર દંડી સ્વામીના જ્ઞાનથી પ્રભાવિત થયા. દંડી સ્વામી પણ મૂળશંકરના વિવેકથી પ્રસન્ન થયા અને દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું. ફકત એક વર્ષમાં ધર્મશાસ્ત્રનું અધ્યયન કર્યું.
- ✓ ગુરુની ખોજમાં ગુજરાત છોડીને કાશી ચાલ્યા ગયા. ત્યાં યોગાભ્યાસ કર્યો. એના પછી દૃઢ મનોબળની સાથે હિમાલયમાં તપસ્યા કરી.
- ✓ યોગ્ય ગુરૂ તો ન મળ્યા, પરંતુ આત્મજ્ઞાન મળી ગયું. ત્યાર બાદ અવધૂત અવસ્થામાં રહ્યા.
- ✓ ૧૦-૧૨ વર્ષની તપસ્યા પછી સ્વામી દયાનંદ સરસ્વતી દિવ્ય ચેતનાના સ્વામી બની ગયા. પરંતુ આત્મકલ્યાણની સાથે દેશની હાલત, ધર્મનું પતન, દંભ, પાખંડ વગેરે દેશમાંથી કેમ દૂર કરવાં? આ એમના મનમાં વ્યથા હતી.
- ✓ દેશની સંસ્કૃતિને કેમ બચાવવી આ જ વિચાર કરતા હતા. હિંદુ ઉદ્ધાર માટે એમણે કઠોર પરિશ્રમ કર્યો હતો.
- ✓ તેમણે મુર્તિપૂજાનો વિરોધ, વિધવા વિવાહ સમર્થન, હરિજનોને યજ્ઞોપવીત, પશુબલિનો વિરોધ, બુરખા પ્રથાનો વિરોધ, પરજ્ઞાતીય લગ્નો, વગેરે અંગે નવું ચિંતન પ્રગટ કર્યું.
- ✓ તેમણે બ્રિટિશ શાસન, ઇસ્લામિક–ખ્રિસ્તી ધર્મ સાંસ્કૃતિક આક્રમણ અને હિંદુ ધર્મમાં પરિવર્તનની આડે આવતાં સાંપ્રદાયિક બળો સામે મોરચો માંડ્યો હતો. ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી.
- ✓ હરિદ્વાર, આગ્રા, કાનપુર, કાશી, કોલકાતા, અલીગઢ, મથુરા, વૃંદાવન, અલ્હાબાદ, મુંબઈ દરેક જગ્યાએ એમને માનવસન્માન મળ્યું. પછી પોતાનું કાર્યક્ષેત્ર ઉત્તર ભારત બનાવ્યું.
- ✓ આજે પણ એમનું કીર્તિમંદિર પંજાબમાં છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી રાજસ્થાન તરફ ચાલ્યા ગયા જયાં ઘણા ધર્મના કાર્યક્રમો યોજયા હતા.
- ✓ દેશી રાજયોના રાજાઓને ધર્મ તરફ આકર્ષિત કર્યા.
- ✓ જોધપુરના રાજા જશવંત સિંહ પણ એનાથી પ્રભાવિત થયા અને ભોગવિલાસ અને વ્યસનથી દૂર રહ્યા હતા.
- ✓ કહેવાય છે કે મહારાજા જશવંત સિંહ ની રખાત "નન્હિ ભક્તન્" તેમજ સ્વામિના વિરોધી એવા પંડિતો, મુલ્લાઓ અને અંગ્રેજો સાથે મળીને, રસોઈયાની મદદથી જગન્નાથની સાથે ઝેરવાળું દૂધ મોકલ્યું એનાથી દયાનંદ સરસ્વતીનું મૃત્યુ 30 ઓક્ટોબર ૧૮૮૩ના રોજ થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કયા રાજ્યમાં સરકારી કર્મચારીઓ માટે સપ્તાહમાં કામકાજના પાંચ દિવસ નક્કી કરાયા- **મહારાષ્ટ્ર**
2. તાજેતરમાં કયા રાજ્યની સ્કૂલ-કોલેજોમાં રાષ્ટ્રગાન ગાવાનું ફરજિયાત કરાયું- **મહારાષ્ટ્ર**
3. ગુજરાતના વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સમજ, કૌશલ્ય વિકસે અને રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓમાં સ્પર્ધા કરી શકે તે હેતુએ આગામી કયા શૈક્ષણિક સત્રથી ધોરણ 03 થી 12ની બધી પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી તૈયાર કરાશે- **એપ્રિલ 2020થી**
4. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની જાહેરાત મુજબ મિશન- 2024 અંતર્ગત ધોરણ-3 થી 8 અને ધોરણ-9 થી 12 પ્રશ્નપત્રો કોણ તૈયાર કરશે - **GCERT અને ગુજરાત શિક્ષણ બોર્ડ**

VIVEKANAND ACADEMY

5. ગુજરાતમાં સૌપ્રથમ કઈ યુનિવર્સિટીમાં 'ઇન્ડિયન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ'નો પ્રારંભ થશે- **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**
6. ગુજરાતમાં સૌપ્રથમવાર કઈ યુનિવર્સિટી કેમ્પસમાં અર્થશાસ્ત્ર ઉપર રિસર્ચ બેઝડ સેન્ટર શરૂ કરવામાં આવશે- **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**
7. તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા કોરોના વાઈરસને પબ્લિક એનિમી નંબર-01 જાહેર કરવામાં આવ્યો- **વિશ્વ આરોગ્ય સંસ્થા**
8. ફેબ્રુઆરી- 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા ત્રણ નવા ખરડાને મંજૂરી આપી- 1). મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020 2). પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ-2020 3). વિવાદથી વિશ્વાસ બિલ-2020
9. કેન્દ્ર સરકાર દ્વારા 'વિવાદથી વિશ્વાસ બિલ-2020' અંતર્ગત ક્યાં સુધીમાં ટેક્સ વિવાદનો ઉકેલ આવે તો દંડ નહીં કરવાની જોગવાઇ કરાઇ છે- **31 માર્ચ 2020**
10. મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020 અંતર્ગત ભારતના કેટલા મુખ્ય બંદરોની કાર્યક્ષમતામાં વધારો થશે- 12
11. આયુષ્માન ભારત યોજના અંતર્ગત બાળકોના આરોગ્ય માટે દેશના એક કરોડથી વધુ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને કઈ નવીન જવાબદારી સોંપાશે- **હેલ્થ એન્ડ વેલનેસ 'મેસેન્જર'**
12. આયુષ્માન ભારત યોજના અંતર્ગત બાળકોના આરોગ્ય માટે કેટલા શિક્ષકોને હેલ્થ એન્ડ વેલનેસ 'એમ્બેસેડર' બનાવાશે- **22 લાખથી વધુ**
13. આયુષ્યમાન ભારત યોજના કયા મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે - **કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય**
14. તાજેતરમાં કયા દેશોમાં ભયાનક 'કિયારા' વાવાઝોડું ફૂંકાયું હતું- **યુરોપિયન દેશો**
15. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયના જાહેરનામા મુજબ માનવી અથવા પ્રાણી પર વપરાતા તબીબી સાધનને હવે કઈ કેટેગરીમાં સમાવાયું- **દવા (અમલ- 01 એપ્રિલ 2020)**
16. આર્યસમાજની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી - **મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-૧૮૭૫**

મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ દિવસ જણાવો - **૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪**

**13– ફેબ્રુઆરી–૨૦૨૦**

## ૧. સુપ્રીમ કોર્ટ - રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારો માટે મહત્વનો આદેશ

આદેશ-રાજકીય પક્ષોએ તેમના કલંકિત ઉમેદવારોની માહિતી જાહેર કરવી ફરજીયાત

સુપ્રીમ કોર્ટના મહત્વના આદેશ

1. ઉમેદવારીપત્ર ભર્યાના ૪૮ કલાકમાં ઉમેદવારની તમામ માહિતી એક સ્થાનિક અખબાર, એક રાષ્ટ્રીય અખબાર અને ફેસબુક, ટ્વિટર સહિતના સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધ કરવી પડશે
2. ઉમેદવાર તેનું ઉમેદવારી પત્ર ભરે તેના ૨૪ કલાકમાં રાજકીય પક્ષે તેની માહિતી પબ્લિક ડોમેઇનમાં મૂકી છે તે અંગેનો રિપોર્ટ ચૂંટણી પંચને આપવો પડશે.
3. ઉમેદવારની માહિતી જાહેર કરાયા અંગેનો રિપોર્ટ રાજકીય પક્ષોએ ૭૨ કલાકમાં ચૂંટણી પંચને આપવો પડશે
4. ઉમેદવારના ગુનાનો પ્રકાર, તેની સામે આરોપો ઘડાયા છે કે કેમ, તમામ માહિતી પ્રસિદ્ધ કરવી પડશે
5. કથિત ઉમેદવારની જ શા માટે પાર્ટી દ્વારા પસંદગી કરાઇ તે અંગેનાં કારણો રજૂ કરવાં પડશે
6. ઉમેદવાર ચૂંટણી જીતી શકે તે માટે તેની પસંદગી કરાઈ છે તે કારણ સ્વીકાર્ય નથી

**અન્ય માહિતી**

- ✓ રાજકારણમાં વધતા જતા અપરાધીકરણ સામે સુપ્રીમ કોર્ટે સીમાવર્તી ચુકાદો આપ્યો છે અને કહ્યું છે કે હવેથી રાજકીય પાર્ટીઓએ ક્રિમિનલ ઉમેદવારને કેમ ટિકિટ આપી તેનું કારણ વેબસાઇટ પર જાહેર કરવું પડશે, આવું નહીં કરનાર પાર્ટી સામે કન્ટેટ ઓફ કોર્ટનો ગુનો દાખલ કરાશે
- ✓ ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક અને જવાબદાર બનાવવા માટે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ઉતારાયેલા ઉમેદવારના અપરાધિક ભૂતકાળ સહિતની વિગતો પાટીની સત્તાવાર વેબસાઇટ, સોશિયલ મીડિયા અને અખબારોમાં જાહેર કરવી પડશે.
- ✓ ઉમેદવારની પસંદગી શા માટે કરાઈ તેના ખુલાસા સાથે પાટીની વેબસાઈટ, સોશિયલ મીડિયા અને અખબારોમાં ઉમેદવારની લાયકાત, સિદ્ધિ અને અપરાધિક કેસો અંગેની માહિતી જાહેર કરવાનો આદેશ આપવાના ચૂંટણી પંચનાં સૂચનોનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો હતો.
- ✓ ઉમેદવાર ચૂંટણી જીતી શકે તેમ હોવાથી તેની પસંદગી કરાઈ છે તેવી દલીલને નકારી કાઢતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે , ઉમેદવારની પસંદગી કરવા પાછળના તેની લાયકાત, સિદ્ધિ અને યોગ્યતા જેવાં કારણો રાજકીય પક્ષોએ આપવાં પડશે.
- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ઉમેદવારની પસંદગી કર્યાના ૪૮ કલાકમાં રાજકીય પક્ષે તેની તમામ માહિતી પબ્લિક ડોમેઇનમાં મૂકવી પડશે.

VIVEKANAND ACADEMY

- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે , અદાલતના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ જનારા રાજકીય પક્ષો સામે અદાલતની અવમાનનાનાં પગલાં લેવાશે.
- ✓ દિલ્હીમાં તાજેતરમાં ચૂંટાયેલા ૭૦ ધારાસભ્યોમાંથી ૪૩ ધારાસભ્યોનું ક્રિમિનલ બેકગ્રાઉન્ડ છે, ૨૦૧૯માં ચૂંટાયેલા સાંસદોમાંથી ૪૩ ટકા સાંસદો પર પોલીસ ફરિયાદ નોંધાયેલી છે, જો આવું ચાલ્યાં કરશે તો દેશમાં કાયદાકીય શાસન ક્યાંથી સ્થપાશે ?

ચુકાદો આપનાર બેચ

- ✓ જજ આર એફ નરીમાન - જજ એસ રવિન્દ્ર ભટ્ટ
- ✓ સુપ્રીમ કોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ – શ્રી શરદ અરવિંદ બોબડે

૨. વૈશ્વિક બાબતો - ભારતનું ગૌરવ : બ્રિટનના મંત્રીમંડળમાં ત્રણ મૂળ ભારતીયોને મહત્વનું સ્થાન

વિગત

1. નવા નાણાપ્રધાન- મૂળ ભારતીય રાજકારણી રિશી સુનક (ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ)
2. ગૃહપ્રધાન - મૂળ ભારતીય પ્રીતિ પટેલની પુન: નિમણૂક
3. વાણિજય પ્રધાન - મૂળ ભારતીય આલોક શર્મા

**ઋષિ સુનકનો ખાસ પરીચય**

- ✓ રિશી સુનક યોર્કશાયરના રિચમોન્ડ ખાતેથી સાંસદ તરીકે ચૂંટાયા છે. તેમણે ભારતની આઈટી કંપની ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિની પુત્રી અક્ષતા સાથે લગ્ન કર્યાં છે.
- ✓ તેઓ ૨૦૧૫માં યુકેની સંસદમાં પહેલી વખત ચૂંટાયા હતા અને કોન્ઝર્વેટિવ પાર્ટીમાં તેમનો સિતારો ઝડપથી ચમક્યો હતો.
- ✓ ઈયુથી અલગ પડવા તેઓ બ્રેક્ઝિટ વખતે જોન્સનના મજબૂત ટેકેદાર રહ્યા હતા.
- ✓ સુનક ૧ અબજ પાઉન્ડની ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના સહસ્થાપક છે અને નાના બ્રિટિશ બિઝનેસમાં રોકાણનો બહોળો અનુભવ ધરાવે છે .
- ✓ યુકે વડાપ્રધાન - બોરિસ જોન્સન
- ✓ રાજધાની - લંડન

3. ખેલકૂદ – સિદ્ધિ : હોકી એવોર્ડ પ્લેયર ઓફ ધ યર-2019

(૧) ભારતીય હોકી ટીમના સુકાની મનપ્રીતસિંહે ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ વિજેતા.

- ✓ આ સન્માન મેળવનાર ભારતના પ્રથમ મેન્સ હોકી ખેલાડી.
- ✓ ૨૦૧૯ની સિઝન તેના માટે યાદગાર રહી છે અને તેના નેતૃત્વમાં ભારતે ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું.

(૨) ભારતના હોકી ખેલાડી વિવેક પ્રસાદને વર્ષના શ્રેષ્ઠ રાઈઝીંગ હોકી સ્ટારનો એવોર્ડ અપાયો

- ✓ સંસ્થા- ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)
- ✓ સ્થાન - લુસાન

૪. AICTE : નિર્ણય (શિક્ષણ)

વર્ષ ૨૦૨૦માં ૫૦ ટકા બેઠકો ખાલી રહેતા ૨૦૨૨ સુધી નવી ઇજનેરી કોલેજોની સ્થાપના ઉપર પ્રતિબંધ

**વધુ માહિતી**

- ✓ બે વર્ષ બાદ પ્રતિબંધની સમીક્ષા કરાશે
- ✓ ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) એ એન્જિનિયરિંગના શિક્ષણ પર બ્રેક મારી દીધી છે.
- ✓ સમગ્ર ભારતમાં બી. ટેક. સંસ્થાઓ પર લગામ કસતાં એઆઈસીટીઈએ ૨૦૨૨ સુધી નવી ઇજનેરીની કોલેજોની સ્થાપના પર રોક લગાવી દીધી છે.
- ✓ ૨૦૨૨ સુધી નવી ઇજનેરી કોલેજ માટેની અરજી પણ સ્વીકારવામાં આવશે નહીં.
- ✓ ૨૦૧૯-૨૦ની એડમિશન સિઝનમાં ઇજનેરીમાં ફક્ત ૫૦ ટકા બેઠકો જ ભરાતાં એઆઈસીટીઈ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

૫. પુસ્તક વિમોચન :

પુસ્તકનું નામ - વી.પી.મેનન લેખક - નારાયણ બસુ

- ✓ પુસ્તક વિશે- ભારત નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર વી.પી.મેનનના જીવન પર આધારિત

૬. નિમણૂક – એર ઈન્ડિયા

કેન્દ્ર સરકાર દ્વારા એર ઈન્ડિયાના નવા ચેરમેન તથા MD તરીકે રાજીવ બંસલની નિમણૂક

- ✓ IAS -૧૯૮૮ બેચ

૭. ખેલકૂદ– ત્રીજી ખેલો ઈન્ડિયા ગેમ્સ-૨૦૨૦

પ્રથમવાર આ વખતે વિન્ટર ગેમ્સ જમ્મુ-કાશ્મિર અને લદ્દાખમાં રમાશે

હેતુ-

- ✓ દેશમાં સ્પોર્ટ્સનું સ્તર સુધારવા અને વધુમાં વધુ લોકોને સ્પોર્ટ્સ સાથે જોડવા માટે શરૂ કરાયેલી ખેલો ઇન્ડિયા ગેમ્સ હવે તેના નેક્સ્ટ લેવલ પર પહોંચી ગઈ છે.
- ✓ 2018માં પહેલી વાર આ ગેમ્સ રમાઈ હતી.
- ✓ હવે તેમાં વિન્ટર ગેમ્સને પણ સામેલ કરી લેવાઈ છે. પહેલી વાર ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ રમાશે.
- ✓ આ ગેમ્સ લદાખ અને જમ્મુ-કાશ્મીરમાં રમાશે. બે મહિનામાં ત્રીજી વાર 'ખેલો ઇન્ડિયા ગેમ્સ'નું આયોજન થશે.
- ✓ જાન્યુઆરી-૨૦૨૦માં ગુવાહાટીમાં ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સ રમાઈ હતી, જે તેની ત્રીજી સીઝન હતી
- ✓ જ્યારે 22 ફેબ્રુઆરીથી પહેલી વાર ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ રમાશે.

VIVEKANAND ACADEMY

- ✓ વિન્ટર ગેમ્સ લદાખમાં ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયાથી અને જમ્મુ-કાશ્મીરમાં 7 માર્ચથી રમાશે, જેમાં 7 વિન્ટર સ્પોર્ટ્સમાં 14 ઇવેન્ટ થશે.
- ✓ તેમાં 16થી વધુ રાજ્યોના અંદાજે 2,500 ખેલાડીઓ ભાગ લે તેવી શક્યતા છે.

લદાખમાં ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયે અને જમ્મુ-કાશ્મીરમાં 7 માર્ચથી

**આ રમતની ઇવેન્ટ થશે**

| | |
|---|---|
| અલ્પાઇન સ્કીઇંગ | સ્નો રગ્બી |
| આઇસ સ્ટોક સ્પોર્ટ | સ્નો બેઝ બોલ |
| આઇસ હોકી | આઇસ સ્કેટિંગ |
| ક્રોસ કન્ટ્રી સ્કીઇંગ | |

સ્નોશૂઇંગમાં પુરુષ અને મહિલા ભાગ લેશે

| | |
|---|---|
| સ્નો બોર્ડિંગ | સ્નો ડર્બી |

સ્કાય સાઈકલમાં માત્ર પુરુષ ખેલાડી ભાગ લેશે.

- ✓ ખેલકૂદ પ્રધાન - કિરન રિજિજૂ

## ૮. વૈશ્વિક રેટિંગ – ભારત :

વૈશ્વિક રેટિંગ એજન્સી S & P દ્વારા ભારતનું BBB-(માઈનસ) રેટિંગ યથાવત

- ✓ ભારતીય અર્થતંત્રમાં આવેલા ઘસારાને પગલે વૈશ્વિક રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરે જાહેર કરેલા તેના રિપોર્ટમાં દેશનું રેટિંગ BBB- જાળવી રાખ્યું છે.
- ✓ ભારતનું અર્થતંત્ર પાયાગત રીતે મજબૂત વૃદ્ધિની સ્થિતિમાં છે. આગામી બેથી ત્રણ વર્ષ દરમિયાન લાંબા ગાળા માટે સુધારાની સંભાવના છે.
- ✓ કોઈપણ દેશનું બીબીબી રેટિંગ તેના નાણાંકીય વચનો પૂરા કરવાની પર્યાપ્ત ક્ષમતા હોવાનું તે જણાવે છે.

2020-21માં વૃદ્ધિદર 6 % રહેશે

- ✓ રેટિંગ એજન્સીનું માનવું છે કે વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વૃદ્ધિદર સુધરીને 6 ટકા અને તે પછીના વર્ષે 7 ટકા અને ત્યારપછી 7.4 ટકા સુધી પહોંચી શકે છે.
- ✓ વિશ્વના અન્ય અર્થતંત્ર કરતાં ભારતનું અર્થતંત્ર સુસ્તી છતાં ઝડપથી આગળ વધશે તેવું એજન્સી માની રહી છે.

## ૯. અવસાન – પર્યાવરણવિદ નોબેલ પીસ પ્રાઈઝ વિજેતા આર.કે. પચૌરી

**વિગતવાર પરિચય**

- ✓ ધ એનર્જી એન્ડ રિસોર્સ ઇન્સ્ટીટ્યુટ (TERI)ના પૂર્વ પ્રમુખ તેમજ નોબેલ પીસ પ્રાઇઝનું સન્માન મેળવનાર આર.કે. પચૌરીનું ૭૯ વર્ષની ઉંમરે નવી દિલ્હી ખાતે અવસાન.
- ✓ નોબેલ પીસ પ્રાઇઝ સિવાય ભારત સરકારે તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણથી પણ સન્માનિત કર્યા હતા.
- ✓ TERIના વર્તમાન ડાયરેક્ટર – શ્રી અજય માથુર

## ૧૦. નવીન પહેલ – ભારતીય ચૂંટણી પંચ

**અન્ય -**

- ✓ રાજયોમાં રહીને પણ મતદાતા પોતાના રાજ્યની ચૂંટણીમાં મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે

**વિશેષ સમજૂતિ**

- ✓ આઈઆઈટી મદ્રાસ સાથે મળીને એક 'બ્લોક ચેન' સિસ્ટમ વિકસિત કરાશે.
- ✓ આ સિસ્ટમની મદદ વડે ભવિષ્યમાં વ્યક્તિ બીજા રાજ્યમાં કામ કરતી હશે છતા પણ પોતાના રાજ્યની ચૂંટણી દરમિયાન મતદાન કરી શકશે.
- ✓ જો કે , સાથે જ તેમણે વ્યક્તિ પોતાના ઘરે બેસીને જ મત નહીં આપી શકે પરંતુ તેણે મતાધિકારના પ્રયોગ માટે નક્કી કરેલા સ્થળ સુધી જવું પડશે તેવી સ્પષ્ટતા કરી.
- ✓ બ્લોકચેન સિસ્ટમ એ વધારે સંખ્યામાં રેકોડર્સ રાખવા માટેની એક એવી વ્યવસ્થા છે જેમાં તમામ રેકોર્ડની માહિતી એક બીજા સાથે સંકળાયેલી હોય છે.

મુખ્ય ચૂંટણી કમિશનર– શ્રી સુનિલ અરોરા નવી દિલ્હી

## ૧૧. દિન વિશેષ : ૧૩ ફેબ્રુઆરી

### (1) વિશ્વ રેડિયો દિવસ

- ✓ **થીમ : રેડિયો અને વિવિધતા**
- ✓ **વર્તમાન સ્થિતિ– ૯૨ ભાષાઓ અને બોલીઓમાં ૬૦૭ સમાચાર બૂલેટિનો પ્રસારિત**
- ✓ **ભારતમાં આકાશવાણીની સ્થાપના – ૧૯૩૬**
- ✓ યુ.એન. દ્વારા રેડિયો દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2012થી કરવામાં આવી.
- ✓ રેડિયોના શોધક - જી. માર્કોની

### (2) રાષ્ટ્રીય મહિલા દિવસ : હિંદના બૂલબૂલ સરોજિની નાયડુના જન્મદિવસની યાદમાં

## ૧૨. જન્મ દિન વિશેષ : 13 ફેબ્રુઆરી ભારતનાં બુલબુલ : સરોજિની નાયડુ

જન્મ - 13 ફેબ્રુઆરી-1879 અવસાન- 2 માર્ચ-1949

- ✓ 'શ્રમ કરતે હૈ હમ, કિ સમુદ્ર હો તુમ્હારી જાગૃતિ કા ક્ષણ, હો ચૂકા જાગરણ અબ દેખો, નિકલા દિન કિતના ઉજ્જવલ' પ્રસ્તુત કાવ્ય પંક્તિના સર્જક ભારતનાં કોકિલા, બુલબુલ તરીકે પ્રસિદ્ધ મહાન સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુ અને અમેરિકી ચિત્રકાર ગ્રાન્ટ વુડની આજે જન્મતિથિ છે.
- ✓ મૂળ બાંગ્લાદેશી પણ હૈદરાબાદમાં જન્મેલાં સરોજિની માતાપિતાનાં આઠ સંતાનો પૈકી સૌથી મોટાં હતાં, ઉમદા પારિવારિક અને શૈક્ષણિક વારસો ધરાવતા સરોજિનીએ 12

VIVEKANAND ACADEMY

વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા સમગ્ર મદ્રાસ ઇલાકામાં પહેલા નંબરે પાસ કરી હતી.

- ✓ તેઓ નિઝામની શિષ્યવૃત્તિ પર બ્રિટનમાં ભણ્યાં હતાં. અભ્યાસ પછી 1914માં મહાત્મા ગાંધીને મળ્યા પછી તેઓના પટ્ટશિષ્યા બની ગયાં.
- ✓ ધરાસણા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડ પછી સરોજિનીએ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. કઠોર અત્યાચારો સહન કર્યા.
- ✓ 1942ના હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ 21 મહિનાની નાયડુ જેલની સજા ભોગવી હતી.
- ✓ કોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ સરોજિની નાયડુનું 2 માર્ચ 1949ના રોજ લખનૌમાં અવસાન થયું હતું.
- ✓ ભારત સરકારે 13 ફેબ્રુઆરી 1964ના રોજ તેમની સ્મૃતિમાં 15 પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં રાજકીય પક્ષોએ તેમના કલંકિત ઉમેદવારોની માહિતી ફરજિયાત જાહેર કરવી પડશે તેવો મહત્વનો ચુકાદો કઈ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે- **સુપ્રીમ કોર્ટ**
2. રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારોએ ઉમેદવારી કર્યાના કેટલા કલાકમાં તેમની તમામ માહિતી એક સ્થાનિક અખબાર, એક રાષ્ટ્રીય અખબાર અને ફેસબુક-ટ્વિટર સહિતના સોશિયલ મીડિયા ઉપર પ્રસિદ્ધ કરવી પડશે- **48 કલાક**
3. રાજકીય પક્ષોએ ઉમેદવારની માહિતી જાહેર કર્યા અંગેનો અહેવાલ કેટલા કલાકમાં ચૂંટણીપંચની આપવો પડશે- **72 કલાક**
4. રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારોની માહિતી જાહેર કરવા અંગેનો મહત્વનો ચુકાદો સુપ્રીમ કોર્ટની કોની બેંચ દ્વારા આપવામાં આવ્યો છે- **જજ આર એફ નરીમાન અને જજ રવિન્દ્ર ભટ**
5. ભારતના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો- **શ્રી શરદ અરવિંદ બોબડે**
6. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં નાણા પ્રધાન તરીકે સમાવેશ કરાયો છે- **રિશી સુનક**
7. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં ગૃહપ્રધાન તરીકે પુનઃ સમાવેશ કરાયો છે - **ગુજરાતી પ્રીતિ પટેલ**
8. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં વાણિજ્ય પ્રધાન તરીકે સમાવેશ કરાયો છે- **આલોક શર્મા**
9. બ્રિટનના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો- **બોરિસ જોન્સન**
10. તાજેતરમાં ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા ભારતમાં સૌપ્રથમ કોને 'પ્લેયર ઓફ ધી યર-2019'નું સન્માન અપાયું- **ભારતીય હોકી ટીમના કેપ્ટન મનપ્રિત સિંહ**
11. ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા કયા ભારતીય ખેલાડીને પ્રથમવાર 'શ્રેષ્ઠ રાઇઝિંગ હોકી સ્ટાર'નો એવોર્ડ અપાયો- **વિવેક પ્રસાદ**
12. AICTE દ્વારા તાજેતરમાં આગામી કયા વર્ષ સુધીમાં નવી ઇજનેરી કોલેજોની મંજૂરી આપવા પ્રતિબંધ મુકાયો- **વર્ષ 2022**
13. AICTEનું વિસ્તૃત નામ જણાવો- **ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન**
14. તાજેતરમાં વિમોચન કરવામાં આવેલ પુસ્તક 'વી.પી.મેનન'ના લેખકનું નામ જણાવો- **નારાયણ બસુ**
15. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં એર ઇન્ડિયાના નવા ચેરમેન અને એમ.ડી તરીકે નિમણૂક કરવામાં આવી છે- **રાજીવ બંસલ**
16. વૈશ્વિક રેટિંગ એજન્સી S&P દ્વારા ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ ભારતનું રેટિંગ કેટલું યથાવત રાખ્યું છે- **BBB-**
17. તાજેતરમાં કયા પર્યાવરણવિદ અને નોબેલ પીસ પ્રાઈઝ વિજેતાનું નવી દિલ્હી ખાતે અવસાન થયું- **આર.કે. પચૌરી**
18. TERIના વર્તમાન ડાયરેક્ટરનું નામ જણાવો- **શ્રી અજય માથુર**
19. TERIનું વિસ્તૃત નામ જણાવો- **ધ એનર્જી એન્ડ રિસોર્સ ઇન્સ્ટિટયૂટ**
20. ભારતમાં સૌ પ્રથમવાર ત્રીજી ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ - 2020 ક્યાં યોજાશે- **જમ્મુ કાશ્મીર અને લદાખ**
21. ભારતના વર્તમાન રમત ગમત મંત્રીનું નામ જણાવો- **કિરણ રિજિજૂ**
22. હિન્દના બુલબુલ સરોજની નાયડુનો જન્મદિવસ જણાવો- **13 ફેબ્રુઆરી**
23. ભારતમાં 13 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **રાષ્ટ્રીય મહિલા દિવસ**

    ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' કયા મહિલાના જન્મદિવસની યાદમાં ઉજવાય છે- **સરોજની નાયડુ**

**14 –ફેબ્રુઆરી–૨૦૨૦**

## ૧. COVID-19 : કોરોના વાઈરસ (આરોગ્ય)

**ભારતમાં કોરોના વાઈરસ સામે સાવચેતીના ભાગરૂપે કેન્દ્રીય પ્રધાનોની ઉચ્ચકક્ષાની સમિતિ રચાઈ**

**સમિતિની ભૂમિકા**

- ✓ દેશમાં કોરાનાનો સામનો કરવા માટેની તૈયારી અને વ્યવસ્થા ઉપર દેખરેખ રાખશે

**સમિતિમાં કયા કયા મંત્રીઓનો સમાવેશ**

- ✓ આરોગ્ય પ્રધાન ડૉ.હર્ષવર્ધન
- ✓ નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપ પુરી
- ✓ વિદેશપ્રધાન એસ.જયશંકર
- ✓ શિપિંગ પ્રધાન મનસુખ માંડવિયા અને
- ✓ રાજ્યકક્ષાનાં આરોગ્યપ્રધાન અશ્વિની કુમાર ચૌબે

## ૨. હાઈડ્રોપોનિક્સ: ખેતી માટેની નવતર પદ્ધતિ

**માટીને બદલે મેટ્રેસ ફોમનો ઉપયોગ કરીને નવતર ખેતી**

**હાઈડ્રોપોનિક્સ શું છે ?**

- ✓ માટી વિના છોડ ઉગાડાવામાં આવે તેને હાઇડ્રોપોનિક્સ પદ્ધતિ કહેવામાં આવે છે.
- ✓ તેમાં પોષક દ્રવ્યથી સમૃદ્ધ પાણીનો ઉપયોગ થાય છે અને વાદળી જેવા પદાર્થનો ઉપયોગ મૂળ, ખાસ તો છોડને આધાર માટે વપરાય છે.
- ✓ આ રીતે ટામેટા, મરી, ભાજી અને ઔષધિનો છોડ ઉગાડી શકાય છે.
- ✓ પરંપરાગત ખેતી કરતાં આ પ્રકારની ટેકનિકમાં પાણી ઓછું વપરાય છે.
- ✓ જમીનમાં ટામેટાં ઉગાડાય તો ૨.૨ પાઉન્ડ ટામેટાં માટે ૮૮ ગેલન પાણીનો ઉપયોગ થાય છે, જ્યારે હાઇડ્રોપોનિક્સમાં એટલા જ ટામેટાં ઉગાડવા માટે ફક્ત ૧૫ ગેલન પાણીનો ઉપયોગ થાય છે. એ કારણથી જ ખરાબ પર્યાવરણમાં શાકભાજી અને બીજા છોડો ઉગાડી શકાય છે.
- ✓ **નાસાએ અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં હાઇડ્રોપોનિક્સ દ્વારા છોડ ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો.**
- ✓ આ ઉપરાંત એરોપોનિક્સનો પ્રયોગ કર્યો હતો, જેમાં પાણીને બદલે ભેજવાળી હવાનો ઉપયોગ છોડ ઉગાડવા માટે થાય છે. પરંપરાગત ખેતીમાં માટીમાં પોષક દ્રવ્યો હોય છે, જે છોડના વિકાસ માટે ઉપયોગી થાય છે.
- ✓ હાઇડ્રોપોનિક્સમાં માટીને બદલે પાણી પોષકદ્રવ્યવાળું હોય છે, તેથી તે માટીની ગરજ સારે છે.
- ✓ પાણીમાં ઉગાડો કે માટીમાં છોડ ઉગાડો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા તો થતી જ રહે છે અને તેથી જ છોડ ઊગે પણ છે અને ફળ પણ આપે છે.

**સંશોધન**

- ✓ ગ્રેહામ સેન્ટર ફોર સસ્ટેઇનેબલ અને યુનિવર્સિટી ઓફ શેફિલ્ડ ખાતેના હાઇડ્રોપોનિક્સના પ્રયોગો પર આધારિત આ નવતર ખેતીમાં ફોમને કારણે મૂળને આધાર મળી રહે છે.
- ✓ શરણાર્થી છાવણીમાં ઘણા અનુભવી ખેડૂતો છે, તેઓએ ફોમનો ઉપયોગ કરીને અદભુત પરિણામ મેળવ્યા છે.
- ✓ તાલીમ લઈને તેઓએ પોતાની મેળે પ્રોજેક્ટ હાથ ધર્યો હતો.
- ✓ રણ જેવા પર્યાવરણમાં આ રીતે ખેતી થઈ શકે એવું કોઈએ વિચાર્યું પણ ન હતું.
- ✓ આ રીતે જોર્ડનની શરણાર્થી છાવણીમાં આ રીતે ડેઝર્ટગાર્ડન અમે તૈયાર કર્યું છે. જોકે હજુ વધુ ટકાઉ હોય એવા પ્રોજેક્ટ ઉપર કામ ચાલુ છે.

## ૩. એરપોર્ટ સંચાલન (ઉડ્ડયન)

**અદાણી જૂથ અમદાવાદ, મેંગ્લુરૂ અને લખનઉ એરપોર્ટનું ૫૦ વર્ષ સુધી સચાલન કરશે**

**વધુ માહિતી**

- ✓ એરપોર્ટ ઓથોરિટી સાથે કરાર થયા હતા.
- ✓ સરકારે 2018માં લખનઉ, અમદાવાદ, જયપુર, મેંગ્લુરુ, ગુવાહાટી અને તિરુવનંતપુરમ એરપોર્ટનું ખાનગીકરણ કરવાનો નિર્ણય કર્યો હતો.
- ✓ ત્યારપછી થયેલી હરાજીમાં આ ત્રણ એરપોર્ટ અદાણી જૂથને ફાળે ગયા હતા

## ૪. ગ્લોબલ વોર્મિંગ: અસરો (પર્યાવરણ)

**છેલ્લા ૧૪૧ વર્ષમાં જાન્યુઆરી-૨૦૨૦ સૌથી ગરમ માસ રહ્યો**

- ✓ પહેલી વાર એન્ટાર્કટિકાનું તાપમાન ૨૦.૭૫ ડિગ્રી સેલ્સિયસ

**એન્ટાર્કટિકાની વિશેષતા**

- ✓ એન્ટાર્કટિકામાં વિશ્વનું 70 ટકા તાજુ પાણી છે. જો અહીંના તમામ ગ્લેસિયર્સ પીગળી જાય તો સમુદ્રની સપાટી 50 60 મીટર ઉપર આવી જાય.
- ✓ યુએનના વિજ્ઞાનીઓનું અનુમાન છે કે 21મી સદીના અંત સુધીમાં સમુદ્રની સપાટી 30થી 110 સેમી સુધી વધી જશે.

## ૫. AGR ચૂકવણી (સંદેશા વ્યવહાર)

**ટેલિકોમ વિભાગ અને ટેલિકોમ કંપનીઓ વચ્ચે વિવાદ શું હતો ?**

- ✓ કેન્દ્ર સરકારના ટેલિકોમ વિભાગનું માનવું છે કે ટર્મિનેશન ફી ઉપરાંત ટેલિકોમ કંપનીઓને મળનારી તમામ આવક, રોમિંગ ફી એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર)નો ભાગ છે.
- ✓ બીજી તરફ ટેલિકોમ કંપનીઓએ દલીલ છે કે નોન ટેલિકોમ આવક જેવી કે ભાડું, ઇન્ટરનેટ આવક નફો વગેરેને એજીઆરમાં સામેલ ન કરવા જોઇએ.

VIVEKANAND ACADEMY

- ✓ ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં ટેલિકોમ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (ટીડીએસએટી)એ ટેલિકોમ કંપનીઓની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ ટેલિકોમ વિભાગે ટીડીએસએટીના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.
- ✓ જો કે સુપ્રીમે સરકાર અને ટેલિકોમ કંપનીઓ વચ્ચેના ૧૪ વરસ જૂના કાયદાકીય સંઘર્ષમાં સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો હતો .

## ૬.આતંકવાદી પ્રવૃત્તિઓ (વૈશ્વિક બાબતો)

- ✓ લાહોરની આતંકવાદ વિરોધી અદાલતે આતંકવાદી હાફિઝ સઈદને પ્રતિબંધિત સંગઠન સાથે સંકળાયેલા હોવાના મામલે તેમજ આતંકવાદ માટે ગેરકાયદેસર રીતે આર્થિક સહાય પૂરી પાડવાના બે મામલાઓમાં સાડા પાંચ-સાડા પાંચ એમ કુલ ૧૧ વર્ષની જેલની સજા ફરમાવી છે.

**કારણ**

- ✓ મની લોન્ડરિંગ અને આતંકવાદીઓને આર્થિક સહાય પૂરી પાડવાના મામલે પાકિસ્તાન ગ્રે લિસ્ટમાં મૂકાયેલું છે અને જો તે ટેરર ફંડિંગ રોકવા માટે પગલાં ન લે તો બ્લેક લિસ્ટ થવાની શક્યતા છે એ સંજોગોમાં તેણે દેખાવ કરવા માટે પણ હાફિઝ સઈદ સામે પગલાં લેવા પડે એમ છે

**FATF વિશે**

- ✓ ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેનું કામ દુનિયાભરમાં ચાલી રહેલા મની લોન્ડરિંગ અટકાવવા માટે નીતિઓ ઘડવાનું છે.
- ✓ આ સંસ્થાની સ્થાપના ૧૯૮૯માં જી-૭ દેશોની પહેલ પર થઈ હતી અને તેનું મુખ્યમથક પેરિસમાં છે.
- ✓ આ સંસ્થા આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રણાલિને સુધારવા માટે નીતિઓ બનાવે છે અને એ નીતિઓ લાગુ કરવાની દિશામાં કામ કરે છે.
- ✓ વર્ષ ૨૦૦૧માં એફએટીએફએ પોતાની નીતિઓમાં આતંકવાદીઓને મળતી આર્થિક સહાયને પણ સામેલ કરી હતી.
- ✓ <u>એફએટીએફમાં કુલ ૩૮ સભ્ય દેશો છે જેમાં ભારત, ચીન, અમેરિકા , રશિયા અને બ્રિટન જેવા દેશોનો સમાવેશ થાય છે.</u>

## ૭. વૈશ્વિક સંબંધો : કરાર

<u>પોર્ટુગીઝના રાષ્ટ્રપતિ માર્સેલો ડી સોસા ભારતના પ્રવાસે</u>

**ખાસ**

- ✓ ભારત અને પોર્ટુગીઝ વચ્ચે વિવિધ ક્ષેત્રે સાત સમજૂતિ

## ૮. પુલવામા - CRPFના જવાનો ઉપર આતંકવાદી હુમલાની પ્રથમ વરસી : તારીખ 14મી ફેબ્રુઆરી 2019

**<u>શ્રીનગર ખાતે પુલવામાના ૪૦ શહિદોની યાદમાં સ્મારક નિર્માણ કરાયું</u>**

<u>૪૦ જવાનોનાં અંતિમ સંસ્કારનાં સ્થળની માટી લવાઈ</u>

- ✓ <u>શ્રીનગરમાં સીઆરપીએફના લેથપોરા કેમ્પમાં ૪૦ શહીદ જવાનોને સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.</u>
- ✓ આ પ્રસંગે મહારાષ્ટ્રના ઉમેશ ગોપીનાથ જાધવ મુખ્ય અતિથિ હતા. તેઓ તમામ ૪૦ શહીદ જવાનોના ઘરે ગયા હતા.
- ✓ જાધવ તેમની સાથે જવાનોનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં તે સ્થળની માટી લાવ્યા હતા.
- ✓ આ માટે તેમણે દેશમાં ૬૧,૦૦૦ કિ. મી.નો પ્રવાસ કર્યો હતો.

**<u>પુલવામાની ઘટના વિશે</u>**

- ✓ દેશ જ્યારે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પ્રેમના દિવસની ઉજવણી કરવા થનગની રહ્યો હતો ત્યારે પરોઢિયે સીઆરપીએફનો કાફલો અવંતીપોરાથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેના ઉપર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો.
- ✓ આ હુમલામાં સીઆરપીએફની ૭૬મી બટાલિયનના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા અને ૨૦થી વધુને ઈજા થઈ હતી.
- ✓ આ કાફલો સવારે ૩.૩૦ કલાકે જઈ રહ્યો હતો ત્યારે એક આતંકવાદીએ વિસ્ફોટકો ભરેલી કાર અથડાવી હતી.
- ✓ CRPFના વર્તમાન વડા – એપી માહેશ્વરી
- ✓ CRPF- સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૨-૨૦૨૦)</u>

1. ભારતમાં કોરોના વાઈરસ સામે સાવચેતીના ભાગરૂપે કોની અધ્યક્ષતામાં કેન્દ્રીય પ્રધાનોની ઉચ્ચ કક્ષાની સમિતિ રચાઈ- **<u>આરોગ્યમંત્રી ડોક્ટર હર્ષવર્ધન</u>**
2. માટીને બદલે મેટ્રેસ ફોમનો ઉપયોગ કરીને ખેતી માટે કઈ નવી પદ્ધતિ ઉપયોગમાં આવી છે- **<u>હાઈ-ડ્રોપોનિક્સ</u>**
3. માટી વિના છોડ ઉગાડવામાં આવે તેને કઈ પદ્ધતિ તરીકે ઓળખાય છે- **<u>હાઈ-ડ્રોપોનિક્સ</u>**
4. નાસા દ્વારા આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં કઈ પદ્ધતિથી છોડ ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો- **<u>હાઈ-ડ્રોપોનિક્સ</u>**
5. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા અદાણી જૂથને કયા એરપોર્ટનું સંચાલન જાહેર હરાજી દ્વારા આપવામાં આવ્યું છે- **<u>અમદાવાદ, મેંગલુરૂ અને લખનઉ</u>**
6. ગ્લોબલ વોર્મિંગની અસરોને પરીણામે આ વર્ષે પ્રથમવાર એન્ટાર્કટિકાનું તાપમાન ક્યાં સુધી પહોંચ્યું હતું- **<u>20.75 ડિગ્રી સેલ્સિયસ</u>**
7. એન્ટાર્કટિકા ઉપર વિશ્વનું કેટલા ટકા તાજુ પાણી સચવાયેલું છે- **<u>70%</u>**

VIVEKANAND ACADEMY

8. તાજેતરમાં લાહોરની આંતકવાદ વિરોધી અદાલતે આંતકવાદી હાફિઝ સઇદને મની લોન્ડરિંગના કિસ્સામાં કેટલા વર્ષની જેલની સજા ફરમાવી છે- 11 વર્ષ
9. FATFનું વિસ્તૃત નામ જણાવો- ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ
10. FATFનું વડુ મથક ક્યાં આવેલું છે- પેરિસ
11. - FATF કુલ કેટલા સભ્યો દેશો છે - 38
12. FATFની ભૂમિકા જણાવો- વિશ્વભરમાં ચાલી રહેલા મની લોન્ડરિંગ અટકાવવા માટેની નીતિ ઘડતરનું કાર્યે
13. ફેબ્રુઆરી-2020માં પોર્ટુગીઝના કયા રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે હતા- માર્સેલો ડી સોસો
14. તાજેતરમાં ભારત અને પોર્ટુગીઝ વચ્ચે વિવિધ ક્ષેત્રે કેટલાક કરાર પર સમજૂતી કરાઈ- 07
15. દેશભરમાં કાશ્મીરમાં પુલવામા હુમલાની પ્રથમ વરસી નિમિત્તે ક્યારે શ્રદ્ધાંજલિ અપાઈ- 14 ફેબ્રુઆરી
16. પુલવામાં કયા અર્ધલશ્કરી દળોના કાફલા ઉપર આંતકવાદી હુમલો થયો હતો જેમાં 40 જવાનો શહીદ થયા હતા- CRPF
17. પુલવામાં હુમલાના શહીદો માટે કયા શહેરમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે- શ્રીનગર

**15 –ફેબ્રુઆરી–૨૦૨૦**

### ૧. PSA – પબ્લિક સેફ્ટી એક્ટ (કાયદો) જનસરક્ષા કાયદો શું છે ?

✓ પબ્લિક સેફટી એકટ એટલે કે જન સુરક્ષા કાયદો જે લોકો રાજ્યમાં સુરક્ષા અને શાંતિ ડહોળાવે કે ખતરામાં મૂકે તેમની સામે લાગુ પાડવામાં આવે છે.

✓ ૧૯૭૮માં શેખ અબ્દુલ્લા દ્વારા તેને અમલી બનાવાયો હતો. તે પછી ૨૦૧૦માં તેમાં સુધારા કરાયા હતા.

✓ કોઈપણ જાતની ટ્રાયલ વિના કોઈપણ વ્યક્તિને વધુમાં વધુ ૨ વર્ષ જેલમાં પૂરવાની તેમાં જોગવાઈ છે .

### ૨. પક્ષી ગણતરી - વન વિભાગ

ગુજરાત સરકાર (પક્ષીજગત)

**વિશેષતાઓ-**

**ગણતરીમાં સમાવિષ્ટ પક્ષી અભ્યારણ્ય**

1. નળ સરોવર – અમદાવાદ
2. થોળ પક્ષી અભ્યારણ – મહેસાણા
3. કચ્છ અભ્યારણ

✓ દર બે વર્ષે પક્ષી ગણતરી યોજાઈ છે

✓ આ વર્ષે કચ્છમાં પ્રથમવાર પક્ષી ગણતરી યોજાઈ

✓ આયોજક - વન વિભાગ, ગુજરાત સરકાર + પક્ષી વિદો + NGO

આંકડાકીય વિગતો

**નળ સરોવર-થોળમાં પક્ષીઓની સંખ્યા**

| નળસરોવર | | |
|---|---|---|
| વર્ષ | પ્રજાતિ | પક્ષીઓ |
| ૨૦૧૮ | ૧૨૨ | ૧.૩૩ લાખ |
| ૨020 | ૧૩૧ | ૩.૧૫ લાખ |
| **થોળ** | | |
| વર્ષ | પ્રજાતિ | પક્ષીઓ |
| ૨૦૧૮ | ૯૨ | ૪0,000 |
| ૨૦૨૦ | ૮૭ | ૫૭,000 |

**કચ્છ પક્ષી અભ્યારણ્ય**

✓ કચ્છના મોટા રણમાં ૪,૮૫,000થી વધુ

✓ નાના રણ ૪,00,000થી વધુ પક્ષીઓ

✓ મોટા અને નાના રણમાં ૫,૫0,000થી વધુ ફ્લેમીંગો (ત્રણ લાખથી વધુ બચ્ચાઓ)

✓ નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે વનવિભાગ દ્વારા તા.૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન પક્ષી ગણતરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

✓ આ ગણતરી માટે નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય વિસ્તારને અનુક્રમે ૪૦ અને ૮ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

**નળ સરોવરની જાળવણી માટે ટાસ્ક ફોર્સની રચના**

✓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી wildlife institute of indiaના વૈજ્ઞાનિક દ્વારા સૌપ્રથમવાર કચ્છના મોટા રણમાં કુલ છ ફ્લેમિંગો પક્ષીઓમાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો બેસાડી આ પક્ષીઓની દૈનિક અવરજવરની નોંધ રાખવામાં આવે છે. રાજ્યમાં પક્ષીઓના સંરક્ષણની કામગીરીમાં બિનસરકારી સંસ્થાઓ અને પ્રકૃતિ મંડળોનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થાય છે.

✓ રાજ્યમાં આવેલ નળ સરોવરને વર્ષ-૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જલ પ્લાવિત વિસ્તાર એટલે કે રામસર સાઇટની માન્યતા પ્રાપ્ત થઇ છે. નળ સરોવર ઉપરાંત કચ્છના મોટા રણ અને નાના રણના જલપ્લાવિત વિસ્તારો, ખીજડીયા, ગોસાબારા, વઢવાણા તથા થોળ જેવા અનેક જલ પ્લાવિત વિસ્તારો રામસર સાઇટનો દરજ્જો મેળવવાની ક્ષમતા ધરાવે છે.

વન પર્યાવરણ મંત્રી – શ્રી ગણપતભાઈ વસાવા

કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી–શ્રી પ્રકાશ જાવડેકર

### ૩. ગુજરાત પોલીસ: પોલીસ વિભાગ દ્વારા કાર્યરત વિવિધ આયામો (સુરક્ષા)

**મહિલા સુરક્ષા**

✓ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન: એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર

VIVEKANAND ACADEMY

- ✓ વન સ્ટોપ સેન્ટર : પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪X૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ
- ✓ મહિલા સુરક્ષા સમિતિ : મહિલાઓ પર થતા અત્યાચારને રોકવા રાજ્ય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન
- ✓ મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ: આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઇ રહી છે તાલીમ
- ✓ સશકત પોલીસ + ડિજિટલ ટેકનોલોજી = સુરક્ષા (૨૪X૭) શાંતિ અને સલામતી વિકાસના મુખ્ય બે આધાર
- ✓ ઈ-ગુજકોપ પ્રોજેક્ટ
- ✓ FIR થી લઇને ચાર્જશીટ સુધીની તપાસની સંપૂર્ણ કામગીરી ઓનલાઇન
- ✓ પોલીસની કામગીરીમાં પારદર્શિતા આવી, ૨૪ કલાકમાં FIR ઓનલાઇન ઉપલબ્ધ
- ✓ Pocket Cop પ્રોજેક્ટ
- ✓ પોલીસ સ્ટેશનનો તમામ ડેટા મોબાઇલ એપ્લિકેશનમાં
- ✓ Pocket Comp પ્રોજેક્ટના ફાયદા
  તમારી પોલીસ, તમારા માટે તમારી સેવામાં
- ✓ પાસપોર્ટ વેરીફિકેશનમાં સરળતા નાગરિકોને પોલીસ સ્ટેશન બોલાવ્યા વગર તેમના ઘરે જઈને પોલીસ કરી રહી છે પાસપોર્ટ વેરીફિકેશન તથા પાસપોર્ટ વેરીફિકેશનની સંપૂર્ણ પ્રક્રિયા ૨ થી ૫ દિવસમાં પૂર્ણ કરવાની વ્યવસ્થા
- ✓ પોલીસ ગુનાની તપાસમાં સચોટ અને ઝડપી નિર્ણય લઇ શકે તે માટે ઈ-ગુજકોપનો ડેટાબેઝ મોબાઇલ એપ્લીકેશનમાં ઉપલબ્ધ.
- ✓ વાહનચોરીના અનેક ગુના શોધવામાં સફળતા
- ✓ **સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ**
  સીટીઝન ફર્સ્ટ-પોલીસ તંત્રનો એક જ મહામંત્ર
- ✓ નાગરિકોને પોલીસને લગતી સેવાઓ મળી રહી છે ઓનલાઇન : જેમાં ગુમ થયેલ વ્યક્તિની અરજી, ભાડૂઆતની નોંધણી, એફ.આઇ.આર.ની કોપી જેવી ૧૬ સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ
- ✓ પોલીસ સ્ટેશન CCTV પ્રોજેક્ટ : રાજ્યના ૬૧૯ પોલીસ સ્ટેશન ૭૩૨૭ CCTV કેમેરાથી સજ્જ
- ✓ પોલીસનો નાગરિકો સાથેનો વ્યવહાર વધુ સંવેદનશીલ અને પારદર્શક બને તે માટે સોશિયલ મીડિયા દ્વારા નાગરિકો જોડે સીધો સંવાદ
- ✓ **VISWAS પ્રોજેક્ટ - સૌનો સાથ સૌનો વિશ્વાસ**
- ✓ રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા
- ✓ યુનિફાઇડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર
- ✓ AASHVAST પ્રોજેક્ટ-
  નવા પડકારોને પાહોંચી વળવા નવા સામાધાન
- ✓ સાઇબર ક્રાઇમથી પીડિતોને હવે ૧૦૦ અને ૧૧૨ નંબર પર કોલ કરવાથી મળશે તાત્કાલિક સહાયતા
- ✓ એન્ટી સાઇબર બલિંગ યુનિટ આપશે સાઇબર બુલિંગના ત્રાસથી રાહત
- ✓ સાઇબર સુરક્ષા લેબ દ્વારા તમારા મોબાઈલ ફોન અને બીજા ડિજિટલ સાધનોની ઓનલાઇન છેતરપીંડીથી બચાવ
- ✓ ગૃહ રાજયમંત્રી શ્રી – પ્રદિપસિંહ જાડેજા

## ૪. વિજ્ઞાન

**સેક્સ્યુઅલ ડાઈમોર્ફિઝમ એટલે શું**

- ✓ એક જ પ્રજાતિના નર અને માદામાં બાહ્ય દેખાવમાં સાઈઝ રંગ અને આકાર માં જે ફેરફાર દેખાય છે એને સેક્સ્યુઅલ ડાઈમોર્ફિઝમ કહેવાય છે આવો ફેર માત્ર મનુષ્યમાં જ નથી પણ પક્ષીઓ અને મોરમાં પણ દેખાય છે.

## ૫. ડેનિસ વાવાઝોડુ – બ્રિટન (કુદરતી આપત્તિ)

- ✓ વિસ્તાર 1200 માઈલનો ઘેરાવો

## ૬. કાશી મહાકાલ એક્સપ્રેસ (રેલવે) વડાપ્રધાન મોદી દ્વારા વારાણસીથી લીલી ઝંડી અપાઈ

વિશેષતા

- ✓ આ હમસફર ક્લાસની વિશેષ ટ્રેન હશે.
- ✓ ત્રણ જ્યોતિર્લિંગ- બાબા વિશ્વનાથ, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વરને જોડતી ભારતની પ્રથમ કાશી મહાકાલ એક્સપ્રેસનો પ્રારંભ.
- ✓ યાત્રામાં તીર્થયાત્રીઓને ભક્તિમય માહોલ મળે તે માટે તેમાં ભજન કીર્તન પણ ગૂંજશે.
- ✓ બોગીની ગતિવિધી પર નજર રાખવા માટે સીસીટીવીને લાઈન મોનીટરિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા છે.
- ✓ આ ટ્રેન વારાણસી-ઈન્દોર વાયા લખનઉ સપ્તાહમાં બે વાર ઉપડશે
- ✓ વિધિવત ૨૦ ફેબ્રુઆરીથી પ્રારંભ
- ✓ કેન્દ્રીય રેલવે મંત્રી – શ્રી પીયુષ ગોયલ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૨-૨૦૨૦)

1. PSAનો વિસ્તૃત નામ જણાવો- પબ્લિક સેફ્ટી એક્ટ
2. રાજ્યમાં સુરક્ષા અને શાંતિ ભંગ કરવાનો પ્રયત્ન કરે તેની સામે કયો કાયદો લગાવવામાં આવે છે- PSA

VIVEKANAND ACADEMY

3. PSA સૌપ્રથમ કોના દ્વારા અને ક્યારે અમલી બનાવવામાં આવ્યો હતો- <u>શેખ અબ્દુલ્લા અને 1978</u>
4. PSA મુજબ કોઈપણ જાતની ટ્રાયલ વિના કોઈપણ વ્યક્તિને વધુમાં વધુ કેટલા વર્ષની જેલ કરવાની જોગવાઈ છે- <u>02</u>
5. તાજેતરમાં ગુજરાતમાં વનવિભાગ દ્વારા કયા પક્ષી અભ્યારણ્યમાં પક્ષીઓની ગણતરી કરવામાં આવી- <u>નળ સરોવર, થોળ અભયારણ્ય અને કચ્છ</u>
6. ગુજરાતમાં દર કેટલા વર્ષે પક્ષીઓની ગણતરી કરવામાં આવે છે- <u>02</u>
7. ગુજરાતમાં કયા પ્રદેશમાં પ્રથમ વખત પક્ષીઓની ગણતરી કરવામાં આવી- <u>કચ્છ</u>
8. તાજેતર ફેબ્રુઆરી - 2020માં કઈ તારીખે ગણતરી હાથ ધરવામાં આવી- <u>તા.8 અને 9</u>
9. તાજેતરમાં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ નળ સરોવરમાં કેટલી પ્રજાતિઓ મળી આવી છે- **<u>131</u>**
10. તાજેતરમાં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ થોળ અભ્યારણ્યમાં કેટલી પ્રજાતિઓ મળી આવી છે- **<u>87</u>**
11. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ થોળ અભ્યારણ્યમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે- **<u>57,000(2018માં 40,000)</u>**
12. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ નળ સરોવરમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે - **<u>3.15 લાખ (2018માં 1.33 લાખ)</u>**
13. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ કચ્છના મોટા અને નાના રણમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે - **<u>4,85,000 અને 4 લાખ</u>**
14. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ કચ્છના મોટા અને નાના રણમાં કેટલા ફ્લેમિંગો નોંધાયા છે - **<u>5,50,000 થી વધુ</u>**
15. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કચ્છમાં પ્રથમવાર કઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા ફ્લેમિંગોની ગણતરી કરાઈ- **<u>વાઈલ્ડલાઈફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા</u>**
16. ગુજરાતમાં સૌપ્રથમ નળ સરોવરને કયા વર્ષે જલ પ્લાવિત-રામસર સાઇટનો દરજ્જો અપાયો- **<u>2012</u>**
17. ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રીનું નામ જણાવો- **<u>શ્રી ગણપતભાઈ વસાવા</u>**
18. ફેબ્રુઆરી -2020માં ભયાનક ડેનિસ વાવાઝોડુ કયા દેશમાં ફૂંકાયું હતું- <u>બ્રિટન</u>
19. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વારાણસી ખાતેથી કઈ હમસફર ક્લાસની વિશિષ્ટ ટ્રેનને લીલીઝંડી અપાઈ - **<u>કાશી મહાકાલ એક્સપ્રેસ</u>**
20. તાજેતરમાં શરૂ કરાયેલ કાશી મહાકાલ એક્સપ્રેસ કયા ત્રણ જ્યોતિર્લિંગને જોડશે- **<u>બાબા વિશ્વનાથ, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર</u>**

**16 – ફેબ્રુઆરી–૨૦૨૦**

<u>૧. મહત્વનો નિર્ણય - LRD ભરતી : ગુજરાત સરકાર (રોજગારી)</u>




- ✓ LRDપરીક્ષામાં 50 ટકા ગુણાંક અને 62.5 ટકા ટકા ગુણ હશે તેવી અનામત બિન અનામત વર્ગની તમામ મહિલાઓની ભરતી કરાશે
- ✓ LRD-લોકરક્ષક દળ સુપર ન્યુમરીથી 2150 બેઠકો વધશે

<u>વિવાદ શું છે ?</u>

- ✓ તા.૧-૦૮-૨૦૧૮ના ઠરાવના કારણે કાસ્ટબેઝ રિઝર્વેશનમાં મહિલા અનામતમાં ઊંચું મેરિટ ધરાવતી મહિલાઓને જનરલ કેટેગરીમાં જતાં રોકે છે, જેના કારણે એસસી-એસટી ઓબીસી મહિલાઓ આંદોલન કરી રહી છે અને ઠરાવ રદ કરવા માગણી કરી છે, બીજી તરફ બિનઅનામત કેટેગરીની મહિલાઓ ઠરાવ રદ્દ ન કરવા આંદોલન કરી રહી છે.

<u>૨. શપથવિધિ - દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સતત ત્રીજી વાર શપથગ્રહણ કરતાં શ્રી અરવિંદ કેજરીવાલ</u>

- ✓ નાયબ મુખ્યમંત્રી તરીકે - શ્રી મનીષ સિસોદિયા
- ✓ પક્ષ - આમ આદમી પાર્ટી લે. ગવર્નર – શ્રી અનિલ બૈજલ

<u>3. અમદાવાદ : વિદેશી વડાઓની મુલાકાત (વૈશ્વિક સંબંધો)</u>

- ✓ શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ અમદાવાદ પાંચમા પ્રમુખ-PMનું યજમાન બનશે.

<u>વિગતવાર માહિતી</u>

- ✓ નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા કે તરત જ સપ્ટેમ્બર, ૨૦૧૪માં અમદાવાદના આંગણે <u>ચીનના પ્રેસિડેન્ટ શી જિનપિંગનું</u> આગમન થયેલું.
- ✓ <u>સપ્ટેમ્બર, ૨૦૧૭માં જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે,</u>
- ✓ <u>જાન્યુઆરી, ૨૦૧૮માં ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ</u> અને
- ✓ <u>ફેબ્રુઆરી, ૨૦૧૮માં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો</u> અમદાવાદ આવ્યા હતા.
- ✓ ચીનના પ્રેસિડેન્ટ, જાપાન-ઇઝરાયેલના વડા પ્રધાનને આવકારવા ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ અમદાવાદમાં તેમની સાથે જોડાયેલા.

VIVEKANAND ACADEMY

- ✓ હવે ડોનાલ્ડ ટ્રમ્પ વખતે વડા પ્રધાન પણ ખાસ હાજર રહી રોડ શૉ પણ યોજશે.
- ✓ ટ્રમ્પ યુએસના સળંગ ચોથા પ્રેસિડેન્ટ ભારતની મુલાકાતે અમેરિકા સાથે ભારતના ઘનિષ્ઠ બની રહેલા સંબંધોનો સકેત એ હકીકતથી પણ આવે છે કે, પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ એ અમેરિકાના સળંગ ચોથા પ્રેસિડેન્ટ છે જે ભારતની મુલાકાત લઈ રહ્યા છે.
- ✓ આમાં, પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનથી ટ્રમ્પ સુધીનાનો સમાવેશ થાય છે.
- ✓ ક્લિન્ટન બાદ જ્યોર્જ બુશ, બરાક ઓબામા અને હવે ડોનાલ્ડ ટ્રમ્પ એમ ઉત્તરોત્તર અમેરિકાના પ્રેસિડેન્ટ બનનારા દરેક મહાનુભાવોએ તેમના કાર્યકાળ દરમિયાન ભારતની મુલાકાત લીધી છે.

## ૪. સ્ટેચ્યૂ ઓફ યુનિટી-હોમ સ્ટે પ્રોજેક્ટ (પ્રવાસન-રોજગારી)

સ્ટેચ્યૂ ઓફ યુનિટી(SOU)ની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે રાજ્યના પ્રવાસન વિભાગની યોજના 'હોમ સ્ટે પ્રોજેક્ટ'

**વિશેષતા –**

- ✓ વિશ્વની આઠમી અજાયબી ગણાતા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓને હવે આદિવાસી સંસ્કૃતિને નજીકથી માણવાની તક મળશે.
- ✓ હવે આપણે આદિવાસીઓના ઘરોમાં રાત્રિ રોકાણ કરીને તેમના રસોડે બનાવેલા મકાઈનો રોટલા-રીંગણ-બટાકા અને દાણાના શાકની પણ લિજ્જત માણી શકીશું.
- ✓ ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમના હોમ સ્ટે પ્રોજેક્ટ હેઠળ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કેવડિયા અમદલા, ઝુંડાથી વાડી ઝરિયા સુધી પ્રવાસીઓ માટે 20 ગામના 87 ઘરમાં 158 રૂમ તૈયાર કરાયા છે.
- ✓ આ યોજનાથી 116 આદિવાસી પરિવારને રોજગારી પણ મળશે.
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા એક વર્ષમાં 40 લાખ પ્રવાસી મુલાકાત લઈ ચૂક્યા છે.
- ✓ અહીં રોજ સરેરાશ 10 થી 15 હજાર પ્રવાસી આવી રહ્યા છે .

**હોમ સ્ટે પ્રોજેક્ટ શું છે ?**

- ✓ કેવડિયાની આસપાસના ગામમાં હોમ સ્ટે પ્રોજેક્ટ હેઠળ સર્વે કરી 116 આદિવાસી પરિવારની પસંદગી કરાઈ છે.
- ✓ આ યોજનામાં કુલ 250 આદિવાસીઓને આવરી લેવાશે.
- ✓ અહીં ઓએનજીસી સહિતની સંસ્થાઓએ CSR હેઠળ થોડું ઘણું ભંડોળ ફાળવ્યું છે.
- ✓ આ રકમના ઉપયોગથી આદિવાસી વિસ્તારમાં આશરે રૂ. બેથી અઢી લાખના ખર્ચે પ્રવાસીઓ માટે અલાયદા રૂમ, બાથરૂમ વગેરે તૈયાર કરાયા છે.
- ✓ આદિવાસીઓને પ્રવાસીઓની આગતા સ્વાગતા અને ભોજન માટે જરૂરી તાલીમ પણ અપાશે.
- ✓ ઓનલાઈન બૂકિંગ પણ શક્ય ગુજરાત પ્રવાસન વિભાગ

## ૫. પ્રેરણાદાયી પુસ્તક – 'અનબ્રોકન ધ બ્રસેલ્સ ટેરર એટેક સર્વાઈવર' : એર હોસ્ટેસ નિધિ ચાફેકર ઉપર લખાયેલું પુસ્તક

- ✓ ખાસ બાબત – બ્રસેલ્સ આતંકી હુમલામાં પીડાની પ્રતિક બનેલી જેટ એરવેઝ
- ✓ બેલ્જિયમ દ્વારા નિધિને ગોડર મધરનું ટાઈટલ આપ્યું છે
- ✓ મૂળ વતન – અમૃતસર

**વિશેષ માહિતી**

- ✓ વર્ષ 2016, માર્ચ 22, સ્થળ બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સનો એરપોર્ટ. તે દિવસે અહીં થયેલા આતંકી હુમલામાં 35 લોકોનાં મોત થયા હતા.
- ✓ ધમાકા વચ્ચે ત્યાં હાજર રહેલી જેટ એરવેઝની ફ્લાઈટ એટેન્ડેન્ટ નિધિ ખુરાના ચાફેકર ગંભીર રીતે ઘવાઈ હતી.
- ✓ ભય અને પીડામાં ડૂબેલી તેની તસવીર વિશ્વભરના મીડિયામાં હુમલાની ભયાનકતાનું પ્રતીક બની ગઈ હતી.
- ✓ હુમલા પછી તે 23 દિવસ કોમામાં રહી, હવે 22 સર્જરીમાંથી પસાર થઈ ચૂકી છે.
- ✓ નિધિએ પોતાની આપવીતી અને દુ:ખમાંથી બહાર આવવાની સંઘર્ષ યાત્રા એક પુસ્તક 'અનબ્રેકન'માં લખી છે. જે તાજેતરમાં રીલિઝ થઇ છે.
- ✓ આજે નિધિ જીવનથી નિરાશ લોકોને જીવનના સુંદર પાસાનો પક્ષ સમજાવે છે.
- ✓ તેમને મોટિવેશનલ સ્પીકર તરીકે ઓળખવામાં આવે છે.

## ૬. વડાપ્રધાન નરેન્દ્ર મોદી : પોતાના મત ક્ષેત્ર વારાણસીના પ્રવાસે

વારાણસીમાં રૂ. ૧,૨૫૪ કરોડની ૩૬ યોજનાઓનું લોકાર્પણ અને ૧૪નો શિલાન્યાસ

**લોકાર્પણ કરેલી પરિયોજનાઓ**

- ✓ ચૌકાઘાટ-લહરતારા ફ્લાયઓવર
- ✓ બીએચયુ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ
- ✓ બીએચયુમાં જ 14 પથારીની સાઈકિએટ્રી હોસ્પિટલ
- ✓ મહામના કેન્સર સેન્ટરનું આવાસ ભવન
- ✓ બીએચયુમાં વૈદિક વિજ્ઞાન કેન્દ્ર
- ✓ 220 કેવી વિદ્યુત ઉપ કેન્દ્ર રાજાતાલબ
- ✓ જિલ્લા મહિલા હોસ્પિટલમાં એમસીએચ વિંગ

VIVEKANAND ACADEMY

અન્ય વિગત

દીનદયાળ ઉપાધ્યાયની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ

- ✓ વારાણસીમાં વડાપ્રધાન મોદીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું.
- ✓ આ દરમિયાન મોદીએ તેમની 63 ફૂટ ઊંચી પ્રતિમાનું પણ અનાવરણ કર્યું.
- ✓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કોઈ નેતાની દેશમાં આ સૌથી ઊંચી પ્રતિમા છે.
- ✓ અહીં મોદી શ્રી જગદગુરૂ વિશ્વારાધ્ય ગુરૂકુળના શતાબ્દી સમારંભના સમાપન કાર્યક્રમમાં પણ હાજર રહ્યા અને 19 ભાષામાં શ્રી સિદ્ધાંત શિખમણી ગ્રંથની અનુવાદિત આવૃત્તિ અને તેની એપ લૉન્ચ કરી હતી.
- ✓ આ ઉપરાંત મોદીએ અહીં 430 પથારીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું પણ ઉદઘાટન કર્યું હતું .

૭. યોગ - ભારતની બહાર લોસ એન્જેલાસ (USA)માં પ્રથમ યોગ યુનિવર્સિટી કાર્યરત (આરોગ્ય)

- ✓ ભારતની બહાર પ્રથમ યોગ યુનિવર્સિટી અમેરિકામાં સ્થાપિત કરવામાં આવી છે.
- ✓ અહીં આ વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ અને યોગ પર શોધકાર્ય પણ શરૂ થશે.
- ✓ વિવેકાનંદ યોગ યુનિવર્સિટીએ લોસ એંજલસમાં 35.5 કરોડ રૂપિયાના રોકાણથી કેમ્પસ શરૂ કરાયું છે.
- ✓ કેસ વેસ્ટર્ન યુનિવર્સિટીના પ્રો.શ્રીનાથને તેના પ્રેસિડેન્ટ અને ભારતીય યોગ ગુરૂ એચ.આર. નાગેન્દ્રને ચેરમેન બનાવવામાં આવ્યા છે.
- ✓ અગાઉ ભારતમાં 2002માં પ્રથમ યોગ યુનિવર્સિટી યોગ ગુરુ નાગેન્દ્રે જ સ્થાપિત કરી હતી.
- ✓ નાગેન્દ્ર નાસાના વિજ્ઞાની રહ્યા છે.

૮. નવીન સોફ્ટવેર : IIT - દિલ્હી (ટેક્નોલોજી)

સોફ્ટવેરની કામગીરી

પૂરની લાઈવ માહિતી અંગેની વિશ્વની એકમાત્ર ટેકનિક ભારત પાસે હોવાનો દાવો

- ✓ આઇઆઇટી દિલ્હીએ એક એવું સોફ્ટવેર બનાવ્યું છે કે જેનાથી ચોમાસાના એક અઠવાડિયા અગાઉ પૂરની ચોક્કસ માહિતી મળી જશે તેમ જ ગંગામાં થઈ રહેલા પ્રદૂષણ અંગે પણ માહિતી મળી શકશે.
- ✓ આ ચોમાસાથી આઈઆઈટી દિલ્હી હવામાન વિભાગને પૂરના નાના-નાના ક્ષેત્રોના નામ અને અસરગ્રસ્તોની સંખ્યા જણાવશે.
- ✓ આ સોફ્ટવેર આઇઆઇટી દિલ્હી અને ઇન્ટિગ્રેટેડ નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ (INRM)ના કન્સલ્ટન્ટ્સ સાથે મળીને તૈયાર કર્યું છે.
- ✓ આઇએનઆરએમ કન્સલ્ટન્સ સ્ટાર્ટઅપને આઇઆઇટ દિલ્હીએ પ્રમોટ કર્યું છે. આ સ્ટાર્ટઅપ આઇઆઇટી દિલ્હીમાં 20 વર્ષ પહેલાં બનાવાયું હતું.
- ✓ આ ટીમમાં 10 વિજ્ઞાની
- ✓ તેમણે વરસાદ, તાપમાન, નદીઓ વગેરેના એક ડઝન આંકડાનું જટિલ વિશ્લેષણ કરી આ સોફ્ટવેર તૈયાર કર્યું છે.
- ✓ તેની મદદથી રોજ આખા દેશની નદીઓના વહેણ અને વરસાદની ગણતરી એક સાથે થઇ જાય છે.
- ✓ સોફ્ટવેરથી નદીઓ અંગેની લાઈવ માહિતી મળે છે.
- ✓ સામાન્ય લોકો પણ ઓનલાઈન સોફ્ટવેરની મદદથી નદીઓના વહેણની માહિતી લાઈવ જોઈ શકે છે.
- ✓ સોફ્ટવેર બનાવનારી ટીમનું નેતૃત્વ કરનારા પ્રો.અશ્વિની કુમાર ગોસાઈએ જણાવ્યું કે, સોફ્ટવેરથી ખેડૂતોને 5-7 દિવસ પહેલા જ જણાવી શકાશે કે કેટલો વરસાદ થશે અને માટીમાં કેટલો ભેજ હોઈ શકે છે ?
- ✓ હાલ વરસાદની માહિતી તો મળી શકે છે પરંતુ એ ખબર નથી પડતી કે તેનાથી ખેતરોમાં કેટલો ભેજ થશે ?
- ✓ તેમાં ડિજિટલ એલિવેશન મોડલ (ડીઇએમ)નો ઉપયોગ કરાયો છે.
- ✓ ડીઈએમના આંકડા વૈશ્વિક સ્તરે તૈયાર કરાયેલો ડેટા છે. તેનાથી હવામાનની સ્થિતિ, કોઈ ચોક્કસ વિસ્તારમાં નદી, પૂર, માટી, તાપમાન વગેરેની તમામ માહિતી મળી જાય છે.

૯. નિવૃત્તિ : ભારતના ૪૬ વર્ષીય લેજેન્ડરી ટેનિસ ખેલાડી લિએન્ડર પેસની ભારતની ભૂમિ ઉપર કારકિર્દીની અંતિમ મેચ

- ✓ પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકેની આખરી સિઝન.
- ✓ ટુર્નામેન્ટ – બેંગાલુરૂ ટેનિસ ઓપન

૧૦. 'નમસ્તે ટ્રમ્પ' (વૈશ્વિક સંબંધો)

- ✓ અમદાવાદના મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમનું અધિકૃત નામાંકન – 'નમસ્તે ટ્રમ્પ' કરાયું
- ✓ તા.૨૪-૦૨-૨૦૨૦ના રોજ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે

૧૧. જન્મ દિન વિશેષ : 16 ફેબ્રુઆરી

લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકર

જન્મ - 16 ફેબ્રુઆરી 1921 અવસાન - 16 ઓગસ્ટ 1995

ક્રાંતિકારી

- ✓ આજે 16 ફેબ્રુઆરીના રોજ ગુજરાતી લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક પુષ્કર ચંદરવાકર, મરાઠી સેનાપતિ માધવરામ



VIVEKANAND ACADEMY

પહેલા, શાયર આરઝુ લખનવીનો જન્મદિવસ અને દાદાસાહેબ ફાળકેની પુણ્યતિથિ

- ✓ અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના ચંદરવા ગામે જન્મેલા પુષ્કર પ્રભાશંકરે ગામના નામને અટક તરીકે ધારણ કરી ચંદરવાકર બન્યા હતા.
- ✓ બોટાદ, લીંબડી અને અમદાવાદમાં અભ્યાસ કરી તેઓ અધ્યાપક થયા હતા. પુષ્કર ચંદરવાકરની અધ્યાપક તરીકે કારકિર્દી ગુજરાતમાં અનેક ઠેકાણે રહી હતી.
- ✓ તેઓનું મહત્વપૂર્ણ યોગદાન ગુજરાત અને ભારતના લોકસાહિત્યના સંશોધન અને લેખનના ક્ષેત્ર છે.
- ✓ પુષ્કર ચંદરવાકર રાંકના રતન, પ્રિયદર્શિની, ઘર જ્યોત, નંદવાયેલા હૈયા, બાવડાના બળે, ભવની કમાણી, માનવીનો મેળો, લીલુડા લેજો, નવા ચીલે, ધરતી ભાર શે ઝીલશે, ઝાંઝવાના નીર, બાંધણી, અંતરદીપ, શુકનવંતી, પિયરનો પડોશી, મહિના ઓવારે, ચંદર ઉગે ચાલવું, વાગે રૂડી વાંસળી, ખેતરનો ખેડુ, ઓખામંડળની લોકકથાઓ, ઓલ્યા કાંઠાના અમે પંખીડા, શ્રેયાર્થી દાદાસાહેબ માવલંકર જેવી નવલકથા, એકાંકી, વિવેચન લો વિદ્યા અને ચરિત્ર સાહિત્યને લગતા પુસ્તકો લખ્યા છે.
- ✓ 16 ઓગસ્ટ 1995ના રોજ તેમનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા લોક રક્ષક દળમાં અનામત અને બિન અનામત કેટેગરીના ઉમેદવારોની ભરતી માટે કેટલું મેરીટ નક્કી કરાયું છે - 62.5%
2. ફેબ્રુઆરી 2020માં સતત ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કોને શપથ ગ્રહણ કર્યા- **શ્રી અરવિંદ કેજરીવાલ**
3. તાજેતરમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરાઈ- **શ્રી મનીષ સિસોદિયા**
4. શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ ફેબ્રુઆરી 2020માં અમદાવાદમાં કેટલામાં વડાપ્રધાન/ રાષ્ટ્રપ્રમુખ આવી રહ્યા છે- **પાંચમાં**
5. ભારતમાં સૌપ્રથમ કયા શહેરમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વાર આવી રહ્યા છે- **અમદાવાદ**
6. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસન અને રોજગારને પ્રોત્સાહન આપવા કયા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે - **હોમ સ્ટે પ્રોજેક્ટ**
7. હોમ સ્ટે પ્રોજેક્ટ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુના કેટલા ગામોની પસંદગી કરવામાં આવી છે- 20
8. 'હોમ સ્ટે પ્રોજેક્ટ' કયા વિભાગ દ્વારા અમલી બનાવવામાં આવ્યો છે - **રાજ્ય પ્રવાસન વિભાગ**
9. તાજેતરમાં વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી દ્વારા વારાણસી ખાતે કેટલા કરોડની કેટલી યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરાયો- **રૂ.1,254 કરોડ, 36 યોજનાઓનું લોકાર્પણ અને 14 આપણાનો શિલાન્યાસ**
10. વારાણસી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પંડિત દિનદયાલ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટર ખાતે 63 ફૂટ ઊંચી કોની મૂર્તિનું લોકાર્પણ કર્યું- **પંડિત દિનદયાલ ઉપાધ્યાય**
11. બ્રસેલ્સ આંતકી હુમલામાં પીડાના પ્રતિક બનેલા ભારતીય એર હોસ્ટેસ નિધિ ચાફેકર ઉપર લખાયેલા પુસ્તકનું નામ જણાવો- **અનબ્રોકન ધ બ્રસેલ્સ ટેરર એટેક સર્વાઇવર**
12. બેલ્જિયમ દ્વારા મૂળ ભારતીય એર હોસ્ટેસ નિધિ ચાફેકરને કયું સન્માન અપાયું છે- **ગોડ મધર**
13. ભારત બહાર કયા શહેર- દેશમાં પ્રથમ યોગ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી- **લોસ એન્જેલસ- યુ.એસ.એ**
14. નદીઓમાં પૂર, ગંગા સફાઈ અને પ્રદૂષણ આ અંગે અગાઉથી માહિતી આપવા કઈ સંસ્થા દ્વારા સોફ્ટવેર તૈયાર કરાયું છે- **આઈ.આઈ.ટી, દિલ્હી અને ઈન્ટિગ્રેટેડ નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ**
15. તાજેતરમાં ભારતના કયા લેજેન્ડરી ટેનિસ ખેલાડીએ 46 વર્ષે પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકે નિવૃત્તિ જાહેર કરી- **લિયેન્ડર પેસ**
16. 24 ફેબ્રુઆરી 2020માં મોટેરા સ્ટેડિયમ અમદાવાદના ખાતે યોજાયેલા કાર્યક્રમને સત્તાવાર કયું નામ આપવામાં આવ્યું- **'નમસ્તે ટ્રમ્પ'**

લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક, લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકરનો જન્મ દિવસ જણાવો - 16 ફેબ્રુઆરી 1921

**17 – ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. સુપ્રીમ કોર્ટ - મહિલા આર્મી અફસરો માટે મહત્વનો ચુકાદો (મહિલા સશક્તિકરણ)

- ✓ આર્મીમાં મહિલા અફસરોને કાયમી કમિશનના લાભ આપવા કેન્દ્ર સરકારને આદેશ

**સુપ્રીમના ચુકાદાના ત્રણ મહત્વના મુદ્દા**

1. **સ્થાયી કમિશન :** શોર્ટ સર્વિસ કમિશન હેઠળ પાત્રતા ધરાવતી તમામ મહિલા ઓફિસરો સ્થાયી કમિશન માટે હકદાર રહેશે. શોર્ટ સર્વિસ કમિશન હેઠળ ૧૪ વર્ષથી ઓછી કે તેથી વધુ સેવા આપનાર મહિલા ઓફિસરોને કાયમી કમિશનની તક આપવા આદેશ.
2. **કોમ્બેટ રોલ :** મહિલાઓને કોમ્બેટ માટે કામગીરી સોંપવી કે કેમ તેનો નિર્ણય સરકાર કે આર્મી લઈ શકશે. યુદ્ધ લડવામાં મહિલાઓની સીધી કામગીરી એટલે કે કોમ્બેટ રોલમાં

મહિલાઓને રોકવાનો નિર્ણય નીતિવિષયક છે. આથી સરકારે તે અંગે વિચારવાનું છે.

3. **કમાન્ડ પોસ્ટ:** આર્મીમાં મહિલા ઓફિસરોને કમાન્ડ પોસ્ટિંગ નહીં આપવાનું અયોગ્ય તેમજ સમાન અધિકારો નહીં આપવા સમાન છે. આ મહિલાઓને કમાન્ડ પોસ્ટિંગનો અધિકાર મળવો જોઈએ. કમાન્ડ પોસ્ટિંગ એટલે આર્મીના કોઈ-યુનિટ, કોર કે કમાનનું નેતૃત્વ કરનારી પોસ્ટિંગ એવો થાય છે.

**સરકારે શું દલીલો કરી હતી ?**

- ✓ સરકારે દલીલો કરી હતી કે મહિલાઓ શારીરિક રીતે સક્ષમ હોતી નથી. તેને યુદ્ધના મોરચે મોકલવામાં આવે તો દુશ્મનો તેનો ખોટો લાભ ઉઠાવી શકે છે.
- ✓ ગામડામાંથી આવતી મહિલા ઓફિસરોનું પુરુષ સૈનિકો પાલન કરશે કે કેમ તે નક્કી નથી.
- ✓ મહિલાઓ પર પરિવારનો બોજ હોય છે. સામાજિક જવાબદારીઓ હોય છે. આથી તેમને કાયમી કમિશન્ડના લાભ આપી શકાય નહીં .

**હાલ શું સ્થિતિ છે ?**

- ✓ આર્મીમાં શોર્ટ સર્વિસ કમિશન વખતે આર્મી સર્વિસ કોર, ઓર્ડિનન્સ, એજ્યુકેશન કોર, જજ એડવોકેટ જનરલ, એન્જિનિયર, સિગ્નલ. ઈન્ટેલિજન્સ, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલમાં જ એન્ટ્રી મેળવી શકે છે. તેમને કોમ્બેટ સર્વિસ જેવી કે ઇન્ફન્ટ્રી, આર્મ્ડ વિભાગ, તોપખાનામાં કામ અપાતું નથી.
- ✓ **એરફોર્સ અને નેવી :** એરફોર્સ, નેવીમાં મહિલાઓને કાયમી કમિશન્ડના લાભ અપાય છે. તેમને કોમ્બેટ રોલ અને ફ્લાઇંગ તેમજ ગ્રાઉન્ડ ડ્યૂટી અપાય છે. નેવીમાં લોજિસ્ટિક્સ, એર ટ્રાફિક કન્ટ્રોલ અને પાઇલટ અને નેવલ ઇન્સ્પેક્ટર કેડરમાં સેવા આપી શકે છે.

**કેન્દ્રે 2019 પછી નીતિ બનાવી**

- ✓ દિલ્હી હાઇકોર્ટના ચુકાદા પછી ૯ વર્ષ બાદ સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આર્મીના ૧૦ વિભાગોમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશનના લાભ આપવાની નીતિ ઘડી હતી પણ માર્ચ ૨૦૧૯ પછી આર્મીમાં જોડાનાર મહિલાઓને જ તેના લાભ આપવાનું નક્કી કર્યું હતું.
- ✓ આને કારણે જે મહિલાઓએ લાંબો સમય કાનુની લડાઈ લડી હતી તે તો લાભથી વંચિત જ રહી ગઈ હતી.

**ચૂકાદો આપનાર બેંચ- જજ ડી.વાય. ચંદ્રચૂડ અને જજ અજય રસ્તોગી**

## ૨. CMS COP-13 : 2020નો શુભારંભ (વન્યજીવ સૃષ્ટિ)

- ✓ ભારતમાં પ્રથમવાર મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સથી પ્રારંભ
- ✓ સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ અંગેનું આ ૧૩મું સંમેલન જે પહેલીવાર ભારતમાં અને ગુજરાતમાં યોજાઈ રહ્યાં છે તેમાં ૧૩૦ દેશોના ૩,૨૫૦ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવચનના મહત્વના અંશો**

- ✓ દરિયાઈ જીવસષ્ટિનાં સંવર્ધનના સંદર્ભમાં ભારત ૨૦૨૦ના વર્ષમાં દરિયાઈ કાચબા નીતિ તથા દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિ જાહેર કરી તેનો અમલ કરશે.
- ✓ પાતળા પ્લાસ્ટિકથી પ્રદૂષણના પ્રશ્નો ઉકેલવા પણ પગલાં લેવાશે. પર્યાવરણની સુરક્ષા માટે સિંગલ યૂઝ પ્લાસ્ટિક એક મોટો પડકાર છે, ત્યારે ભારતે આનો ઉપયોગ ઘટાડવાનું બીડું ઝડપ્યું છે.
- ✓ ભારતમાં વાઘની વસતી કુલ-2967

**ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અને એશિયન હાથીને શિડ્યુલ વનમાં સમાવેશ કરાશે**

- ✓ ગાંધીનગરમાં આયોજીત ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં એવું નક્કી કરાયુ છે કે, એશિયન હાથી, જેગુઆર ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ, બેંગલ ફ્લોરિકન લિટરબસ્ટર્ડ વ્હાઈટ શાર્ક સહિત કુલ ૧૦ પ્રજાતિને શિડ્યુલ વનમાં સમાવેશ કરવા પ્રસ્તાવ મૂકાયો છે અને તેનું વોટિંગ કરાશે.
- ✓ કુલ મળીને ૧૧૬ પ્રજાતિના પશુ પક્ષીઓ એવા છે કે, જે લુપ્ત થવાના આરે છે ત્યારે વધુ દસેક પ્રજાતિને શિડ્યુલ વનમાં સમાવેશ કરાશે જેથી તેને લુપ્ત થતા બચાવી શકાય.
- ✓ અન્ય પ્રજાતિને શિડયુલ-2માં સમાવેશ કરાવવા પણ નિર્ણય લેવાયો છે.

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

- ✓ ગુજરાતે વર્ષોથી વ્હેલ શાર્ક, એશિયાટિક લાયન, ધુડખર કાચબા જેવા જીવો તથા ઘોરડ જેવા પક્ષીઓના સંરક્ષણ અને જતન માટે પગલાં લઈ તેમાં સફળતા મેળવી છે.

**કેન્દ્રીય વન-પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર**

- ✓ પેરિસ સમજૂતી અંતર્ગત તાપમાન ૨ ડિગ્રી સેલ્સિયસ ઘટાડવાના લક્ષ્ય માટે બહુ ઓછા દેશો કાર્યરત છે અને ભારત એમાંનો એક દેશ છે.
- ✓ રાજ્યકક્ષાન કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રિયો હાજર રહ્યા.

**લુપ્ત થતી પ્રજાતિના સંરક્ષણ માટે પ્રયાસો :**

- ✓ ગુજરાતમાં રાજસ્થાનથી નર ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ પક્ષી લવાશે
- ✓ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા વધારવા કેન્દ્ર સરકારે રૂા. ૩૦ કરોડ ફાળવ્યા
- ✓ સૌથી વધુ રાજસ્થાનમાં ૧૩૦ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ.

- ✓ ભારતમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા ઘણી ઓછી છે જેમ કે, કર્ણાટકમાં માત્ર ૧૨ જ છે.
- ✓ ગુજરાતમાં હાલમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા માત્ર બે થી ચાર.
- ✓ સમગ્ર ભારતમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડની સંખ્યા માત્ર ૧૭૦ જેટલી જ રહી છે.

અન્ય બાબતો

- ✓ હેતુ- સ્થળાંતર કરતા યાયાવર પ્રાણી-પક્ષીઓની પ્રજાતિઓમાં સંરક્ષણ અંગે યુનોના નેતૃત્વમાં આયોજન
- ✓ સમયગાળો - તારીખ 17 થી 22મી ફેબ્રુઆરી 2020
- ✓ COP- કોન્ફરન્સ ઓફ ધી પાર્ટીઝ ટુ ધ કન્વેન્શન ઓન માઇગ્રેટરી સ્પીસીસ(CMS)

**આયોજક** - યુ.એન-એન્વાયરમેન્ટ પ્રોગ્રામ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય તથા વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકાર

થીમ – સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહને જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ

- ✓ લોગો;- દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટફોર્મ- કોલામ
- ✓ મેસ્કોટ- "ગિબી- ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ"

### 3. ખેલકૂદ – સિદ્ધિ : કેનર્સ કપ ચેસમાં ભારતીય કોનેરુ હમ્પી ચેમ્પિયન

- ✓ સ્થળ - યુએસએ
- ✓ અગાઉ ડિસેમ્બર 2019માં વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશીપ-2019 વિજેતા

### ૪. ખેલકૂદ - ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ-2020

- ✓ યજમાન – સિડની (ઓસ્ટ્રેલિયા)
- ✓ ભારતીય મહિલા ટીમના કેપ્ટન હરમનપ્રિત કૌર
- ✓ ભારત સહિત કુલ ૧૦ દેશ ભાગ લેશે.

### ૫. પુસ્તક વિમોચન (સાહિત્ય)

- ✓ પુસ્તકનું નામ- 'ગાંધીને સમજવાનો આ જ સમય'
- ✓ લેખક - જેય એસ. રાજપૂત
- ✓ RSSના સર સંઘ ચાલક મોહન ભાગવત દ્વારા વિમોચન - નવી દિલ્હી.

### ૬. ગગનયાન - ભારતીય વાયુસેનાના ચાર પાયલોટને ગગનયાન માટે રશિયાના 'ગ્રેગરીન રિસર્ચ એન્ડ ટેસ્ટ ટ્રેનિંગ સેન્ટર' ખાતે તાલીમબદ્ધ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ

**વિશેષતા**

- ✓ રશિયન અંતરિક્ષ યાત્રીઓને આ તાલીમ મેળવતાં પાંચ વર્ષનો સમય લાગે છે. પરંતુ ભારતીય તાલીમાર્થીઓને ખાસ ટ્રેનિંગ કાર્યક્રમ હેઠળ ૧૨ મહિનામાં જ અંતરિક્ષ યાત્રા કરી શકે તેવી તાલીમ આપવામાં આવી રહી છે.
- ✓ 'ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી રાકેશ શર્મા'એ પણ આ જ ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ મેળવી હતી.

### ૭. CAA : સમિતિની રચના- સુપ્રીમ કોર્ટ શાહીનબાગ (દિલ્હી)માં CAAનો વિરોધ કરી રહેલાં દેખાવકારો સાથે વાતચીત કરવા સુપ્રીમે ત્રણ સભ્યોની સમિતિ રચી

સમિતિના સભ્યો

1. સંજય હેગડે, સાધના રામચંદ્રન,
2. પૂર્વ મુખ્ય માહિતી કમિશનર વઝાહત હબીબુલ્લાહ (ભારતના પ્રથમ RTI કમિશનર)

### ૮. પુસ્તક વિમોચન :-

પુસ્તકનું નામ - 'બેક સ્ટેજ : ધ સ્ટોરી બિહાઈન્ડ ઇન્ડિયા હાઈ ગ્રોથ યર્સ'

- ✓ લેખક- આયોજન પંચના પૂર્વ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા

### ૯. UAE – પ્રથમ અણુ ઊર્જા પ્લાન્ટ

- ✓ પ્રથમ આરબ અણુ ઊર્જા પ્લાન્ટ માટે UAE દ્વારા રિએક્ટર લાઇસન્સ અપાયું.
- ✓ સંયુક્ત આરબ અમિરાતે (UAE) બરાખા અણુ ઊર્જા પ્લાન્ટ ખાતે રિએક્ટર માટે લાયન્સ આપ્યું હતું જે આરબ જગતમાં આ પ્રકારનું પ્રથમ પ્લાન્ટ હશે.
- ✓ યુએઈ પાસે પુરતી માત્રામાં ઊર્જાનો સ્રોત છે જ, પરંતુ સતત વીજળીની માગ કરતી એક કરોડ પ્રજા માટે તેણે આ સૌર ઊર્જા સહિત આ વધારાનો અને વૈકલ્પિક ઊર્જા સ્રોત ઊભો કર્યો હતો.
- ✓ આ ૨૪ અબજ ડોલરના ખર્ચે પ્લાન્ટમાંથી ૫૬૦૦ મેગાવોટ વીજળી પેદા કરી શકાશે, જે યુએઇની જરૂરિયાતની ૨૫ ટકા હશે.

### ૧૧. નમસ્તે ટ્રમ્પ : સુપર પાવર દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી ટ્રમ્પ માટે સુપર સિક્યુરિટીની ઝલક

કારનું નામ : આર્મોડ લિમોઝીન - 'ધ બિસ્ટ'

**વિશેષતા**

- ✓ રાષ્ટ્રપતિની સાથે અન્ય ચાર લોકો આ કારમાં બેસી શકે છે.
- ✓ કારના કાચ પાંચ લેયરવાળા પોલી કાર્બોનેટથી બનેલા હોય છે.
- ✓ બુલેટ અને મિસાઇલ પણ આ કારને નુકસાન પહોંચાડી શકતી નથી.
- ✓ ડ્રાઇવર તરફની વિન્ડો જ માત્ર ખુલી શકે છે અને તે પણ માત્ર ૩ ઈંચ.
- ✓ આ કારની સાથે પ્રેસિડેન્ટના બ્લડ ગ્રુપની બ્લડબેગ હોય છે.

VIVEKANAND ACADEMY

- ✓ કારની જાડાઇ પાંચ ઈંચ હોય છે.
- ✓ કારની બોડી સ્ટીલ – ટાઇટેનિયમ - એલ્યુમિનિયમ-સિરામિકથી બનેલી હોય છે
- ✓ કારની અંદર નાઇટ વિઝન કેમેરા સામેલ.
- ✓ અમેરિકન સિક્રેટ એજન્સી દ્વારા તૈયાર કરાયેલા ડ્રાઇવરો જ આ કાર હંકારી શકે છે
- ✓ આ કાર ૧૮૦ ડિગ્રીનો વળાંક લેવા સક્ષમ
- ✓ કારની અંદર ઓક્સિજનની પણ સુવિધા
- ✓ કેબિન ડોર ૮ ઈંચ જાડો
- ✓ કેમિકલ યુદ્ધમાં પણ આ કારમાં બેઠેલો શખ્સ સુરક્ષિત રહે છે
- ✓ કારના ટાયર સ્ટિક પ્લેટેડ હોય છે
- ✓ કારના ટાયર ક્યારેય કોઈ પણ સંજોગમાં ફાટતા નથી
- ✓ કાર લેન્ડ માઈન-મિસાઇલથી પણ બચી શકે છે
- ✓ કારની અંદર નાના હથિયાર હોય છે
- ✓ ન્યૂક્લિયર - બાયોલોજીકલ - કેમિકલ એટેકથી પણ બચી શકાય છે
- ✓ સેટેલાઇટની સાથે પ્રેસિડેન્ટની ગાડીમાં જામર પણ ઓપરેટ થઇ શકે તેવી વ્યવસ્થા
- ✓ કારમાં સિક્રેટ સર્વિસ પ્રોટેક્ટિવ ડિટેઇલનો પ્રોગ્રામ લોડેડ કરેલો હોય છે.

**૧૨. જન્મ દિન વિશેષ : 17 ફેબ્રુઆરી ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ: હરસિદ્ધ દિવેટિયા**

**જન્મ - 17 ફેબ્રુઆરી-1886 અવસાન – 3 ઓગષ્ટ-1968**

- ✓ આજે ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ શ્રી હરસિદ્ધ દિવેટિયાનો જન્મદિવસ છે.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી દિવેટિયા અમદાવાદ અને મુંબઈથી બી.એ, એમ.એ સુધીનો અભ્યાસ કરી 1910મા ઉત્તર પ્રદેશના બરેલીમાં તત્વજ્ઞાન વિષયના પ્રાધ્યાપક બન્યા હતા.
- ✓ તે પછી અંદાજે 21 વર્ષ મુંબઈમાં વકીલાત કરી, 1933મા મુંબઈ હાઇકોર્ટમાં વધારાના ન્યાયધીશ તરીકે નિમાયા. તે પછી ગુજરાતની દેશી રિયાસતોમાં પણ ન્યાયધીશ તરીકે કામ કર્યું હતું.
- ✓ ગુજરાતના જાહેરજીવનની અનેક સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા દિવેટિયાને 23 નવે.1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ના પ્રથમ કુલપતિ બનવાનું શ્રેય મળ્યું હતું.
- ✓ અહીં તેઓ બે ટર્મ એટલે કે અંદાજે આઠ વર્ષ સુધી કુલપતિપદે રહ્યા. કુલપતિ તરીકે તેઓ યુનિ.માંથી માનવધન અને ભારતનિર્માણની શક્તિઓ ઊપિજાવવા અને પાશ્ચાત્ય અને ભારતીય મૂલ્યોનો સુમેળ સાધવા માંગતા હતા.
- ✓ વિદ્યા અને સંસ્કારના તેજથી તેમણે ગુજરાત યુનિ.ને દેદીપ્યમાન બનાવવાની શરૂઆત કરી હતી.
- ✓ તત્વજ્ઞાનના અભ્યાસી હરસિદ્ધભાઈએ સામયિકોમાં વિચારોત્તેજક અનેક લેખોની સાથે "The art of life in bhagavat gita"નામે ગ્રંથ પણ લખ્યો છે.
- ✓ ન્યાયધીશ, કુલપતિ હરસિદ્ધ દિવેટિયાનું તારીખ 3 ઓગસ્ટ ૧૯૬૮ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૨-૨૦૨૦)**

1. ફેબ્રુઆરી 2020માં સુપ્રીમ કોર્ટ દ્વારા કયા દળની મહિલા ઓફિસરોને કાયમી કમિશનના લાભ આપવાનો આદેશ કરાયો- **આર્મી**
2. શોર્ટ સર્વિસ કમિશન હેઠળ કેટલા વર્ષથી ઓછી કે તેથી વધુ સેવા આપનાર મહિલા ઓફિસરોને કાયમી કમિશનની તક આપવામાં આવશે- **14 વર્ષ**
3. યુદ્ધ લડવામાં મહિલાઓની સીધી કામગીરીને કયા નામે ઓળખવામાં આવે છે- **કોમ્બેટ રોલ**
4. આર્મીના કોઈ યુનિટ, કોર કે કમાનનું નેતૃત્વ કરનારી પોસ્ટિંગ કયા નામે ઓળખાય છે- **કમાન્ડો પોસ્ટ**
5. આર્મીમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશનનો લાભ આપવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટની કોની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો- **જજ ડી.વાય. ચંદ્રચૂડ અને જજ અજય રસ્તોગી**
6. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ યાયાવર પક્ષીઓના સરક્ષણ માટેની વૈશ્વિક પરિષદ તા. 17 થી 22 ફેબ્રુઆરી-2020ના રોજ ક્યાં યોજાઈ- **મહાત્મા મંદિર, ગાંધીનગર**
7. CMS COP 13: 2020નો વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કોના દ્વારા પ્રારંભ કરાવાયો- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**
8. CMS COP 13: 2020માં કેટલા દેશો ભાગ લઇ રહ્યા છે - **130**
9. CMS COP 13: 2020નું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું- **યુ.એન.- એન્વાયરમેન્ટ પ્રોગ્રામ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ તેમજ વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકાર**
10. CMS COP 13: 2020નો મેસ્કોટ જણાવો- **કોલામ**
11. ભારતમાં વર્ષ -2020માં દરિયાઈ જીવસૃષ્ટિના સંવર્ધન માટે આગામી સમયમાં કઈ નીતિ જાહેર કરીને તેની ઉપર અમલ કરાશે- **1. દરિયાઈ કાચબા નીતિ અને 2. દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિ**
12. ભારતમાં સૌથી વધુ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા કયા રાજ્યમાં કેટલી છે- **રાજસ્થાન અને 130**

VIVEKANAND ACADEMY

13. ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યામાં વૃદ્ધિ કરવા કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી છે - **રૂ.30 કરોડ**
14. કેન્દ્ર સરકાર દ્વારા ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એશિયન હાથી, જેગુઆર, બેંગલ ફ્લોરિકન, લિટર બસ્ટર્ડ અને સફેદ શાર્ક સહિત કેટલી પ્રજાતીને ભારતમાં અનુસૂચિ -1 માં સમાવેશ કરાશે- 10
15. ભારતમાં કુલ કેટલા પશુ-પક્ષી એવા છે કે જે લુપ્ત થવાને આરે છે- 116
16. ભારતમાં લુપ્ત સિવાયની અન્ય પ્રજાતિને કઈ અનુસૂચિમાં સમાવવાનો નિર્ણય કરાયો છે- 2
17. કેન્સ કપ ચેસ ચેમ્પિયનશિપ- 2020 વિજેતા અને યજમાન- **કોનેરૂ હમ્પી અને યુએસએ**
18. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020 ક્યાં યોજાશે- **સિડની ઓસ્ટ્રેલિયા**
19. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020 કુલ કેટલા દેશો ભાગ લેશે- 10
20. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020માં ભારતીય મહિલા ટીમના કેપ્ટન જણાવો- **હરમન પ્રીત કૌર**
21. 'ગાંધીને સમજવાનો આ જ સમય' તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તકના લેખકનું નામ જણાવો- **જેય.એસ.રાજપૂત**
22. ગગનયાનની તૈયારીના ભાગરૂપે ભારતના ચાર વાયુદળના પાયલોટને કયા સેન્ટર ખાતે તાલીમ આપવામાં આવે છે અને દેશ જણાવો-**ગ્રેગરિન રિસર્ચ એન્ડ ટેસ્ટ કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર અને રશિયા**
23. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ 'બેક સ્ટેજ: ધ સ્ટોરી બિહાઇન્ડ ઇન્ડિયા હાઈ ગ્રોથ યર્સ'ના લેખકનું નામ જણાવો - **આયોજન પંચના પૂર્વ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા**
24. ભારતમાં ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ અંદાજે કેટલા વાઘ આવેલા છે -2967

અમેરિકી પ્રમુખની સુરક્ષા માટે વપરાતી કારનું નામ જણાવો- આરમોડ લિમોઝીન - **ધી બિસ્ટ**

**18 – ફેબ્રુઆરી–૨૦૨૦**

**૧.નવીન પહેલ - જળવાયુ પરિવર્તન : ક્લાઈમેટ ચેન્જ સામે લડવા એમેઝોનના જેફ બેઝોસ રૂ.71,419 કરોડનું દાન કરશે**

✓ આ માટે – 'બેઝોસ અર્થ ફંડ'ની રચના કરાશે

**દાનની વિગત**

✓ એમેઝોનના માલિક અને સીઈઓ તેમજ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ જેફ બેઝોસે ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે આશરે ૧૦ અબજ ડૉલર એટલે કે રૂ.૭૧,૪૧૯ કરોડનું દાન કરવાની જાહેરાત કરી છે.

✓ આ રકમ તેમની કુલ સંપત્તિનાં ૭.૭ ટકા થવા જાય છે. જેફ બેઝોસની કુલ સંપત્તિ ૧૩૦ અબજ ડૉલર એટલે કે આશરે રૂ.૯,૨૮,૪૪૪ કરોડ છે.

✓ બેઝોસ દ્વારા દુનિયાના અન્ય ધનપતિઓની જેમ પોતાની સંપત્તિમાંથી અલગ કાર્યો માટે મોટું દાન કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે.

✓ જળવાયુ પરિવર્તન પૃથ્વી માટે મોટો ખતરો છે

**બેઝોસ અર્થ ફંડ અને તેનો ઉદ્દેશ -**

✓ બેઝોસ અર્થ ફંડની રચના કરવામાં આવી.

✓ આથી તેની સામે લડવા બેઝોસ અત્યાર સુધીના વિકલ્પોને પસંદ કરીને તેના માટે નવીન રીતે કામ કરશે.

✓ તેના થકી ક્લાઇમેટ સાયન્ટિસ્ટ, સામાજિક કાર્યકર્તાઓ, બિનસરકારી સંગઠનોને ભંડોળ આપવામાં આવશે.

✓ આપણે પૃથ્વીને બચાવી શકીએ છીએ. આ માટે કંપનીઓ, દેશો, વૈશ્વિક સંગઠનો અને લોકોને પણ એકજૂથ કરવામાં આવશે.

**લક્ષ્યાંક-**

વર્ષ-૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જના શૂન્ય સ્તરે લાવવાનો લક્ષ્યાંક

✓ ક્લાઇમેટ ચેન્જ સામે લડવા એમેઝોનનાં કર્મચારીઓએ અભિયાન ચલાવવા અનુરોધ કર્યો હતો.

✓ જાન્યુઆરીમાં એમેઝોનનાં ૩૫૦થી વધુ કર્મચારીઓએ સહી ઝુંબેશ ચલાવી હતી.

✓ જેમાં ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય સ્તરે લાવવાની વાત હતી.

✓ બેઝોસે ૨૦૪૦ સુધીમાં કંપનીને કાર્બન ન્યૂટ્રલ બનાવવા અને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ટકા નવીનીકરણ ઊર્જા ઉત્પન્ન કરવા તેમજ ૨૦૩૦ સુધીમાં ૧ લાખ ઇલેક્ટ્રિક વાહનોની ડિલિવરી કરવાની જાહેરાત ૨૦૧૯માં કરી હતી.

**૨. આત્મકથા વિમોચન :**

**નામ - 'Let Me Say It Now'**

✓ લેખક- મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની આત્મકથા

અગત્યનો ખુલાસો

✓ મુંબઇમાં તાજ હુમલાને હિંદુ આતંકવાદમાં ઠરાવવાનો પ્રયાસો થયો હતો.

આત્મકથા વિશે

VIVEKANAND ACADEMY

- ✓ દેશને હચમચાવી નાખનારા વર્ષ-૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા કેસમાં જીવતા ઝડપાયેલા આતંકવાદી અજમલ કસાબ પર ચોંકાવનારો ખુલાસો કરતા રાકેશ મારિયાએ લખ્યું છે કે, આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાએ મુંબઈ પરના હુમલાને હિંદુ આતંકવાદના નામે ખપાવી દેવાનો કારસો ઘડ્યો હતો.
- ✓ તેની યોજના પ્રમાણે અજમલ કસાબ માર્યો ગયો હોત તો તેની ઓળખ બેંગ્લુરૂના સમીર દિનેશ ચૌધરીના નામે કરવાની તમામ તૈયારી સાથે આતંકવાદીઓ આવ્યા હતા

**3. ખેલકૂદ - સિદ્ધિ : લૉરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ એવોર્ડ-2020**

**ભારતીય વિજેતા –**

ભારતીય ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા ભારત રત્ન સચિન તેંડુલકરને અપાયો

**લૉરિયસ એવોર્ડ વિજેતા અને રમત**

**લૉરિયસ એવૉર્ડ**

**સચિન તેંડુલકર (ક્રિકેટ)** : સ્પોર્ટિંગ મૉમેન્ટ ઓફ ધ ૨૦૦૦-૨૦૨૦
**લાયોનેલ મેસી (ફૂટબોલ)** : સ્પોર્ટસમેન ઓફ ધ યર
**લુઈસ હેમિલ્ટન (કાર રેસિંગ)** : સ્પોર્ટસમેન ઓફ ધ યર
**સિમોન બાઈલ્સ (જિમ્નાસ્ટિક)** : સ્પોર્ટસવુમન ઓફ ધ યર
**ડર્ક નોવિટ્ઝકી (બાસ્કટેબોલ)** : લાઈફ ટાઈમ એચિવમેન્ટ
**સોફિયા ફ્લોર્સ્ચ (કાર રેસિંગ)** : કમબૅક ઓફ ધ યર
**ચેલોઈ કિમ (સ્નોબોર્ડ )** : એકશન સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર
**ઓક્સાના માસ્ટર્સ (રોવર-સ્કીયર)** : સ્પોર્ટસપર્સન વિથ ડિસએબિલીટી
**ઈગાન બર્નાલ (સાઈક્લિસ્ટ )** : બ્રેકથ્રુ ઓફ ધ યર
**સાઉથ આફ્રિકા (રગ્બી)** : ટીમ ઓફ ધ યર

- ✓ અમેરિકન જિમ્નાસ્ટ સિમોન બાઇલ્સ ચાર વર્ષમાં ત્રીજી વખત લૉરિયસ સ્પોર્ટસ વૂમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો જે એવોર્ડના ઇતિહાસમાં ચોથી વખત બન્યું છે

**લૉરિયસ એવોર્ડ શું છે**

- ✓ ૧૩ વિવિધ કેટેગરીના એવોર્ડ.
- ✓ રમતોની દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત એવૉર્ડમાંનો એક છે.
- ✓ ૧૯૯૯માં લોરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશનના ડેમલર તથા રિચીમોન્ટે આ એવૉર્ડની શરૂઆત કરી હતી.
- ✓ સૌથી પહેલો એવૉર્ડ તા. ૨૫મી મે-૨૦૦૦ના રોજ આપવામાં આવ્યો હતો.
- ✓ એવૉર્ડની મુખ્ય કેટેગરી લૉરિયસ વર્લ્ડ બ્રેક થ્રૂ ઓફ ધ યરની છે.
- ✓ ટેનિસ સ્ટાર રોજર ફેડરર સર્વાધિક છ વખત આ એવોર્ડ જીતી ચૂક્યો છે. તેણે પાંચ વખત સ્પોર્ટ્સમેન ઓફ ધ યર તથા એક વખત કમબેક પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ હાંસલ કર્યો હતો.
- ✓ ૨૦૦૦માં યોજાયેલા પ્રથમ સમારંભમાં નેલ્સન મંડેલાએ સ્પીચ આપી હતી .

**૪.વૈશ્વિક બાબતો : FATF નિર્ણય (આતંકવાદ)**

**બેઠક - પૅરિસ (ફ્રાંસ)**

- ✓ ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ગ્રે લિસ્ટમાં યથાવતું રાખવામાં આવ્યું હતું.
- ✓ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એફએટીએફની ચાલુ થયેલી બેઠકમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય લેવાયો છે.
- ✓ આગામી એક અઠવાડિયા સુધી ચાલનારી બેઠકમાં તેને બ્લોક લિસ્ટમાં મૂકવું કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે.
- ✓ તેને ગ્રે સિલ્ટમાંથી બહાર આવવા માટે ૩૯ સભ્ય દેશોમાંથી ૧૨ દેશોના સમર્થનની જરૂર છે.
- ✓ તે ઉપરાંત બ્લેક લિસ્ટમાં જવાથી બચવા માટે ત્રણ દેશોનું સમર્થન જોઈએ છે જેમાં માત્ર તુર્કી અને મેલશિયાએ જ સમર્થન આપ્યું છે.
- ✓ આગામી અઠવાડિયામાં પાકિસ્તાનના ભાવીનો ફેંસલો આવી જશે.

**૫. વૈશ્વિક અર્થતંત્ર - સિદ્ધિ**

**ભારત વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર**

**સંસ્થા અને વિગત**

- ✓ અમેરિકી થિન્ક ટેન્ક વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૯માં ભારતીય અર્થતંત્ર બ્રિટન અને ફ્રાન્સને પાછળ પાડીને વિશ્વનું પાંચમા નંબરનું અર્થતંત્ર બની ગયું છે.

**વિશ્વની ટોચની પાંચ ઈકોનોમી**

| દેશ | જીડીપી | ક્રમ |
|---|---|---|
| અમેરિકા | 1522 | 1 |
| ચીન | 1004 | 2 |
| જાપાન | 365 | 3 |
| જર્મની | 284 | 4 |
| ભારત | 209 | 5 |

(રકમ રૂપિયા લાખ કરોડમાં)

- ✓ ભારત હવે તેની અગાઉની સ્વમુખી નીતિઓનો ત્યાગ કરીને ઓપન માર્કેટ ઇકોનોમી તરફ વિકાસ કરી રહ્યો છે.
- ✓ ૨.૯૪ લાખ કરોડ અમેરિકન ડોલરના જીડીપી સાથે ભારતીય અર્થતંત્ર વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.
- ✓ વર્ષ ૨૦૧૯માં બ્રિટન અને ફ્રાન્સને પછડાટ આપીને ભારતે આ સ્થાન હાંસલ કર્યું છે

VIVEKANAND ACADEMY

✓ ભારતનો માથાદીઠ જીડીપી ૨,૧૭૦ ડોલર, અમેરિકાનો માથાદીઠ જીડીપી ૬૨,૭૯૪ ડોલર.

## ૬. સંસ્થાકીય નામકરણ : IDSA

**IDSA હવે ધ મનોહર પારિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ તરીકે ઓળખાશે**

✓ સ્થળ-નવી દિલ્હી  સ્થાપના – ૧૧-૧૧-૧૯૬૫

વિગત -

✓ કેન્દ્ર સરકારે સંરક્ષણ અભ્યાસ અને વિશ્લેષણ સંસ્થાનનું નામ બદલીને મનોહર પરિકર સંરક્ષણ અભ્યાસ અને વિશ્લેષણ સંસ્થાન કર્યું છે.

✓ ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી અને ગોવાના મુખ્યમંત્રી રહેલા સ્વ. પરિકર પ્રતિ સન્માન વ્યક્ત કરવા માટે આ નિર્ણય લેવાયો છે.

✓ તેઓ 2014થી 2017 દરમિયાન સંરક્ષણ મંત્રી હતા.

## ૭. જંગલ સફારી પાર્ક – SOU

**SOU ખાતે દેશનો સૌથી મોટા ૩૭૫ એકરમાં તૈયાર કરાયેલા જંગલ સફારી પાર્કનો તા. ૧૮-૦૨-૨૦૨૦ના રોજ શુભારંભ**

**આંકડાકીય વિગતો**

✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી માત્ર 2 કિમી દૂર 375 એકરમાં આ જંગલ સફારી પાર્ક ખુલ્લું મુકવામાં આવ્યું છે.

✓ પાર્કમાં આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની વિવિધ પ્રજાતિ મળી 62 જાતનાં 1500 થી વધુ પ્રાણી-પક્ષીનો સમાવેશ કરાયો છે.

**સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે સુવિધા**

✓ સફારી પાર્કમાં ફરવા માટે ઈ-કાર્ટ અને ચાલતા ચાલતા જોવા માટેની સગવડ ઉભી કરાઇ છે.

✓ મોટેરાની ટિકિટ 200 અને બાળકોના 125 રૂપિયા ટિકિટ દર રાખવામાં આવ્યા છે.

## ૮. ખેલકૂદ – FIFA U-17 વિમેન્સ વર્લ્ડકપ-૨૦૨૦ માટે ભારત પ્રથમવાર યજમાન

**વિગતવાર કાર્યક્રમ**

✓ સતાવાર સ્લોગન – 'કિક ઓફ ધ ડ્રીમ'નું અનાવરણ.

✓ આ વર્લ્ડ કપમાં વિશ્વની 16 ટીમો વચ્ચે અમદાવાદ સહિત દેશના 5 શહેરોમાં કુલ 32 મેચો રમાવવાની છે.

✓ આ મેચો માટે અમદાવાદ ઉપરાંત ભુવનેશ્વર, ગુવાહાટી, કોલકાતા અને નવી મુંબઈની પસંદગી કરવામાં આવી છે.

✓ આ મહિલા વર્લ્ડ કપ 2 નવેમ્બરથી 21 નવેમ્બર દરમિયાન યોજાશે.

✓ 21 નવેમ્બરના રોજ નવી મુંબઈમાં ફાઈનલ રમાશે.

## ૯. નવીન શોધ – લિથિયમ (ખનીજ) બેંગલુરૂ પાસે અનિવાર્ય લિથિયમનો અંદાજે ૧૪,૧૦૦ ટન જથ્થો મળી આવ્યો

**વિશેષતાઓ**

✓ 'એટોમિક એનર્જી કમિશન'ના વિભાગ 'એટોમિક મિનરલ ડિરોક્ટરેટ'ના સંશોધકોએ આ જથ્થો શોધી કાઢ્યો છે.

✓ આ ધાતુનો જથ્થો બેંગાલુરૂથી સો કિલોમીટર દૂર આવેલા માંડિયાની ધરતીમાંથી મળી આવ્યો છે.

✓ લિથિયમ પૃથ્વી ઉપરની અતિ દુર્લભ ધાતુ.

**જરૂરિયાત-મહત્વ**

✓ મોબાઈલ ફોન ઉપરાંત તમામ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેજેટ કે જેમાં બેટરી હોય એ મોટે ભાગે લિથિયમ આયન બેટરીથી જ ચાલતા હોય છે. માટે આ ધાતુના જથ્થાની શોધ ભારત માટે મહત્ત્વપૂર્ણ ઘટના છે.

✓ ભારતે પોતાની જરૂરનું તમામ લિથિયમ આયાત કરવું પડે છે. 2019ના નાણાકિય વર્ષમાં જ ભારતે 1.2 અબજ ડૉલર (85 અબજ રૂપિયા)ની લિથિયમ આયન બેટરી આયાત કરી હતી.

✓ આખી દુનિયા અને ભારત ક્લિન એનર્જી પર ભાર મુકી રહ્યા છે.

✓ એ માટે વધુને વધુ બેટરીઓની જરૂર પડશે. કેમ કે વાહનો દ્વારા મોટુ પ્રદૂષણ થાય છે. તેનું સ્થાન લેવા માર્કેટમાં ઈલેક્ટ્રોનિક વાહનો આવી રહ્યા છે.

✓ આ વાહનો બેટરી દ્વારા જ ચાલે છે. આ બેટરીને કારણે જ વાયરલેસ ગેજેટનો યુગ પણ આવ્યો છે.

✓ ઘડિયાળમાં વપરાતા નાનકડા સેલથી માંડીને સોલાર પાવરના સંગ્રહ માટે કદાવર બેટરીઓનો ઉપયોગ જગવ્યાપક ધોરણે થાય છે. એટલે જ આ બેટરીનું મહત્વ પારખીને 2019ના વર્ષનું કેમેસ્ટ્રીનું નોબેલ પ્રાઈઝ બેટરીના ત્રણ સંશોધકોને આપવામાં આવ્યુ હતું.

**પૃથ્વી પરની સૌથી હળવી ધાતુ**

✓ ૨૦૦ વર્ષ પહેલા 1817માં લિથિયમ ધાતુની સૌ પ્રથમ વાર હાજરી સ્વિડનના રસાયણવિજ્ઞાની જોન ઓગસ્ટસે શોધી કાઢી હતી.

✓ અલબત્ત આ ધાતુ ખાણમાંથી સીધી મળતી નથી, અન્ય ધાતુ સાથે ભળેલી હોય છે, રાસાયણિક પ્રક્રિયા પછી તેનું ઉત્પાદન કરવું પડે છે.

✓ લિથિયમ પૃથ્વી પરની સૌથી હળવી ધાતુ છે, એટલે તેની બેટરી પણ અન્ય બેટરી કરતાં ઓછા વજનની બની શકે છે.

✓ બેટરી ઉપરાંત આ ધાતુનો ઉપયોગ એલ્યુમિનિયમ, સિરામિક, રબ્બર, લ્યુબ્રિકન્ટ વગેરે ઉત્પાદનમાં લિથિયમ વપરાય છે. પરંતુ જગતના કુલ લિથિયમ જથ્થામાંથી 40 ટકા તો બેટરી ઉત્પાદનમાં જ વપરાય છે.

VIVEKANAND ACADEMY

**ઈલેક્ટ્રોનિક લાઈફ-લાઈન**

વર્તમાન ઈલેક્ટ્રોનિક્સ યુગમાં લિથિયમ આયન બેટરી એ લાઈફ લાઈન છે.

- ✓ કેમ કે તેના દ્વારા જ મોબાઈલ ફોન, ટેબલેટ, લેપટોપ, ડિજિટલ કેમેરા, ટોર્ચ, ઈમર્જન્સી પાવર બેક-અપ (જનરેટર-યુપીએસ), સોલાર પાવર સ્ટોરેજ, ટીવી-એસી વગેરેના રિમોટ, હૃદયમાં બેસાડેલું પેસમેકર, ઘડિયાળ, કાર લોકનું રિમોટ, કાને સાંભળવાનું મશીન, એમપી-થ્રી પ્લેયર, લેસર પોઈન્ટર, કેલ્ક્યુલેટર, ઇલેક્ટ્રેનિક બાઈક-સાઈકલ વગેરે ચાલી શકે છે.

**વિશ્વમાં કયા દેશ પાસે કેટલો જથ્થો**

- ✓ અન્ય દેશોની સરખામણીએ ભારતનો જથ્થો બહુ નાનો છે

| દેશ | - | જથ્થો (ટન) |
|---|---|---|
| ચીલી | - | 86 લાખ |
| ઑસ્ટ્રેલિયા | - | 28 લાખ |
| આર્જેન્ટિના | - | 17 લાખ |
| ચીન | - | 10 લાખ |
| ઝિમ્બાબ્વે | - | 70 હજાર |
| પોર્ટુગલ - | | 60 હજાર |

**૧૦. સરદાર પટેલ સ્ટેડિયમ**

**સ્થળ-મોટેરા, અમદાવાદ**

- ✓ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનો ભારતના વડાપ્રધાન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તે તા.૨૪મી ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ ઉદઘાટન

**નવનિર્મિત મોટેરા સ્ટેડિયમની વિશેષતાઓ**

- ✓ 1,10,000 પ્રેક્ષકોની બેઠક ક્ષમતા સાથે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બની જશે.
- ✓ રૂ. 800 કરોડના અંદાજીત ખર્ચે મોટેરા સ્ટેડિયમને નવો અને અદ્યતન ઓપ આપવામાં આવ્યો છે.
- ✓ ૪ લોકર રૂમ, હાલ વિશ્વના દરેક ક્રિકેટ સ્ટેડિયમમાં મહત્તમ બે ડ્રેસિંગ રૂમ હોય છે. જેના સ્થાને મોટેરામાં ૪ લોકર રૂમ હશે.
- ✓ 3 રાઉન્ડ મુખ્ય ગ્રાઉન્ડની સાથે બે નાના ગ્રાઉન્ડ હશે. ૧૧ ક્રિકેટ પિચ બનવાશે જેનાથી ક્રિકેટરને દરેક પિચનો મહાવરો મળી શકે.
- ✓ 3 હજાર કાર અને ૧૦ હજારથી વધુ ટુ-વ્હિલર્સ પાર્ક થઇ શકશે.
- ✓ 55 રૂમ ક્લબ હાઉસમાં હશે. આ સિવાય ઓલિમ્પિક સાઈઝ સ્વિમિંગ પૂલ, જીમ્નેશિયમ જેવી અલાયદી સુવિધા

**સ્ટેડિયમમાં અન્ય આકર્ષણો**

- ✓ સ્ટેડિયમની અંદર જ ક્રિકેટરો માટે જીમ્નેશિયમ.
- ✓ નેટ પ્રેક્ટિસ માટે મેદાનની બહાર ૭ નેટ્સ હશે.
- ✓ વિશાળ ડ્રેસિંગ રૂમ
- ✓ એક મ્યુઝિયમ પણ બનાવાશે.
- ✓ જેમાં ક્રિકેટ અને ક્રિકેટરને લગતી માહિતી - ફોટો - ખેલાડીએ ઉપયોગમાં લીધેલી વસ્તુ ટ્રોફીઓ હશે.
- ✓ ચાર લેયરવાળું સ્ટેડિયમ. આ ચાર લેયરમાં પ્રેક્ષકો બેસી શકશે. બે લેયર વચ્ચેના પોડિયમમાં પ્રેક્ષકો માટે નાસ્તા પાણીના સ્ટોલ હશે.
- ✓ અશક્ત અને દિવ્યાંગો માટે ખાસ રેમ્પ બનાવાયો છે. આ રેમ્પ દ્વારા તેઓ સ્ટેડિયમમાં જઈ શકશે.
- ✓ લિફ્ટની પણ વ્યવસ્થા.
- ✓ સરદાર પટેલ સ્ટેડિયમના નિર્માણ માટે ૧૯૮૨માં ગુજરાત સરકાર દ્વારા ૫૦ એકર જમીન દાનમાં આપવામાં આવી હતી.
- ✓ પ્રારંભમાં આ સ્ટેડિયમને ગુજરાત સ્ટેડિયમ અને ત્યારબાદ તેને સરદાર પટેલ સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું હતું. એ વખતે આર્કિટેક્ટ શશી પ્રભુએ આ સ્ટેડિયમની ડિઝાઈન તૈયાર કરી હતી.
- ✓ નવેમ્બર ૧૯૮૨માં ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચ સાથે આ સ્ટેડિયમે સૌપ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચની યજમાની કરી હતી.

**વિશ્વના હાલના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ**

- ✓ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ - દેશ : ઓસ્ટ્રેલિયા ક્ષમતા : 1,00,024
- ✓ ઈડન ગાર્ડન્સ - દેશ : ભારત
  ક્ષમતા : 68,000
- ✓ પર્થ સ્ટેડિયમ - દેશ : ઓસ્ટ્રેલિયા
  ક્ષમતા : 60,000

**૧૧. ખેલકૂદ – રેકોર્ડ : દોડ**

**કમ્બાલા - કર્ણાટકમાં રમાતી ભેસની પરંપરાગત રેસ**

**વિશેષ રેકોર્ડ**

- ✓ કર્ણાટકમાં ભેંસોની પરંપરાગત રેસ (કમ્બાલા) દરમિયાન માત્ર ૯.૫૫ સેકેન્ડમાં 100 મીટર દોડી જનારા શ્રીનિવાસન ગૌડાનું નામ હાલમાં ઘણું ચર્ચામાં રહ્યું હતું.
- ✓ જેણે 100 મીટર દોડનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો, જે ઉસેન બોલ્ટના નામે (૯.૫૮ સેકેન્ડમાં ૧૦૦ મીટર) છે. ત્યારે આ શ્રીનિવાસન ગૌડાનો પણ રેકોર્ડ તૂટી ગયો છે, અને તોડનાર વ્યક્તિ પણ કમ્બાલા રેસમાં ભાગ લેનાર વ્યક્તિ જ છે.

VIVEKANAND ACADEMY

- ✓ કમ્બાલા રેસર નિશાંત શેટ્ટી, શ્રીનિવાસન ગૌડાથી પણ આગળ નિકળી ગયો છે.
- ✓ તેણે માત્ર ૯.૫૧ સેકેન્ડની અંદર જ ૧૦૦ મીટરનું અંતર કાપી નાંખ્યું હતું. હવે તેની ફોટો અને તેની આ સિદ્ધિ વાયરલ બની છે.
- ✓ મીડિયા રિપોર્ટ પ્રમાણે નિશાંત શેટ્ટી નામના આ વ્યક્તિએ ૧૪૩ મીટરનું અંતર માત્ર ૧૩.૪૬ સેકન્ડમાં કાપ્યું હતું.
- ✓ એટલે કે તેણે શ્રીનિવાસન ગૌડાથી 0.0૪ સેકેન્ડ ઝડપથી ૧૦૦ મીટરનું અંતર કાપ્યું.
- ✓ તો ૯.૮૨૮ સેકેન્ડમાં ૧૦૦ મીટરનો જેના નામે વર્લ્ડ રેકોર્ડ છે તે ઉસૈન બોલ્ટ કરતા 0.0૭ સેકેન્ડ આગળ નીકળી ગયો છે.

**કમ્બાલા રેસ શુ છે ?**

- ✓ કમ્બાલા રેસ કર્ણાટકની એક પરંપરાગત રમત છે. જેમાં યુવાનો પોતાની પ્રશિક્ષિત ભેંસો સાથે ભાગ લે છે.
- ✓ કીચડમાં આ ભેંસોની રેસનું આયોજન થાય છે. જેમાં યુવાનો પોતાની ભેંસોની જોડ સાથે દોડ લગાવે છે.

## ૧૨. સિદ્ધિ – રાષ્ટ્રીય ભાષા હિન્દી

વિશ્વમાં સૌથી વધારે બોલાતી ભાષામાં હિન્દી ત્રીજા નંબરે

- ✓ દુનિયાભરની વિવિધ ભાષાઓની યાદી, ઉત્પતિ અને વિકાસ અંગેની માહિતી માટે 'એથનલોગ' નામનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે. જેને વિશ્વનું ભાષાશાસ્ત્ર ગણવામાં આવે છે.
- ✓ દર વર્ષે એથનલોગ દ્વારા વિશ્વની વિવિધ ભાષાઓ અંગેનો આંકડાકિય રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- ✓ હાલમાં જ ૨૦૧૯ના વર્ષ માટેનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં હીંદી ભાષાને વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે.
- ✓ રિપોર્ટ પ્રમાણે દુનિયામાં ૬૧.૫ કરોડ લોકો હિંદી ભાષા બોલે છે.
- ✓ સૌથી વધુ બોલાતી ટોપ ટેન ભાષાના લિસ્ટમાં બંગાળી ભાષાનો સમાવેશ પણ થાય છે.

| ક્રમ | ભાષા | બોલનારા લોકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | 113.2 કરોડ |
| ૨ | મેન્ડેરિન(ચાઇનીઝ) | 111.7 કરોડ |
| ૩ | હિંદી | 61.5 કરોડ |
| ૪ | સ્પેનિશ | 53.4 કરોડ |
| ૫ | ફ્રેન્ચ | 28 કરોડ |
| ૬ | અરેબિક | 27.4 કરોડ |
| ૭ | બંગાળી | 26.5 કરોડ |
| ૮ | રશિયન | 25.8 કરોડ |
| ૯ | પોર્ટુગીઝ | 23.4 કરોડ |
| ૧૦ | ઇન્ડોનેશિયન | 19.9 કરોડ |

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૨-૨૦૨૦)

1. એમેઝોનના માલિક અને સીઈઓ તેમજ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ જેફ બેઝોસે ક્લાઈમેટ ચેન્જ સામે લડવા કેટલા રૂપિયાનું દાન કરશે **–૩૭૧ .,૪૧૯ કરોડ**
2. જેફ બેઝોસે ક્લાઈમેટ ચેન્જ સામે લડવા ૩૭૧ .,૪૧૯ કરોડ રૂપિયાનું દાન કરશે એ માટે કયુ ફંડ રચાશે **–'બેઝોસ અર્થ ફંડ'**
3. એમેઝોનનાં ૩૫૦થી વધુ કર્મચારીઓએ સહી ઝુંબેશ ચલાવી ક્યા વર્ષ સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય સ્તરે લાવવાની વાત હતી **–વર્ષ૨૦૩૦-**
4. ફેબ્રુઆરી માં૨૦૨૦-મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની આત્મકથા પ્રગટ થઈ તેનું નામ જણાવો **-Let Me Say It Now'**
5. મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની આત્મકથામાં Let Me Say It Now' મુંબઇમાં તાજ હુમલા અંગે કયો મહત્વનો ખુલાસો છે **-આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાએ મુંબઈ પરના હુમલાને હિંદુ આતંકવાદના નામે ખપાવી દેવાનો કારસો ઘડ્યો હતો**
6. લૉરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ એવોર્ડ2020-નો એવોર્ડ કોને આપવામાં આવ્યો **-ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર**
7. રમતોની દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત લૉરિયસ એવોર્ડ કેટલી કેટેગરીમાં આપવામાં આવે છે **-૧૩**
8. રમતોની દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત લૉરિયસ એવોર્ડની શરૂઆત કયારે અને કોના દ્વારા કરવામાં આવી **-વર્ષ-ર્ટ્સ ફોર ગુડ ફમાં લૉરિયસ સ્પો૧૯૯૯ાઉન્ડેશનના ડેમલર તથા રિચીમોન્ટે**
9. કઈ અમેરિકન જિમ્નાસ્ટે ચાર વર્ષમાં ત્રીજી વખત લૉરિયસ સ્પોર્ટ્સ વૂમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો જે એવૉર્ડના ઇતિહાસમાં ચોથી વખત બન્યું છે **-સિમોન બાઇલ્સ**
10. FATFનું વિસ્તૃત નામ જણાવો **-ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સ**
11. અમેરિકી થિન્ક ટેન્ક વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના રિપોર્ટ અનુસાર વર્ષ-૨૦૧૯માં ભારતીય અર્થતંત્ર બ્રિટન અને ફ્રાન્સને પાછળ પાડીને વિશ્વનું કેટલામાં નંબરનું અર્થતંત્ર બન્યુ **–પાંચમું**
12. ભારતનો તથા અમેરિકાનો માથાદીઠ જીડીપી કેટલો છે **–અનુક્રમે ૩૨ .,૧૭૦ ડોલર અને ૩૬૨ .,૭૯૪ ડોલર**
13. IDSA નવા ક્યા નામે ઓળખાશે **-ધ મનોહર પારિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ**
14. ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ કયાં આવેલું છે તથા તેની સ્થાપના કયારે કરવામાં આવી હતી **–દિલ્હી અને તા ૧૯૬૫-૧૧-૧૧ .**

VIVEKANAND ACADEMY

15. SOU ખાતે દેશનો સૌથી મોટા ૩૭૫ એકરમાં તૈયાર કરાયેલા કયા પાર્કનો તા-મી ફેબ્રુઆરી૧૮.૨૦૨૦ના રોજ શુભારંભ થયો -**જંગલ સફારી પાર્ક**
16. જંગલ સફારી પાર્કમાં આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની વિવિધ પ્રજાતિ મળી કેટલી જાતનાં કેટલા પ્રાણી-**થી વધુ1500 અને 62** – પક્ષીનો સમાવેશ કરાયો
17. FIFA U-માટે ભારત કેટલામીવાર ૨૦૨૦-વિમેન્સ વર્લ્ડકપ 17 – યજમાન બન્યું**પ્રથમવાર**
18. FIFA U-૨૦૨૦-વિમેન્સ વર્લ્ડકપ 17માં કુલ કેટલા દેશોની ટીમ ભાગ લેશે **16** -
19. FIFA U-૨૦૨૦-વિમેન્સ વર્લ્ડકપ 17માં ૧૬ ટીમ વચ્ચે કયા શહેરોમાં કુલ કેટલી મેચો રમાશે –**અમદાવાદ, ભુવનેશ્વર, ગુવાહાટી, કોલકાતા અને નવી મુંબઈ તથા કુલ મેચો 32**
20. ફેબ્રુઆરીમાં બેંગલુરૂ પાસેના માંડિયાની ધરતીમાંથી ૨૦૨૦-૧૪કયા ખનીજનો અંદાજે ,૧૦૦ ટન જથ્થો મળી આવ્યો – **લિથિયમ**
21. ફેબ્રુઆરીમાં કયાં સંશોધકો દ્વારા બેંગલુરૂ પાસેના ૨૦૨૦-માંડિયાની ધરતીમાંથીલિથિયમનો જથ્થો શોધી કઢાયો - **'એટોમિક એનર્જી કમિશન' વિભાગના 'એટોમિક મિનરલ ડિરોક્ટરેટ'ના સંશોધકો**
22. ૨૦૦ વર્ષ પહેલા વર્ષ-માં લિથિય1817મ ધાતુની સૌ પ્રથમ વાર હાજરી સ્વિડનના કયા રસાયણવિજ્ઞાનીએ શોધી કાઢી હતી -**જોન ઓગસ્ટસ**
23. પ્રેક્ષકોની બેઠક ક્ષમતા સાથે વિશ્વનું સૌથી મોટું 1,10,000 ક્રિકેટ સ્ટેડિયમનું નામજણાવો –**મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ**
24. કર્ણાટકમાં રમાતી ભેસની પરંપરાગત રેસનું નામ જણાવો – **કમ્બાલા**
25. વિશ્વની વિવિધ ભાષાઓની યાદી, ઉત્પતિ અને વિકાસ અંગેની માહિતી માટે 'કયો ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે - **એથનલોગ**
26. કોને વિશ્વનું ભાષાશાસ્ત્ર ગણવામાં આવે છે -**એથનલોગ ડેટાબેઝ**
27. એથનલોગના ૨૦૧૯ના રિપોર્ટ મુજબ વિશ્વની વધુ બોલાતી પ્રથમ ત્રણ ભાષા જણાવો –**૧અંગ્રેજી ., ૨ .૩મેન્ડરીન અને . હિન્દી**

**19 – ફેબ્રુઆરી–૨૦૨૦**

**૧. ગુજરાત સરકાર : કેબિનેટના મહત્વના નિર્ણયો**

**(૧) નર્મદા, નવસારી અને પોરબંદરમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારની મંજૂરી**

- ✓ નર્મદાના રાજપીપળા, નવસારી અને પોરબંદર શહેરમાં હયાત જિલ્લા હોસ્પિટલોને પ્રથમ તબક્કે ૩૦૦ બેડમાં અપગ્રેડ કરવામાં આવશે.
- ✓ પહેલા વર્ષે MBBSની ૧૦૦ બેઠકો ઉપર પ્રવેશ મળશે અને કોલેજ પૂર્ણ થતા ૫૦૦ બેડની સુવિધાવાળી હોસ્પિટલોનું પણ નિર્માણ થશે.
- ✓ ત્રણેય કોલેજો માટે ભારત સરકારના ૬૦ ટકા લેખે રૂ.૫૮૫ કરોડ અને રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે રૂ. ૩૯૦ મળી કુલ રૂ . ૯૭૫ કરોડનો ખર્ચ થશે

**(૨) ESIC : હોસ્પિટલમાં સામાન્ય નાગરિકોને પણ સારવાર**

- ✓ કામદાર રાજ્ય યોજના અર્થાત ESICની હોસ્પિટલો, દવાખાનાઓમાં હવે કામદારો ઉપરાંત સામાન્ય નાગરીકોને પણ સારવાર ઉપલબ્ધ થશે.
- ✓ રાજ્યમાં ઔદ્યોગિક વિસ્તારો સહિત ૪૦ શહેરોમાં ESICના ૮૦ દવાખાના અને ૭ મોટી હોસ્પિટલ આવેલી છે. જ્યાં સંગઠીત ક્ષેત્રના કામદારો અને તેમના કુટુંબીજનોને વિનામૂલ્ય તબીબી સરવાર મળે છે.
- ✓ હવેથી ત્યાં સામાન્ય નાગરિકો કે વીમા યોજનાના લાભાર્થી નથી તેમને પણ આરોગ્ય વિષયક સેવાઓ મળશે. જેનો દવાનો ખર્ચ સરકાર ઉપાડશે.
- ✓ મા-કાર્ડ હેઠળ પણ સારવાર મળશે.

**(૩) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

- ✓ ચિલ્ડ્રન્સ યુનિ. માટે ૩૦ એકર જમીન ફાળવાઈ
- ✓ સેક્ટર-૨૦માં કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે કેબિનેટની બેઠકમાં ગાંધીનગરના શાહપુરમાં વિના મૂલ્ય ૩૦ એકર જમીનની ફાળવવા નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ✓ જમીન ફાળવ્યા બાદ આ યુનિવર્સિટીના બાંધકામ માટે આગામી બજેટમાં ખર્ચ સંદર્ભે જોગવાઈ થશે.

**કુલપતિ - શ્રી હર્ષદ શાહ**

**૨. નિયુક્તિ- શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ અયોધ્યા**

**અધ્યક્ષ- મંદિર આંદોલનનું નેતૃત્વ કરી રહેલા મહંત નૃત્યગોપાલદાસજી**

**અન્ય જવાબદારી**

**વિહિપના ચંપત રાય - મુખ્ય સચિવ**

- ✓ ગુરૂ પાંડુરંગ આઠવલેના શિષ્ય સ્વામી ગોવિંદદેવ ગિરિ - કોષાધ્યક્ષ
- ✓ પૂર્વ કેબિનેટ સચિવ નૃપેન્દ્ર મિશ્રા - મંદિર નિર્માણ સમિતિના ચેરમેન
- ✓ ઉત્તર પ્રદેશના ગૃહસચિવ અવનિશ અવસ્થી - નોમિનેટ સભ્ય

VIVEKANAND ACADEMY

- ✓ મંદિર નિર્માણ પહેલાં રામલલાને હંગામી ધોરણે ઊભા થનારા મંદિરમાં દર્શનાર્થે મૂકવામાં આવશે.
- ✓ ૨૭ વર્ષથી ટેન્ટમાં બિરાજમાન રામલલા સહિત ચારેય ભાઈઓને મૂળ ગર્ભગૃહથી દોઢસો મીટરના અંતરે માનસ ભવન નજીક ઊભા થનારા મેકશિફ્ટ મંદિરમાં લઈ જવામાં આવશે.

## ૩. નિર્ણય – યુરો-6 ગ્રેડ ઈંધણ (પર્યાવરણ)

- ✓ આગામી તારીખ- 01.04.2020થી દેશભરમાં વિશ્વનું સૌથી સ્વચ્છ પેટ્રોલ-ડીઝલ ઉપલબ્ધ થશે

**અન્ય વિગતો**

- ✓ દેશભરના પેટ્રોલપંપો પર પહેલી એપ્રિલથી યૂરો-6 ગ્રેડનું પેટ્રોલ અને ડીઝલ મળવાનું શરૂ થઈ જશે.
- ✓ કેન્દ્ર સરકારે ૧ એપ્રિલ, ૨૦૨૦ થી યૂરો-6 ઉત્સર્જન માપદંડો લાગુ પાડવાનો નિર્ણય કર્યો છે.
- ✓ યૂરો-6 ગ્રેડ ઈંધણ દુનિયાનું સૌથી સ્વચ્છ પેટ્રોલ અને ડીઝલ મનાય છે.
- ✓ ભારતે ફક્ત 3 વર્ષમાં આ પડાવ હાંસલ કરી લીધો છે.
- ✓ જ્યારે દુનિયાના મોટા મોટા દેશો આ દિશામાં હજુ સંશોધન કરી રહ્યાં છે.
- ✓ દેશના લગભગ અડધા ઈંધણ પર કંપનીનો કબજો છે અને લગભગ તમામ રિફાઈનરીઓ વર્ષ ૨૦૧૯ના અંતથી અલ્ટ્રા લો સલ્ફર બીએસ-6 યૂરો પેટ્રોલ અને ડીઝલનું ઉત્પાદન શરૂ કરી ચુકી છે.

**યુરો-6 ઈંધણના ફાયદા**

**નાઈટ્રોજન ઓક્સાઈડ ઉત્સર્જન 25-70% ઘટશે**

- ✓ સરકારી રિફાઈનરીના નવા માનાંક અનૂકુળ ઈંધણ તૈયાર કરવા માટે આશરે 35 હજાર કરોડનું રોકાણ થશે.
- ✓ બીએસ-6ને અનૂકુળ પેટ્રોલ-ડિઝલમાં સલ્ફરનું પ્રમાણ માત્ર 10 પીપીએમ હોય છે. જે સીએનજીની જેમ સ્વચ્છ ગણાય છે.
- ✓ નવા ઇંધણથી બીએસ-6 આધારિત વાહનોમાં નાઈટ્રોજન-ઓક્સાઈડનું ઉત્સર્જન પેટ્રોલ કારમાં 25 ટકા સુધી ડીઝલ કારમાં 70 ટકા સુધી ઘટશે.

ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન – શ્રી સંજીવ સિંહ

## ૪. નિમણૂક - કેન્દ્ર સરકાર

**ભારતના નવા CVC અને CICની પસંદગી**

- ✓ CVC - સંજય કોઠારી
- ✓ CVC – ચીફ વિજિલન્સ કમિશનર
- ✓ CIC - વિમલ ઝુલ્કા
- ✓ CIC – ચીફ ઇન્ફર્મેશન કમિશનર
- ✓ વડાપ્રધાનના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં નિર્ણય

**અન્ય**

- ✓ આંધ્ર બેન્કના પૂર્વ સીઇઓ સુરેશ એન. પટેલ વિજિલન્સ કમિશનરેટમાં નવા કમિશનર બની રહેશે.
- ✓ પંજાબ જાહેર સેવા પંચના પૂર્વ સભ્ય અમિત પડાવ પણ નવા કેન્દ્રીય માહિતી કમિશનર બની રહેશે.

## ૫. ઈ-વાહનો - કેન્દ્ર સરકાર (પર્યાવરણ)

- ✓ **લક્ષ્યાંક-** ઈ-વાહનો પર વધુ ભાર મૂકતા ફેમ-2 ચરણનો અમલ શરૂ
- ✓ ફેમ-2 અંતર્ગત પ્રથમ ચરણમાં આગામી ત્રણ વર્ષમાં ૪૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ચાર્જીંગ સ્ટેશન શરૂ કરાશે
- ✓ જ્યારે રાજ્યોની રાજધાનીઓમાં 5 વર્ષનું લક્ષ્યાંક છે.

## ૬. કેન્દ્રીય કેબિનેટ - મહત્વના નિર્ણય (વહીવટ)

**(૧)PM પાક વીમા યોજનામાં સુધારાને મંજુરી**

**વિગત**

- ✓ પહેલાં વીમાની રકમમાંથી લોનની રકમ કાપી લેવાતી હતી. હવે એવું નહીં કરી શકાય.
- ✓ **ખેડૂતોએ પાક વિમો લેવો ફરજીયાત નથી**
- ✓ યોજના હેઠળ હાલ કેન્દ્ર અને રાજ્ય પ્રીમિયમનો 50-50 ટકા હિસ્સો ચૂકવે છે પણ હવે પૂર્વોત્તરના ખેડૂતો માટે કેન્દ્ર પ્રીમિયમનો 90 ટકા અને રાજ્ય 10 ટકા હિસ્સો આપશે.
- ✓ ગત વર્ષે આ યોજના સાથે 5.5 કરોડ ખેડૂતો જોડાયા હતા.
- ✓ 13 હજાર કરોડ રૂપિયાનું પ્રીમિયમ એકઠું થયું. તેમાંથી 7 હજાર કરોડ રૂપિયા દાવા તરીકે ચૂકવાયા.

**(૨) ફાર્મર પ્રોડયુસ ઓર્ગેનાઇઝેશન (FPO) વિશે**

- ✓ સરકાર 5 વર્ષમાં 10 હજાર ફાર્મર પ્રોડ્યુસ ઓર્ગેનાઈઝેશન (એફપીઓ)ની રચના કરશે.
- ✓ તેનો ઉદ્દેશ્ય એક લાખ લોકોને કૃષિ રોજગાર ઉપલબ્ધ કરાવવાનો છે.
- ✓ એફપીઓને રૂ.4496 કરોડની આર્થિક મદદ અપાશે.
- ✓ ડેરી ક્ષેત્રની લોન પર સબસિડી 2 ટકાથી વધીને 2.5 ટકા થશે.
- ✓ ફાયદો 50 હજાર ગામના 95 લાખ ખેડૂતોને મળશે.

**FPOની જવાબદારી**

- ✓ એફપીઓની જવાબદારી 3 એજન્સીઓ

1. લઘુ કિસાન કૃષિ વ્યવસાય સંઘ (SFAC)
2. રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)
3. રાષ્ટ્રીય કૃષિ તથા ગ્રામીણ વિકાસ બેન્ક (નાબાર્ડ)

- ✓ રાજ્ય ઈચ્છે તો કેન્દ્રીય કૃષિ મંત્રાલય સાથે ચર્ચા કરી પોતાની એજન્સીનો પ્રસ્તાવ રજૂ કરી શકે છે.

VIVEKANAND ACADEMY

- **કાર્ય :** ખેડૂતોને બિયારણ, ખાતર, મશીનોનો સપ્લાય, બજાર, નેટવર્કિંગ, લોન અને ટેક્નિક વિશે સલાહ આપવી.
- કૃષિ સંબંધિત ટ્રેનિંગ આપવી.
- સામાન્ય વિસ્તારોમાં એક એફપીઓમાં 300-300 અને પૂર્વોત્તર-પર્વતીય ક્ષેત્રોમાં 100-100 સભ્ય હોય છે.
- હાલ દેશમાં આશરે 3000 એફપીઓ છે.
- **પડકાર :** એક એફપીઓને આત્મનિર્ભર થવામાં આશરે 5 વર્ષ લાગે છે.
- પ્રભાવશાળી અને મોટા ખેડૂત સહકારી સમિતિઓમાં સામેલ થાય છે.
- જોકે એફપીઓમાં એવા નાના ખેડૂતો જોડાય છે, જેમનો ક્ષેત્રમાં ઓછો પ્રભાવ હોય છે.
- ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો સાથે એફપીઓનું જોડાણ ઓછું છે.

**(3) કેબિનેટે 22માં કાયદાપંચની રચનાને મંજૂરી આપી**

- પંચ જટિલ કાનૂની મુદ્દાઓ પર સરકારને સલાહ આપશે.
- તેનો કાર્યકાળ 3 વર્ષનો રહેશે.
- ગત પંચનો કાર્યકાળ ચાલુ વર્ષે ઓગસ્ટમાં પૂરો થશે.

**(૪) સ્વચ્છ ભારત અભિયાનનો બીજો તબક્કો શરૂ થશે**

- ગામડાંમાં પણ પ્લાસ્ટિક, ભીના કચરાના યોગ્ય નિકાલ માટે પર્યાવરણ મંત્રાલય વિશેષ અભિયાન ચલાવશે.

**(૫) સંસદના આ સત્રમાં આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી રેગ્યુલેશન બિલ રજૂ થશે**

- આ મહિલાઓના પ્રજનનના અધિકાર સંબંધિત બિલ છે જે મેડિકલ વ્યવસાયિકો, તેની સાથે સંકળાયેલા ટેક્નિશિયન પ્રતિનિધિઓ પર લાગુ પડશે.

## ૭. ભારત–USA વેપાર સંબંધો (વૈશ્વિક સંબંધો)

**વેપારની દૃષ્ટિએ અમેરિકા ચીન પછી ભારતનું બીજા નંબરનું મોટું ભાગીદાર છે.**

- વર્ષ ૨૦૧૯ના પ્રથમ ત્રણ માસમાં અમેરિકામાં ભારતની ૬૫.૬ અબજ ડૉલરની નિકાસ થઈ હતી. એ સમયમાં જ અમેરિકાએ ભારતને ૪૫.૩ અબજ ડૉલરની ચીજ-સેવાઓ વેચી હતી.
- એટલે કુલ ટ્રેડ ૧૧૧ અબજ ડૉલર જેવો નોંધાયો હતો.
- ૨૦૧૮માં ભારત અમેરિકા વચ્ચે વિક્રમજનક રીતે ૧૪૨.૬ અબજ ડૉલરનો વેપાર થયો હતો. તેમાં ભારતની નિકાસ ૮૩.૯ અબજ ડૉલર
- જ્યારે આયાત ૫૮.૭ અબજ ડૉલર હતી.
- અમેરિકા માટે ભારત ૧૨મુ સૌથી મોટુ આયાતકાર રાષ્ટ્ર છે.

## ૮. CMS COP 13 – 2020 (વન્યજીવ)

**ઈન્ડો પેસિફિક દરિયામાં છેલ્લાં ૭૫ વર્ષમાં વ્હેલ શાર્કની વસતીમાં ૬૩ ટકાનો ઘટાડો**

**WTI અહેવાલ** **વ્હેલ શાર્ક શું છે ?**

- વ્હેલ શાર્ક એ શાર્ક માછલીના કુળની એક પ્રજાતિ છે. તેનો શારીરિક દેખાવ વ્હેલ જેવો હોવાથી તેને વ્હેલ શાર્ક તરીકે ઓળખવામાં આવે છે.
- તેની લંબાઇ ૧૫ ફૂટથી લઇ ૬૨ ફૂટ સુધીની હોય છે.
- ઈન્ડો પેસિફિક દરિયાઈ વિસ્તારમાં ગુજરાતના દરિયાકાંઠે વ્હેલ શાર્કની સૌથી વધુ વસતિ જોવા મળે છે.
- કોનકીકી, ડોનસોલ, ગ્રેટ માઇગ્રેશન્સ, ધ લિવિંગ પ્લાનેટ જેવી ફિલ્મોના કારણે આ પ્રજાતિને વધુ ઓળખ મળી છે.
- WTI – વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા

## ૯. જન્મ દિન વિશેષ : 19 ફેબ્રુઆરી (૧)આઠ અક્ષરનું નામઃ ભૂપત વડોદરિયા

**જન્મ - 19 ફેબ્રુઆરી-1929**

**અવસાન- 4 ઓક્ટોબર-2011**

- આજે 19 ફેબ્રુઆરીના રોજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતા, આરએસએસના સરસંઘ સંચાલક માધવ સદાશિવ ગોલવલકર, વિખ્યાત અભિનેત્રી અને ગાયિકા અમીરબાઈ કર્ણાટકી, ખગોળશાસ્ત્રી નિકોલસ કોપરનિકસ અને પ્રસિદ્ધ નવલકથાકાર અને પત્રકાર ભૂપત વડોદરિયાનો જન્મદિવસ અને ગોપાલકૃષ્ણ ગોખલે, આચાર્ય નરેન્દ્ર દેવની પુણ્યતિથિ છે.
- મૂળ પાળિયાદના પણ સૌરાષ્ટ્રના ધ્રાંગધ્રા ખાતે જન્મેલા ભૂપત છોટાલાલ વડોદરિયાએ 3 વર્ષની વયે માતાની છત્રછાયા ગુમાવી હતી.
- 1946માં વિજ્ઞાન સ્નાતક થઇ લોકશક્તિ દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયા 1955માં 26 વર્ષની વયે ફૂલછાબ દૈનિકના સૌથી યુવા તંત્રી બન્યા.
- તે પછી ગુજરાતી ભાષાના વિવિધ સામયિકો અને દૈનિકોમાં ભૂપતભાઈ સંપાદક તરીકે સેવાઓ આપતા રહ્યા હતા.
- 1982થી 1986 દરમિયાન તેઓ ગુજરાત સરકારના ઈન્ફર્મેશન વિભાગના માહિતી નિયામક તરીકે રહ્યા હતા.
- ભૂપતભાઈના પ્રેમ એક પૂજા, કસુંબીનો રંગ, જીવન જીવવાનું બળ, પંચામૃત, અંતરના રૂપ, ઘરે બાહિરે ભાગ 1 - 5 અને આઝાદીની આબોહવા તેમની નવલકથા, વાર્તા અને નિબંધના પુસ્તકો છે.
- પત્રકાર અને સાહિત્યકાર ભૂપત વડોદરિયાનું 4 ઓક્ટોબર 2017ના રોજ અવસાન થયું.

## (૨) ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા

VIVEKANAND ACADEMY

(3) RSSના દ્વિતિય વડા શ્રી માધવ સદાશિવ ગોલવલકર

(૪) છત્રપતિ શિવાજી મહારાજ (જન્મ-૧૬૩૦)

✓ મહાન યોદ્ધા અને રણનીતિકાર - મરાઠા સામ્રાજયના મહારાજા

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરીમાં ગુજરાતના કયા જિલ્લાઓમાં નવી ૨૦૨૦- મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી– **નર્મદા, નવસારી અને પોરબંદર**
2. ગુજરાતના નર્મદા નવસારી અને પોરબંદર જિલ્લાઓમાં મંજૂર થયેલી નવી મેડિકલ કોલેજ માટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે- રૂ૯૭૫ .કરોડ
3. ગુજરાતના નર્મદા નવસારી અને પોરબંદર જિલ્લાઓમાં સ્થપાનારી નવી મેડિકલ કોલેજમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારના ખર્ચનો રેશિયો જણાવો – **અનુક્રમે ૬૦ ટકા (કરોડ ૫૮૫.રૂ) અને ૪૦ ટકા (કરોડ ૩૯૦ .રૂ)**
4. ફેબ્રુઆરીમાં ગુજરાત કેબિનેટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૨૦૨૦- નવા ભવન માટે કયા સ્થળે કેટલી જમીન ફાળવવાનો નિર્ણય - લેવાયો**ગાંધીનગરના શાહપુરમાં વિના મૂલ્ય 30 એકર જમીન ફાળવાશે**
5. શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ અયોધ્યાના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી -**મંદિર આંદોલનનું નેતૃત્વ કરી રહેલા મહંત નૃત્ય ગોપાલદાસ**
6. શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ અયોધ્યાના મુખ્ય સચિવ પદે કોની વરણી કરવામાં આવી -વિહિપના ચંપત રાય
7. શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમિતિના ચેરમેનપદે કોની વરણી કરવામાં આવી -પૂર્વ કેબિનેટ સચિવ નૃપેન્દ્ર મિશ્રા
8. દેશભરના પેટ્રોલપંપો પર કયારથી યૂરો-6 ગ્રેડનું પેટ્રોલ અને ડીઝલ મળશે – ૧લી એપ્રિલ ૨૦૨૦-
9. નવા ઇંધણથી બીએસ 6-આધારિત વાહનોમાં નાઈટ્રોજન-ઓક્સાઈડનું ઉત્સર્જન પેટ્રોલ તથા ડીઝલ કારમાં કેટલા ટકા સુધી ઘટશે -**અનુક્રમે ટકા 70 તથા 25**
10. તાજેતર ફેબ્રુઆરી માં ભારતના નવા૨૦૨૦-CVC તરીકે કોની પસંદગી કરવામાં આવી – **સંજય કોઠારી**
11. તાજેતર ફેબ્રુઆરી માં ભારતના નવા૨૦૨૦-CIC તરીકે કોની પસંદગી કરવામાં આવી – વિમલ ઝુલ્કા
12. CVCનું વિસ્તૃત નામ જણાવો–**ચીફ વિજિલન્સ કમિશનર**
13. CICનું વિસ્તૃત નામ જણાવો– **ચીફ ઇન્ફર્મેશન કમિશનર**
14. ઈવાહનો પર વધુ ભાર મૂકતા ફે-મ2-ના પ્રથમ ચરણમાં આગામી ત્રણ વર્ષમાં કેટલા લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ચાર્જીંગ સ્ટેશન શરૂ કરવાનો લક્ષ્યાંક છે -૪૦ લાખ
15. ફેબ્રુઆરીમાં કેન્દ્રીય કેબિનેટે કઈ પાક વીમા ૨૦૨૦- યોજનામાં સુધારાને મંજુરી આપી -**PM**
16. FPOનું વિસ્તૃત નામ જણાવો -**ફાર્મર પ્રોડયુસ ઓર્ગેનાઇઝેશન**
17. કેન્દ્ર સરકાર આગામી વર્ષમાં કેટલા ફાર્મર પ્રોડ્યુસ 5 હજાર 10 -ની રચના કરશે(એફપીઓ) ઓર્ગેનાઈઝેશન
18. કેન્દ્ર સરકાર ફાર્મર પ્રોડ્યુસ ઓર્ગેનાઈઝેશન ને (એફપીઓ) - કેટલા રૂપિયાની આર્થિક મદદ આપશેરૂ **4496.કરોડ**
19. ફેબ્રુઆરીમાં કેન્દ્રીય કેબિનેટે કેટલામાં કાયદાપંચની ૨૦૨૦- માં**22** - રચનાને મંજૂરી આપી
20. માં કાયદાપંચનું કાર્ય તથા તેની મુદત જણાવો22– **જટિલ કાનૂની મુદ્દાઓ પર સરકારને સલાહ આપવાનું કાર્ય તથા મુદત 3 વર્ષ**
21. સંસદના વર્તમાન સત્રમાં રજૂ થનાર આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી રેગ્યુલેશન બિલ શેના સંબધિત છે -**મહિલાઓના પ્રજનનના અધિકાર સંબંધિત**
22. વેપારની દૃષ્ટિએ ભારતનો પ્રથમ નંબરનો મોટો ભાગીદાર દેશ કયો છે -**ચીન**
23. વેપારની દૃષ્ટિએ ભારતનો બીજા નંબરનો મોટો ભાગીદાર દેશ કયો છે – **અમેરિકા**
24. અમેરિકા માટે ભારત કેટલામુ સૌથી મોટુ આયાતકાર રાષ્ટ્ર છે -**૧૨મુ**
25. ઈન્ડો પેસિફિક દરિયામાં છેલ્લાં ૭૫ વર્ષમાં વ્હેલ શાર્કની વસતીમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો -**૬૩ ટકા**
26. WTIનું વિસ્તૃત નામ જણાવો – **વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ** ઓફ ઈન્ડિયા
27. પ્રસિદ્ધ નવલકથાકાર અને પત્રકાર ભૂપત વડોદરિયાનો જન્મદિવસ જણાવો **1929-ફેબ્રુઆરી 19** -

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા, RSSના દ્વિતિય વડા શ્રી માધવ સદાશિવ ગોલવલકર અને છત્રપતિ શિવાજીનો જન્મ કઈ તારીખે થયો હતો - **19 ફેબ્રુઆરી**

**20 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. વિશ્વના બાળકોનું ભવિષ્ય ( ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સ) – (બાળ સંભાળ)

✓ ઈન્ડેક્સ તૈયાર કરનાર વૈશ્વિક સંસ્થાઓ – WHO, યુનિસેફ અને મેડિકલ જર્નલ લેન્સેટ

✓ ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં ભારત વિશ્વના 180 દેશમાં 131માં ક્રમે

✓ ગ્લોબલ સસ્ટેનેબલ ઈન્ડેક્સમાં ભારત 77માં ક્રમે

**પ્રક્રિયા, માપદંડ અને કારણો**

VIVEKANAND ACADEMY

- ✓ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ દર વ્યક્તિએ કાર્બન ઉત્સર્જન સાથે સંકળાયેલો છે.
- ✓ ચાઇલ્ડ ફ્લોરિશિંગ ઇન્ડેક્સમાં માતા તથા પાંચ વર્ષથી ઓછી વયના બાળકોનું પાલનપોષણ, આત્મહત્યા દર, માતા તથા શિશુને મળતી સ્વાસ્થ્યા સુવિધા, પાયાની સ્વચ્છતા અને ભીષણ ગરીબીમાંથી મુક્તિ તેમજ બાળકોના વિકાસ જેવા મુદ્દાને ગણતરીમાં લેવામાં આવે છે.
- ✓ દુનિયાભરના ૪૦થી વધુ બાળકો તથા કિશોર સ્વાથ્ય વિશેષજ્ઞોના એક આયોગે આ રિપોર્ટ તૈયાર કર્યો છે.
- ✓ રિપોર્ટમાં ૧૮૦ દેશોની ક્ષમતાનું આકલન કરાયું છે કે તે એ સુનિશ્ચિત કરી શકે કે નહીં કે તેમને ત્યાં બાળકો સારી રીતે વિકાસ પામે તથા ખુશ રહે.
- ✓ દુનિયાનો કોઈ પણ દેશ પોતાના એ ભાવિ એટલે કે બાળકો માટે ટકાઉ ભવિષ્ય આપવાનો પૂરતો પ્રયાસ કરતા નથી, જે દરેક બાળકને વિકસિત થવા અને સ્વસ્થ ભવિષ્ય માટે આવશ્યક છે.
- ✓ ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં નોર્વે પહેલા સ્થાને એ બાદ દક્ષિણ કોરિયા, નેધરલેન્ડ, મધ્ય આફ્રિકી ગણરાજ્ય અને ચાડ છે.
- ✓ સસ્ટેનેબલ ઇન્ડેક્સ માથાદીઠ કાર્બન ઉત્સર્જન સાથે જોડાયેલો છે જ્યારે ફ્લોરિશિંગ ઈન્ડેક્સ માતા અને બાળકના સ્વાથ્ય, બાળકના ઉછેર પોષણ તથા તેના કલ્યાણ સાથે જોડાયેલો છે.
- ✓ રિપોર્ટ મુજબ, ક્લાઈમેટ ચેન્જ તથા ફાસ્ટ ફૂડ, શુગર ડ્રિન્ક, દારૂ અને તમાકુને પ્રમોટ કરતી માર્કેટિંગ પ્રેક્ટિસીસના કારણે દુનિયાનાં દરેક બાળક અને કિશોરના સ્વાસ્થ્ય તથા ભવિષ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે.

**બાળકો માટે દુનિયાનું-લાપરવાહીભર્યું વલણ: રિપોર્ટ**

- ✓ રિપોર્ટમાં જણાવાયું છે કે દુનિયાની સસ્ટેનિબિલિટી બાળકોના વિકાસ પર નિર્ભર કરે છે પરંતુ કોઈ પણ દેશ તેનાં બાળકોને ટકાઉ ભવિષ્ય આપવાના પૂરતા પ્રયાસ નથી કરી રહ્યો.
- ✓ દુનિયાનો કોઈ પણ દેશ દરેક બાળકના વિકાસ માટે અને સ્વસ્થ ભવિષ્ય માટે આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ નથી કરી રહ્યો.

ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સ :

## ૨. અરુણાચલ પ્રદેશ : ઉજવણી

રાજયના 34માં સ્થાપના દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અરુણાચલ પ્રદેશની મુલાકાતે

**વિશેષતા –**

- ✓ 20.02.1987ના રોજ અરુણાચલ પ્રદેશને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી રાજ્યનો દરજ્જો અપાયો હતો
- ✓ મુખ્યમંત્રી - પેમા ખાંડુ
- ✓ રાજ્યપાલ - બી. ડી. મિશ્રા  રાજધાની - ઇટાનગર

આર્ટિકલ - 371

**કલમ 371 : દેશના 11 રાજ્ય, 4 ક્ષેત્રમાં વિશેષ સુવિધાઓ**

**કલમ 371**

- ✓ મહારાષ્ટ્રના વિદર્ભ, મરાઠાવાડા અને ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ માટે વિકાસ બોર્ડ બનાવવાની જોગવાઈ. હિમાચલમાં બહારના લોકો કૃષિ ભૂમિના ખરીદી શકે.

**કલમ 371એ**

- ✓ નાગાલેન્ડમાં નગા લોકો પર સંસદનો આદેશ લાગુ નહીં. રાજ્યના કાયદા હેઠળ સજા મળે છે.

**કલમ 371 બી:**

- ✓ આસામમાં લાગુ. રાષ્ટ્રપતિ વિધાનસભાની સમિતિઓમાં જનજાતિ સભ્યોને સામેલ કરી શકે છે.

**કલમ 371 સી:**

- ✓ મણિપુરમાં લાગુ. રાષ્ટ્રપતિ વિધાનસભામાં પહાડી ક્ષેત્રોમાંથી પસંદ કરાયેલા સભ્યોની સમિતિ બનાવી શકે છે.

**કલમ 371 ડી:**

- ✓ આંધ્ર, તેલંગાણામાં લાગુ. નાગરિક સેવા હોદ્દે નિમણૂકના મામલા માટે ટ્રિબ્યુનલની રચના.

**કલમ 371 ઈ**

- ✓ આંધ્રમાં કેન્દ્રીય યુનિવર્સિટી બને.

**કલમ 371 એફ:**

- ✓ સિક્કિમમાં લાગુ. રાજ્યના જનજાતીય વિસ્તારમાં બહારના લોકો જમીન ના ખરીદી શકે.

**કલમ 371 જી**

- ✓ સંસદ મિઝોરમ વિધાનસભાની મંજૂરી વિના મિઝો સમુદાયના મુદ્દા પર કાયદો ના બનાવી શકે.

**કલમ 371 એચ :**

- ✓ અરુણાચલમાં લાગુ. રાજ્યપાલ ઈચ્છે તો વિશેષાધિકારથી મુખ્યમંત્રીના નિર્ણય રદ કરી શકે છે.

**કલમ 371 આઈ:**

- ✓ આ કલમ ગોવામાં લાગુ છે, જે હેઠળ વિધાનસભામાં 30થી ઓછી વયના સભ્ય ના હોઈ શકે.

**કલમ 371 જે**

- ✓ હૈદરાબાદ-કર્ણાટકના 6 જિલ્લાને વિશેષ દરજ્જો. સ્થાનિક લોકોને શિક્ષણ, નોકરીઓમાં અનામત.

## ૪. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન : (ધર્મ)

સ્થળ - જાસપુર, અમદાવાદ

**431 ફૂટનું વિશ્વનું સૌથી ઊંચું 'માં ઉમિયા મંદિર' બનશે**



VIVEKANAND ACADEMY

મંદિર સંકુલની વિશેષતાઓ

- ✓ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન મા ઉમિયાના વિશ્વના સૌથી મંદિરનું નિર્માણ કરશે.
- ✓ 431 ફૂટના મંદિરનો શિલાન્યાસ 28-29 ફેબ્રુઆરીએ યોજાશે.
- ✓ કુલ 100 વીઘામાં નિર્માણ થનાર મંદિરમાં મહાદેવ, કાળભૈરવ, ગણેશજીની મૂર્તિ પણ સ્થપાશે.
- ✓ માતાજીની મૂર્તિ બિરાજશે - 52 ફૂટે
- ✓ મંદિરની વ્યુઇંગ ગેલેરી હશે - 270 ફૂટે
- ✓ મંદિર નિર્માણ ખર્ચ – એક હજાર કરોડ
- ✓ સમયમાં મંદિર બનશે - 10 વર્ષ
- ✓ કુલ રોજગારી - 10 હજાર.

૫. ખેલકૂદ : ESPN સ્પોર્ટ્સ ઈન્ડિયા એવોર્ડ-2019

સંધુની વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતને મોમેન્ટ ઓફ ધ યર એવોર્ડ

**વિજેતા રમત અને એવોર્ડ**

- ✓ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ બલબીર સિંહ સીનિયર (હોકી)
- ✓ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર (મહિલા) - પીવી સિંધુ (બેડમિન્ટન)
- ✓ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર (પુરૂષ) - સૌરભ ચૌધરી (શૂટિંગ)
- ✓ કમબેક ઓફ ધ યર – કોનેરુ હંપી (ચેસ)
- ✓ ઈમર્જિંગ સ્પોટ્સપર્સન ઓફ ધ યર - દીપક પૂનિયા (કુસ્તી)
- ✓ કોચ ઓફ ધ યર - પુલેલા ગોપીચંદ
- ✓ ટીમ ઓફ ધ યર – મનુ ભાકર - સૌરભ ચૌધરી (શૂટિંગ)
- ✓ દિવ્યાંગ એથ્લેટ ઓફ ધ યર - માનસી જોશી (બેડમિન્ટન)
- ✓ ધ કરેજ એવોર્ડ - દૃતી ચંદ

પી.વી.સિંધુ

- ✓ બેડમિન્ટનની વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધુએ એસપીએ સ્પોર્ટ્સ એવોર્ડમાં હેટ્રિક ફટકારી.
- ✓ સિંધુ સતત ત્રીજા વર્ષે ફીમેલ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર બનીવર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં જાપાનની નોજોમી ઓકુહારા સામેની જીતીને મૂવમેન્ટ ઓફ ધ યર તરીકે પસંદ કરાઈ.

૬. સોનાનો ભંડાર (ખનીજ)

**ઉત્તર પ્રદેશના સોનભદ્રના પહાડોમાં અંદાજે 3500 ટન સોનું મળી આવ્યાનું અનુમાન**

વિગત

- ✓ સોનાંચલના નામથી પ્રસિદ્ધ ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લાના પહાડોમાંથી સોનાનો ભંડાર મળી આવ્યો છે.
- ✓ છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં પથ્થરો સાથે સોનું, લોખંડ સહિતના તત્વ મળવાની અટકળો વચ્ચે હવે નક્કર માહિતી સામે આવી છે.
- ✓ જીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાને આ પહાડોમાંથી અંદાજે સાડા ત્રણ હજાર ટન સોનાનો ભંડાર મળી આવ્યું હોવાનું અનુમાન
- ✓ માત્ર સોનું જ નહીં પણ આસપાસના અન્ય વિસ્તારમાંથી વિવિધ ધાતુઓ હોવાનું પણ અનુમાન છે.

૭. અવસાન - સોફ્ટવેર એન્જિનિયર લેરી ટેસ્લરનું અવસાન

**૧૭ વર્ષ સુધી એપલમાં મુખ્ય સંશોધક તરીકે સેવા આપી**

- ✓ સમગ્ર વિશ્વના કોમ્પ્યુટર અને સ્માર્ટફોનનો ઉપયોગ કરતા લોકો 'કંટ્રોલ સી' અને 'કંટ્રોલ વી'ના ઉપયોગથી પરિચિત છે.
- ✓ કોમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે અનેક વખત આ બંને કીનો ઉપયોગ કરવો પડતો હોય છે.
- ✓ 'કંટ્રોલ સી' અને 'કંટ્રોલ વી' કીનો આવિષ્કાર કરનારા સોફટવેર એન્જિનિયર લેરી ટેસ્લરનું ૭૪ વર્ષની ઉંમરે અવસાન થયું.
- ✓ તેમણે પોતાના કામને સરળ બનાવવા માટે કોમ્પ્યુટરમાં ctrl + c અને ctrl + V કમાન્ડની કલ્પના કરી હતી.
- ✓ ટેસ્લરે ૧૯૬૦માં અમેરિકાના સિલિકોન વેલીમાં કોમ્પ્યુટર એન્જિનિયર તરીકે કામની શરુઆત કરી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં 'વિશ્વના બાળકોનું ભવિષ્ય'- ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સ કઈ સંસ્થા દ્વારા જાહેર કરાયો- **WHO, યુનિસેફ અને મેડીકલ જર્નલ લેન્સેટ**
2. ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં વિશ્વના 180 દેશોમાં ભારતનો ક્રમ જણાવો-131
3. ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં કેટલી વયથી નીચેના બાળકો ગણતરીમાં લેવામાં આવે છે- 5 વર્ષ
4. તાજેતરમાં જાહેર કરાયેલ ગ્લોબલ સસ્ટેનેબલ ઇન્ડેક્સમાં ભારત કયા ક્રમે છે- 77
5. ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં પહેલા અને બીજા સ્થાને કયા દેશો સ્થાન ધરાવે છે- **નોર્વે અને દક્ષિણ કોરિયા**
6. ચાઈલ્ડ ફ્લોરિશિંગ ઈન્ડેક્સમાં વિશ્વમાં સૌથી ખરાબ દેશ કયો છે અને તેનું રેન્કિંગ જણાવો- **મધ્ય આફ્રિકા (180)અને ચાડ(179)**
7. તાજેતરમાં અરુણાચલ પ્રદેશનો કેટલામાં સ્થાપના દિવસ ક્યારે ઉજવાયો- **34મો અને 20 ફેબ્રુઆરી**
8. આર્ટીકલ-371 કેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરાઈ છે -**11 અને 4**

VIVEKANAND ACADEMY

9. અરુણાચલ પ્રદેશના વર્તમાન રાજ્યપાલ અને મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી બી ડી મિશ્રા અને પેમાં ખાંડુ**
10. કઈ સંસ્થા દ્વારા વિશ્વનું સૌથી ઊંચું મા ઉમિયાનું મંદિર કયા સ્થળે બનવા જઈ રહ્યું છે- **વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, જાસપુર અમદાવાદ.**
11. ESPN સ્પોર્ટ્સ ઈન્ડિયા એવોર્ડ-2019 કઈ મહિલા ખેલાડીને સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યરનું સન્માન અપાયું- **પી.વી.સિંધુ**
12. તાજેતરમાં કંટ્રોલ સી અને કંટ્રોલ વી ના શોધકનું 74ની વયે ક્યા અવસાન થયું- **યુએસએ**
13. - જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના અંદાજ મુજબ ઉત્તર પ્રદેશના કયા જિલ્લામાંથી મોટી માત્રામાં સોનાના ભંડારો મળી આવ્યાનું અનુમાન છે – **સોનભદ્ર**

**21 –ફેબ્રુઆરી–૨૦૨૦**

## ૧. દિન વિશેષ : 21 ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ

**મહત્વ**

વર્ષ-૧૯૯૯, નવેમ્બરમાં યુનેસ્કોએ માતૃભાષા દિન ઊજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી, ૨૦૦૦થી દર વર્ષે મનાવવામાં આવે છે.

મુખ્ય ઉદ્દેશ-

- ✓ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું
- ✓ દુનિયાની ૭,૦૦૦થી પણ વધુ ભાષામાંથી અડધી ખલાસ થવાની તૈયારીમાં છે ત્યારે જે ભાષા લઘુમતીમાં છે તેના સંરક્ષણ માટે, દુનિયાની વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદ અને સંપર્ક સાધવા તથા તેમને સમજવા માટે દરેક સમાજની મૂર્ત કે અમૂર્ત ધરોહરને જીવંત રાખવા માટેનું સક્ષમ સાધન જો કોઈ હોય તો તે માતૃભાષા છે. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ હકીકતમાં માતૃભાષા માટે આંદોલન દિવસ છે.

**ઈતિહાસ**

- ✓ એકવીસમી ફેબ્રુઆરી જ કેમ અને શા માટે આંદોલન દિવસ. તો તેનું કારણ છે, ૧૯૫૨માં પોતાની માની ભાષા - બંગાળી ભાષાના ઉપયોગના અધિકાર માટે આંદોલન કરતાં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર પાકિસ્તાની સેના અને ઢાકા પોલીસે ગોળીઓ છોડીને અબુલ બરકાત, રફિકુદીન અહમદ, સફ્ફુર રહેમાન, અબ્દુલ જબ્બર ચાર વિદ્યાર્થીઓને મારી નાખવામાં આવેલા તેમની યાદમાં આ દિવસ નક્કી કરવામાં આવેલ છે.

## ૨. સોનાનો ભંડારો: સ્થાન–સોનભદ્ર(UP)

**ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં અને હરદી ક્ષેત્રમાં પહાડીઓમાં અંદાજે ૩૫૦૦ ટન સોનાનો ભંડાર**

- ✓ આજની કિંમત અંદાજે 12 લાખ કરોડ હોવાનું અનુમાન

**અન્ય વિગતો**

- ✓ હરદી ક્ષેત્રમાં ૬૪૬.૧૪ કિલો અને સોના પહાડીમાં ૨,૯૪૩.૨૫ ટન સોનું હોવાનો અંદાજ
- ✓ એમપીના સિંગરોલી, છત્તીસગઢના બલરામપુર અને ઝારખંડનાં ગઢવામાં પણ સરવે હાથ ધરાયો. પહાડની નીચે ૧૮ મીટર ઉંચો અને ૧૫ મીટર પહોળો સોનાનો વિશાળ ભંડાર દટાયેલો હોવાનું અનુમાન. વર્ષ ૨૦૦૫માં જીએસઆઇ દ્વારા થયેલો દાવો સાચો સાબિત થયો, જિયો ટેગિંગ માટે સાત સભ્યોની ટીમ નિયુક્ત કરાઈ.

કોની પાસે કેટલું સોનું રિઝર્વ

| દેશ | સોનું (ટન) |
|---|---|
| ✓ અમેરિકા | 8,133 |
| ✓ જર્મની | 3,366.8 |
| ✓ ઈટાલી | 2,451.8 |
| ✓ ફ્રન્સ | 2,436 |
| ✓ રશિયા | 2,241.9 |
| ✓ ચીન | 1,948.3 |
| ✓ સ્વિટ્ઝર્લેન્ડ | 1,040 |
| ✓ જાપાન | 765.2 |
| ✓ ભારત | 626 |

તો ભારત વિશ્વમાં બીજા ક્રમનું ગોલ્ડ રિર્ઝવ ધરાવતું દેશ બની જશે

- ✓ હાલમાં ભારત સરકાર પાસે ૬૨૬ ટન સોનું રિઝર્વ છે. જો સોનભદ્રનો ૩,૩૫૦ ટન સોનાનો ભંડાર ઉમેરાશે. તો ભારત વિશ્વમાં બીજા ક્રમનું ગોલ્ડ રિર્ઝવ ધરાવતું દેશ બની જશે.

દર વર્ષે ભારત ૯૦૦ ટન સોનું આયાત કરે છે

- ✓ ભારત દ્વારા દર વર્ષે આભૂષણો માટે જ વિદેશથી ૮૦૦થી ૯૦૦ ટન સોનું આયાત કરવામાં આવે છે.
- ✓ આમ જોવા જઈએ તો ભારત દ્વારા દર વર્ષે ૩૩ અબજ ડોલરની રકમ માત્ર સોના પાછળ ખર્ચ કરવામાં આવે છે.
- ✓ સોનાનો આ ભંડાર મળવાથી ભારતમાં સોનાની આયાત ઘટશે અને વિદેશી હૂંડિયામણની બચત થશે તેવી આશા છે.

એક કરોડ ટન પોટાશના ભંડાર હોવાનો અંદાજ . . !

- ✓ સોનભદ્રના પુલવાર બ્લોકના બે સ્થળે અનુક્રમે ૧૨ ટન અને ૨૨ ટન તથા સલઈવાડી વિસ્તારમાં ૬૦ ટન એલાડુસાઇટ જેવું ખનિજ હોવાની શક્યતા.
- ✓ ઈલેક્ટ્રો-મેગ્નેટિક પદ્ધતિ અને સ્પેક્ટ્રોમીટર દ્વારા અન્ય ખનિજો શોધવામાં આવી રહી છે.

## 3. FATF : વૈશ્વિક બાબતો

VIVEKANAND ACADEMY

પાકિસ્તાનને આગામી જુન 2020 સુધી ગ્રે લિસ્ટમાં જ રખાયું

- ✓ ભારતીય ઉપખંડમાં આતંકવાદ ફેલાવનાર અને આતંકી સંગઠનોને આશરો આપીને ફંડિંગ પૂરું પાડનાર પાક.નાં FATFનાં ગ્રે લિસ્ટમાંથી બહાર નીકળવાનાં પ્રયાસો નિષ્ફળ ગયા.
- ✓ પાકિસ્તાને જૂન ૨૦૨૦ સુધીમાં આતંકવાદ રોકવા અને ટેરર ગ્રૂપને કરાતું ફંડિંગ રોકવા FATFનાં ૨૭ ધોરણો સંતોષવા પડશે
- ✓ અન્યથા જૂન-૨૦૨૦ પછી તે બ્લેકલિસ્ટમાં મુકાઈ શકે છે.
- ✓ બેઠક- પેરિસમાં મળેલી FATFની બેઠક પછી આ નિર્ણય લેવાયો હતો.

ચેતવણી

જૂન સુધીમાં આતંક રોકવાનાં તમામ પગલાં લેવા પાક.ને ચેતવણી

- ✓ FATFએ પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે જો કે ૪ મહિનામાં ટેરર ફંડિંગ બંધ નહીં કરે તો તેનાં તમામ સભ્ય દેશો અને નાણાકીય સંસ્થાઓને પાક. સાથેનાં બિઝનેસ સંબંધો સ્થગિત કરવા અને કોઈ પ્રકારની નાણાકીય લેવડદેવડ નહીં કરવા આદેશ આપવામાં આવશે.
- ✓ ટેરર ફંડિંગને કારણે હાલ ઇરાનને બ્લેકલિસ્ટમાં મૂકવામાં આવ્યું છે . ઓક્ટોબર ૨૦૧૯માં ઇરાનને જે ભાષામાં ચેતવણી અપાઈ હતી તેવી કડક ભાષામાં જ આ વખતે પાકને ચેતવણી અપાઈ છે.

૪. કેન્દ્ર સરકાર : ગરીબીનો અંદાજ - નિવારણ માટે નેશનલ સરવે

- ✓ કેન્દ્ર સરકારે નવા કોડ અને નવા મેટ્રિક્સ સાથે ગરીબીનો નવો નેશનલ સરવેનો પ્રારંભ કર્યો.

**સરવેમાં કઇ બાબતોનો સમાવેશ**

- ✓ જેમાં પોષણયુક્ત આહાર, પીવાનું પાણી, હાઉસિંગ અને કુકિંગ ફ્યુઅલ જેવી સુવિધાઓ પરિવારો સુધી પહોંચે છે કે કેમ તેનો અભ્યાસ કરાશે.
- ✓ આ સરવેથી દેશમાં ગરીબીનું સ્તર કેટલું છે. તેની ભાળ મેળવી શકાશે.
- ✓ કેટલાક વર્ષો પહેલાં સરકારે દેશમાં ગરીબીની રેખાનો ઉપયોગ બંધ કર્યો હતો.
- ✓ ગરીબોની સંખ્યા અને ગરીબીનું સ્તર કેટલું છે તેનો અંદાજ કાઢવાનું સરકાર માટે સામાજિક ક્ષેત્રની યોજનાઓનો લાભ ગરીબો સુધી પહોંચાડવા જરૂરી છે.

રેન્કિંગ

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્કિંગ અપાશે

- ✓ મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન નીતિ આયોગે આમાં રાજ્યોની કામગીરીને ધ્યાનમાં લેવા સૂચવ્યું છે. સરવેનાં પરિણામો UNDPનાં મલ્ટિ ડાયમેન્શન પાવર્ટી ઇન્ડેક્સ (MPI)માં સામેલ કરાશે.
- ✓ આ સૂચકાંકમાં જુદા જુદા રાજ્યોને સ્વાથ્ય, શિક્ષણ અને જીવનશૈલીનાં સ્તરને ધ્યાનમાં રાખીને રેન્કિંગ અપાશે.
- ✓ સરવેનાં પરિણામોને આધારે નીતિ આયોગ દ્વારા ગરીબીનો સૂચકાંક તૈયાર કરાશે જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્કિંગ અપાશે.
- ✓ જેનો હેતુ રાજ્યો વચ્ચે સ્પર્ધા વધારીને વધુમાં વધુ લોકોને ગરીબીથી બહાર લાવવાનો રહેશે. આને કારણે યુએનનાં પાવર્ટી ઇન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ સુધરશે.
- ✓ સરવે હાથ ધરનાર સંસ્થા- મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન

૫. મૂડીરોકાણ દરખાસ્ત (આર્થિક)

ભારતમાં મૂડીરોકાણ દરખાસ્તોમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધુ 51 ટકા

**અન્ય વિગતો**

- ✓ ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (IEM) હેઠળ દેશમાં થયેલી કુલ મૂડીરોકાણ દરખાસ્તોમાં ગુજરાત 51 ટકા હિસ્સા સાથે ટોચે રહ્યું છે.
- ✓ જ્યારે મહારાષ્ટ્ર બીજા ક્રમે.
- ✓ દેશમાં IEM હેઠળ આવેલી કુલ મૂડીરોકાણ દરખાસ્તો રૂ. 6.78 લાખ કરોડની રહી હતી. તેમાંથી ગુજરાતનો હિસ્સો રૂ. 3.43 લાખ કરોડનો રહ્યો છે. જે કુલ દરખાસ્તોના 51 ટકા હિસ્સો દર્શાવે છે.
- ✓ IEM એ કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (DPIIT) હેઠળ નોંધાયેલું હોય છે.

૬. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક (GSIRF)-2020 (શિક્ષણ)

- ✓ **ગુજરાત યુનિવર્સિટીને ફાઇવ સ્ટાર સાથે નંબર વન રેટિંગ**

**આંકડાકીય વિગતો**

- ✓ કેસીજી દર વર્ષે રેન્કિંગ જાહેર કરે છે. રાજ્યમાં ૭૦ કરતાં વધુ યુનિવર્સિટી, ૧,000 કરતા વધુ કોલેજો, ઈજનેરી સહિતના ટેકનિકલ કોર્સની ૫00 કરતાં વધુ કોલેજો, લોની ૨૨ કરતા વધુ કોલેજો છતાં ૨૮ યુનિવર્સિટી, ૬૮ કોલેજ, ૨૨ ઈજનેરી કોલેજ, ૬ ફાર્મસી કોલેજ, ૩ મેનેજમેન્ટ કોલેજ, ૨ આર્કિટેક્ટર કોલેજ, ૧ લો કોલેજ મળી ૧૩૦ સંસ્થાઓએ રેન્કિંગમાં ભાગ લીધો હતો.

**કેટેગરી વિજેતા અને ક્રમ**

VIVEKANAND ACADEMY

**યુનિવર્સિટી**

- ✓ ગુજરાત યુનિવર્સિટીએ આ વર્ષે ફાઈવ સ્ટાર સાથે પ્રથમ નંબરે
- ✓ નિરમા યુનિવર્સિટી બીજા નંબરે
- ✓ સેપ્ટ યુનિવર્સિટી ત્રીજા
- ✓ જૂનાગઢ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ચોથા
- ✓ પીડીપીયુ પાંચમા
- ✓ સરદાર પટેલ યુનિવર્સિટી છઠ્ઠા
- ✓ DAIICT સાતમા ક્રમે
- ✓ જીટીયુ ફોર સ્ટાર સાથે આઠમા સ્થાને
- ✓ આ બધાને ફોર સ્ટાર છે.
- ✓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૧૧મા સ્થાને
- ✓ એમ. એસ. યુનિવર્સિટી ૧૨મા સ્થાને
- ✓ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ૧૬મા સ્થાને
- ✓ ભાવનગર યુનિવર્સિટી ૨૨મા સ્થાને.

**મેનેજમેન્ટ કેટેગરી**

- ✓ એલ. જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ થ્રી સ્ટાર
- ✓ આર્કિટેક્ટર કેટેગરીમાં સેપ્ટ. યુનિવર્સિટી ફાઈવ સ્ટાર
- ✓ વીવીપી આર્કિટેક્ટર કોલેજ ટુ સ્ટાર
- ✓ લો યુનિવર્સિટીમાં એકમાત્ર જીએનએલયુ ફોર સ્ટાર મેળવ્યા

**ફાર્મસી કેટેગરી**

- ✓ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી- નિરમા યુનિવર્સિટીએ ફાઈવ સ્ટાર
- ✓ એલ એમ કોલેજ ઓફ ફાર્મસીએ ફોર સ્ટાર મેળવ્યા

**ઈજનેરી**

- ✓ કેટેગરીમાં એક પણ કોલેજને ફાઈવ સ્ટાર નથી.
- ✓ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજિ ફોર એડવાન્ડ સ્ટડીઝ એન્ડ રિસર્ચએ ૩.૯૧ સીજીપીએ સાથે ફોર સ્ટાર મેળવ્યા છે.
- ✓ બીજા નંબરે ચાંગા કોલેજ
- ✓ ત્રીજા નંબરે સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજિ
- ✓ ચોથા નંબરે એલ. ડી. કોલેજ
- ✓ પાંચમા નંબરે વિજીઈસી-ચાંદખેડા.
- ✓ હાયર એજ્યુકેશનમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજ
- ✓ સુરતની સાર્વજનિક કોલેજ, મફતલાલ જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટે અનુક્રમે પ્રથમ, દ્વિતીય, તૃતિય ક્રમ મેળવ્યો.
- ✓ જાહેર કરનાર સંસ્થા નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG) અમદાવાદ.

**૭. ભારતીય સેના - ઉગતા સૂર્યની જેમ રૂ. 700 કરોડમાં નવી દિલ્હી ખાતે ભારતીય સેનાનું નવું આર્મી ભવન બનશે (સંરક્ષણ)**

**ભવનની વિશેષતા**

- ✓ ઇન્ડિયન આર્મીની દિલ્હીની તમામ ઓફિસ હવે એક છત નીચે આવી જશે.
- ✓ 39 એકરમાં બનનારા નવા આર્મી ભવનમાં 8 માળ હશે.
- ✓ આ ભવન ગ્રીન બિલ્ડિંગ સ્વરૂપે હશે.
- ✓ તેમાં 6000થી વધુ ઓફિસ હશે. 4000થી વધુ કાર પાર્કિંગ હશે.
- ✓ તેને ઊગતા સૂર્યની પેટર્ન પર બનાવાશે. અત્યારે દિલ્હીમાં આર્મીની ઓફિસ છે અને તે અલગ-અલગ સ્થળે છે.
- ✓ આ ભવનનો ખર્ચ 700 કરોડથી વધુ થવાનો અંદાજ છે.
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આ ભવનનું ભૂમિપૂજન કર્યું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૨-૨૦૨૦)

1. વિશ્વ માતૃભાષા દિવસની ઊજવણી કયા દિવસે કરવામાં આવે છે **-21 ફેબ્રુઆરી**
2. યુનેસ્કોએ ક્યારથી માતૃભાષા દિન ઊજવવાનું નક્કી કર્યું - **નવેમ્બર૧૯૯૯-**
3. યુનેસ્કો દ્વારા કયા વર્ષથી માતૃભાષા દિન ઊજવવામાં આવે છે **-ફેબ્રુઆરી, ૨૦૦૦થી**
4. ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા યુનેસ્કો દ્વારા કયો દિવસ ઊજવવામાં આવે છે **-વિશ્વ માતૃભાષા દિવસ**
5. તાજેતર ફેબ્રુઆરી માં૨૦૨૦-ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં અને હરદી ક્ષેત્રની પહાડીઓમાં અંદાજે સોનાનો કેટલો ભંડાર મળી આવ્યો - **૩૫૦૦ ટન**
6. ફેબ્રુઆરી ની સ્થિતિએ સૌથી વધુ૨૦૨૦-સોનું રિઝર્વ કયા દેશ પાસે છે **-અમેરિકા) 8,133 ટન (**
7. ફેબ્રુઆરી ની સ્થિતિએ૨૦૨૦-ભારત પાસે કેટલું સોનું રિઝર્વ છે **-626 ટન**
8. દર વર્ષે ભારત કેટલું સોનું આયાત કરે છે **-૯૦૦ ટન**
9. ફેબ્રુઆરી માં૨૦૨૦-FATFની બેઠક ક્યાં યોજાઈ હતી **-પેરિસ**
10. ફેબ્રુઆરી માં પેરિસમાં યોજાયેલી૨૦૨૦-FATFની બેઠકમાં પાકિસ્તાનને ક્યા સમયગાળા સુધી ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય લેવાયો **-જૂન 2020 સુધી**
11. પાકિસ્તાને જૂન ૨૦૨૦ સુધીમાં આતંકવાદ રોકવા અને ટેરર ગ્રૂપને કરાતું ફંડિંગ રોકવા FATFનાં કેટલા ધોરણો સંતોષવા પડશે **-૨૭**
12. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબીના અંદાજ નિવારણ માટે કયો - સરવે કરાશે **-નવો નેશનલ સરવે**

VIVEKANAND ACADEMY

13. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબીના અંદાજ નિવારણ માટેના -નવા નેશનલ સરવેના પરિણામોના આધારે કોના દ્વારા ગરીબીનો સૂચકાંક તૈયાર કરાશે **-નીતિ આયોગ**
14. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબીના અંદાજ નિવારણ માટેના -નવા નેશનલ સરવે કઈ સંસ્થા દ્વારા હાથ ધરાશે **-મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન**
15. ભારતમાં મૂડીરોકાણ દરખાસ્તોમાં કયા રાજયનો હિસ્સો સૌથી વધુ છે – **ગુજરાત**
16. ભારતમાં મૂડીરોકાણ દરખાસ્તોમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધુ કેટલા ટકા છે **-51 ટકા**
17. IEMનું વિસ્તૃત નામ જણાવો **-ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ**
18. ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ હેઠળ આવેલી કુલ કેટલી મૂડીરોકાણ દરખાસ્તો હતી **-રૂ .6.78 લાખ કરોડ**
19. ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ હેઠળ આવેલી કુલ રૂ . 6.78 લાખ કરોડ મૂડીરોકાણ દરખાસ્તોમાં ગુજરાતનો હિસ્સો કેટલો રહ્યો હતો **-રૂ .3.43 લાખ કરોડ**
20. GSIRFનું વિસ્તૃત નામ જણાવો **-ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક**
21. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક )GSIRF)-2020માં કઈ યુનિવર્સિટી નંબર વન રેટિંગ મેળવ્યું હતુ **-ફાઇવ સ્ટાર સાથે ગુજરાત યુનિવર્સિટી**
22. પ્રતિ વર્ષ ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક કોના દ્વારા જાહેર કરાઈ છે **-કેસીજી**
23. ઉગતા સૂર્યની જેમ ભારતીય સેનાનું નવું આર્મી ભવન કેટલા રૂપિયાના ખર્ચે કયા સ્થળે બનશે **-રૂ .700 કરોડમાં નવી દિલ્હી ખાતે**

    તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં કોના હસ્તે ભારતીય સેનાના નવા આર્મી ભવનનું ભૂમિપૂજન કરાયુ - **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ**

**22 – ફેબ્રુઆરી–૨૦૨૦**

## ૧. ગુજરાત પોષણ અભિયાન 2020-22 (મહિલા-બાળ વિકાસ)

**સુપોષિત ગુજરાત માટેનું અભુતપૂર્વ અભિયાન**

**પોષણનું પંચામૃતઃ**

1. પૌષ્ટિક આહાર 2. એનેમિયા નિયંત્રણ
3. સ્વચ્છતા 4. ઝાડા નિયંત્રણ
5. બાળકનાં જીવનનાં પ્રથમ ૧૦૦૦ દિવસની સંભાળ

**પહેલા ૧૦૦૦ દિવસનું પોષણ, કરશે આખા જીવનનું સંરક્ષણ**

પોષણના ૧૦૦૦ દિવસ

- ✓ ૨૭૦ દિવસ ગર્ભાવસ્થા
- ✓ ૧૮૦ દિવસ શિશુના પ્રથમ ૬ મહિના
- ✓ ૫૫૦ દિવસ ૬ મહિનાથી ૨ વર્ષનો સમય

૧૦૦૦ દિવસની ૩ કાળજી

- ✓ ગર્ભવતી માતાને પૌષ્ટિક આહાર
- ✓ પહેલા ૬ મહિના શિશુને કેવળ સ્તનપાન
- ✓ ૬ મહિના પછી સ્તનપાન અને પૌષ્ટિક આહાર

**પોષણયુક્ત ગુજરાતનું સપનું થયું સાકાર ટેક હોમ રેશન (THR)થી મળ્યો પોષણયુક્ત આહાર**

- ✓ ટેક હોમ રેશનથી ૬ માસથી ૩ વર્ષના બાળકો, કિશોરીઓ, સર્ગભા અને ધાત્રી માતાને મળી રહ્યો છે 'પ્રિમિક્સ રેડી ટુ કૂક પૌષ્ટિક આહાર
- ✓ રિઅલ ટાઈમ મોનીટરીંગ સિસ્ટમથી દેખરેખ
- ✓ લગભગ ૪૨ લાખ લાભાર્થીઓ વાર્ષિક ૧,૮૦,૦૦૦ મેટ્રિક ટન આહારનું વિતરણ
- ✓ દર ચોથા મંગળવારે આંગણવાડીઓમાં વિતરણ

**કુપોષણનાં લક્ષણઃ**

- ✓ વારંવાર બીમાર પડવું
- ✓ ઉંમરના પ્રમાણમાં વજન-લંબાઈમાં ઉણપ
- ✓ હંમેશા સુસ્ત અને ચીડિયું રહેવું
- ✓ શિશુનાં વિકાસ તબક્કામાં વિલંબ
- ✓ ઝાડા-ઉલટી થવા, શરદી-ખાંસી થવી, ખૂબ થાક લાગવો.

**પોષણ ઘર-ઘર, નિરીક્ષણ હર પળ**

- ✓ સરકાર દ્વારા પોષણનું નિરીક્ષણ
- ✓ સ્માર્ટફોન થકી સતત માહિતી
- ✓ રીયલ ટાઈમ ડેટા કલેકશન
- ✓ બાળકના પોષણનું વ્યક્તિગત નિરીક્ષણ
- ✓ રાશન ડિલિવરીની ખાત્રી
- ✓ આંગણવાડી ભોજનની નોંધવહી

**એક બાળક-એક પાલક અભિગમ**

- ✓ આ અભિગમ દ્વારા અત્યાર સુધીમાં ૭૦,૦૦૦થી વધુ પાલક વાલીઓએ અલ્પપોષિત બાળકોને દત્તક લીધા.

## ૨. ખેલકૂદ – ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2020નો પ્રારંભ

- ✓ સ્થળ – ભુવનેશ્વર (ઓડિશા)

**ફેક્ટ ફાઈલ**

- ✓ કુલ રમતો – 17 યુનિવર્સિટી -150થી વધુ
- ✓ ખેલાડી – 3500
- ✓ સમયગાળો – 22મી ફેબ્રુઆરી થી 1લી માર્ચ-2020

## ૩. આંતરરાષ્ટ્રીય ન્યાય પરિષદ-2020 : નવી દિલ્હી (ન્યાયતંત્ર)

- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ઉદઘાટન

## ૪. CMS COP:13 - 2020

- ✓ યાયાવર પક્ષીઓ માટે UN દ્વારા સ્ટેમ્પ બહાર પડાયો
- ✓ સમાપન સત્ર - મહાત્મા મંદિર, ગાંધીનગર
- ✓ ત્રણ પ્રજાતિનો વાઈલ્ડ લાઈફ એગ્રીમેન્ટમાં સમાવેશ.
- ✓ 130 દેશોની બનેલી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝમાં (૧) ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ) (૨) એશિયન એલિફન્ટ અને (૩) બેંગાલ ફ્લોરિકન એમ કુલ ત્રણ પ્રજાતિઓનો ભારત સરકારના પ્રસ્તાવના આધારે ગ્લોબલ વાઇલ્ડલાઇફ એગ્રીમેન્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ બ્રીડિંગ માટે રાજસ્થાનથી નર લઈ આવવાના પ્રયાસો છે.
- ✓ ગુજરાત અને રાજસ્થાનમાંથી ઊડીને આ પક્ષી પાકિસ્તાન તરફ જતું રહેતું હોવાથી ત્યાં તેનો શિકાર થાય છે.
- ✓ ઘોરાડની સંખ્યા ઘટવાનું આ પણ એક કારણ છે.
- ✓ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડના સંવર્ધન માટે કેન્દ્ર સરકાર તમામ પ્રયાસો કરશે. સરહદ પાર પણ આ પક્ષીના સંરક્ષણ માટેના પ્રયાસો.

**ફેક્ટ**

- ✓ 17થી 22 ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝમાં જોડાયેલા 130 દેશો પૈકી 82 દેશોના 2550 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.
- ✓ સભ્ય નથી તેવા 5 દેશના 11 પ્રતિનિધિ મંડળો જોડાયા હતા, જ્યારે 127 જેટલા એનજીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો.

**૫. જન્મ દિન વિશેષ : ૨૨ ફેબ્રુઆરી ઈન્દુલાલ યાજ્ઞિક :ચાચા જન્મ - ૨૨ ફેબ્રુઆરી-૧૮૯૨ અવસાન – ૧૭ જુલાઈ-૧૯૭૨**

- ✓ ઈન્દુલાલ યાજ્ઞિકનું નામ પડે અને નજર સમક્ષ આઝાદીનું આંદોલન, મહાગુજરાત આંદોલન, 'નવજીવન અને સત્ય' તથા 'યુગધર્મ' દ્વારા પત્રકારત્વ, પાવાગઢનું પતન ફિલ્મનું નિર્માણ, બૃહદ આત્મકથાનું લેખન વગેરે આવે !
- ✓ મારી આંખ આગળ તરવરે છે. ચીંથરેહાલ દશામાં સ્ત્રીઓ અને બાળકોના ટોળેટોળાને, તળિયા ઝાટક ખેતરોમાંથી માટી અને પાશેર-અડધો શેર ઘાસના બીજ ભેગા, સેંકડો પુરુષોને સડક અને ચૂનાની ભઠ્ઠી પર આખો દિવસ પથ્થર ફોડતા નિહાળું છું.
- ✓ કડકડતી ટાઢથી પોતાના બાળકોને બચાવવા આછા કપડાં અને હૂંફાળા અંગથી ઢાંકવા વ્યર્થ પ્રયત્ન કરતી સ્ત્રીઓની કલ્પના મગજને ભમાવે છે.
- ✓ દાહોદના કારમાં દુષ્કાળનું વર્ણન કરતો ઇન્દુલાલ યાજ્ઞિકનો આ પત્ર 19 ફેબ્રુ. 1922ના રોજ મહાત્મા ગાંધીએ તેમના "નવજીવન સામયિકમાં અત્યંત વેદના અને વધુ તો દુકાળિયા ભીલોને રાહત મળે તેવી અપેક્ષા સાથે અક્ષરશઃ છાપ્યો.
- ✓ ઇન્દુલાલના આ સંવેદનાસભર વલણને પરિણામે તરત જ દાહોદમાં ભીલ સેવા મંડળ નામની આદિવાસી ઉત્કર્ષની મહાન સંસ્થાની સ્થાપના અને આદિવાસી કલ્યાણના ક્ષેત્રે નવો અધ્યાય રચાયો હતો.
- ✓ નીડર, નિખાલસ, તરવરિયા અને "ચાચા"નું બિરુદ પામેલા ઈન્દુલાલ યાજ્ઞિકનું 17 જુલાઈ 1972ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૨-૨૦૨૦)**

1. સુપોષિત ગુજરાત માટે રાજય સરકાર દ્વારા કયુ અભિયાન ચલાવવામાં આવે છે -**ગુજરાત પોષણ અભિયાન**
2. THRનું વિસ્તૃત નામ જણાવો -**ટેક હોમ રેશન**
3. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2020 કયા સ્થળે યોજાશે - **ભુવનેશ્વર (ઓડિશા)**
4. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2020 કયારે યોજાશે -**22મી ફેબ્રુઆરી થી 1લી માર્ચ-2020**
5. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2020માં કેટલી રમતો સમાવિષ્ટ કરવામાં આવી છે -**17**
6. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2020માં કેટલી યુનિવર્સિટીના કેટલા ખેલાડીઓ ભાગ લેશે - **150થી વધુ અને 3500 ખેલાડીઓ**
7. આંતરરાષ્ટ્રીય ન્યાય પરિષદ-2020નું આયોજન કયાં સ્થળે થયુ હતુ -**નવી દિલ્હી**
8. આંતરરાષ્ટ્રીય ન્યાય પરિષદ-2020નું ઉદઘાટન કોણે કર્યું હતુ -**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
9. CMS COP:13–2020નું સમાપન સત્ર કયા સ્થળે યોજાયુ - **મહાત્મા મંદિર, ગાંધીનગર**
10. કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ કેટલા દેશોની બનેલી છે -**130 દેશો**
11. CMS COP:13 – 2020માં કઈ ત્રણ પ્રજાતિઓનો ભારત સરકારના પ્રસ્તાવના આધારે ગ્લોબલ વાઇલ્ડલાઇફ એગ્રીમેન્ટમાં સમાવેશ કરવામાં આવ્યો - **૧ .ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ .૨ (ઘોરાડ)એશિયન એલિફન્ટ અને ૩ .બેંગાલ ફ્લોરિકન**
12. CMS COP:13 – 2020માં કેટલા દેશના કેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો -**82 દેશ અને 2550 પ્રતિનિધિ**
13. ઈન્દુલાલ યાજ્ઞિકનો(ચાચા) જન્મ દિવસ જણાવો -**૨૨ ફેબ્રુઆરી૧૮૯૨-**

**23 –ફેબ્રુઆરી–૨૦૨૦**

**૧. પર્ફોર્મન્સ ગ્રેડ ઈન્ડેક્સ (PGI) સરવે (શિક્ષણ)**

**વિવિધ રાજ્યોની શૈક્ષણિક સ્થિતિ જણવા કેન્દ્રના MHRD દ્વારા PGI સરવે**

**રાજય અને ગુણ**

1. ચંદીગઢ – ગુણ ૮૯૬/૧૦૦૦

2. ગુજરાત – ગુણ ૮૭૦/૧૦૦૦
3. કેરળ – ગુણ ૮૬૨/૧૦૦૦

**સરવેના માપદંડ**

**કુલ પાંચ બાબતો પર ધ્યાને રાખી સરવે**

1. **લર્નીંગ ક્વોલિટી :** ધોરણ- ૩, ૫ અને ૮ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિ અંગે જે નેશનલ એચીવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવે છે તેના પરિણામ પરથી માર્કસ ગણવામાં આવે છે. જેમાં ગુજરાતને ૧૫૨ ગુણ પ્રાપ્ત થયા છે.
2. **એક્સેસ :** આ મુદ્દામાં રાજ્યની ૩૩ હજાર શાળાઓમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને નવા પ્રવેશ લેતા વિદ્યાર્થીઓની સંખ્યાનો ડ્રોપ આઉટ રેસિયો જોવામાં આવે છે. જેમાં ગુજરાતને ૭૨ માર્કસ પ્રાપ્ત થયા
3. **ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ફેકલ્ટી :** કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, સ્વચ્છતા, વાંચન પ્રવત્તિઓ સહિતના મુદ્દા ધ્યાનમાં લેવાય છે. જેમાં ગુજરાતને ૧૧૬ માર્કસ પ્રાપ્ત થયા છે.
4. **ઈક્વિટી :** શાળામાં અભ્યાસ કરતા રિઝર્વ કેટેગરી જેમ કે એસ.સી, એસ.ટી અને ઓબીસીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લાયકાત અને તેને જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓની લાયકાત સાથે સરખાવવામાં આવે છે.
5. **ગવર્નન્સ :** શાળામાં બાળકોની નિયમિત હાજરી પુરાય છે. એટલુ જ નહી ઓનલાઈન હાજરી પુરાય છે કે કેમ તેના પણ માર્કસ અપાય છે. વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોનું ટ્રેકિંગ થતુ હોય તો તેના માર્કસ અપાય છે. આ છેલ્લા મુદ્દામાં ગુજરાતને સૌથી વધુ ૩૧૫ માર્કસ પ્રાપ્ત થયા છે.

**૨. FDI ક્ષેત્રે ગુજરાત (આર્થિક)**

✓ FDI – સીધુ વિદેશી રોકાણ

**FDI-વિદેશી મૂડી રોકાણકારોની પહેલી પસંદ ગુજરાત**

✓ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ, શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પારદર્શિતા, સ્કિલ્ડ મેન પાવર, ઉદ્યોગો અને વર્ક ફોર્સ વચ્ચે સુમેળ અને પરસ્પર વિશ્વાસ.

✓ **પરિણામ :** ચાલુ વર્ષના પહેલા ૬ મહિનામાં જ પાછલા વર્ષના કુલ મૂડીરોકાણ કરતા બમણું રોકાણ સંભવ બન્યું.

✓ વર્ષ ૨૦૧૮-૧૯માં આવેલા કુલ રૂ. ૧૨,૬૧૮ કરોડના FDI સામે ચાલુ વર્ષના પહેલા છ મહિનામાં જ રૂ. ૨૪,૦૧૨ કરોડનું FDI વિશ્વની ૨૦૦થી વધુ નામાંકિત કંપનીઓએ વાઈબ્રન્ટ સમીટ અને મેક ઇન ઇન્ડિયા જેવા સફળ પ્રયાસોના ફળ સ્વરૂપે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપ્યા

✓ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ગુજરાતનું સ્થાન ખૂબ ઊંચું

✓ સમગ્ર દેશના કુલ મૂડીરોકાણના ૫૦%થી પણ વધુ રોકાણ માત્ર ગુજરાતમાં.

✓ IEM દ્વારા ભારતમાં થયેલા રૂ. ૬,૭૮,૮૫૨ કરોડના મૂડીરોકાણમાંથી રૂ. ૩,૪૩,૮૩૪ કરોડનું મૂડીરોકાણ ફક્ત ગુજરાતમાં

✓ મૂડીરોકાણમાં પ્રથમ ક્રમે રહેલા ગુજરાતે બીજા ક્રમે રહેલા મહારાષ્ટ્ર કરતા ત્રણ ગણું ઈન્વેસ્ટમેન્ટ મેળવ્યું.

**MSME પહેલા ઉદ્યોગ સ્થાપો, પછી મંજૂરી**

✓ MSMEની તમામ પ્રક્રિયાઓ ઓનલાઇન

✓ નવા MSME સ્થાપવા માટેની વિવિધ મંજૂરી લેવામાં ૩ વર્ષની છૂટ

✓ MSMEની મદદ માટે રાજ્યમાં MSME ફેસિલિટેશન ડેસ્ક તેમજ અલગ MSME કમિશનરેટની સ્થાપના

✓ **પરિણામ:** દર મહિને ૧૬ હજાર નવા MSMEની નોંધણી

✓ છેલ્લાં ત્રણ વર્ષમાં ૪,૮૩,૩૬૬ MSME એકમો દ્વારા રૂ. ૮૫,૦૦૦ કરોડનું રોકાણ

✓ નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ થકી ગુજરાતમાં રોજગારીની તકો વધી.

✓ દેશના તમામ રાજ્યોની સરખામણીમાં ૮૧% એમ્પ્લોયમેન્ટ જનરેશન સાથે ગુજરાત ટોચ ઉપર છે, તેમજ ગુજરાત બેરોજગારીનો સૌથી ઓછો દર ધરાવતું રાજ્ય બન્યું.

**STARTUP**

✓ ગુજરાતનો યુવા જોબ સીકર નહીં, જોબ ગીવર બન્યો

✓ રાજ્યમાં સ્ટાર્ટઅપ માટે ઇક્યુબેશન સેન્ટરોની સ્થાપના

✓ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન અને પ્રેરણા આપનારૂં પોઝિટીવ એન્વાયર્મેન્ટ ઉભુ કરાયું

✓ **પરિણામ:** ભારતના કુલ ફન્ડેડ સ્ટાર્ટઅપમાં ૪૩% સ્ટાર્ટઅપ સાથે ગુજરાત નંબર ૧.

**EXPORT**

✓ અનાજથી લઈને ઓટોમોબાઈલના પાર્ટ્સ સુધી ગુજરાત બધુ જ એક્સપોર્ટ કરે છે.

✓ **પ્રોત્સાહક ઉદ્યોગ પોલિસી-** ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો ૪૦થી પણ વધુ નાના-મોટા વ્યાપારથી ધમધમતા વિકસીત બંદરો આ દેશનો કુલ કાર્ગો હેન્ડલીંગમાંથી ૪૦% ગુજરાતમાં

✓ **પરિણામ:** - વર્ષ ૨૦૧૮-૧૯માં દેશના કુલ એક્સપોર્ટમાં ગુજરાત ૨૦.૪% સાથે આગ્રેસર

**ગ્રીન એનર્જી**

✓ ગ્રીન એનર્જી-ક્લિન એનર્જી હબ બની રહ્યું છે ગુજરાત

✓ ૨૦૨૨ સુધીમાં ૩૦,૦૦૦ મેગાવોટ સુધી પહોંચવાનું લક્ષ્ય

VIVEKANAND ACADEMY

✓ સર્વિસ સેકટર માટે અસરકારક નીતિઓ

✓ IIT ક્ષેત્રમાં ગુજરાતને મળી રહી છે સફળતા

✓ ધાર્મિક સ્થાનો, વાઇલ્ડ લાઇફ ટૂરીઝમ, SOU (સ્ટેચ્યૂ ઓફ યુનિટી) અને અસંખ્ય આકર્ષણ ગુજરાતને પર્યટન ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન આપાવી રહ્યાં છે.

### 3. ખેલકૂદ – સિદ્ધિ : ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો 1000 મેચ રમનારો વિશ્વનો પ્રથમ ખેલાડી

✓ વતન – પોર્ટુગલ

### ૪. મન કી બાત - 62મી આવૃત્તિ : વડાપ્રધાન મોદી

**મહત્વના અંશો** **યુવિકા**

**ઈસરો દ્વારા યુવાનોને વિજ્ઞાન સાથે જોડવા યુવિકા કાર્યક્રમ લૉન્ચ કરવામાં આવ્યો છે.**

✓ યુવિકાનો મતલબ યુવા વિજ્ઞાની કાર્યક્રમ થાય છે.

✓ આ કાર્યક્રમ આપણા જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાનના વિઝનને અનુરૂપ.

✓ શ્રીહરિકોટ્ટાથી હવે રોકેટનું લોન્ચિંગ સૌ કોઈ વિઝિટર્સ ગેલેરીમાં બેસીને જોઈ શકશે. ત્યાં ૧૦,૦૦૦ લોકોને બેસવાની વ્યવસ્થા છે.

### ૫. સાબરમતી આશ્રમ - અમદાવાદ

✓ 'ડોનાલ્ડ ટ્રમ્પ' સાબરમતી આશ્રમની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકન રાષ્ટ્રપતિ

✓ મુલાકાત – તા. 24મી ફેબ્રુઆરી-2020.

### ૬. ખેલકૂદ – એશિયન કુસ્તી-2020

✓ યજમાન – કે.ડી. સ્ટેડિયમ, નવી દિલ્હી

**મેડલ ટેબલ ટોપ ફાઈવ**

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | જાપાન | ૦૮ | ૦૪ | ૦૪ | ૧૬ |
| ૨. | ઈરાન | ૦૭ | ૦૩ | ૦૭ | ૧૭ |
| ૩. | ભારત | ૦૫ | ૦૬ | ૦૯ | ૨૦ |
| ૪. | કઝાખસ્તાન | ૦૫ | ૦૨ | ૧૨ | ૧૯ |
| ૫. | કિર્ગીસ્તાન | ૦૨ | ૦૩ | ૦૬ | ૧૦ |

**ભારતના ગોલ્ડ મેડાલીસ્ટ્સ**

**ગ્રીકો રોમનઃ**

✓ સુનિલકુમાર (૮૭ કિગ્રા વજન વર્ગ)

✓ પિંકી (૫૫ કિગ્રા) સરિતા મોર (૫૯ કિગ્રા)

✓ દિવ્યા કાકરાન (૬૮ કિગ્રા)

**ફ્રિસ્ટાઈલઃ**

✓ રવિ કુમાર દહિયા (૫૭ કિગ્રા)

### ૭. વૈશ્વિક વ્યાપાર : USA ભારતનું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર બન્યું

**આંકડાકીય તથ્ય**

✓ ભારતનો વર્ષ ૨૦૧૮-૧૯માં યુએસ સાથે ૮૭.૯૫ અબજ ડોલર જ્યારે ચીન સાથે ૮૭.૦૭ અબજ ડોલરનો વેપાર

✓ જાહેરાત– વાણિજ્ય મંત્રાલય, કેન્દ્ર સરકાર

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં વિવિધ રાજ્યોને શૈક્ષણિક સ્થિતિ જાણવા માટે કેન્દ્ર સરકારના MHRD દ્વારા કયો સરવે હાથ ધરાયો - **પર્ફોમન્સ ગ્રેડ ઈન્ડેક્સ સરવે**
2. PGI નું વિસ્તૃત નામ જણાવો- **પર્ફોમન્સ ગ્રેડ ઈન્ડેક્સ**
3. PGI સરવે 2018-19માં પ્રથમ કેન્દ્ર શાસિત પ્રદેશ અને ગુજરાતનો ક્રમ-**ચંદીગઢ અને ગુજરાત બીજા ક્રમે**
4. તાજેતરમાં કરવામાં આવેલ PGI સરવેમાં ગુજરાતને 1000 માંથી કેટલા ગુણ પ્રાપ્ત થયા છે- **870**
5. PGI સરવેમાં કુલ કેટલા માપદંડ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો- **5**
6. PGI સરવેમાં કયા કયા માપદંડ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે- **1. લર્નિંગ ક્વોલિટી 2. એક્સેસ 3. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ફેકલ્ટી 4. ઈક્વિટી અને 5. ગવર્નન્સ**
7. ગુજરાતમાં વર્ષ 2018-19 માં કુલ કેટલું વિદેશી રોકાણ આવ્યું છે- **12,618 કરોડ**
8. સમગ્ર દેશના કુલ મૂડીરોકાણના કેટલા ટકાથી વધુ રોકાણ માત્ર ગુજરાતમાં આવ્યું છે- **50%**
9. IEM દ્વારા ભારતમાં થયેલા રૂ.6,78,852 કરોડના મૂડીરોકાણમાંથી ગુજરાતમાં કેટલું મૂડી રોકાણ આવ્યું- **3,43,834 કરોડ**
10. ગુજરાતમાં નવા MSME સ્થાપવા માટેની વિવિધ મંજૂરી લેવામાં કેટલા વર્ષની છૂટ આપવામાં આવી- **3 વર્ષ**
11. ભારતમાં કુલ ફન્ડેડ સ્ટાર્ટઅપમાં કેટલા ટકા સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે- **43%**
12. દેશનો કુલ કાર્ગો હેન્ડલિંગમાંથી ગુજરાતનો હિસ્સો કેટલા ટકા છે- **40%**
13. વર્ષ 2018-19 માં દેશના કુલ નિકાસમાં ગુજરાત કેટલા ટકા સાથે અગ્રેસર છે- **20.4%**
14. સૌથી વધુ ફૂટબોલ મેચ રમનારો વિશ્વનો પ્રથમ ખેલાડી અને દેશ- **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને પોર્ટુગલ**
15. તાજેતરમાં 23 ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી દ્વારા કેટલામી મન કી બાત યોજાઇ- **62મી**
16. ઈસરો દ્વારા યુવાનોને વિજ્ઞાન સાથે જોડવા કયો કાર્યક્રમ લૉન્ચ કરાયો- **યુવિકા**
17. યુવિકાનો વિસ્તૃત અર્થ જણાવો-**યુવા વિજ્ઞાની કાર્યક્રમ**
18. સાબરમતી આશ્રમ-અમદાવાદની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકન પ્રમુખનું નામ જણાવો- **ડોનાલ્ડ જે ટ્રમ્પ**

VIVEKANAND ACADEMY

19. તાજેતરમાં એશિયન કુસ્તી-2020 સ્પર્ધા ક્યાં યોજાઈ- **નવી દિલ્હી**
20. તાજેતરમાં યોજાયેલી એશિયન કુસ્તી-2020માં વિજેતા પ્રથમ દેશ અને ભારતનો ક્રમ જણાવો- **જાપાન(8 ગોલ્ડ) અને ભારત ત્રીજા ક્રમે( 5 ગોલ્ડ)**
21. તાજેતરમાં યોજાયેલી એશિયન કુસ્તી-2020માં ભારતને કેટલા મેડલ પ્રાપ્ત થયા- **ગોલ્ડ-05, સિલ્વર-06 અને બ્રોન્ઝ-09 કુલ- 20**
22. ફેબ્રુઆરી- 2020ની સ્થિતિએ ભારતનું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર કયું રાષ્ટ્ર બન્યું- **યુએસએ**

**24 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. વૈશ્વિક સંબંધો : ભારત – USA 'નમસ્તે TRUMP' અભિવાદન કાર્યક્રમ તારીખ 24/02/2020

સ્થળ - મોટેરા સ્ટેડિયમ અમદાવાદ

**અમદાવાદમાં સૌથી જૂની લોકશાહી અને સૌથી મોટી લોકશાહીનું મિલન**

- ✓ યુએસએ પ્રમુખ તારીખ 24 અને 25 ફેબ્રુઆરી 2020 ભારત પ્રવાસે
- ✓ યુએસએના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલેનીયા ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે
- ✓ ભારત આવનારા ટ્રમ્પ સાતમા યુએસ રાષ્ટ્રપ્રમુખ
- ✓ મોટેરા સ્ટેડિયમમાં 1.25 લાખ લોકોએ ટ્રમ્પનું અભિવાદન કર્યું.
- ✓ **નમસ્તેનો અર્થ** - નમસ્તે એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ છે કે આપણે કોઈ વ્યક્તિની અંદરના આત્મસન્માનને નમન કરીએ છીએ

**ભારતના વડા પ્રધાન શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશો**

૨૪ ફેબ્રુઆરી,૨૦૨૦ની આ તવારીખ ભારતના અને ખાસ કરીને ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે મઢાઈ ગયો છે.

- ✓ મોટેરા સ્ટેડિયમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને તેના પરિવારનુ ભાવભીનું સ્વાગત કરતાં કહ્યું હતું કે, તમારું સ્વાગત ગુજરાતની ધરતી પર થાય છે, પરંતુ તેમાં સમગ્ર ભારતનું જોશ સમાયેલું છે.
- ✓ અમેરિકાને સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીનું તો, ભારતને સ્ટેચ્યૂ ઓફ યુનિટીનુ ગર્વ છે.
- ✓ બંને દેશોમાં રહેલી વિવિધતા જ તેના મજબૂત સંબંધનો આધાર છે.
- ✓ ૨૧મી સદીમાં અમેરિકા-ભારત વિશ્વસ્તરે સંયુક્ત રીતે નેતૃત્વ કરવા સક્ષમ છે. જે વિશ્વની દિશા નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવશે.
- ✓ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત થવાથી અર્થતંત્ર મજબત થશે.
- ✓ સમગ્ર વાતાવરણ ભારતની વિવિધતાથી રંગાયેલું છે.
- ✓ સાબરમતી નદીનો આ કિનારો ભારતની આઝાદીમાં મોટું યોગદાન ધરાવે છે, જ્યાં તમારું સ્વાગત છે. આ એ જ ભૂમિ છે, જ્યાં વિશ્વની ૫૦૦૦ વર્ષ જૂની સભ્યતા રહેલી છે.
- ✓ ભારત એ અનેક ભાષાઓ, પરિધાન, ખાનપાન અને સમુદાયોનો દેશ છે.
- ✓ અમેરિકા એ લેન્ડ ઓફ ફ્રી છે, જ્યારે ભારત એ સમગ્ર વિશ્વને પરિવાર માને છે.
- ✓ બંને દેશ એકબીજાના પડકાર અને તકની આપ - લે કરે છે.

**અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના સંબોધનના મહત્વના અંશો**

- ✓ ભારતમાં વિવિધતામાં એકતા એ દુનિયા માટે પ્રેરણારૂપ
- ✓ યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે મોટેરા સ્ટેડિયમમાં ૨૫ મિનિટના ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે અહીં હિન્દુ-મુસ્લિમ ક્રિશ્ચિયન - શીખ - સહિત અનેક ધર્મો - સંપ્રદાયોના લોકો વસે છે, ૧૦૦ કરતાં વધુ બોલીઓ છે, ૨ ડઝન કરતાં વધુ સત્તાવાર ભાષાઓ છે છતાં મોટી બાબત એ છે કે, આ બધામાં ભારતીયતા છે અને આ એકતા સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ છે.
- ✓ વડા પ્રધાન મોદી માત્ર ગુજરાતનું જ ગૌરવ નથી, પણ તેઓ સખત પરિશ્રમ અને ખંતની એ બાબતની સાબિતી છે. જે દર્શાવે છે કે ભારતીયો જે ચાહે તે હાંસલ કરી શકે છે.
- ✓ ઇસ્લામિક આતંકવાદ અને ISISના ઉચ્ચારણ સાથે જ ટ્રમ્પને તાળીઓ અને હર્ષની ચિચિયારીઓથી વધાવી લેવાયા હતા.
- ✓ યુએસ પ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા બંને દેશો ઈસ્લામિક આતંકવાદની વિરુદ્ધમાં છે અને વખોડે છે
- ✓ આઇસીસનો તો અમે ૧૦૦ કા ખાતમો બોલાવી દીધો છે અને આ સંગઠનના સ્થાપક નેતા એવા લોહી તરસ્યા અલ બગદાદીને મારી નખાયો છે.
- ✓ દરેક દેશને આતંકવાદ નાબૂદ કરવાનો હક્ક છે, ભારત જે રીતે આતંકવાદનો સફાયો કરી રહ્યું છે તેમ પાકિસ્તાન પણ આતંકવાદની નેસ્તનાબૂદી માટે પગલાં લઈ રહ્યું છે, જે આવકારદાયક બાબત છે.

**વિદેશી વડાઓનો અમદાવાદ આવવાનો ઇતિહાસ**

- ✓ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના એકમાત્ર હેરિટેજ સિટી અમદાવાદની મહેમાનગતિ માણી
- ✓ ટ્રમ્પ અમેરિકાથી આવનારા ૭મા રાષ્ટ્રપ્રમુખ.
- ✓ ટ્રમ્પ અમદાવાદ આવનારા પહેલા અમેરિકી પ્રમુખ.

VIVEKANAND ACADEMY

- ✓ ટ્રમ્પ અમદાવાદ આવનારા ચોથા વિદેશી રાષ્ટ્રાધ્યક્ષ
- ✓ ૨૦૧૪માં ચીનના રાષ્ટ્રપતિ શી જિંનપિંગ અમદાવાદ આવ્યા હતા
- ✓ ૨૦૧૭માં જાપાનના પીએમ શિંજો આબે અમદાવાદ આવ્યા હતા.
- ✓ ૨૦૧૮મા ઈઝરાયેલના પીએમ નેતન્યાહુ અમદાવાદ આવ્યા હતા.

**અન્ય બાબતો**

- ✓ યુએસએ પ્રમુખનો 22 કિલોમીટરનો રોડ શો જેમાં ૨૮ રાજ્યોની કલા સંસ્કૃતિની ઝાંખી પ્રદર્શિત કરાઈ.
- ✓ ગાંધી આશ્રમની મુલાકાતે
- ✓ રાજ્ય સરકાર દ્વારા યુએસએ પ્રમુખની ગાંધીજીના ત્રણ વાંદરાની ગ્રેનાઇટ અને આરસના પથ્થરોમાંથી તૈયાર કરેલી પ્રતિકૃતિ ભેટ અપાય
- ✓ લશ્કરની ત્રણેય પાંખના ખાસરા ઈ-સર્વિસ લાયર અપ દ્વારા વેલ્કમ કરાયું - એરપોર્ટ અમદાવાદ
- ✓ આ મુલાકાત દરમિયાન શ્રી ટ્રમ્પની સાથે તેમના પરિવારમાં પુત્રી ઇવાન્કા અને જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ
- ✓ તાજમહેલ આગ્રા- યુએસએ પ્રમુખ પરિવાર સાથે તાજમહેલની મુલાકાતે
- ✓ <u>માત્ર ભારતના જ પ્રવાસે આવીને અન્ય દેશોની મુલાકાત લીધા વિના સીધા જ પરત અમેરિકા ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ અમેરિકન પ્રમુખ</u>

<u>૨. જન્મ દિન વિશેષ : 24 ફેબ્રુઆરી બર્ડમેન : લવકુમાર ખાચર</u>

<u>જન્મ - 24 ફેબ્રુઆરી-1931 અવસાન – 2 માર્ચ-2015</u>

- ✓ આજે તારીખ ૨૪ ફેબ્રુઆરી અને ગઝલ સમ્રાટ તલત મહેમુદ, પ્રિન્સીપાલ એસ.આર. ભટ્ટ, જયલલિતા, વિદેશી યાત્રી ઈબ્ન બતુતા, સંજય લીલા ભણસાલી અને બર્ડમેન તરીકે પ્રસિદ્ધ થયેલા શ્રી લવકુમાર ખાચરનો જન્મદિવસ.
- ✓ જસદણના રાજવી પરિવારમાં જન્મેલા લવકુમાર ખાચરે રાજકુમાર કોલેજ રાજકોટ અને દિલ્હી યુનિ.માંથી શિક્ષણ લીધુ
- ✓ ૧૯૬૭થી લવકુમાર ખાચરે પર્યાવરણ-પકૃતિવાદી પ્રવુતિઓ હિંગોલગઢમાં પ્રકુતિ શિબિરો શરુ કરીને કરી હતી.
- ✓ જીવનકાળ દરમિયાન તેઓએ ૩ હજારથી વધુ પ્રકૃતિ શિબિરો કરી હજારો લોકોને પ્રકુતિ પરત્વે અભિમુખ બનાવ્યા હતા.
- ✓ સામયિકોમાં પર્યાવરણ-પ્રકુતિ વિષયક લેખો દ્વારા પણ લવકુમાર ખાચરે પ્રકૃતિ શિક્ષણનું સ્તુત્ય કાર્ય કાર્ય કર્યું હતું.
- ✓ કચ્છના અખાતમાં દરિયાઈ પાર્કની સ્થાપના એ લવકુમાર ખાચરના વિચારોનું પ્રતિબિંબ છે.
- ✓ હિંગોળગઢમાં પકૃતિ સરક્ષણ શિક્ષણ કાર્યક્રમના તેઓ સ્થાપક હતા.
- ✓ લવકુમાર ખાચરે માનસરોવરની યાત્રા પણ કરી હતી.
- ✓ પર્યાવરણ અને પ્રકૃતિ સુરક્ષાને લગતી અનેક સંસ્થાઓમાં લવકુમાર સભ્ય અને હોદ્દેદાર રહ્યા હતા.
- ✓ પર્યાવરણ જાળવણી અને પકૃતિ સુરક્ષા માટે અસાધારણ યોગદાન આપનાર લવકુમાર ખાચરનું વર્લ્ડ વાઈલ્ડ લાઈફ સોસાયટી, બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી, વેનું મેનન લાઈફ ટાઈમ એચીવમેન્ટ, પક્ષી સરક્ષણ મંડળ, ગુજરાત જેવી અનેક સંસ્થાઓ દ્વારા તેઓનું બહુમાન થયું હતું.
- ✓ "બોલો ઓછું, કામ વધુ કરો"ના જીવન ગણિતમાં માનતા લવકુમાર ખાચરનું ૨ માર્ચ ૨૦૧૫ના રોજ રાજકોટ ખાતે ૮૪ વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ અંગ્રેજી વર્તમાનપત્રોએ તેમના અવસાન પછી લવકુમાર ખાચરને "બર્ડ મેન" તરીકે અંજલિ આપી હતી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૨-૨૦૨૦)</u>

1. તા. 24 ફેબ્રુઆરી 2020ના રોજ ભારત દ્વારા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અભિવાદન માટેનો કયો ખાસ કાર્યક્રમ ક્યાં યોજાયો- **<u>"નમસ્તે TRUMP" અને મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ</u>**
2. ફેબ્રુઆરી 2020માં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કયા બે દિવસ ભારતના પ્રવાસે હતા- **<u>24 અને 25 ફેબ્રુઆરી</u>**
3. ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવનાર અમેરિકાના કેટલામાં પ્રમુખ હતા- **<u>7મા</u>**
4. મોટેરા સ્ટેડિયમ અમદાવાદ ખાતે નમસ્તે TRUMP કાર્યક્રમમાં કેટલા લોકોએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખનું અભિવાદન કર્યું હતું- **<u>1.25 લાખ</u>**
5. 'નમસ્તે' કઈ ભાષાનો શબ્દ છે- **<u>સંસ્કૃત</u>**
6. ભારતની પ્રથમ હેરિટેજ સિટી એવા અમદાવાદની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકન પ્રમુખનું નામ જણાવો- **<u>ડોનાલ્ડ ટ્રમ્પ</u>**
7. નમસ્તે TRUMP કાર્યક્રમમાં કેટલા કિલોમીટર રોડ શો યોજાયો હતો અને ભારતના કેટલા રાજ્યોએ વિવિધ નૃત્યો રજૂ કર્યા હતા- **<u>22 કિલોમીટર અને 28 રાજ્યો</u>**
8. સાબરમતી આશ્રમની મુલાકાત બાદ રાજ્ય સરકાર દ્વારા અમેરિકન પ્રમુખ ટ્રમ્પને કઈ ભેટ-સોગાદ અપાઈ- **<u>ગાંધીજીના ત્રણ વાંદરાની પ્રતિકૃતિ</u>**
9. માત્ર ભારતના જ પ્રવાસે આવીને અન્ય દેશોની મુલાકાત લીધા વિના સીધા અમેરિકા પરત જનાર પ્રથમ અમેરિકી પ્રમુખનું નામ જણાવો- **<u>ડોનાલ્ડ ટ્રમ્પ</u>**

VIVEKANAND ACADEMY

10. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પરિવાર સાથે આગ્રામાં કયા ઐતિહાસિક ધરોહરની મુલાકાત લીધી હતી- **તાજમહેલ**
11. અમદાવાદની મુલાકાતે આવનાર ડોનાલ્ડ ટ્રમ્પ કેટલામાં વિદેશી પ્રમુખ હતા- **ચોથા**
12. અમદાવાદમાં વિશ્વની સૌથી જૂની લોકશાહી- અમેરિકા અને વિશ્વની સૌથી મોટી લોકશાહી-ભારતના વડાઓનું મિલન ક્યાં નામે ઓળખાય છે- **નમસ્તે TRUMP**
13. 24 ફેબ્રુઆરી કયા પક્ષી પ્રેમી ગુજરાતીનો જન્મદિવસ છે- **લવકુમાર ખાચર**

લવકુમાર ખાચરનું ઉપનામ જણાવો- **બર્ડમેન**

**25 –ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. રાજયસભા ચૂંટણી : (રાજ્યશાસ્ત્ર)

**ભારતમાં 17 રાજ્યોની 55 બેઠકો માટે આગામી 26 માર્ચે મતદાન**

પરિણામ - 26 માર્ચ-2020

- ✓ બેલેટ પેપર દ્વારા મતદાન
- ✓ મતદાર – જે તે વિધાનસભાના સભ્યો જ મત આપી શકશે

**ગુજરાતના રાજયસભાના આ સાંસદો આગામી સમયમાં નિવૃત્ત થશે**

1. ચુનીભાઈ ગોહિલ – ભાજપ
2. શંભુપ્રસાદ ટુંડિયા – ભાજપ
3. લાલસિંહ વાડોડિયા – ભાજપ
4. મધુસુદન મિસ્ત્રી – કોંગ્રેસ

૨. સિદ્ધિ : દૈનિક ભાસ્કર હવે વિશ્વનું ત્રીજું સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતું સમાચારપત્ર

| ક્રમ | સમાચાર પત્ર | દેશ | પ્રસાર સંખ્યા |
|---|---|---|---|
| 1. | યોમીઉરી શિંબુન | જાપાન | 81. 2 લાખ |
| 2. | અસાહી શિંબુના | જાપાન | 56. 0 લાખ |
| 3. | દૈનિક ભાસ્કર | ભારત | 43. 2 લાખ |

**સ્રોતઃ વેન - ઈન્ફ્રા - વર્લ્ડ એસોસિએશન ઓફ ન્યૂઝ પબ્લિશર્સ રિપોર્ટ-2019**

3. સાહિત્ય અકાદમી એવોર્ડ-2019

નવી દિલ્હી

**અનુવાદકોને સાહિત્ય અકાદમી દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરાશે**

**વિગત**

- ✓ ૨૪મી ફેબ્રુઆરીએ મળેલી અકાદમીની બેઠકમાં ૨૩ ભાષાઓને લગતાં પુસ્તકોના અનુવાદ માટેના અનુવાદકોને પુરસ્કાર આપવાનો નિર્ણય લેવાયો હતો.
- ✓ પ્રત્યેક અનુવાદકને રૂ. ૫૦ હજાર ઉપરાંત તામ્રફલક એનાયત કરાશે.
- ✓ **પસંદગી-**
- ✓ આલોક ગુપ્તા દ્વારા સરસ્વતીચન્દ્રના ભાગ ૧ અને ૨નો હિન્દીમાંઅનુવાદ કરવા બદલ.
- ✓ ગુજરાતના સુવિખ્યાત નૃત્યગુરૂ મૃણાલિની સારાભાઈની અંગ્રેજીમાં લખાયેલી - આત્મકથા 'ધ વોઈસ ઓફ ધ હાર્ટ'નો બકુલા ઘાસવાલાએ ગુજરાતીમાં 'અંતર્નાદ' નામે કરેલા અનુવાદ બદલ પુરસ્કૃત કરવામાં આવશે.

૪. અવસાન – USAના મહિલા ગણિતજ્ઞ કેથરિન જોન્સનું 102 વર્ષની વયે નિધન

- ✓ પ્રદાન - અવકાશ યાત્રા માટે રસ્તો તૈયાર કરનાર.
- ✓ NASA દ્વારા તેમને 'કોમ્પ્યુટર' તરીકેનું સન્માન

૫. કેન્દ્ર સરકાર : સમગ્ર ભારતમાંથી પસંદ કરાયેલા 11 MLA પૈકી ગુજરાતના ઉંઝાના MLA ડૉ. આશાબહેન પટેલનો સમાવેશ

- ✓ દિલ્હી ખાતે 'આદર્શ યુવા ધારાસભ્ય'નો એવોર્ડ એનાયત.

૬. ભારત-અમેરિકા દ્વિપક્ષીય મંત્રણા (વૈશ્વિક સંબંધો)

- ✓ હૈદરાબાદ હાઉસ-નવી દિલ્હી

**કરારની વિગતો**

**3 અબજ ડોલરનો સંરક્ષણ કરાર સંપન્ન**

- ✓ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ભારતના પીએમ મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં બંને દેશોના પ્રતિનિધિમંડળ સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજાઈ હતી.
- ✓ જેમાં બંને દેશો વચ્ચે 3 અબજ ડૉલરનો સંરક્ષણ કરાર કરાયો હતો.
- ✓ આ ઉપરાંત અન્ય ત્રણ કરાર કરાયા હતા જેમાં ઊર્જા, હેલ્થ અને પરમાણુ સેક્ટર સામેલ છે.
- ✓ પરમાણુ રિએક્ટર માટે કરાર કરાયો હતો જે હેઠળ અમેરિકા ભારતને ૬ અણુ રિએક્ટર આપશે.
- ✓ આ ઉપરાંત હેલ્થકેર ક્ષેત્રે જેમાં માનસિક સ્વાથ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા તેમજ ઓઈલ અને ગેસક્ષેત્રે ઇન્ડિયન ઓઈલ અને એક્ઝોનમોબિલ વચ્ચે કરાર થયા હતા.

શું છે 3 અબજ ડોલરનો સંરક્ષણ સોદો ?

- ✓ બંને દેશો વચ્ચેના 3 અબજ ડૉલરના સોદામાં અમેરિકા પાસેથી ૨૪ MH-૬૦ રોમિયો હેલિકોપ્ટર ખરીદવાનો સમાવેશ થાય છે જેનું મૂલ્ય ૨.૬ અબજ ડૉલર છે.
- ✓ બીજો એક સોદો ૬-AH ૬૪E અપાચે હેલિકોપ્ટર ખરીદવાનો છે જેનું મૂલ્ય ૮૦ કરોડ ડૉલર છે. જેના પર હસ્તાક્ષર કરાયા હતા.

VIVEKANAND ACADEMY

- ✓ ટ્રમ્પે કહ્યું હતું કે અમે વિમાન, મિસાઇલ્સ, રોકેટ, સબમરીન બનાવીએ છીએ. હવે અમે ભારત સાથે સોદો કરી રહ્યા છીએ.
- ✓ USA પ્રમુખ દ્વારા રાજઘાટ ખાતે ગાંધીજીને પુષ્પાંજલિ અપાઈ

૭. વસંતોત્સવ-2020 : પ્રારંભ (કલા) સ્થળ- સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર

- ✓ વસંતોત્સવના 25 વર્ષ પૂર્ણ–રજતજયંતિ વર્ષની ઉજવણી
- ✓ થીમ-2020 – 'એક ભારત શ્રેષ્ઠ ભારત'
- ✓ વિવિધ 10 રાજ્યોના કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરશે

૮. જન્મ દિન વિશેષ : 25 ફેબ્રુઆરી

રાજ વિનાના મહારાજ : રવિશંકર મહારાજ

જન્મ - 25 ફેબ્રુઆરી-1884 અવસાન – 1 જૂલાઈ-1984

- ✓ આજે ફારુખ એન્જિનિયર, મહેરબાબા, બલરાજ મધોક, તત્વજ્ઞન બેને ડેટો ક્રોચે, અભિનેત્રી દિવ્યા ભારતી અને મૂંક સેવક રવિશંકર મહારાજ જેવા અનેક વ્યક્તિ વિશેષનો જન્મદિવસ
- ✓ કવિ નર્મદ, વિશ્વની સૌ પ્રથમ સમાચાર એજન્સીના સંસ્થાપક પોલ જુલિયસ રોઈટરની પુણ્યતિથિ છે.
- ✓ સાચા સંત, મુઠ્ઠી ઊંચેરા માનવી, કરોડપતિ ભિક્ષુક, મૂકસેવક, બીજા ગાંધી જેવા અનેક વિશેષણો જેમની સાથે રૂઢ થયા છે તેવા રવિશંકર વ્યાસનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામે થયો હતો.
- ✓ છઠ્ઠા ધોરણ સુધી ભણ્યા પછી પિતાજીને ખેતીમાં મદદ કરવા ભણતર ત્યજ્યું.
- ✓ 1921માં જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ સુણાવ ગામમાં શાળાની સ્થાપના કરી આચાર્યથી લઈ સેવક સુધીની જવાબદારી સંભાળી હતી.
- ✓ ખેડા જિલ્લામાં બારૈયા અને પાટણવાડિયા જેવી કોમોના ઉત્થાન માટે પ્રવૃત્ત થયા.
- ✓ 1923માં હૈડિયા વેરાની વિરુદ્ધ શરૂ થયેલા બોરસદ સત્યાગ્રહથી લઈ બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ અને હિન્દ છોડો આંદોલનથી લઈ ગુજરાત કક્ષાએ થયેલા લગભગ પ્રત્યેક સત્યાગ્રહમાં મહારાજશ્રીનું સીધું યોગદાન અને માર્ગદર્શન રહ્યું હતું.
- ✓ તેથી વધુ તેમનું યોગદાન સુરાજ્યની રચનાત્મક પ્રવૃત્તિઓમાં રહ્યું છે.
- ✓ 1 મે 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના તેમના વરદ હસ્તે થઈ હતી.
- ✓ ભૂદાન આંદોલન વખતે તેમના પગપાળા પ્રવાસો યુવાનોને પણ શરમાવે તેવા હતાં.
- ✓ સાદાઈના પર્યાય સમા રવિશંકર મહારાજનું 1 જુલાઈના રોજ અવસાન પામેલા મહારાજની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.
- ✓ તેમની વ્યક્તિમત્તાને પ્રમાણતા ઘણા પુસ્તકો લખાયા છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૨-૨૦૨૦)

1. આગામી 26 માર્ચ 2020 ના રોજ ભારતના કેટલા રાજ્યોની કેટલી બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી યોજાશે- **17 રાજ્યો અને 55 બેઠકો**
2. આગામી 26 માર્ચ 2020ના રોજ ગુજરાતમાં રાજ્યસભાની કેટલી બેઠકો માટે મતદાન યોજાશે- **04**
3. રાજ્યસભાની ચૂંટણીમાં કોણ મતદાન કરી શકે- **વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો( ધારાસભ્ય)**
4. રાજ્યસભાની ચૂંટણીમાં કઈ પદ્ધતિથી મતદાન કરવામાં આવે છે- **બેલેટ પેપર**
5. રાજ્યસભાના સાંસદની મુદત કેટલી હોય છે- **06 વર્ષ**
6. ફેબ્રુઆરી-2020ની સ્થિતિએ વિશ્વના ત્રીજા સૌથી મોટા અખબાર(નકલ)નું નામ જણાવો- **દૈનિક ભાસ્કર**
7. ફેબ્રુઆરી-2020ની સ્થિતિએ વિશ્વના પ્રથમ અને બીજા સૌથી મોટા અખબાર(નકલ)નું નામ અને દેશ જણાવો- **યોમીઉરી શિંબુન અને અસાહી શિંબુના- જાપાન**
8. સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા સૌ પ્રથમવાર કયા બે અનુવાદકોને એવોર્ડ આપી સન્માનિત કરાશે- **આલોક ગુપ્તા- હિન્દી અનુવાદક અને બકુલા ઘાસવાલા- ગુજરાતી અનુવાદક**
9. વિશ્વમાં સૌપ્રથમ અવકાશયાત્રા માટે સંશોધન કરી રસ્તો તૈયાર કરનાર કયા મહિલા ગણિતજ્ઞનું તાજેતરમાં 102 વર્ષની વયે અવસાન થયું- **કેથરિન જોન્સ - યુએસએ**
10. સમગ્ર ભારતમાંથી પસંદ કરેલા 11 'આદર્શ યુવા ધારાસભ્યો'માં ગુજરાતના કયા ધારાસભ્યને એવોર્ડ આપી સન્માનિત કરાયા - **ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલ**
11. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા કયા સ્થળે યોજાઇ- **હૈદરાબાદ હાઉસ, નવી દિલ્હી**
12. ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં કેટલી રકમનો સંરક્ષણ કરાર સંપન્ન થયો- **3 અબજ ડોલર**
13. તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણની સાથે બીજા કયા અન્ય ક્ષેત્રોમાં કરાર કરવામાં આવ્યા- **ઊર્જા, હેલ્થ અને પરમાણુ**
14. તાજેતરમાં સંપન્ન થયેલ પરમાણુ કરાર મુજબ અમેરિકા દ્વારા ભારતને કેટલા અણુ રિએક્ટર આપવામાં આવશે-**06**

VIVEKANAND ACADEMY

15. તાજેતરમાં ભારત-અમેરિકા વચ્ચે થયેલા સંરક્ષણ સોદામાં અમેરિકા પાસેથી કયા હેલિકોપ્ટર ખરીદવામાં આવશે- 24 MH-60 રોમિયો અને 6-AH 64E અપાચે
16. ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં ઓઇલ તેમજ ગેસ ક્ષેત્રે કઈ બે કંપનીઓ વચ્ચે કરાર થયા- ઇન્ડિયન ઓઇલ અને એક્ઝોનમોબિલ
17. વસંતોત્સવ-2020ની થીમ જણાવો - 'એક ભારત શ્રેષ્ઠ ભારત'
18. 25 ફેબ્રુઆરી કયા મહાનુભાવનો જન્મદિવસ છે - રવિશંકર મહારાજ
19. રવિશંકર મહારાજનો જન્મ કયા ગામે થયો હતો-રઢુ, ખેડા

ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે 1960ના રોજ કોના હસ્તે કરવામાં આવી હતી- પૂજ્ય રવિશંકર મહારાજ

**26 – ફેબ્રુઆરી–૨૦૨૦**

**27 – ફેબ્રુઆરી–૨૦૨૦**

## ૧. ખેલકૂદ - નિવૃત્તિ : પાંચ ગ્રાન્ડસ્લેમ વિજેતા મારિયા શારાપોવાની ટેનિસમાંથી નિવૃત્તિ

- ✓ વતન – રશિયા

## ૨. GST : નવો ટોલ ફ્રી નંબર જાહેર (કર)

- ✓ કુલ-૧૨ ભાષાઓમાં માહિતી આપશે
- ✓ ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ નેટવર્ક જીએસટી હેલ્પડેસ્ક માટે નવો ટોલ ફ્રી નંબર 1800 103 4786 શરૂ કર્યો છે.
- ✓ ઈનડાયરેક્ટ ટેક્સ સાથે જોડાયેલા પ્રશ્નો કે સમસ્યાના સમાધાન માટે આ નંબરનો સંપર્ક સાધી શકાશે.
- ✓ આ ટોલ ફ્રી નંબર 365 દિવસ કાર્યરત રહેશે. સવારના નવ વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી કોલ કરી શકાશે.
- ✓ નવા ટોલ ફ્રી નંબરની શરૂઆત સાથે જીએસટી હેલ્પડેસ્ક રૂપે કામ કરી રહેલો જુનો નંબર 0120 - 24888999 સેવામાંથી દૂર થયો છે.

## 3. 43મી UNHRC કોન્ફરન્સ-2020 (માનવ અધિકાર)

- ✓ સ્થાન – જિનિવા
- ✓ સમયગાળો- 24મી ફેબ્રુઆરીથી 20મી માર્ચ-2020 સુધી
- ✓ UNHRCનું વિસ્તૃત નામ– યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશન
- ✓ ખાસ– UNમાં પાકિસ્તાનને ભારતનો જવાબ–જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ

## ૪. આઈક્યૂ એર વિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ-2019 (પર્યાવરણ)

- ✓ વિશ્વના 30 સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના ૨૧ શહેરો.

વધુ વિગત

- ✓ પ્રદૂષણ અંગે અહેવાલ જાહેર કરતી સંસ્થા આઇક્યૂ એરવિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ ૨૦૧૯ના આંકડા મુજબ દુનિયાના બાકીના દેશોની સરખામણીએ ભારતમાં પ્રદૂષણની સમસ્યા વધારે ગંભીર
- ✓ વૈશ્વિક સ્તરે હવાની ગુણવત્તા અંગે જાણકારી આપતી આઇક્યૂ એરવિઝ્યુઅલના સંશોધકોએ પોતાના ગ્રાઉન્ડ મોનિટરિંગ સ્ટેશનોથી આંકડા એકઠા કર્યાં છે જે પીએમ ૨.૫ કણોના આધારે કરવામાં આવ્યા છે.
- ✓ આટલા સૂક્ષ્મ કદના ઝેરી કણો માનવીના શ્વસનતંત્રમાં ઘર જમાવીને બેસી જાય છે અને અનેક રોગોને નોતરે છે.
- ✓ એર ક્વોલિટી એટલે કે હવાની ગુણવત્તા માપવાના ઘણાં માપદંડ છે પરંતુ જેમાં સૌથી વધારે પ્રચલિત છે હવામાં પીએમ ૨.૫ અને પીએમ ૧૦નું પ્રમાણ.
- ✓ પીએમ નો અર્થ છે પાર્ટિક્યૂલેટ મેટર એટલે કે હવામાં રહેલા સૂક્ષ્મ કણો.
- ✓ પીએમ ૨.૫ અને પીએમ ૧૦ આ કણોની સાઇઝ દર્શાવે છે. સામાન્ય રીતે આપણા શરીર પરના વાળની સાઇઝ પીએમ ૫૦ જેટલી હોય છે. એના પરથી અંદાજ લગાવી શકાય કે પીએમ ૨.૫ અને પીએમ ૧૦ કેટલા સૂક્ષ્મ કણ હશે.
- ✓ સામાન્ય સંજોગોમાં ૨૪ કલાકમાં હવામાં પીએમ ૨.૫નું પ્રમાણ ૬૦ માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ અને પીએમ ૧૦નું પ્રમાણ ૧૦૦ માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ.
- ✓ આ કણોનું આના કરતા વધારે પ્રમાણ હોય તો એ સ્થિતિ ભયજનક ગણાય. સાદા શબ્દોમાં કહીએ તો આજે પ્રદૂષણના કારણે શ્વાસમાં જે હવા લેવામાં આવે એ જ ઝેર બની ચૂકી છે.

## ૫. કેન્દ્રીય કેબિનેટ (વહિવટ)

- ✓ સરોગેસી (રેગ્યુલેશન) બિલ-2020ને કેબિનેટની મંજૂરી.
- ✓ હેતુ– કોમર્શિયલ સરોગેસી પર પ્રતિબંધ મૂકવાનો ઉદ્દેશ

## ૬. રેલવે પોલીસ (સુરક્ષા)

## મુસાફરોની સુરક્ષા માટે 'સુરક્ષિત સફર મોબાઈલ' એપ લોન્ચ

- ✓ ટ્રેક માય ટૂરની માહિતી આપશો તો, પોલીસ સતત તેનું ધ્યાન રાખશે.
- ✓ ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે
- ✓ રેલવે પેસેન્જરોને અસામાજિક તત્વો, નકલી પોલીસ સહિતની ટોળકીઓ પરેશાન કરતી હોય છે. તેવા કિસ્સાઓમાં લોકોને પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેશે નહી અને સીધા રેલવે પોલીસની એપ્લિકેશન પર ફરિયાદ કરી શકે તે માટે રેલવે પોલીસે એપ્લિકેશન લોંચ કરી છે. તેમાં સામાન્ય લોકો પોલીસને ઇન્ફરમેશન પણ આપી શકશે.

VIVEKANAND ACADEMY

એપ્લીકેશનના અગત્યના ફીચર્સ

1. **ફરિયાદ-**
જો કોઈ પ્રવાસીના સામાનની ચોરી થાય કે લુંટનો બનાવ બને તો જે તે પ્રવાસી ફરિયાદના ઓપ્શનમાં જઈને પોતાની ફરિયાદ નોંધાવી શકશે. રેલ્વેના કંટ્રોલ અને પેટ્રોલિંગ પોલીસ બને આ ફરિયાદ પર કામ કરશે. કંટ્રોલમાંથી પ્રવાસીને તેની ટિકિટનો પીએનઆર નંબર પુછીને આગળની કાર્યવાહી કરાશે.

2. **વુમન ડેસ્ક-**
આ ફંકશન ખાસ મહિલાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં છેડતીનો ભોગ બનેલી મહિલા પોતાની ઓળખ છુપાવીને ફરિયાદ કરી શકશે.

3. **સજેશન –**
પ્રવાસની રિઝર્વ સીટ હોય અને કોઈ વ્યક્તિ સીટ માટે પરેશાન કરે તે સિવાય પોલીસનું ગેરવર્તન હોય તેવા સંજોગોમાં પ્રવાસી પોતાનું સજેશન આ ફંકશન દ્વારા આપી શકશે.

4. **શંકાસ્પદ વ્યકિત –**
કોઈ પ્રવાસીને તેની નજીકમાં બેઠેલી વ્યક્તિનું વર્તન શંકાસ્પદ જણાય તો આ ફંકશન મારફતે પોલીસને જાણ કરાતા જ પોલીસ કાર્યવાહી કરશે અને ફરિયાદ કરનારી વ્યક્તિની ઓળખ પણ છુપી રાખશે.

5. **કોલ –**
આ ફંકશન રેલ્વેના કંટ્રોલ સાથે જોડાયેલ હશે અને કોઈ સંજોગોમાં પ્રવાસી તેનો ઉપયોગ કરશે તો સીધી રિંગ કંટ્રોલરૂમમાં જશે અને તે મુજબ કાર્યવાહી થશે.

6. **કોન્ટેક્ટ કોપ –**
આ ફંકશનમાં જીઆરપીના તમામ પોલીસકર્મીઓથી લઈને ડીઆઈજી સુધીના અધિકારીઓના ફોટોગ્રાફ્સ, ફોન નંબર અને ઈમેલની માહિતી હશે.

7. **કોન્ફિડન્સીયલ –**
ડ્રગ્સ, જુગાર કે અપહરણ સંદર્ભે પ્રવાસ ઓળખ છુપાવી પોલીસને જાણ કરી શકશે.

8. **ટ્રેક માય રૂટ –**
ટ્રેનમાં પ્રવાસ કરતા સિનીયર સિટીઝન કે એકલી મુસાફરી કરતી મહિલા તે ક્યાંથી બેઠા અને ક્યાં જઈ રહ્યા છે તેની માહિતી આપશે તે આપાતકાલીન સ્થિતીમાં પોલીસ તેમને મદદ કરશે.

9. **ફીડબેક –**
આ ફંકશન મારફતે પોલીસ કંટ્રોલમાં પોલીસ પ્રવાસીઓનો પોલીસની કામગીર અંગેનો અભિપ્રાય પુછશે.

10. **ટચ ટુ પેનિક –**
આ ફંકશન મારફતે ઈમરજન્સી વખતે પ્રવાસી પોલીસની મદદ મેળવી શકશે.

- ✓ અમદાવાદ ખાતેથી ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા લોન્ચિંગ

### ૭. તીડ મુક્તિ મિશન (કુદરતી આપત્તિ)

**પાકિસ્તાનને તીડના આક્રમણથી મુક્ત કરાવવા માટે ચીન દ્વારા ૧ લાખ તીડખાઉં બતકનું સૈન્ય તૈયાર :**

- ✓ **બતક - તીડ સામે કુદરતી જૈવિક હથિયાર**

તીડખાઉં બતક સૈન્યની વિશેષતા

- ✓ પાકિસ્તાનમાં સિંધ પ્રાંતમાં 40 ટકા પાક તીડના કારણે નાશ પામ્યો
- ✓ એક બતક ૪ વર્ગ મીટરના વિસ્તારને તીડના આતંકથી મુક્ત કરાવી શકે છે. વિશેષજ્ઞોનું માનવું છે કે એક બતક દિવસમાં ૨૦૦ તીડને આરોગી જાય છે.
- ✓ બતકનાં બચ્ચાં ૪૦ તીડ ખાઈ શકે છે. તીડના હુમલા સામે લડવા માટે બતકોને પાકિસ્તાન મોકલતા પહેલાં ચીનના પશ્ચિમમાં આવેલા શિનજિયાંગ પ્રાંતમાં પરીક્ષણ શરૂ કરાશે.
- ✓ એક બતક ૪ વર્ગ મીટરના વિસ્તારને તીડના આતંકથી મુક્ત કરાવી શકે છે.

### ૮. સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 : ગુજરાત સરકાર

**આંકડાકીય વિગતો**

- ✓ સરકારે તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર 13.8 ટકા અંકાયો હતો.
- ✓ જે 2018-19માં 13.1 ટકા અને 2019-20માં મુજબ 10.07 ટકાએ નોંધાશે તેવો અંદાજ.
- ✓ આમ માત્ર 2 જ વર્ષમાં જીડીપી વૃદ્ધિદર 3 ટકા ઘટશે.
- ✓ જ્યારે સ્થિર ભાવે જીડીપીનો વૃદ્ધિદર 2018-19ના વર્ષમાં 9.2 ટકાનો અંદાજ છે જે વર્ષ 2016-17માં 11.7 ટકા જ્યારે 2017-18માં 11.2 ટકા નોંધાયો હતો.
- ✓ અહીં પણ 2.5 ટકાનો ઘટાડો થશે. રાજ્ય સરકારની રાજવિત્તિય ખાધ 54 હજાર કરોડથી વધુ નોંધાતા સરકારને પોતાના ખર્ચ માટે જાહેર દેવું વધારવાની ફરજ પડશે.
- ✓ વર્ષ 2022-23માં આ દેવું 3 લાખ 71 હજાર કરોડે પહોંચી જશે.

VIVEKANAND ACADEMY

- ✓ ગુજરાત સરકારને પાછલાં 2 વર્ષમાં GST વળતર સ્વરૂપે કેન્દ્ર પાસેથી 51371.24 કરોડ રૂપિયાને બદલે 44361.61 કરોડ રૂપિયા મળ્યાં.

૯. વૈશ્વિક સંબંધો : ભારત-મ્યાનમાર

**મ્યાનમાર (બ્રહ્મદેશ)ના PM વિન મીન્ટ ભારતના પ્રવાસે**

**બંને દેશો વચ્ચે વિવિધ કરાર અને વિગત.**

- ✓ આ મુલાકાત દરમિયાન તેમની સાથે ભારતના વિવિધ ક્ષેત્રમાં ૧૦ કરાર પણ થયા હતા.
- ✓ મુખ્ય કરાર મ્યાનમારના સંઘર્ષરત રાજ્ય રાખિનના વિકાસકાર્ય અંગેનો હતો.
- ✓ ઉપરાંત દરિયાઈ સુરક્ષા, સરહદેથી થતી ઘૂસણખોરી સામે સંયુક્ત પગલા વગેરે મુદ્દે સહી સિક્કા થયા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૨-૨૦૨૦)

1. તાજેતર ફેબ્રુઆરીમાં કઈ મહિલા ટેનિસ ખેલાડીએ ૨૦૨૦-ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી– **રશિયન ખેલાડી મારિયા શારાપોવા**
2. રશિયન ટેનિસ મહિલા ખેલાડી મારિયા શારાપોવાએ આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન કેટલા ગ્રાન્ડસ્લેમ જીત્યા છે -**પાંચ ગ્રાન્ડસ્લેમ**
3. તાજેતર ફેબ્રુઆરી માં૨૦૨૦-GST હેલ્પ ડેસ્ક માટેનો0120 – ને બદલે કયો24888999 નવો ટોલ ફ્રી નંબર જાહેર કર્યો - **4786 103 1800**
4. GST હેલ્પ ડેસ્ક માટેનો નવો ટોલ ફ્રી નંબર 1800 103 4786 કુલ કેટલી ભાષાઓમાં માહિતી આપશે -**૧૨**
5. GSTનું વિસ્તૃત નામ જણાવો-**ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ**
6. તાજેતર ફેબ્રુઆરી માં૨૦૨૦-43મી UNHRC કોન્ફરન્સ-2020 કયા સ્થળે યોજાઈ -**જિનિવા**
7. UNHRCનું વિસ્તૃત નામ જણાવો – **યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશન**
8. આઈક્યૂ એર વિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ-2019 વિશ્વના 30 સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના કેટલા શહેરોનો સમાવેશ થયો છે -**૨૧**
9. પીએમનો અર્થ જણાવો -**પાર્ટિક્યૂલેટ મેટર એટલે કે હવામાં રહેલા સૂક્ષ્મ કણો**
10. સામાન્ય સંજોગોમાં ૨૪ કલાકમાં હવામાં પીએમ ૨નું ૫. પ્રમાણ કેટલા માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ -**૬૦**
11. પીએમ ૧૦નું પ્રમાણ કેટલા માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ -**૧૦૦**
12. તાજેતર ફેબ્રુઆરીમાં કોમર્શિયલ સરોગેસી પર ૨૦૨૦-પ્રતિબંધ મૂકવાના ઉદ્દેશથી કેન્દ્રીય કેબિનેટે કયા બિલને મંજૂરી આપી-**સરોગેસી -બિલ (રેગ્યુલેશન)2020**
13. તાજેતર ફેબ્રુઆરીમાં રેલવે પોલીસ દ્વારા મુસાફરોની ૨૦૨૦-સુરક્ષા માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી- **'સુરક્ષિત સફર મોબાઈલ' એપ**
14. તાજેતર ફેબ્રુઆરીમાં પાકિસ્તાનને તીડના આક્રમણથી ૨૦૨૦-લાખ તીડખાઉં બતકનું ૧ મુક્ત કરાવવા માટે કયા દેશ દ્વારા સૈન્ય તૈયાર કરાયું– **ચીન**
15. ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા :2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર કેટલા ટકા અંકાયો હતો **13** -. **ટકા 8**
16. ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા :2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર 13.8 ટકા અંકાયો હતો જે 2018-2019 માં કેટલા ટકા અને19-માં 20 **13** - કેટલા ટકા નોંધાવવાનો અંદાજ છે.**10 અને 1.ટકા 07**
17. ગુજરાત સરકારને પાછલાં વર્ષમાં 2GST વળતર સ્વરૂપે કેન્દ્ર પાસેથી કેટલા રૂપિયા મળવાના હતા તેના બદલે કેટલા રૂપિયા મળ્યાં – **રૂ .51371.24 કરોડ અને રૂ .44361.61 કરોડ**
18. તાજેતર ફેબ્રુઆરી માં મ્યાનમાર૨૦૨૦-(બ્રહ્મદેશના ( - વડાપ્રધાન ભારતના પ્રવાસે હતા તેનું નામ જણાવો**વિન મીન્ટ**
19. તાજેતર ફેબ્રુઆરી માં મ્યાનમાર૨૦૨૦-(બ્રહ્મદેશના ( વડાપ્રધાનવિન મીન્ટના ભારત પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રમાં કેટલા કરાર થયા -**૧૦**

**28 – ફેબ્રુઆરી–૨૦૨૦**

૧.સિદ્ધિ : ભારતીય સૈન્યના ડૉ. માધુરી કોનિટકર દેશના પ્રથમ મહિલા લેફ્ટનન્ટ જનરલ બન્યા (સંરક્ષણ)

- ✓ પતિ-પત્ની બંને લેફ્ટનન્ટ જનરલ બન્યાની પ્રથમ ઘટના
- ✓ કોનિટકરે ત્રણ વર્ષ પહેલાં પૂણેમાં એએફએમસીના પહેલા મહિલા ડીન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.
- ✓ તેમને આર્મી મેડિકલ કોરમાં પહેલું બાળચિકિત્સા નેફ્રોલોજી યુનિટ સ્થાપિત કરવાનું શ્રેય પણ અપાય છે.

૨. GDP : કેન્દ્ર સરકાર (આર્થિક વિકાસ)

- ✓ ભારતનો ત્રીજો ક્વાર્ટર એટલે કે ઓક્ટોબર-2019થી ડિસેમ્બર-2019નો GDP 4.7 ટકા રહ્યો

**અન્ય સુધારેલા અંદાજ**

- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ક્વાર્ટર અને બીજા ક્વાર્ટરના જીડીપી આંકડાઓને સંશોધિત કરીને અનુક્રમે પાંચ

VIVEKANAND ACADEMY

ટકાથી વધારી ૫.૬ ટકા અને ૪.૫ ટકાથી વધારી ૫.૧ ટકા કરવામાં આવ્યો છે.

### ૩. દરિયાઈ સુરક્ષા – પેટ્રોલિંગ

**પેટ્રોલિંગ ICG જહાજ 'વજ્ર' ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયું**

**ICG વજ્ર વિશે**

- ✓ મેઈક ઈન ઈન્ડિયા હેઠળ નિર્માણ
- ✓ આધુનિક કમ્યુનિકેશ સામગ્રીને કારણે આ જહાજ દિવસ ઉપરાંત રાતે પેટ્રોલિંગ માટે પણ એટલું જ ઉપયોગી થશે.
- ✓ જહાજની લંબાઈ ૯૮ મિટર, પહોળાઈ ૧૫ મિટર અને વજન ૨૧00 ટન છે.
- ✓ ૧૨૧ નાવિકો તેનું સંચાલન કરશે.
- ✓ ડાયરેક્ટર જનરલ - કે. નટરાજન
- ✓ ICG – ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ

### ૪. સંરક્ષણ નિકાસ ક્ષેત્રે ભારત : બેંગાલુરુના એચએએલ ખાતે આયોજિત કર્ણાટક રાજ્યોત્સવની ઊજવણી

**સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહનું નિવેદન**

- ✓ છેલ્લા બે વર્ષમાં આપણી વાર્ષિક નિકાસ ૧૭૦૦૦ કરોડ રૂપિયા રહી છે પણ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ક્ષમતાને જોતા મને વિશ્વાસ છે કે ૨૦૨૪ સુધીમાં ભારતની સંરક્ષણ નિકાસ વધીને ૩૫,૦૦૦ કરોડ રૂપિયા થઇ જશે.
- ✓ ભારતને આયાત કરનાર રાષ્ટ્ર તરીકે જોવા માગતા નથી.
- ✓ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ક્ષમતાને જોઇ લાગે છે કે, ભારત ચોક્કસપણે નિકાસ કરનાર રાષ્ટ્ર બનશે

### ૫. દિન વિશેષ : ૨૮ ફેબ્રુઆરી

### રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

**વર્ષ-૨૦૨૦ની થીમ – "વૂમન ઈન સાયન્સ"**

**વિશેષતા**

- ✓ ૨૮મી ફેબ્રુઆરી દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવાય છે. કેમ કે ભારતના વિજ્ઞાની સર સી. વી. રમને ૧૯૨૮ની ૨૮મી ફેબ્રુઆરીએ રમન ઈફેક્ટ નામની શોધ કરી હતી.
- ✓ રમન ઈફેક્ટ એ પ્રકાશની વહેંચણીનું વિજ્ઞાન છે, જે સામાન્ય માણસને કદાચ ન સમજાય. પરંતુ વિજ્ઞાન જગતમાં તેનું વિશેષ મહત્ત્વ છે.
- ✓ આ શોધ માટે સર રમને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ✓ ભારતે આપેલા કેટલાક સંશોધનો માટે જગત સદાય ભારતવર્ષનું ઋણી રહેશે. એવા સંશોધનો આ મુજબ છે.

ભારતે વિજ્ઞાન વિશ્વમાં શું પ્રદાન આપ્યુ

1. શૂન્યનું મહત્વ કંઈ ન હોવા છતાં ઘણુ બધુ છે અને તેનો સૌ પ્રથમ ઉપયોગ ભારતમાં થતો હતો. ૨૦૧૭માં ફરીથી વિજ્ઞાનીઓએ જાહેર કર્યું કે ત્રીજી અને ચોથી સદીની ભારતીય હસ્તપ્રતોમાં સૌ પ્રથમ વાર શૂન્ય વપરાયેલા નજરે પડયા.
2. શર્ટમાં ટાંકવાનું બટન અચાનક તૂટી જાય તો ઘણી વખત પ્રસંગમાં શરમ અનુભવવી પડે. એ બટન વાપરનારા સૌ પહેલા ભારતીયો હતા.
3. આર્યનઓરમાંથી લોખંડ બનાવાની રીતભારત યુરોપમાં બે-ત્રણ સદીથી વપરાય છે. પ્રાચીન ભારતીય અવશેષો જોતાં જણાય છે કે લોખંડ-પોલાદનું મિશ્રણ કરી સર્વોત્તમ સ્ટીલ બનાવાતું હતું. એના દ્વારા બનતી તલવારો દુનિયાભરમાં જાણીતી હતી. તેનો જાણીતો નમુનો દિલ્હીનો લોહ સ્તંભ છે.
4. શેમ્પુ - હિન્દી ભાષાના શબ્દ ચંપોમાંથી અંગ્રેજી ભાષાએ શબ્દ અપનાવ્યો અને આજે ઓળખાય છે એ શેમ્પુ તરીકે. મોગલો માથાના મસાજની પ્રક્રિયાને ચંપો કહેતા હતા, એ માટે વપરાતું તેલ-પ્રવાહી સમય જતાં શેમ્પુ નામે લોકપ્રિય થયું. અંગ્રેજોને તેનો પ્રથમ પરિચય બંગાળી ઉદ્યોગપતિ દીન મહમ્મદે ૧૮મી સદીમાં કરાવ્યો હતો.
5. યોગની લોકપ્રિયતા હવે અજાણી નથી. દર વર્ષે યોગ દિવસે દુનિયાભરમાં લોકો યોગ સમજતા હોય કે ન હોય પરંતુ શરીર વાંકા-ત્રાંસુ કરી યોગાસન કરે છે. મહર્ષિ પતંજલીએ શરીર શુદ્ધિકરણની એ પદ્ધતિ સાડા ત્રણ હજાર વર્ષ પહેલા શોધી હતી.
6. આચાર્ય શુશ્રુતે શોધેલી શરીર સારવારની વિવિધ પદ્ધતિ, સર્જરીની રીત-ભાત, સર્જરી માટેના સાધનો પણ હવે દુનિયાથી અજાણ્યા નથી. એટલે દુનિયાના કોઈ રોગનો ઉપાય લેબોરેટરીમાં મળે ન મળે શુશ્રુત સહિંતામાં અચૂક મળે.
7. રેડિયો એટલે કે વાયર વગર (વાયરલેસ) કમ્યુનિકેશ થઈ શકે તેની શોધ ઈટાલિના ગુગ્લી એલ્મો માર્કોનીએ કરી હોવાનું મનાય છે કેમ કે તેમણે પેટન્ટ નોંધાવી હતી. તેમની પહેલા એ કામગીરી સર જગદીશચંદ્ર બોઝ કરી દેખાડી પરંતુ પેટન્ટ ન નોંધાવી એટલા માટે તેમના નામે શોધ ન નોંધાઈ.
8. હડ્ડપન યુગમાં ઉભું કરવામાં આવેલું કેનાલ નેટવર્ક જોરદાર હતું. આજે પણ ધોળાવીરા કે લોથલમાં તેના પુરાવા જોઈ શકાય છે. બીજી બાજુ ભારત સરકાર કે દુનિયાની અન્ય સરકારો એવુ જળ વ્યવસ્થાપન કરી શકતી નથી એ પણ હકીકત છે.
9. અમેરિકા-રશિયાએ ચંદ્ર પર અનેક મિશન મોકલ્યા અને માણસો પણ ઉતાર્યા. પરંતુ ચંદ્ર પર પાણી હોવાના પુરાવા ભારતના મિશન ચંદ્રયાન-૧ દ્વારા છેક ૨૦૦૮માં મળ્યા.

VIVEKANAND ACADEMY

10.ડેટાની હેરાફેરી માટેનું મહત્વનું સાધન હોય તો એ એક યુએસબી છે. એ શોધ ભારતમાં તો નથી પરંતુ કરનાર ભારતીય સંશોધક અજય ભટ્ટ છે. એમાં પણ એ મૂળ તો વડોદરાના જ છે. ભારતના વિજ્ઞાન-સંશોધન પ્રત્યે ગર્વ લઈ શકાય એવું લિસ્ટ તો આ રીતે ઘણુ લાંબુ બની શકે એમ છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૨-૨૦૨૦)

1. તાજેતર ફેબ્રુઆરીમાં ભારતીય સૈન્યના કયા મહિલા ૨૦૨૦-દેશના પ્રથમ લેફટનન્ટ જનરલ બન્યા- **ડૉમાધુરી કોનિટકર .**
2. તાજેતર ફેબ્રુઆરીમાં ભારતીય સૈન્યના ડૉ૨૦૨૦-. માધુરી કોનિટકર દેશના પ્રથમ મહિલા લેફટનન્ટ જનરલ બનવાની સાથે પતિપત્ની બંને લેફટનન્ટ જનરલ બન્યાની કેટલામી - ઘટનાબની - **પ્રથમ ઘટના**
3. પૂણેમાં એએફએમસીના પહેલા મહિલા ડીનનું નામ જણાવો - **ડૉમાધુરી કોનિટકર .**
4. ભારતના ત્રીજા ક્વાર્ટર એટલે કે ઓકટોબર-2019થી ડિસેમ્બર-2019નો GDP કેટલા ટકા રહ્યો **4 -. ટકા 7**
5. નાણાકીય વર્ષ ૨૦૧૯ના પ્રથમ કવાર્ટર અને બીજા ૨૦-કવાર્ટરના જીડીપી આંકડાઓને સંશોધિત કરીને અનુક્રમે કેટલા ટકાથી વધારી કેટલો કરવામાં આવ્યો છે- **પાંચ ટકાથી વધારી ૫ ટકા ૧.૫ ટકાથી વધારી ૫.૪ ટકા અને ૬.**
6. તાજેતર ફેબ્રુઆરી માં કયું૨૦૨૦-ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું જહાજ ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયું -**'વજ્ર'**
7. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજ કયાં નિર્માણ પામ્યુ - **મેઈક ઈન ઈન્ડિયા હેઠળ નિર્માણ**
8. તાજેતર ફેબ્રુઆરી માં ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયેલા૨૦૨૦-ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજની લંબાઈ, પહોળાઈ અને વજન જણાવો -**લંબાઈ ૯૮ મિટર, પહોળાઈ ૧૫ મિટર અને વજન ૨૧૨ટન 00**
9. તાજેતર ફેબ્રુઆરી માં ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયેલા૨૦૨૦-ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજનું કેટલા નાવિકો સંચાલન કરશે -**૧૨૧**
10. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપના વર્તમાન DGનું નામ જણાવો - **કે નટરાજન .**
11. ICGનું વિસ્તૃત નામ જણાવો– **ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ**
12. તાજેતર ફેબ્રુઆરીમાં કર્ણાટકમાં કયા સ્થળે રાજ્યોત્સવ ૨૦૨૦-યોજાયો- **બેંગાલુરુના એચએ એલ ખાતે**
13. છેલ્લા બે વર્ષમાં ભારતની વાર્ષિક નિકાસ કેટલા રૂપિયા રહી છે – **રૂ. ૧૭૦૦૦ કરોડ**
14. વર્ષસુધીમાં ભારતની સંરક્ષણ નિકાસ વધીને કેટલા ૨૦૨૪-રૂપિયા થવાનો અંદાજ છે– **રૂ. ૩૫,૦૦૦ કરોડ**
15. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **૨૮ ફેબ્રુઆરી**
16. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની વર્ષ ની થીમ જણાવો૨૦૨૦-– **"વૂમન ઈન સાયન્સ"**
17. દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે શા માટે ઊજવવામાં આવે છે – **૨૮મી ફેબ્રુઆરીએ ભારતીય વિજ્ઞાની સર સીરમને રમન ઈફેક્ટની શોધ કરી .વી. તેના માનમાં**
18. ભારતના વિજ્ઞાની સર સી.વી. રમને રમન ઈફેક્ટની શોધ કયારે કરી હતી -**૧૯૨૮ની ૨૮મી ફેબ્રુઆરીએ**
19. ભારતના વિજ્ઞાની સર સી.વી. રમને શોધેલ રમન ઈફેક્ટ શું છે -**પ્રકાશની વહેંચણીનું વિજ્ઞાન**
20. ભારતીય વિજ્ઞાની સર સીવ .ી રમનને .રમન ઈફેક્ટની શોધ બદલ કયા વર્ષમાં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ મળ્યું હતું – **વર્ષ ૧૯૩૦-**
21. ચંદ્ર પર પાણી હોવાના પુરાવા ભારતના કયા મિશન દ્વારા કયારે મળ્યા હતા – **મિશન ચંદ્રયાનઅને વર્ષ ૧--૨૦૦૮**

**29 – ફેબ્રુઆરી–૨૦૨૦**

૧. કિસાન ઉત્પાદક સંગઠન કંપની (FPO)

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કિસાન યોજનાના એક વર્ષ નિમિતે ચિત્રકૂટ (UP) ખાતેથી 10,000 FPOનો શુભારંભ**

✓ કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં FPO માટે 6865 કરોડની જોગવાઈ

**FPO મહત્વની જોગવાઈઓ**

1. રાષ્ટ્રીય/પ્રાદેશિક પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા સ્ટેક હોલ્ડરોને પ્રશિક્ષણ
2. રાષ્ટ્રીય પરિયોજના, વ્યવસ્થાપન એજન્સી દ્વારા કિસાન ઉત્પાદક સંગઠન (FPO)ને માર્ગદર્શન
3. પ્રત્યેક FPOને પ્રોફેશનલ કલસ્ટર બેઝડ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૫ વર્ષ માટે હેન્ડ હોલ્ડિંગ
4. રૂા.૧,૫૦૦ કરોડની ક્રેડિટ ગેરંટી ફન્ડનું સર્જન
5. સંગઠનોને બેન્કો દ્વારા રૂા. ૨ કરોડ સુધીની ક્રેડિટ ગેરંટીની સુવિધા
6. કેન્દ્ર સરકાર દ્વારા સંગઠનમાં મહત્તમ રૂા.૧૫ લાખ ઈક્વિટી ગ્રાન્ટની જોગવાઈ.
7. પ્રત્યેક સંગઠનમાં ઓછામાં ઓછા ૩૦૦ સભ્યોની ભાગીદારી (ઉત્તર-પૂર્વ તથા પર્વતીય ક્ષેત્રોમાં ૧૦૦ સભ્યો)
8. કિસાન ઉત્પાદક સંગઠનોની નોંધણી ભારતીય કંપનીઝ એક્ટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ

VIVEKANAND ACADEMY

**મંત્રાલય– કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય**

**કેન્દ્રીય મંત્રી શ્રી - નરેન્દ્રસિંહ તોમર**

**ઉત્તરપ્રદેશ મુખ્યમંત્રી– શ્રી યોગી આદિત્યનાથ**

**ઉત્તરપ્રદેશ રાજ્યપાલ–શ્રી આનંદીબહેન પટેલ**

## ૨. US – તાલીબાન વચ્ચે શાંતિ કરાર (વૈશ્વિક સંબંધો)

- ✓ કરારનું સ્થાન – દોહા(કતાર)
- ✓ અફઘાનિસ્તાનમાં યુદ્ધનો અંત

કરાર અંગે વધુ વિગતો

- ✓ તાલિબાન સાથે ૧૭ મહિના લાંબી મંત્રણાઓ બાદ અમેરિકા અફઘાનિસ્તાનમાં છેલ્લા ૧૮ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા સંમત થયો છે.
- ✓ કતારની રાજધાની દોહા ખાતે કરાયેલા કરાર અનુસાર અમેરિકા અફઘાનિસ્તાનમાંથી તબક્કાવાર સેના પાછી ખેંચી લેશે.
- ✓ દોહામાં કરાર પર હસ્તાક્ષર પહેલાં અમેરિકા અને અફઘાનિસ્તાન દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, જો તાલિબાન કરારની તમામ શરતોનું ચુસ્તતાથી પાલન કરશે તો અમેરિકા ૧૪ મહિનામાં અફઘાનિસ્તાનમાંથી તેની સેના પાછી ખેંચી લેશે.
- ✓ કરારના ૧૩૫ દિવસમાં અમેરિકા તેના ૮,૦૦૦ સૈનિકોને પરત બોલાવી લેશે. હાલ અફઘાનિસ્તાનમાં નાટોના ૧૬,૫૦૦ સૈનિકો છે. અમેરિકા અને તેના સાથી દેશો ૧૪ મહિનામાં અફઘાનિસ્તાનમાંથી સેના પાછી ખેંચી લેશે અને ત્યારબાદ તેમના તમામ બેઝ પરથી સુરક્ષા દળોને પાછા ખેંચી લેવામાં આવશે.
- ✓ કતારના દોહામાં અમેરિકા અને તાલિબાન વચ્ચેના શાંતિ કરાર માટે ૩૦ દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વિદેશમંત્રી અને પ્રતિનિધિ પહોંચ્યા હતા.
- ✓ આ કરારમાં પહેલીવાર ભારતને હાજર રહેવા આમંત્રણ અપાયું હતું.
- ✓ કતારની સરકાર દ્વારા મળેલા આમંત્રણના પગલે દોહા ખાતે ભારતના રાજદૂત પી કુમારને કરારના સમારોહમાં હાજરી આપી

**અફઘાનિસ્તાનમાં યુદ્ધનું મુખ્ય કારણ**

- ✓ ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ન્યૂયોર્ક શહેરમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વિન ટાવર પર અલકાયદા દ્વારા કરાયેલા આતંકવાદી હુમલા બાદ અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશે અફઘાનિસ્તાન પર હુમલાના આદેશ આપ્યા હતા.
- ✓ થોડા મહિનામાં જ અમેરિકાના નેતૃત્વમાં નાટોની સેનાઓએ તાલિબાન, ઓસામા બિન લાદેન અને અલકાયદાના ટોચના આતંકવાદીઓને પાકિસ્તાનની સરહદમાં નાસી જવા મજબૂર કરી દીધાં હતાં.
- ✓ જોકે તાલિબાનનો અંત ક્યારેય આવ્યો નહોતો. તાલિબાન ફરી એકવાર એકત્ર થયા હતા અને અત્યારે અડધા અફઘાનિસ્તાન પર તેમનો કબ્જો છે.

**એક પણ આતંકી સંગઠનને સાથ નહીં આપવાની ખાતરી : ભારતને ફાયદો**

- ✓ તાલિબાનના પાકિસ્તાન સાથે ગાઢ સંબંધ હોવાથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા પર જોખમ વધી શકે
- ✓ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતને અફઘાનિસ્તાન જેવો ગાઢ સાથી દેશ ગુમાવવો પડશે
- ✓ તાલિબાન સત્તામાં આવતાં કાશ્મીરમાં આતંકવાદ વકરવાનો ભય રહેલો છે
- ✓ ભારત દ્વારા અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સંખ્યાબંધ વિકાસના કામો ભયજનક પર અસર પડવાનું જોખમ

**અફઘાન.ના વિકાસમાં ભારતની મહત્વની ભૂમિકા**

- ✓ અફઘાનિસ્તાન સાથે ભારતે પડોશી ધર્મ બરાબર નિભાવ્યો છે. યુદ્ધ પછી એ દેશને બેઠા થવામાં ભારતે શક્ય એટલી મદદ કરી છે. માટે અફઘાનિસ્તાન ભારતને મોટા ભાઈ તરીકે માન આપે તેમાં નવાઈ નથી.

ભારતે ત્યાં કરેલી કેટલીક વિકાસલક્ષી કામગીરી

- ✓ ઈન્ડિયા અફઘાન ફ્રેન્ડશિપ ડેમ, અફઘાનિસ્તાનના પશ્ચિમ ભાગે આવેલી હરી નદી બંધાઈ રહેલા બંધને આવુ નામ અપાયું છે કેમ કે એ ભારત બનાવી રહ્યું છે. એ બંધનું કામ આમ તો ૧૯૭૬માં શરૂ થયુ હતું પણ પછીથી આંતરીક અશાંતિને કારણે અટકી પડ્યું હતું. એ પછી ભારતે ૧૯૮૮મા અને બાદમાં ૨૦૦૬મા મદદ પહોંચાડી ડેમનું બાંધકામ ફરી શરૂ કરાવ્યું હતું. એ ડેમનો કેટલોક ભાગ ૨૦૧૬માં ભારતના વડાપ્રધાન અફઘાન ગયા ત્યારે જ ખુલ્લો મુકી દેવાયો હતો.
- ✓ ડેલારામ અને ઝારાંજને જોડતો અફઘાનિસ્તાનનો હાઈવે નંબર ૬૦૬ ભારતના બોર્ડર રોડ, ઓર્ગેનાઈઝેશને બાંધ્યો છે.
- ✓ ૨૧૮ કિલોમીટરનો હાઈવે નહોતો ત્યારે આ બન્ને શહેરો વચ્ચેનું અંતર કાપતા બાર-ચૌદ કલાક લાગતા હતાં. હવે માત્ર ૩ કલાકમા કાપી શકાય છે.
- ✓ ભારતે ૨૦૦૫માં શરૂ કરીને ૬ અબજ રૂપિયાના ખર્ચે ૨૦૦૯મા એ હાઈવે ખુલ્લો મુકી દીધો હતો.
- ✓ આ હાઈવે પુરો ન થાય એટલા માટે તાલિબાનોએ અનેક વખત હુમલા કર્યા હતા જેમા ૬ ભારતીય સહિત કુલ ૧૩૫ના મોત થયા હતાં. તો પણ ભારતે રસ્તો પુરો કરી બતાવ્યો હતો.

VIVEKANAND ACADEMY

- ✓ તાલિબાનોએ તોડી પાડ્યા પછી અફઘાનિસ્તાનને સંસદનું નવુ બાંધકામ ભારતે કરી આપ્યું હતુ.
- ✓ ભારતે મકાનની ડિઝાઈનથી માંડીને કામદારો સહિતની સવલતો અહીંથી મોકલાવી હતી.
- ✓ પાંચ વર્ષ પહેલા ૨૦૧૫માં જ ભારતે અફઘાનિસ્તાનને ૩ એમઆઈ-૨૫ હેલિકોપ્ટરો આપ્યા હતા, એ પણ વિનામૂલ્યે.
- ✓ અફઘાનિસ્તાની સેના બેઠી થઈ શકે એ માટે તેને શસ્ત્રોની પણ જરૂર છે.
- ✓ ભવિષ્યમાં ભારતે વધુ એક હેલિકોપ્ટર પણ આપવાનું છે.
- ✓ જ્યાં હુમલો કરીએ ત્યાં વિજયી જ થઈશું એવો અમેરિકાનો ભ્રમ વિએટનામ, ક્યુબા, સોમાલિયા પછી વધુ એક વખત અફઘાન ધરતી ઉપર ભાંગ્યો છે.

<u>૩. પર્યાવરણ બચાવવાની વૈશ્વિક પહેલ : યુરોપના લક્ઝમબર્ગમાં બધા જ નાગરિકો માટે ટ્રામ, ટ્રેન અને બસમાં વિનામૂલ્યે મુસાફરીનો નિર્ણય</u>

- ✓ વિશ્વમાં પ્રથમવાર જાહેર પરિવહન મફત
- ✓ કુલ વસ્તી – 6 લાખ

**<u>ફાયદા</u>**

- ✓ દેશમાં ટ્રાફિક સમસ્યાથી છુટકારો મેળવવા સરકારે આ નિર્ણય લીધો છે.
- ✓ લક્ઝમબર્ગ સારી આર્થિક પ્રગતિ સાધી રહ્યો છે, પરંતુ દેશ ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યો છે.
- ✓ માથાદીઠ કારની સંખ્યા વધુ છે.
- ✓ પ્રતિ પાંચે માત્ર એક પ્રવાસી જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે.

<u>૪. સોલાર રૂફ ટોપ યોજના : ગુજરાત સરકાર</u>

**<u>ભારતમાં સૌથી વધુ નોંધણી ગુજરાતમાં</u>**

- ✓ છેલ્લાં 5 મહિનામાં 1,05,794 વીજ ગ્રાહકોની નોંધણી
- ✓ ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ

<u>૫. વૈશ્વિક બાબતો : મલેશિયાના નવા PM તરીકે મોહિઉદ્દીન યાસિનની નિયુક્તિ</u>

- ✓ સમ્રાટ – અલ સુલતાન અબ્દુલા રૈયતુદ્દીન દ્વારા નવા PMની જાહેરાત રાજધાની - કુઆલાલમ્પુર.

<u>૬. ઓઝોન વાયુની વિશ્વ ઉપર અસરો</u>

- ✓ જ્યારે હવામાં ભળેલું ઓઝોન માનવીનાં ફેફસાંમાં જાય છે, તો એ ફેફસાનાં નાનાં છિદ્રો એટલે કે આલ્વલોડને બંધ કરવાનો પ્રયાસ કરે છે. એ સંજોગોમાં ખાંસી અને છાતીમાં દર્દની ફરિયાદ થઇ શકે છે. ગંભીર કેસોમાં ફેફસાં કામ કરવું બંધ કરી શકે છે.
- ✓ પાનોમાં ઓઝોન કંઇક એવી જ અસર દેખાય છે. વૃક્ષો સ્ટોમેટા નામના જે છિદ્રોથી ફોટોસિન્થેસિસ કરે છે. તેને ઓઝોન પૂરી દે છે. ઓસ્લો યુનિવર્સિટીના સંશોધક એન વૉલ્સનેસ અને ફ્રોડ સ્ટોર્ડલે પણ એ અંગે કામ કર્યું છે. વૉલ્સનેસનું કહેવું છે કે ઓઝોનના પ્રભાવની સરખામણી અન્ય કારક જેવા છોડમાં કીટક અને રોગ, ગરમી તથા સુકાઇ જવા સાથે પણ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે ૨૦૧૪માં બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં થયેલા સંશોધનમાં જણાયું છે કે ભારતમાં પાકને થતા નુકસાનનું મુખ્ય કારણ જમીન પરનો ઓઝોન છે.
- ✓ આ અસરને સમજવા માટે વાયસીએસ સ્કોરને સમજવો પડશે. આ સ્કોરમાં જીવિત અને મૃત કારકોને ધ્યાનમાં રાખતા ઉત્પાદન ઉપરની અસરને મપાય છે. આ સ્કોર ૨થી ૪ની વચ્ચે કઢાય છે. જ્યાં ૪ સૌથી મહત્તમ સ્તર છે. જેટલો સ્કોર ઊંચો હશે એટલા જ વધુ પાકને અસર થઇ છે.
- ✓ આ શોધમાં એ પણ જણાયું કે ફક્ત ઓઝોનનો વાયસીએસ સ્કોર બાકીના કારકોથી ઘણો મોટો છે. દુનિયામાં ઓઝોનનો સૌથી વધુ વાયસીએસ સ્કોર પશ્ચિમોત્તર ભારત, પાકિસ્તાન અને દક્ષિણ અમેરિકામાં જોવા મળ્યો છે.

**<u>ઓઝોનનું સ્તર જમીન પર વધ્યું છે</u>**

- ✓ ઓઝોન ઓક્સિજનના ત્રણ અણુઓથી બને છે. જ્યાં ઓક્સિજનના બે અણુ વધુ સ્થિર હોય છે અને જીવનના અસ્તિત્વ માટે જરૂરી છે. તો બીજી તરફ ઓક્સિજનના ત્રણ અણુ જમીન પર ભેગા થઇને માનવી તથા વૃક્ષોના શ્વાસ ઘૂંટી શકે છે.
- ✓ આ ઓઝોન જમીન પર ત્યારે જમા થાય, જ્યારે વાહનો, વીજળી પ્લટ, રિફાઇનરીઓ અને અન્ય સ્ત્રોતોથી થતું પ્રદૂષણ સૂર્યના પ્રકાશની સાથે મળીને હાનિકારક ગેસ બની જાય છે.
- ✓ દિલ્હીમાં શિયાળામાં સ્મોગ એ રીતે જ બને છે. ઓઝોન જ સ્મોગનું મુખ્ય કારણ છે.
- ✓ વાયુની ગુણવત્તા સંબંધી સ્પષ્ટ નિયમોના અભાવને કારણે ઓઝોનનું સ્તર જમીન પર વધી રહ્યું છે, જે ભારતના કેટલાંય રાજ્યો માટે સમસ્યા બની રહ્યું છે.

**<u>ભારત અને બાકીના દેશોમાં કયો છે નિયમ ?</u>**

- ✓ ૨૦૧૭માં જર્મનીના સ્પ્રિંગર પ્રકાશનમાં પ્રકાશિત શોધના લેખક અને આઇઆઇટી કાનપુરના પ્રોફેસર શ્યામલાલ ગુપ્તાએ કહ્યું કે ભારતમાં ઓઝોન સંબંધિત કોઇ નક્કર નીતિ નથી, જો કે અલગ સરકારી વિભાગ વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

VIVEKANAND ACADEMY

- ✓ ઓસ્લોના સંશોધકનું કહેવું છે કે જમીન પરના ઓઝોનની અસર ભારત અને ચીન જેવા દેશો પર સૌથી વધુ પડશે. જ્યા વધતી વસતીની સાથે ભોજનની જરૂરિયાત પણ વધી રહી છે.
- ✓ નોર્વે અને આર્કટિકમાં પણ જમીન પરના ઓઝોનની સમસ્યા ગંભીર છે. એવું એટલા માટે છે કે અહીં ઉનાળામાં દિવસ ૨૪ કલાકનો હોય છે.
- ✓ શિપિંગ અને વિતરણથી ઘણી વરાળ ભેગી થાય છે. અત્યાર સુધી જેટલી શોધ થઇ છે, તેમાં પહેલી વખત કોઇએ એ પત્તો લગાવ્યો કે કઇ રીતે દિવસ લાંબો હોય તેથી જમીન પરનો ઓઝોન વનસ્પતિને અસર કરે છે. સંશોધક સ્ટોર્ડલ અને વૉલ્સનેસે ક્લોવર નામના ઘાસને અલગ અલગ સમયમાં ત્રણ વખત છ કલાક માટે ઓઝોનમાં રખાયું હતું.
- ✓ તેના પ્રભાવથી ઘાસ પર કાળા ધબ્બા જોવા મળતા હતા. એવું ત્યારે જોવા મળ્યું જ્યારે ઘાસને દરરોજ ઓછામાં ઓછા દસ કલાક સુર્યપ્રકાશમાં રાખવામાં આવ્યું હતું.
- ✓ નોર્વેમાં ઓઝોન હાલના વર્ષોમાં દર ઘનમીટરે ૧૫૦ માઇક્રોગ્રામ જેટલું જોવા મળે છે. નોર્વેના પ્રદૂષણ નિયમો મુજબ માનવી દર ઘન મીટરે ૧૮૦ માઇક્રોગ્રામ સુધી પ્રદુષણ સહન કરી શકે છે.
- ✓ જો કે દુનિયામાં વાયુમંડળ પર ઓઝોનની પરત ખવાઇ રહી છે. એ ગાબડાં રોકવા માટે તો કેટલાય કાયદા બન્યા છે, પરંતુ જમીન પરના ઓઝોન પર કોઇ ખાસ કાયદો નથી. તેની સરખામણી બાકીના વાયુ પ્રદૂષણ સાથે જ કરાય છે.
- ✓ ઓસ્લોમાં ક્લોવર ઘાસ પર થયેલા પ્રયોગમાં ઓઝોનની જોખમી અસર જોવા મળે છે. એવી અસર આપણા માનવ શરીર પર થાય એવું આપણે ઇચ્છતા નથી. આવનારા સમયમાં આ અદ્રશ્ય પ્રદૂષણને નજર અંદાજ કરવું મુશ્કેલ હશે કેમકે એ માનવી અને પર્યાવરણ માટે ઘણું જ ઘાતક સાબિત થઇ શકે છે.

<u>૭. પ્રયાગરાજ (UP) : PM મોદીની ઉપસ્થિતિમાં ત્રણ ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ</u>

- ✓ <u>નવા ત્રણ વર્લ્ડ રેકોર્ડ સાથે પ્રયાગરાજની ધરતી પર છેલ્લા એક વર્ષમાં ૧૧ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા.</u>

1. હેન્ડ ઓપરેટેડ ટ્રાઇસિકલની સૌથી મોટી પરેડ જેમાં 300 ટ્રાઇસિકલ સામેલ હતી.
2. પીએમની હાજરીમાં એક કલાકમાં સૌથી વધુ દિવ્યાંગોને હેન્ડ ઓપરેટેડ ટ્રાઇસિકલનું વિતરણ. મોદીએ એક કલાકમાં ૬૦૦ ટ્રાઇસિકલનું વિતરણ કર્યું.
3. વ્હીલચેર્સની સૌથી લાંબામાં લાંબી કતાર જેમાં ૪૦૦ વ્હીલચેર્સને એક જ લાઇનમાં રાખીને ૨ કિ.મી. લાંબી દોડ યોજાઈ.

- ✓ <u>PM દ્વારા ચિત્રકૂટમાં બુંદેલખંડ એક્સપ્રેસ-વેની આધારશિલા મૂકાઈ.</u>

<u>૮. નિર્ણય : આગામી તા.1લી જૂનથી ખુલ્લી મીઠાઈ પર એક્સપાયરી તારીખ લખવી ફરજિયાત (આરોગ્ય)</u>

- ✓ આદેશ– ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ્ટાન્ડર્ડ ઓથોરિટી

<u>૯. AI : રાજ્યમાં પ્રથમવાર – ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરનો વડોદરા શહેરમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પ્રારંભ (સુરક્ષા-ટેક્નોલોજી)</u>

- ✓ રાજ્યમાં પ્રથમ વખત વડોદરામાં 'એઆઇ' ફેશીયલ રેક્ગનાઈઝ સોફ્ટવેરનો ઉપયોગ કરીને સીસીટીવી હેઠળ ગુનેગારો પર ખાસ નજર રાખી ઝડપી લેવાના પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ 500 કેમેરા લગાવવાનું શરૂ કરાશે.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ વડોદરામાં નવા 1300 સીસીટીવી કેમેરા લગાવાશે. હાલ શહેરમાં 650 કેમેરા લાગેલા છે. જ્યારે 2 મહિનામાં આ પ્રોજેક્ટ પુરો કરવાનો ટાર્ગેટ છે.
- ✓ પોલીસ કમિશનર અનુપમસિંઘ ગહલૌતે જણાવ્યું હતું કે, વડોદરાની આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ (AI) ફેશીયલ રેક્ગ્નેશન સોફ્ટવેરના ઉપયોગ માટે પ્રથમ પસંદગી કરવામાં આવી છે.

<u>AI ટેકનોલોજી કઈ રીતે કામ કરે છે</u>

<u>કેપ્ચરિંગ</u>

- ✓ પહેલી રિક્વાયર્મેન્ટ પ્રમાણે કેમેરો ઈમેજ કેપ્ચર કરે છે

<u>એક્સ્ટ્રેક્ટિંગ</u>

- ✓ ઈમેજમાંથી ચહેરાના ચોક્કસ ફીચર્સ કલેક્ટ કરવામાં આવે છે

<u>કમ્પેરિંગ</u>

- ✓ ડેટાબેઝની ઈમેજ સાથે આ ચહેરાના ચોક્કસ ફીચર્સને સરખાવવામાં આવે છે.

<u>મેચિંગ:</u>

- ✓ ડેટાબેઝની અંદર સ્ટોર કરવામાં આવેલા ડેટા સાથે વેરીફાઈ કરી ઓળખ કરી આપે છે.

<u>ફાયદા</u>

- ✓ ગુમ લોકોને શોધી શકાશે, રીઢા ગુનેગારો પર નજર રહેશે
- ✓ પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, આ સોફ્ટવેરમાં મીસીંગ વ્યક્તિઓના ડેટા પણ અપલોડ કરી દેવામાં આવશે. જેના પગલે કોઈ મીસીંગ વ્યક્તિ શહેરમાં દેખાશે તેની જાણ પણ કંટ્રોલ રૂમને થઈ જશે અને મીસીંગ વ્યક્તિને તેના પરિવારને સોંપાશે.

VIVEKANAND ACADEMY

- ✓ શહેરમાં જે 1300 કેમેરા લાગશે તેમાં ખાસ કરીને બસ ડેપો અને રેલ્વે સ્ટેશનને પણ આવરી લેવાશે. આ બંને સ્થળ પર મોટાભાગે આરોપીઓની ગતિવિધી વધારે હોય છે.
- ✓ જ્યારે પોલીસ દ્વારા ચીલઝડપ કરનારા આરોપીઓ મુખ્ય ટાર્ગેટ રહેશે

૧૦. કચ્છી ગધેડાને રાષ્ટ્રીય માન્યતા (પશુપાલન)

- ✓ આ ઉપરાંત ગુજરાતની નારી અને ડગરી ગાયને પણ માન્યતા

**વિશેષતાઓ**

- ✓ તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારત સરકારની બ્રિડ રજીસ્ટ્રેશન કમિટીની મીટીંગમાં કચ્છી ગધેડાની માન્યતાને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ ભારતમાં હિમાચલના સ્પીતી, જામનગરના હાલારી પછી કચ્છના કચ્છી ગધેડાને રજીસ્ટ્રેશન નંબર INDIA - DONKY-0400 -KACHCHHI-05003U સાથે દેશની ગધેડાની ત્રીજી ઓલાદ તરીકે માન્યતા આપવામાં આવી છે.
- ✓ દેશની કુલ ૧૩ નવી પશુ ઓલાદોને માન્યતા આપવામાં આવી છે જેમાં કચ્છી ગધેડા સાથે નારી ગાય અને ડગરી ગાય એમ ગુજરાત રાજયની ત્રણ નવી પશુ ઓલાદોનો સમાવેશ થાય છે.

વિસ્તાર-

- ✓ કચ્છી ગધેડાને માન્યતા માટેની પ્રોફાઈલ તૈયાર કરવા માટે મુખ્યત્વે બન્ની પચ્છમ, ભુજ, અબડાસા, લખપત વિગેરે વિસ્તારોના ગદર્ભ રાખતા પરિવારોનો સાથ સહકાર લઈને આશરે ૧૦૦૦ જેટલા ગર્દભનો શારીરિક અને જનિનિક અભ્યાસ કરવામાં આવ્યો.
- ✓ જનિનિક (જીનેટીકલ મૌલીકયુલર) અભ્યાસ આણંદ કૃષિ યુનિ. દ્વારા કરવામાં આવ્યો હતો. કચ્છી ગધેડાની સંખ્યાને ઘટતી અટકાવવા, આ ઉપયોગી પ્રાણીની ખુબીઓ બહાર લાવવા માટે તેમજ તેને સંરક્ષિત કરવા માટે કચ્છમાં ગધેડા સંવર્ધન ફાર્મ તેમજ ગધેડા ઉછેરકોને પ્રોત્સાહન માટે કચ્છનું સ્થાનિક પશુપાલન વિભાગ, રાજય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓનો અમલ કરવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

**ધાર્મિક-ઐતિહાસિક મહત્વ**

- ✓ કચ્છના અફાટ રણમાં સેવાની ધુણી ધખાવનાર કચ્છના કબીર એવા સંત જિલ્લામાં મેકરણ દાદાના બે માનીતા સંગાથી એટલે લાલીયા ગધેડો અને મોતીયો કૂતરો.
- ✓ મેકરણદાદા લાલીયા ગધેડાની પીઠે પાણી અને રોટલાની ઝોલી નાખીને કચ્છમાં ધોમ ધખતા નિર્જન રણમાં વટેમાર્ગુઓ માટે સેવાની મહેક જગાવી હતી.
- ✓ કચ્છમાં જોવા મળતા કચ્છી ગધેડાની જાત વિશિષ્ટ અને અલગ હોઈ રાષ્ટ્રીય સ્તરે માન્યતા અપાવવા હાથ ધરાયેલા પ્રયાસોને સફળતા મળી છે.
- ✓ યોગાનુયોગ મહાશિવરાત્રિ નિમિતે સમાચાર મળતા સમગ્ર કચ્છમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. કચ્છમાં કચ્છી ગધેડાની વસ્તી આશરે ૩૦૦૦થી ૪૦૦૦ જેટલી છે.
- ✓ સંસ્થા – સહજીવન સંસ્થાના છેલ્લાં પાંચ વર્ષના પ્રયાસોથી સફળતા મળી

૧૧. જન્મ દિન વિશેષ : ૨૯ ફેબ્રુઆરી રાજપુરૂષ : મોરારજી દેસાઈની ૧૨૫મી જન્મજયંતિ

જન્મ - ૨૯ ફેબ્રુઆરી-૧૮૯૬અવસાન – ૧૦ એપ્રિલ-૧૯૯૫

- ✓ આજે અંગ્રેજી મહિના પ્રમાણે દર ચાર વર્ષે જેઓની જન્મતારીખ આવે છે તેવા મોરારજી દેસાઈ જન્મદિન છે.
- ✓ વલસાડ જિલ્લાના ભડેલી ગામે જન્મેલા મોરારજી રણછોડજી દેસાઈએ સાવરકુંડલા, વલસાડ અને મુંબઈની વિલ્સન કોલેજથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ તેઓની વ્યવસાયી અને રાજકીય કારકિર્દી ગોધરામાં ડેપ્યુટી કલેકટર, મુંબઈ સરકારમાં પ્રધાન, કેન્દ્ર સરકારમાં વેપાર-નાણા પ્રધાન, ભારતના નાણાપ્રધાન અને ભારતના વડાપ્રધાન સુધી રહી હતી.
- ✓ મોરારજી દેસાઈ 1930માં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા. દરમિયાન જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ આઝાદી પછી ભારતના રાજકારણમાં મોખરાનું સ્થાન ધરાવતા મોરારજીભાઈએ 1969માં અલગ કોંગ્રેસ અને 1977માં જનતા પક્ષની રચના કરી જ હતી.
- ✓ વચ્ચે ગુજરાતના અલગ રાજ્યની રચના સામે ઉપવાસ પર પણ ઊતર્યા હતા.
- ✓ કટોકટી પછી 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 સુધી મોરારજી દેસાઈ ભારતના વડાપ્રધાન રહ્યા હતા.
- ✓ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ, ભારત રત્ન મોરારજી દેસાઈનું 10 એપ્રિલ 1995ના રોજ અવસાન થયું.
- ✓ આજે ભારતના પ્રથમ એડવોકેટ જનરલ જમશેદજી બહેરામજી કાંગા અને ખ્રિસ્તી વડા ધર્મગુરુ પોપ જોન પોલ ત્રીજાનો પણ જન્મદિવસ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૨-૨૦૨૦)

VIVEKANAND ACADEMY

1. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કયા સ્થળેથી ભારતમાં સૌપ્રથમ 10,000 FPO નો શુભારંભ કરાવ્યો - ચિત્રકૂટ- ઉત્તપ્રદેશ
2. FPO નું વિસ્તૃત નામ જણાવો- કિસાન ઉત્પાદક સંગઠન/ કંપની
3. FPO માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલા કરોડનું ક્રેડિટ ગેરંટી ફંડનું સર્જન કરાયું છે - રૂ.1500 કરોડ
4. FPO અંતર્ગત દ્વારા કેટલી રકમ સુધીની ક્રેડિટ ગેરંટીની સુવિધા અપાશે- રૂ. 2 કરોડ
5. પ્રત્યેક FPOમાં ઓછા ઓછા કેટલા સભ્યોની ભાગીદારી જરૂરી છે- 300
6. FPO અંતર્ગત ઉત્તર -પૂર્વ તથા પર્વતીય ક્ષેત્રોમાં કેટલા સભ્યોની ભાગીદારી આવશ્યક છે- 100
7. FPOની નોંધણી કયા ભારતીય કંપનીઝ એક્ટ હેઠળ કરવામાં આવશે- કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ
8. FPO ની યોજના કયા મંત્ર દ્વારા લાવવામાં આવી છે- કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય
9. ભારતના વર્તમાન કેન્દ્રીય કૃષિમંત્રીનું નામ જણાવો- નરેન્દ્રસિંહ તોમર
10. તાજેતરમાં 29 ફેબ્રુઆરી 2020ના રોજ અફઘાનિસ્તાનમાં યુદ્ધવિરામ માટે 18 વર્ષ બાદ કોની વચ્ચે શાંતિ કરાર કરાયા- અમેરિકા અને તાલીબાન
11. અમેરિકા અને તાલીબાન વચ્ચે કયા સ્થળે યુદ્ધવિરામ માટે શાંતિ કરાર કરાયા- દોહા( કતાર)
12. અમેરિકા અને તાલિબાન વચ્ચે દોહા ખાતે થયેલા શાંતિ કરારમાં ભારતના કયા પ્રતિનિધિ હાજર રહ્યા હતા- ભારતીય રાજદૂત પી. કુમાર
13. અફઘાનિસ્તાનમાં અમેરિકા દ્વારા તાલિબાન વિરુદ્ધ શરૂ કરાયેલ યુદ્ધનું મુખ્ય કારણ જણાવો- 11 સપ્ટેમ્બર 2001ના રોજ ઓસામા બિન લાદેન- અલકાયદા દ્વારા અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કરવામાં આવેલો હુમલો
14. વિશ્વમાં સૌપ્રથમ પ્રદૂષણ અને ટ્રાફિકના હલ માટે કયા દેશ દ્વારા જાહેર પરિવહન વિનામૂલ્યે કરાયું - લક્ઝમબર્ગ
15. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો- સૌરભભાઈ પટેલ
16. માર્ચ -2020ની સ્થિતિએ છેલ્લા પાંચ મહિનામાં સોલર રૂફ ટોપ યોજના અંતર્ગત સૌથી વધુ નોંધણી કયા રાજ્યમાં થઈ છે- ગુજરાત
17. મલેશિયાના સમ્રાટ દ્વારા તાજેતરમાં કયા નવા વડા પ્રધાનની નિમણૂક કરવામાં આવી-મોહિઉદીન યાસીન
18. મલેશિયાના વર્તમાન સમ્રાટનું નામ જણાવો-અલ સુલતાન અબ્દુલ્લા રૈયતુદીન
19. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તાજેતરમાં ઉત્તર પ્રદેશના કયા શહેરમાં દિવ્યાંગો માટે સૌથી મોટી 300 હેન્ડ ઓપરેટેડ ટ્રાઈસિકલ પરેડ, એક કલાકમાં સૌથી વધુ 600 ટ્રાઇસિકલનું વિતરણ અને સૌથી લાંબી 400 વ્હીલચેરને એક જ લાઈનમાં રાખીને બે કિલોમીટર લાંબી દોડ યોજીને ત્રણ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે- પ્રયાગરાજ
20. વડાપ્રધાન દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના એક વર્ષ પૂર્ણ નિમિતે કઈ શરૂઆત કરાવી- FPO
21. કેન્દ્ર સરકાર દ્વારા આગામી કઈ તારીખથી ખુલ્લી મીઠાઈઓ ઉપર એક્સપાયરી તારીખ લખવાનું ફરજિયાત કરાવ્યું- 1 જૂન 2020
22. ગુજરાતમાં સુરક્ષાના હેતુથી રાજ્યમાં પ્રથમવાર AI આધાર ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરનો પાયલોટ પ્રોજેક્ટ કયા શહેરમાંથી પ્રારંભ કરાયો છે - વડોદરા
23. તાજેતર ફેબ્રુઆરી-2020માં ભારત સરકાર દ્વારા ગુજરાતના કયા પ્રાણીઓની રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી છે- કચ્છી ગધેડો, નારી ગાય અને ડગરી ગાય
24. ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ગધેડાની કઈ ત્રણ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા અપાઇ છે- સ્પીતી- હિમાચલ પ્રદેશ, હાલારી- જામનગર અને કચ્છી ગધેડા
25. ફેબ્રુઆરી -2020માં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની બેઠકમાં કુલ કેટલા પશુ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા અપાઇ-13
26. કચ્છમાં ખાસ કરીને કયા વિસ્તારમાં કચ્છી ગધેડા જોવા મળે છે - બન્ની, પચ્છમ, ભૂજ, અબડાસા અને લખપત
27. કચ્છી ગધેડાનો જનિનિક( જિનેટિકલ મૌલિકયુલર) અભ્યાસ ગુજરાતની કઈ યુનિવર્સિટી દ્વારા કરાયો- આણંદ કૃષિ યુનિવર્સિટી
28. કચ્છના અફાટ રણમાં સેવાની ધૂણી ધખાવનાર કચ્છના કબીર એવા સંત દાદા મેકરણના બે માનીતા સંગાથી કયા હતા જેની મદદથી દાદા પાણી અને રોટલો જરૂરીયાત મંદને પહોંચાડતા- લાલિયા ગધેડો અને મોતીયો કુતરો

VIVEKANAND ACADEMY